# સમયસારની સમજ

**જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં = સ્વભાવમાં) જ ‘હું પણું’ (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.**

લેખક - CA. જયેશ મોહનલાલ શેઠ
*(બોરીવલી)*, B.Com., F.C.A.

# શ્રી સમયસારની સમજ

## સીએ. જયેશ મોહનલાલ શેઠ

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રેરિત શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસારનો અનુવાદ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થયેલ છે. અમારા અનુભવ અને શાસ્ત્રોના આધારે અમે ઉપરોક્ત 'સમયસાર'શાસ્ત્રની સરળ શબ્દોમાં સમજ આપવાની કોશિષ કરેલ છે. સર્વે મુમુક્ષુઓને અમારો અનુરોધ છે કે તેના ઉપર જરૂરથી વિચાર કરીને પોતાના માટે આત્મપ્રાપ્તિ (સમ્યગ્દર્શનની પ્રાપ્તિ) આસાન બનાવો એ જ અભ્યર્થના સહ.

- અનુમોદક -

**Brescon Foundation**

## પુસ્તકનો સંક્ષિપ્ત પરિચય

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ માત્ર એક જ દૃષ્ટિ ધરાવે છે - પર્યાયદૃષ્ટિ. તેથી, અજ્ઞાનીને (પરસમયમાં સ્થિત જીવ) પર્યાયમૂઢ કહેવાય છે. અજ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ હોતી જ નથી. જ્યારે તે જ્ઞાની બને છે, એટલે કે

જ્યારે તે શુદ્ધાત્માનો અનુભવ કરે છે ત્યારે જ તેને દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, શુદ્ધનય પ્રગટ થતા જ શુદ્ધાત્મા અનુભવમાં આવે છે. તેથી આચાર્ય અમૃતચંદ્ર કૃત "સમયાસાર" ટીકાના શ્લોક 13માં તેમણે આત્માનુભૂતિને શુદ્ધનયાત્મક ગણાવી છે: "आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या" એટલે કે આત્માનુભૂતિ શુદ્ધનયાત્મક હોય છે. શુદ્ધાત્માના અનુભવથી દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે, તે પહેલાં અજ્ઞાની શુદ્ધાત્માનો નિર્ણય કરી શકતો નથી. તેથી અજ્ઞાની માટે આત્માનુભવ સાધ્ય (ધ્યેય) છે, તેમ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવી એ પણ તેના માટે સાધ્ય (ધ્યેય) છે કારણ કે વર્તમાનમાં અજ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ ઉપલબ્ધ નથી. અત: અજ્ઞાની પોતાના આત્માને દ્રવ્યદૃષ્ટિથી ન તો શુદ્ધ જાણી શકે છે અને ન તો શુદ્ધ માની શકે છે કારણ કે જે દૃષ્ટિથી આત્માને શુદ્ધ જાણી શકાય છે, માની શકાય છે તે અજ્ઞાની પાસે છે જ નહીં. તેથી જ જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જ્યારે "હું ભગવાન છું" નક્કી કરવાનું કહે છે તો તે પહેલાં "હું ભગવાન છું" એવો અનુભવ કરવાનું પણ કહે છે. જ્યારે તેઓ "બધા ભગવાન છો" એમ કહે છે ત્યારે તેઓ તેની સાથે "બધા ભગવાન થાઓ" એમ પણ કહે છે.

જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ ગઈ છે તેથી જ્ઞાની આત્માને શુદ્ધ જાણે છે, માને છે અને કહી પણ શકે છે. જ્ઞાનીઓના વચનો (આગમ) કહે છે કે અમે જે શુદ્ધાત્માનું સ્વરૂપ જણાવીએ છીએ તે તમારે અનુભવથી પ્રમાણ કરવું જોઈએ કારણ કે અજ્ઞાનીઓને આત્માની અનુભૂતિ પૂર્વે શુદ્ધાત્માને જાણવાવાળી દૃષ્ટિ હોતી નથી. તેથી અનુભવ પહેલા અજ્ઞાનીઓ શુદ્ધાત્માને ફક્ત જ્ઞાનીના હવાલાથી જ જાણી શકે છે, તેઓ પોતે તેને પ્રમાણ કરી શકતા નથી કારણ કે તેમનું જ્ઞાન પ્રમાણ જ થયું નથી. એટલે કે અજ્ઞાની પોતાના આત્માની શુદ્ધતાનો નિર્ણય કરી શકતો નથી.

જ્ઞાનીની જેમ અજ્ઞાનીનો પણ ત્રિકાળી આત્મા પૂર્ણત: ત્રિકાળત: શુદ્ધ હોય છે, પરંતુ બંનેમાં તફાવત એ છે કે જ્ઞાનીને તે શુદ્ધતાને જોવાની (અનુભવવાની) દૃષ્ટિ હોય છે, જ્યારે અજ્ઞાની પાસે તે દૃષ્ટિ હોતી જ નથી. જ્ઞાની ગુરુએ તમામ આત્માને પોતાની દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ જાણી, આગમમાં દ્રવ્યદૃષ્ટિથી પ્રત્યેક આત્માને શુદ્ધ કહ્યાં છે. તે વાંચીને અજ્ઞાની પોતાની પાસે દ્રવ્યદૃષ્ટિ (શુદ્ધનય) ન હોવા છતાં જ્ઞાનીની દ્રવ્યદૃષ્ટિને પોતાની દ્રવ્યદૃષ્ટિ માનીને પોતાના આત્માને શુદ્ધ માનવા લાગે છે. તેની પાસે તો કેવળ એકમાત્ર પર્યાયદૃષ્ટિ જ છે. તેથી અજ્ઞાની તે દ્રવ્યદૃષ્ટિને પણ પોતે પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માને છે. આ જ તેનો નિશ્ચયાભાસ છે.

જ્યારે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માની લીધા છતાં સ્વાત્માનુભૂતિ નથી થતી ત્યારે તે "હું શુદ્ધ જ છું" એવી માન્યતાને દૃઢ કરતો રહે છે. જેના કારણે તે ઉપરોક્ત રીતે નિશ્ચયાભાસી બને છે. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો પણ તેમને આ માન્યતાને જ દૃઢ કરવાની સલાહ આપે છે. પરિણામે તેનો નિશ્ચયાભાસ જ મજબૂત થાય છે. આમ કરીને તે સમજે છે કે તે સમ્યગ્દર્શન તરફ જઈ રહ્યો છે જ્યારે વાસ્તવમાં તે સમ્યગ્દર્શનથી દૂર જઈ રહ્યો છે. તે ચોક્કસપણે કહે છે કે હું દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ છું

પર્યાયદૃષ્ટિથી નહીં પરંતુ તેની પાસે દ્રવ્યદૃષ્ટિ છે જ નહીં કે જેના આધારે તે પોતાને શુદ્ધ કહી શકે અને માની શકે. તેથી તેની નિશ્ચયનયથી તો "હું શુદ્ધ જ છું" એવી માન્યતા પર્યાયદૃષ્ટિમાં જ સ્થાપિત થાય છે અને મજબૂત બને છે. અને તે પોતાની જાતને જ્ઞાતાદ્રષ્ટા માનવા લાગે છે અને જ્ઞાતાદ્રષ્ટાનું જ ધ્યાન કરવા લાગે છે. જ્યારે આત્માનુભૂતિ વિના જ્ઞાતાદ્રષ્ટાપણું શક્ય જ નથી કારણ કે ત્યાં સુધી તે માત્ર પર્યાયદૃષ્ટિ જ છે.

તેનું પરિણામ એ આવે છે કે તે પોતામાં રાગાદિના અસ્તિત્વને સ્વીકારતો નથી. તેથી રાગાદિથી વિરત થવાનો પણ પ્રયાસ નથી કરતો. વાસ્તવમાં સમ્યગ્દર્શન માટે દર્શનમોહ અને અનંતાનુબંધી ચારિત્રમોહનો પણ અભાવ જરૂરી છે. તેથી આચાર્ય અમૃતચંદ્રની "સમયાસાર" ટીકાના શ્લોક ૧૩૬માં, તેમણે સમ્યગ્દર્શન માટે જણાવ્યું છે કે "सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः" એટલે કે, સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ હોય છે. જ્યારે અજ્ઞાની તો નયાભાસને લીધે પર્યાયદૃષ્ટિથી જ પોતાને "હું શુદ્ધ છું" માને છે તેથી તે વૈરાગ્ય માટે કોઈ પણ પ્રયત્ન કરતો નથી કે જેથી તેને રાગાદિ આશ્રવ માટે હેયબુદ્ધિ નથી આવતી. તેથી આશ્રવ તત્ત્વ પ્રત્યે હેયબુદ્ધિ વિના "હું શુદ્ધ છું"ની દૃઢ કરેલી ધારણા આત્મજ્ઞાન માટે અવરોધ બની જાય છે અને તે આ શુષ્ક જ્ઞાનમાં અટવાયેલો રહે છે. આ પુન: તે નિશ્ચયાભાસી હોવાનું સાબિત કરે છે.

પંડિત ટોડરમલજીએ પણ મોક્ષમાર્ગ પ્રકાશકના નિશ્ચયભાસી પ્રકરણમાં લખ્યું છે કે "જેને રાગાદિક હોવાનો કોઈ દુ:ખ/વિષાદ/અફસોસ નથી, તેનો નાશ કરવાનો કોઈ ઉપાય પણ નથી, તેના માટે રાગાદિક ખરાબ છે એવું શ્રદ્ધાન પણ સંભવ થતું નથી. અને એવા શ્રદ્ધાન વગર સમ્યગ્દર્શન કેવી રીતે શક્ય હોઈ શકે." અજ્ઞાની જીવ નિશ્ચય સમ્યગ્દર્શન માટે "હું શુદ્ધ છું, મારામાં રાગ છે જ નહિં, હું રાગનો કર્તા નથી" કેવળ આટલું શ્રદ્ધાન હોવું જરૂરી માને છે, જ્યારે મોક્ષમાર્ગ પ્રકાશકમાં પંડિત ટોડરમલજી નિશ્ચયભાષી પ્રકરણમાં નિશ્ચય સમ્યગ્દર્શન માટે રગાદિકને દૂર કરવાની શ્રદ્ધા પર જ વિશેષ ભાર આપતા એવું કહે છે કે "જે પ્રકારે રાગાદિકને મટાડવાની/દૂર કરવાની શ્રદ્ધા હોય, તે શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે."

જ્ઞાનીનું અહં (હું પણું) શુદ્ધાત્મામાં હોવાથી તે દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ બંને અપેક્ષાઓથી રાગનો અકર્તા છે. તેણે વૈરાગ્યાદિ યોગ્યતાઓ સહિત આત્મસન્મુખતા પ્રાપ્ત કરીને રાગ રહિત શુદ્ધાત્માનો અનુભવ કરીને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી છે અને તેથી તે રાગાદિકનો અકર્તા છે. પર્યાયદૃષ્ટિથી તેને અનંતાનુંબંધી રાગનો અભાવ હોવાથી, તે તે રાગનો અ-કર્તા છે અને મિથ્યાત્વના અભાવને કારણે તેને અપ્રત્યાખ્યાનાવરણીય રાગમાં કર્તૃત્વબુદ્ધી નથી, જ્ઞાની કેવળ જ્ઞાતાદ્રષ્ટા છે. જ્ઞાની પોતાને અને અજ્ઞાનીને પણ દ્રવ્યદૃષ્ટિથી રાગનો અકર્તા કહેવાનો અધિકારી છે કારણ કે તેમને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઇ ગઈ છે. તેનાથી વિપરીત અજ્ઞાની બંને દૃષ્ટિથી પોતાને રાગનો અકર્તા કહેવાનો અધિકારી નથી.

અજ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ નથી તેથી તે દ્રવ્યદૃષ્ટિનો ઉપયોગ કરી શકતો નથી અને “હું રાગનો અકર્તા છું” એવું જાણતો નથી, એવું માની શકતો નથી અને કહી પણ શકતો નથી. પર્યાયદૃષ્ટિથી અજ્ઞાનીને અનંતાનુંબંધી રાગનો સદ્ભાવ હોવાથી તે રાગનો કર્તા પણ છે અને મિથ્યાત્વના સદ્ભાવનાને કારણે તેને રાગ પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ પણ છે. તેથી પર્યાયદૃષ્ટિથી પણ અજ્ઞાની જીવ "હું રાગાદિકનો અકર્તા છું” એવું ન જાણી શકે છે, ન માની શકે છે કે ન કહી પણ શકે છે.

અજ્ઞાનીને જ્યારે નિશ્ચયનયનો ઉપદેશ આપવામાં આવે છે ત્યારે તેને અજ્ઞાનને કારણે નયાભાસ થાય છે. અને અજ્ઞાની નિયમથી પર્યાયનું જ વેદન કરતો હોવાથી તે નયાભાસને કારણે પોતાને વર્તમાન દશામાં (પર્યાયમાં) જ શુદ્ધાત્મા માનવા લાગે છે. તેથી તે નિશ્ચયાભાસ રૂપે પરિણમે છે.

આ રીતે શુદ્ધનિશ્ચનયના (દ્રવ્યદૃષ્ટિના) વિષયભૂત રાગ રહિત શુદ્ધાત્માનો અનુભવ ન હોવા છતાં, જે સાધક (અજ્ઞાની) પોતાને રાગરહિત શુદ્ધાત્મા અને રાગનો અકર્તા માને છે તેઓ સ્પષ્ટપણે નિશ્ચયાભાસી હોવાનું સાબિત થાય છે. અને વ્યવહારનયના (પર્યાય દૃષ્ટિના) વિષયભૂત રાગનો સદ્ભાવ અને રાગ પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ એ બંને હાજર હોવા છતાં જે સાધક તેનો નિષેધ કરીને પોતાને રાગ રહિત અને રાગનો અકર્તા માને છે તે વ્યવહાનયનો નિષેધ કરવાને કારણે એકાંત નિશ્ચયનયના પક્ષપાતી સિદ્ધ થાય છે.

એ વાત સાચી છે કે નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધ કરે છે પરંતુ જેની પાસે નિશ્ચયનય છે તે જ વ્યવહારનયનો નિષેધ કરી શકે છે. શુદ્ધનિશ્ચયનય આત્માનુભૂતિના સમયે પ્રગટ થાય છે. તેથી જ્ઞાનીનો નિશ્ચયનય જ વ્યવહારનો નિષેધ કરી શકે છે. અજ્ઞાની પાસે નિશ્ચયનય છે જ નહિં. તેની પાસે માત્ર વ્યવહારનયનું જ અવલંબન છે. તેથી રાગાદિક્નો સદ્ભાવ સ્વીકારીને તેને દૂર કરવાના પુરુષાર્થ રૂપે જે વ્યવહાર છે તે ત્યાં સુધી અનુસરણ કરવા લાયક છે કે જ્યાં સુધી તેને આત્માનુભવ પ્રગટવાથી નિશ્ચયનયની અનુભૂતિ થવાથી વ્યવહારનો નિષેધ થઇ નથી જતો. આત્માનુભવની પહેલાં અજ્ઞાનીનો આ વ્યવહાર ભૂતાર્થ છે, અભૂતાર્થ નથી. તે વ્યવહાર અભૂતાર્થ તો ત્યારે જ કહેવાય જ્યારે નિશ્ચયનયની અનુભૂતી થતાં વ્યવહારનો નિષેધ થાય. આ જ કારણ છે કે તે અપરમભવમાં સ્થિત જીવો માટે વ્યવહારનય પ્રયોજનવાન કહ્યો છે. આચાર્ય જયસેને “સમયસાર” ની 11મી ગાથા પરની તેમની ટીકામાં વ્યવહારનયને ભૂતાર્થ અને અભૂતાર્થ એમ બંને રૂપમાં પ્રતિપાદિત કર્યો છે. વ્યવહારનય સર્વથા અભૂત્તાર્થ નથી.

હુંડાવસર્પિણીના આ પંચમકાળની સૌથી ભયંકર વિડંબના એ છે કે હાલમાં આત્મપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ મોટાભાગના મુમુક્ષુ સાધકો “સમયસાર”નું સમીચીન મંતવ્ય ન સમજી શકવાને કારણે અજાણતા જ નિશ્ચયભાસી અને નિશ્ચયનયના પક્ષપાતી થઈ રહ્યા છે. "સમયસાર" માં "હું શુદ્ધ છું" એ વાંચતા પહેલા, જેઓ પાંચ ઇન્દ્રિયો ના વિષયો અને રાગાદિકમાં રાચી માચીને પ્રવૃત્તિ કરી રહ્યા હતા,

"સમયસાર" વાંચ્યા પછી પણ તેમનામાં કોઈ નોંધપાત્ર ઘટાડો થયો નથી, તે તેમનું નિશ્ચયાભાસી હોવાનું સાબિત કરે છે. જીવનમાં વૈરાગ્યની પ્રાપ્તિ ન થઇ હોવા છતાં "હું શુદ્ધ છું" એવી માન્યતાને દૃઢ કરવા પર ભાર મૂકવામાં આવે છે કે જેથી તેઓ નિશ્ચયનયના પક્ષપાતી હોવાનું જ સિદ્ધ થાય છે.

રાગનો સદ્‌ભાવ અને રાગની કર્તૃત્વબુદ્ધી બન્ને હોવા છતાં નિશ્ચયાભાસી સાધક “હું શુદ્ધ છું, મારામાં રાગ છે જ નહી” એવી માન્યતાને જ દૃઢ કરી રહ્યા છે, તેથી તે બન્નેના નાશનો માર્ગ જ બંધ થઈ જાય છે. પરિણામે “સમયસાર” વાંચ્યા પછી પણ સમીચીન સમજણના અભાવે તેઓ સમ્યકત્વ સન્મુખ થવાને બદલે સમ્યકત્વથી વિમુખ થઈ રહ્યા છે.

“સમયાસાર” ગ્રંથમાં તમામ વાતો મહદ્‌અંશે જ્ઞાનીની અપેક્ષાએ કહેવામાં આવી છે. જો કે કેટલાય નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ નિશ્ચયનયનો ઉપદેશ આપી રહ્યા છે. જો કોઈ આ “સમયસાર” ગ્રંથનું ખોટું અર્થઘટન કરીને પોતાનો અને અન્ય અનેક લોકોનો વર્તમાન અને અનંત ભવિષ્યને બરબાદ કરવા ન ઈચ્છતા હોય તો આ પુસ્તકમાં કહેવામાં આવેલ સમીચીન સમજણને ગ્રહણ કરવી જરૂરી છે. તેઓએ પોતાની જાત પ્રત્યે દયા કરીને સત્યને સમજવું જોઈએ, સાચા ઉપદેશને આત્મસાત કરવો જોઈએ અને તે જ સત્યનો ઉપદેશ બીજાઓને પણ આપવો જોઈએ. નિશ્ચયાભાસથી તો અનંતકાળે પણ કલ્યાણ થતું નથી.

કોઈ પ્રશ્ન કરે કે જ્યારે અજ્ઞાની કોઈ પણ દૃષ્ટિકોણથી પોતાની શુદ્ધતાને જાણી શકતો નથી, તો તે તેને પ્રગટ કરવા શા માટે પ્રેરિત થશે? આ શાસ્ત્રમાં અજ્ઞાનીઓને પ્રેરણા આપવા માટે જ્ઞાનીની અનુભૂતિનું વર્ણન કરવામાં આવ્યું છે. એવું છે કે જ્યારે કોઈપણ જીવ સુખની શોધમાં અથવા પરમ સત્યની શોધમાં લાગે છે ત્યારે તે સ્વયમેવ જ વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કરીને આત્મસન્મુખ બનીને આગળ આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ કરે છે. અહીં આચાર્ય ભગવાને અપ્રતિબુદ્ધને વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કરીને આત્મસાક્ષાત્કારની પ્રેરણા આપી છે. આચાર્ય ભગવાને એમ પણ કહ્યું છે કે તેણે પોતાની અનુભૂતિને આ શાસ્ત્રથી પ્રમાણ કરવી જોઈએ.

"સમાયસાર" ની જે ગાથાઓ, ટીકાઓ અને કળશોને વાંચીને જે જીવો પોતાનો નિશ્ચયાભાસ મજબૂત કરી રહ્યા છે તે ગાથાઓના સમીચીન અર્થને અમે આગમ, યુક્તિ અને પોતાના આત્માનુભવના આધારે વધુ સ્પષ્ટ કરી રહ્યા છીએ કે જેથી તેઓને તેની સમીચીન સમજ થઇ શકે અને તેઓ વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કરીને આત્મસન્મુખતાની દીશામાં પુરૂષાર્થ કરી શકે.

જિનવાણી વિરુદ્ધ અમારાથી કાંઇ લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામી દુક્કડં! ઉત્તમ ક્ષમા!

હવે અમે પંચ પરમેષ્ઠી ભગવંતોને વંદન/નમસ્કાર કરીને “સમયસારની સમજ” પ્રારંભ કરીએ છીએ.

શ્લોકાર્થ :—શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે :—[समयसारव्याख्यया एव] આ સમયસાર(શુદ્ધાત્મા તથા ગ્રંથ)ની વ્યાખ્યા(કથની તથા ટીકા)થી જ [मम अनुभूतेः] મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની [परमविशुद्धिः] પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) [भवतु] થાઓ. કેવી છે તે પરિણતિ? [परपरिणतिहेतोः मोहनाम्नः अनुभावात्] પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ(-ઉદયરૂપ વિપાક)ને લીધે [अविरतम् अनुभाव्य-व्याप्ति-कल्माषितायाः] જે અનુભાવ્ય(રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે. અને હું કેવો છું? [शुद्धचिन्मात्रमूर्तेः] દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. (3)

‘સમયસાર’ શાસ્ત્ર જ્ઞાનીની પરિણતિની પરમ વિશુદ્ધિ માટે છે. અજ્ઞાનીની પરિણતિ રાગાદિ પરિણામોથી વ્યાપ્ત હોવાથી મેલી છે.

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :—

(હરિગીત)

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.

ગાથાર્થ :—આચાર્ય કહે છેઃ હું [ध्रुवाम्] ધ્રુવ, [अचलाम्] અચળ અને [अनौपम्यां] અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત [गतिं] ગતિને [प्राप्तान्] પ્રાપ્ત થયેલ એવા [सर्वसिद्धान्] સર્વ સિદ્ધોને [वन्दित्वा] નમસ્કાર કરી, [अहो] અહો! [श्रुतकेवलिभणितम्] શ્રુતકેવળીઓએ કહેલા [इदं] આ [समयप्राभृतम्] સમયસાર નામના પ્રાભૃતને [वक्ष्यामि] કહીશ. (1)

ગાથાર્થ :—હે ભવ્ય! [जीवः] જે જીવ [चरित्रदर्शनज्ञानस्थितः] દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે [तं] તેને [हि] નિશ્ચયથી [स्वसमयं] સ્વસમય [जानीहि] જાણ; [च] અને જે જીવ [पुद्गलकर्मप्रदेशस्थितं] પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે [तं] તેને [परसमयं] પરસમય [जानीहि] જાણ. (2)

અહીંયા જ્ઞાનીની (સમ્યગ્દૃષ્ટિની) વ્યાખ્યા કરે છે. સાથે આ ગ્રંથનો વિષય એટલે કે જ્ઞાનીની અનુભૂતિ છે તે જણાવે છે. અહીંયા ચારિત્ર શબ્દ આવવાથી અનેક લોકો સ્વસમય જીવને સાતમું ગુણસ્થાનક સમજે છે. પરંતુ આ અધ્યાત્મગ્રંથ હોવાથી અહીંયા ચારિત્ર એટલે આત્માનુભૂતિ સમજવી. અનુભૂતિ કાળે જીવને સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે. તેથી સ્વસમય એટલે ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તિ જીવો સમજવા. આચાર્ય ભગવંતે આ ગ્રંથમાં વારંવાર જ્ઞાની શબ્દ જ વાપરેલ છે. તેથી જ્ઞાની એટલે સ્વસમય અર્થાત્ ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તિ જીવો સમજવા.

ગાથાર્થ :—[तम्] તે [एकत्वविभक्तं] એકત્વવિભક્ત આત્માને [अहं] હું [आत्मनः] આત્માના [स्वविभवेन] નિજ વૈભવ વડે [दर्शये] દેખાડું છું; [यदि] જો હું [दर्शयेयं] દેખાડું તો [प्रमाणं] પ્રમાણ (સ્વીકાર) કરવું અને [स्खलेयं] જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો [छलं] છળ [न] ન [गृहीतव्यम्] ગ્રહણ કરવું. (5)

અર્થાત્ તેવા આત્માનો અનુભવ કરીને પ્રમાણ કરવું, નહીં કે માત્ર શબ્દોમાં ગ્રહણ કરવો. નહીં કે તે શબ્દોના વર્ણન અનુસાર પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનવો. પરંતુ અનેક ઉપદેશકો સાધકોને (અજ્ઞાનીઓને), કે જે નિયમથી પર્યાયનું જ વેદન કરતા હોય છે, પોતાને નિશ્ચયસ્વરૂપ માની લેવાની પ્રેરણા કરતા જણાય છે. કે જે વર્તમાન કાળની ભયાનક વિડંબના છે. તેઓને ત્રિકાળશુદ્ધસ્વરૂપનો અનુભવ ન હોવાથી તેઓ નયાભાસના કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનવા લાગે છે કે જે ભયંકર મોટી ભૂલ છે. તેથી તેઓ નિશ્ચયાભાસી રૂપે પરિણમે છે.

ટીકા :—આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજવિભવ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ—અર્હંતનાં પરમાગમ—તેની ઉપાસનાથી જેનો જન્મ છે. ('स्यात्'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો—વચનગોચર સર્વ ધર્મો—નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે, અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે.) વળી તે નિજવિભવ કેવો છે? સમસ્ત જે વિપક્ષ—અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ—તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે. વળી તે કેવો છે? નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ—ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે. વળી તે કેવો છે? નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું; જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું. શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી. (5)

નિજવૈભવ કેવો છે? તેનો આસ્વાદ (અનુભવ) લઈને નિર્ણય કરવાનો છે. માત્ર શબ્દોમાં જ ગ્રહણ કરીને પોતાને વર્તમાન પર્યાયમાં જ એવા માનીને છેતરાવાનું નથી કે જે અનેક લોકો સમજતા નથી. તેથી બીજાને પણ તેઓ શુદ્ધ માની લેવાનો જ ઉપદેશ આપે છે.

ભાવાર્થ :—આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન—એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો—એમ કહેવાનો આશય છે. (5)

આચાર્ય ભગવંત પોતાનો અનુભવ દર્શાવે છે અને આપણને તેની પ્રાપ્તિ કરીને ચકાસવા કહે છે. માની લેવા નથી કહેતા. તેઓ પોતાના અનુભવનું વર્ણન કરીને જણાવે છે કે સ્વાત્માનુભૂતિ કેવી હોય. તેની પ્રાપ્તિ કરીને પ્રમાણ કરવા કહે છે, નહીં કે માની લેવા. માની લેવાથી (conditioningથી) કદાચ એક ભવમાં સારૂં લાગી શકે છે. પરંતુ અનંત કાળનું દુ:ખ ટળતું નથી.

ગાથાર્થ :—[ज्ञानिनः] જ્ઞાનીને [चरित्रं दर्शनं ज्ञानम्] ચારિત્ર, દર્શન, જ્ઞાન—એ ત્રણ ભાવ [व्यवहारेण] વ્યવહારથી [उपदिश्यते] કહેવામાં આવે છે; નિશ્ચયથી [ज्ञानं अपि न] જ્ઞાન પણ નથી, [चरित्रं न] ચારિત્ર પણ નથી અને [दर्शनं न] દર્શન પણ નથી; જ્ઞાની તો એક [ज्ञायकः शुद्धः] શુદ્ધ જ્ઞાયક જ છે. (7)

અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય? તેનું સમાધાન:—એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી. (7) ભાવાર્થ

અહીં આચાર્ય ભગવંતે ભેદને વ્યવહારરૂપે જણાવેલ છે. તેથી અહીં અભેદ તે નિશ્ચય અને ભેદ તે વ્યવહાર-એમ સમજવું. અનુભવમાં કોઈ ભેદ હોતો નથી તેથી કહ્યું કે જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે. બીજું, આ શાસ્ત્રનું એકાંતે અર્થઘટન કરીને અનેક લોકો તેને શસ્ત્રરૂપે બનાવી દે છે. લોકો નિશ્ચયનયને શબ્દોમાં ગ્રહણ કરે છે. પરંતુ અભિપ્રાય બદલાતો નથી. તેથી જ્ઞાન થતું નથી.

ગાથાર્થ :—[यथा] જેમ [अनार्यः] અનાર્ય (મ્લેચ્છ) જનને [अनार्यभाषां विना तु] અનાર્યભાષા વિના [ग्राहयितुम्] કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા [न अपि शक्यः] કોઈ સમર્થ નથી [तथा] તેમ [व्यवहारेण विना] વ્યવહાર વિના [परमार्थोपदेशनम्] પરમાર્થનો ઉપદેશ કરવા [अशक्यम्] કોઈ સમર્થ નથી. (8)

ભાવાર્થ :—લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે; તેઓ અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે; તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.

હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે:— (8)

અહીં આચાર્ય ભગવંત જણાવે છે કે અજ્ઞાની જનો શુદ્ધનયને જાણતા નથી. છતાં જો કોઈ ઉપદેશક તેઓને શુદ્ધનયનો ઉપદેશ આપે અને તેઓને કહે કે તમો શુદ્ધ જ છો -એમ માની લો કે જેનાથી સમ્યગ્દર્શન થઇ જશે. કે જે વર્તમાન કાળની ભયાનક વિડંબના છે. તેઓને ત્રિકાળશુદ્ધસ્વરૂપનો અનુભવ ન હોવાથી તેઓ નયાભાસના કારણે પોતાને પર્યાયમાં જ શુદ્ધ માનવા લાગે છે કે જે ભયંકર મોટી ભૂલ છે. જ્યારે અત્ર આચાર્ય ભગવંત તેઓને શુદ્ધનયનો અનુભવ ન હોવાથી વ્યવહાર દ્વારા ઉપદેશ આપવા કહે છે કે જેથી એ અજ્ઞાનીમાં જો વૈરાગ્યાદિ અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો તે અજ્ઞાની પણ શુદ્ધાત્માનો અનુભવ કરીને જ્ઞાની બની શકે. ઉપદેશની સાચી રીત આવી છે. પરંતુ જેઓ આ સાચી રીત જાણતા નથી તેઓ અજાણતાં જ અનેક જીવોના અકલ્યાણમાં નિમિત્ત બને છે. તેવા ઉપદેશકોને પણ નિશ્ચયનયનો પક્ષ હોય છે કે જે આવી માન્યતાથી સિદ્ધ થાય છે. તેવા ઉપદેશકોમાંના કેટલાક તો પોતાને જ્ઞાની પણ માનતા હોય છે કારણ કે તેઓને જેમણે નિશ્ચયનો ઉપદેશ આપેલ છે તેમની પણ આવી જ સ્થિતિ હોય છે. અને તેવા ગુરૂઓ આવા ઉપદેશકોને 'જ્ઞાની'ની પદવી (degree) આપી દે છે. આ જ રીતે પરંપરાથી આ ગેરસમજણ ફેલાઈ રહી છે.

ભાવાર્થ :—જે શ્રુતથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે. વળી જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો. અન્ય કાંઈ ન કહ્યું. વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું. (9-10)

અર્થાત્ નિશ્ચય અનુભવગોચર છે, તેને વચનમાં જણાવવો એ પણ વ્યવહાર છે. પરંતુ વર્તમાનમાં અનેક ઉપદેશકો તો શબ્દોમાં નિશ્ચયનયને વર્ણવીને અને તેવા જ પોતાને માનીને અને તેવું જ અન્યોને માનવાનું કહીને સંતોષ લે છે. તેવા નિશ્ચયનયના પક્ષપાતિ લોકોને નિશ્ચયાભાસી કહેવાય છે. જેને કોઈ પણ નયનો પક્ષપાત હશે તેમને અનુભૂતિ થતી નથી. તેમને ખરેખર એ જણાવવાની જરૂર છે કે આ નિશ્ચયને અનુભવવાનો છે. તેના માટે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ જરૂરી છે. તેથી પ્રથમ તેના માટે પુરુષાર્થ કરવો જોઈએ. માત્ર પોતાને નિશ્ચયસમાન માની લેવાથી કામ નહીં થાય. તેનાથી નિશ્ચયાભાસ જરૂર થશે કારણ કે સાચા નિશ્ચયનો જન્મ જ આત્માનુભૂતિથી થાય છે.

ગાથાર્થ :—[व्यवहारः] વ્યવહારનય [अभूतार्थः] અભૂતાર્થ છે [तु] અને [शुद्धनयः] શુદ્ધનય [भूतार्थः] ભૂતાર્થ છે એમ [दर्शितः] ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; [जीवः] જે જીવ [भूतार्थं] ભૂતાર્થનો [आश्रितः] આશ્રય કરે છે તે જીવ [खलु] નિશ્ચયથી [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [भवति] છે. (11)

ટીકા :—વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ:—જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનાર પુરુષો—જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ(નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો—આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા(11)

અહીંયા આચાર્ય ભગવંતે જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનો ફરક જણાવેલ છે. અનેક અજ્ઞાનીઓ જ્ઞાનીની ભાષા બોલીને જ સંતોષ લઈ લે છે. તેઓને વિમોહિત હૃદયવાળા જણાવેલ છે. તેથી સમજવાનું એ છે કે નિશ્ચયને અનુભવવાનો છે, અનુભવ વગર જ્ઞાનીની ભાષા જાણીને અને તેવું બોલીને અથવા માનીને પોતાને છેતરવાના નથી કે જે આપણે અનાદિથી અનેક વાર કરેલ છે.

આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી. (11)

જેઓ જ્ઞાની નથી એટલે કે શુદ્ધાત્માના અનુભવી નથી તેઓ નિયમથી પર્યાયદૃષ્ટિ છે એટલે કે અજ્ઞાની છે. છતાં જો આવા જીવો પોતાને શુદ્ધનયથી શુદ્ધ સમજતા હોય તો તેઓ અજ્ઞાની હોવાથી નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનતા હોય છે કે જે તેઓના મોક્ષમાર્ગના પ્રવેશમાં બહુ જ મોટી અડચણરૂપ બને છે. સાચા શુદ્ધનયનો જન્મ જ અનુભૂતિથી થાય છે, તેથી જ આગળ આચાર્ય ભગવંત જણાવશે કે શુદ્ધનય એટલે શુદ્ધાત્માની અનુભૂતિ. શુદ્ધનયને શબ્દરૂપે ન સમજવો.

તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—"શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી." એમ આશય જાણવો. (11) ભાવાર્થ

અમારૂં પુસ્તક 'સમ્યગ્દર્શનની રીત' વાંચીને અનેક લોકો અમારી પાસે ફરિયાદ લઈને આવે છે કે આપે સમ્યગ્દર્શનની બહુ સરળ રીત બતાવીને લોકો ઉપર ઉપકાર જરૂર કર્યો છે. પરંતુ તે કરવાથી અમને સ્વાત્માનુભૂતિ તો થતી નથી. તેઓને અમે જણાવીએ છીએ કે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર નિશ્ચયનયને માત્ર શબ્દોમાં ગ્રહણ કરવાથી સ્વાત્માનુભૂતિ થવી શક્ય જ નથી. તે કારણથી જ અમે તેમાં ચોવીસમાં પ્રકરણમાં સમ્યગ્દર્શન માટેની યોગ્યતાઓ બહુ વિસ્તારથી સમજાવેલ છે. તે યોગ્યતાઓનો અભ્યાસ વારંવાર કરવા જેવો છે કે જેથી આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત થશે અને પછીથી તે 'સમ્યગ્દર્શનની રીત'માં જણાવેલ સમ્યગ્દર્શનની રીત કારગર નિવડશે. આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર નિશ્ચયનયને માત્ર માની લેવાથી તમારૂં કામ થવું શક્ય જ નથી. બીજું, અનેક જીવો અનાદિથી ભેદરૂપ વ્યવહારમાં જ મગ્ન રહ્યા છે. પોતાના ગુણોના વર્ણનમાં અથવા શક્તિઓના વર્ણનમાં અથવા દ્રવ્ય-પર્યાયને ભિન્ન સમજીને પર્યાય રહિત દ્રવ્ય શોધવામાં કે જે મળે એમ જ નથી. વ્યવહારથી જે સમજ આપવામાં આવે છે તે નિશ્ચય પામવા (અનુભવવા) માટે છે. અન્યથા તે વ્યવહાર પણ નથી, પરંતુ તે વ્યવહારાભાસ જ છે.

હવે, "એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે" એમ કહે છે:—

ગાથાર્થ :—[परमभावदर्शिभिः] પરમભાવના દેખનારાઓને તો [शुद्धादेशः] શુદ્ધ (આત્મા)નો ઉપદેશ કરનાર [शुद्धः] શુદ્ધનય [ज्ञातव्यः] જાણવાયોગ્ય છે; [पुनः] વળી [ये तु] જે જીવો [अपरमे भावे] અપરમભાવે [स्थिताः] સ્થિત છે તેઓ [व्यवहारदेशिताः] વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે. (12)

અહીંયા આચાર્ય ભગવંતે બહુ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે જ્ઞાનીને શુદ્ધનય પ્રયોજનવાન છે. જ્યારે અજ્ઞાનીને માટે તે પ્રયોજનવાન નથી. અજ્ઞાનીને માટે તે જે સ્તરે (level) હોય તે સ્તરેથી નિશ્ચયરૂપ શુદ્ધાત્માના અનુભવ માટે આવશ્યક એવો વ્યવહારનયનો ઉપદેશ પ્રયોજનવાન છે. વર્તમાનમાં અનેક લોકો સામેનું પાત્ર જોયા વગર દરેકને શુદ્ધ નિશ્ચયનયનો જ ઉપદેશ આપે છે. નિશ્ચયનો જ ઉપદેશ આપવા જેવો છે -એમ તેઓ માને છે. તેનાથી અનેક લોકો નિશ્ચયાભાસરૂપે પરિણમે છે કે જે તેવા જીવો માટે અનંત દુ:ખોના આરક્ષણ સમાન છે. આ વર્તમાન કાળની ભયાનક વિડંબના છે. તેથી જ કરૂણાભાવે આ લખાયું છે. અનેક ઉપદેશકો તો વ્યવહારને માત્ર ઉપચારરૂપ (નિરર્થક-જૂઠો) માનીને માત્ર નિશ્ચયનયના ઉપદેશના જ પક્ષપાતી હોય છે. તેથી તેઓને નિશ્ચયનો એકાંત પક્ષ છે - તેમ સાબિત થાય છે. તેઓ પોતે પણ નિશ્ચયાભાસી જ છે - તે પણ સાબિત થાય છે.

ટીકા :—જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન (વસ્તુના) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેનો અનુભવ નથી હોતો; તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના વર્ણ) સમાન હોવાથી, જાણેલો પ્રયોજનવાન છે. પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો; તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. (12)

અહીંયા શુદ્ધનયને પ્રગટ કર્યો છે-એમ કહ્યું. તેનો અર્થ છે શુદ્ધાત્માનો અનુભવ કર્યો છે. 'સમયસાર'શાસ્ત્રમાં શુદ્ધનય એટલે શુદ્ધાત્માની અનુભૂતિ સમજવી. નિશ્ચયનયને માત્ર શબ્દોમાં ગ્રહણ કરવા નથી કહ્યું. અનુભવ કરવા કહ્યું છે. બીજું, સત્યાર્થ અને અસત્યાર્થને હોવાપણારૂપે અને ન હોવાપણારૂપે સમજવું અસત્યાર્થ એટલે જૂઠો નહીં પરંતુ અવિદ્યમાન સમજવો.

એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે.) બીજી જગ્યાએ પણ કહ્યું છે કે:— (12)

[અર્થ:—આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ–વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ(વસ્તુ)નો નાશ થઈ જશે.]

ભાવાર્થ :—લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુદ્ધ કહેવાય છે; અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ-વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ—એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ, જિનબિંબનાં દર્શન ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે; અને જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન (12)

અહીંયા બહુ સ્પષ્ટ શબ્દોમાં આચાર્ય ભગવાન જણાવે છે કે- અજ્ઞાનીને માટે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓનો ઉપદેશ આવશ્યક છે કારણ કે તે વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર નિશ્ચયનયને માત્ર શબ્દોમાં ગ્રહણ કરવાથી સ્વાત્માનુભૂતિ થવી શક્ય જ નથી. તેથી અજ્ઞાનીને અભ્યાસપૂર્વક તે યોગ્યતાઓ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપવો જોઈએ. કારણ કે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર નિશ્ચયનયને માત્ર માની લેવાથી સમ્યગ્દર્શન થવું શક્ય જ નથી. અનેક ઉપદેશકો અજ્ઞાનીને પણ નિશ્ચયનયનો જ ઉપદેશ આપતા જણાય છે કે જે ભૂલભરેલું છે. તે જ અહીંયા સાબિત થાય છે. તેથી તેવા ઉપદેશકો સાચી રીત સમજીને તેને અનુરૂપ ઉપદેશ આપશે તો તેમનું પોતાનું અને અન્ય અનેક સાધકોનું અવશ્ય કલ્યાણ થઇ શકે છે. તેને માટે 'નિશ્ચય-વ્યવહારની યથાર્થ સંધિ' એ વિષય ઉપર અમે એક લેખ પણ લખેલ છે. તે વાંચીને સમજવો અતિ આવશ્યક છે.

છોડવારૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું—એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.* વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે—એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.(12)

નિશ્ચયથી આત્માના સ્વરૂપનું જે વર્ણન છે તેને અત્યારે પણ પ્રગટ (અનુભવ) કરી શકાય છે. પરંતુ વર્તમાન દશામાં (પર્યાયમાં) જ હું એવો છું-એમ માનવું ઉચિત નથી. પરંતુ અનેક લોકો આ વાત ન સમજતા હોઈને નયાભાસથી અને પોતે અજ્ઞાની હોવાથી નિયમથી પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાને વર્તમાન દશામાં (પર્યાયમાં) જ એવા માની લે છે. અને એવો જ ઉપદેશ પણ કરે છે. તેથી એ સમજવું આવશ્યક છે કે અજ્ઞાનીને માટે નિશ્ચય સ્વરૂપ પ્રગટ નથી. પરંતુ તેને તે સ્વરૂપ પ્રગટ (અનુભવ) કરવાનો ઉપદેશ આપવા જેવો છે. આ સમજણ વગરનાએ પોતાને અનંત સંસાર સમજવો.

એ અર્થનું કલશરૂપ કાવ્ય ટીકાકાર કહે છે:—

શ્લોકાર્થ:—[उभय-नय-विरोध-ध्वंसिनि] નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું [स्यात्-पद-अङ्के] 'સ્યાત્'પદથી ચિહ્નિત [जिनवचसि] જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં [ये रमन्ते] જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) [ते] તે પુરુષો [स्वयं] પોતાની મેળે (અન્ય કારણ વિના) [वान्तमोहाः] મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને [उच्चैः परं ज्योतिः समयसारं] આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને [सपदि] તુરત [ईक्षन्ते एव] દેખે જ છે. કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા? [अनवम्] નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે? [अनय-पक्ष-अक्षुण्णम्] સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે. (4)

શ્લોકાર્થ:—[व्यवहरण-नयः] જે વ્યવહારનય છે તે [यद्यपि] જોકે [इह प्राक्-पदव्यां] આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) [निहित-पदानां] જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, [हन्त] અરેરે! [हस्तावलम्बः स्यात्] હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, [तद्-अपि] તોપણ [चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां] જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર, પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને

અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને [एषः] એ વ્યવહારનય [किञ्चित् न] કાંઈ પણ પ્રયોજનવાન નથી. (5)

શ્લોકાર્થ :—[अतः] ત્યાર બાદ [शुद्धनय-आयत्तं] શુદ્ધનયને આધીન [प्रत्यग्ज्योतिः] જે ભિન્ન આત્મજ્યોતિ છે [तत्] તે [चकास्ति] પ્રગટ થાય છે [यद्] કે જે [नव-तत्त्व-गतत्वे अपि] નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં [एकत्वं] પોતાના એકપણાને [न मुञ्चति] છોડતી નથી. (7)

અહીંયા સ્પષ્ટપણે "પ્રગટ થાય છે"-તેમ જણાવેલ છે. તેથી તેને પ્રગટ માનવાનો ઉપદેશ અત્યંત ભૂલભરેલો જ કહેવાય છે. ભૂતાર્થનયથી જાણેલ એટલે અનુભવપૂર્વક જાણેલ – એમ સમજવું. ભૂતાર્થનયથી જાણેલ એટલે નિશ્ચયનય દર્શાવતા માત્ર શબ્દોમાં જાણેલ ન સમજવું. કારણ કે માત્ર શબ્દોમાં તો આપણે અનેક વાર જાણેલ છે. જ્યારે આપણે નવ પૂર્વનો અભ્યાસ કર્યો હશે ત્યારે તો નિશ્ચયનયને શબ્દોમાં અત્યારે છે તેના કરતા પણ વિશેષ જાણેલ હશે. છતાં જો આપણું કામ ત્યારે ન થયું તો હવે આ નિશ્ચયનયને શબ્દોરૂપે જાણીને પોતાને તે રૂપે માની લેવાથી કામ કઈ રીતે થશે? આ સમજણ ન હોવાથી જ અનેક નિશ્ચયાભાસી ઉપદેશકોને નિશ્ચયનયનો જ પક્ષ છે, તેનાથી જ આત્મજ્ઞાન થશે એમ તેઓ માને છે અને તેવો જ પ્રચાર પણ કરે છે. તે શબ્દોરૂપે લાડવાના ભોજન સમાન છે. જો કોઈ ભુખ્યો માણસ શબ્દરૂપે એટલે કે માત્ર શબ્દોમાં વ્યક્ત થતાં લાડવાના ભોજનથી તૃપ્ત થઇ શકશે? નહીં થઇ શકે. તેવી જ રીતે માત્ર શબ્દરૂપ નિશ્ચયનયથી આત્મકલ્યાણ નહીં થઇ શકે. આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકોએ ખાસ સમજવાની જરૂર છે. કારણ કે તેઓ ધર્મના નામે તેમના જેવા અનેક નિશ્ચયાભાસીઓ પેદા કરી રહ્યા છે. અનેક લોકો એમ પણ કહે છે કે નિશ્ચયનયને જાણી લેવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આસાન બની જશે. તેઓને પણ અમે ઉપર ઉત્તર આપેલ જ છે.

ગાથાર્થ :—[भूतार्थेन अभिगताः] ભૂતાર્થ નયથી જાણેલ [जीवाजीवौ] જીવ, અજીવ [च] વળી [पुण्यपापं] પુણ્ય, પાપ [च] તથા [आस्रवसंवरनिर्जराः] આસ્રવ, સંવર, નિર્જરા, [बन्धः] બંધ [च] અને [मोक्षः] મોક્ષ [सम्यक्त्वम्]—એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે. (13)

ટીકા :—આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (–એ નિયમ કહ્યો); કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ(વ્યવહાર)નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો—જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે—તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ—કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે—તેની પ્રાપ્તિ હોય છે. (શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.) ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે, તેમ જ

એ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર—એ બન્ને આસ્રવ છે, સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક)—એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર—એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર—એ બન્ને બંધ છે અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર—એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે). (13)

નવતત્ત્વોને ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન છે. ભૂતાર્થનય=શુદ્ધનય, મોક્ષમાર્ગ અનુભવનો છે. એટલે કે નવતત્ત્વોમાં છુપાયેલ શુદ્ધાત્માની અનુભૂતિથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. બીજું, અહીંયા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ જણાવેલ છે. તેને ન માનવો તે ભૂલભરેલું જ કહેવાશે.

બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો:—જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; (જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી;) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતર્દૃષ્ટિથી જોઈએ તો:—જ્ઞાયક ભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ વિકારહેતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે—બાધા રહિત છે. (13)

ભૂતાર્થનય એટલે કે શુદ્ધનયને અનુભવવાનું કહ્યું છે. માત્ર માનવાનું નથી કહ્યું. જો અજ્ઞાની તેને અનુભવવગર શબ્દરૂપે માની લે છે તો તે નિયમથી પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાને વર્તમાન પર્યાયમાં જ તેવો માનવા લાગે છે કે જે મહા મિથ્યાત્વ છે. તેથી માની લેવાની બદલે તેને માટે વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કરીને તેનો અનુભવ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. તેથી ઉપદેશ વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્માની અનુભૂતિ કરવાનો જ આપવા જેવો છે માની લેવાનો નહીં કે જે આત્મઘાતક જ છે. નિશ્ચયાભાસી ઉપદેશકો જાણે-અજાણ્યે પોતાનું અને બીજા અનેકોનું અનંતકાળનું અહિત કરે છે.

અહીં, એ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે:—

શ્લોકાર્થ :—[इति] આ રીતે [चिरम् नव-तत्त्व-च्छन्नम् इदम् आत्मज्योतिः] નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને, [वर्णमाला-कलापे निमग्नं कनकम् इव] જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, [उन्नीयमानं] શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. [अथ] માટે હવે હે ભવ્ય જીવો! [सततविविक्तं] હંમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન, [एकरूपं] એકરૂપ [दृश्यताम्] દેખો. [प्रतिपदम् उद्योतमानम्] આ (જ્યોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે. (8)

ભાવાર્થ :—આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે; તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો—એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૮.

ટીકા :—હવે, જેમ નવ તત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો તેમ, એકપણે

જ્યાં જ્યાં શુદ્ધનયનો ઉપદેશ છે, ત્યાં ત્યાં તેને અનુભવ કરવા જણાવ્યું છે. માત્ર માની લેવા નથી કહ્યું.

પ્રકાશમાન આત્માના અધિગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે, તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે (કારણ કે જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે). તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે—પરોક્ષ અને પ્રત્યક્ષ. [1]ઉપાત્ત અને [2]અનુપાત્ત પર (પદાર્થો) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. (પ્રમાણ જ્ઞાન છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છે—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ ને મનઃપર્યય એ બે વિકલ-પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ-પ્રત્યક્ષ છે. તેથી એ બે પ્રકારનાં પ્રમાણ છે.) તે બન્ને પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નય બે પ્રકારે છે—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે. તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી) અનુભવ કરતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નિક્ષેપ ચાર પ્રકારે છે—નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી (વ્યવહાર માટે) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે. 'આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું (–પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના

આ 'સમયસાર'શાસ્ત્રમાં જે પણ નિશ્ચયનયનું વર્ણન છે તે અનુભવ અપેક્ષાએ છે. અર્થાત્ તે અનુભૂતિના વિષયનું વર્ણન છે. જો કોઈ તેને અનુભવ વગર જ માનવા લાગશે તો તેનું શું થશે તે ગાથા ૯૬ની ટીકામાં જણાવ્યું છે. તેમાં ભેંસાના ઉદાહરણથી જણાવ્યું છે કે સાધક જેનું ધ્યાન કરે તે રૂપે પોતાને માનવા લાગે. જે સાધક ભેંસાનું ધ્યાન કરતો હતો તે સાધક પોતાને ભ્રમથી ભેંસો જ માનવા લાગ્યો. તેવી જ રીતે જે અજ્ઞાની પોતાને નિશ્ચયનયના વર્ણન અનુસારનો શુદ્ધ, અકર્તા, અપરિણામી, રાગ-દ્વેષરહિતનો જીવ માને છે, તે ભ્રમથી પોતાને વર્તમાન પર્યાયમાં જ તેવો માનવા લાગે છે. કે જે નિશ્ચયાભાસ જ છે. આ સૌથી મોટો ખતરો છે આ શાસ્ત્રના અર્થઘટનનો. તેથી જ આટલું લખવું પડ્યું છે.

નિક્ષેપ છે. વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે. વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે. એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (વિલક્ષણરૂપે—જુદા જુદા રૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે. (8)

ભાવાર્થ :—આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયના ગ્રંથોમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે. તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે. અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છે: પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી; જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી. પણ હવે એ બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે. (8)

એ અર્થનો કલશરૂપ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :—આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે—[अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते] આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજ:પુંજ આત્મા, તેનો અનુભવ થતાં [नयश्रीः न उदयति] નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, [प्रमाणं अस्तम् एति] પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે [अपि च] અને [निक्षेपचक्रम् क्वचित् याति, न विद्मः] નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. [किम् अपरम् अभिदध्मः] આથી અધિક શું કહીએ? [द्वैतम् एव न भाति] દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી. (9)

ભાવાર્થ :—ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે—પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.

અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી કહે છે કે—છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો જ અનુભવ થયો. એ જ અમારો મત છે; તમે વિશેષ શું કહ્યું? એનો ઉત્તર:—તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે. જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય, અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા મતમાં નયવિવક્ષા છે તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી. જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પામે છે તેથી અનુભવ કરાવવા માટે "શુદ્ધ અનુભવમાં દ્વૈત ભાસતું નથી" એમ કહ્યું છે. જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે. માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે તે પણ મિથ્યારૂપ છે; શૂન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે. ૯.

**જેઓ એકાંત નિશ્ચયની પ્રરૂપણા કરે છે તેઓને અહીંયા સમજાવે છે કે જે સ્તર ઉપર જે ઉપદેશ જરૂર હોય તે આપવો. કોઈ પણ જાતનો એકાંત ઉપદેશ ન આપવો. નિશ્ચયનયનો એકાંત વેદાંતી બનાવશે- એમ અહીંયા કહ્યું છે. જે લોકો દ્રવ્યને કૂટસ્થ માનતા હોય તેઓએ એ વાત સમજવી જરૂરી છે કે જો દ્રવ્ય પરિણામી ન હોય તો દ્રવ્યનો જ લોપ થઇ જાય.**

આગળ શુદ્ધનયનો ઉદય થાય છે તેની સૂચનારૂપ શ્લોક કહે છે:—

શ્લોકાર્થ:—[शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति] શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે? [परभावभिन्नम्] પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો—એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે, [आपूर्णम्] આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે—સમસ્ત લોકાલોકને જાણનાર છે—એમ પ્રગટ કરે છે; (કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે). વળી તે, [आदि-अन्त-विमुक्तम्] આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે). વળી તે, [एकम्] આત્મસ્વભાવને એક—સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર—પ્રગટ કરે છે, અને [विलीनसङ्कल्प-विकल्प-जालं] જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.) આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. ૧૦.

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :—

અહીંયા જણાવે છે કે "શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે." તેથી સમજવાનું એ છે કે શુદ્ધનય પ્રગટ કરવાનો છે. તે માત્ર શબ્દોમાં અને માન્યતામાં રાખવાનો વિષય નથી. તેનાથી તો નયાભાસ અને નિશ્ચયાભાસ જ થાય છે. અનુભવ નહીં. કારણ કે અજ્ઞાનીનું નયનું જ્ઞાન પણ સાચું હોતું નથી. તે માત્ર નયાભાસ જ હોય છે. ખરેખર તો આત્માના અનુભવ માટે વૈરાગ્યાદિ યોગ્યતાઓ હોવી અતિ આવશ્યક છે. તે સમજવું અને તેના માટેનો પુરુષાર્થ આવશ્યક છે. માત્ર માની લેવાથી કામ નહીં થાય. તેથી જે ઉપદેશકો શુદ્ધ નિશ્ચયનયને માની લેવાનું અથવા તો તેનું ધ્યાન કે રટણ કરવાનું કહે છે, તેઓ પણ વાસ્તવમાં તો નયાભાસ અને નિશ્ચયાભાસમાં જ જીવે છે – એવું અમને લાગે છે. શુદ્ધનય = આત્માની અનુભૂતિ એ જ આગળ પણ સ્પષ્ટ કહ્યું છે. તેથી શુદ્ધનયને શબ્દોનો વિષય ન સમજવો.

ગાથાર્થ :—[यः] જે નય [आत्मानम्] આત્માને [अबद्धस्पृष्टम्] બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, [अनन्यकं] અન્યપણા રહિત, [नियतम्] ચળાચળતા રહિત, [अविशेषम्] વિશેષ રહિત, [असंयुक्तं] અન્યના સંયોગ રહિત—એવા પાંચ ભાવરૂપ [पश्यति] દેખે છે [तं] તેને, હે શિષ્ય! તું [शुद्धनयं] શુદ્ધનય [विजानीहि] જાણ. (14)

ટીકા :—નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત—એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. (શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો—એક જ છે, જુદાં નથી.) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? તેનું સમાધાન:—બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે:— (14)

"નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે" – એમ કહ્યું. તેમ માની લેવું એ શુદ્ધનય-એમ નથી કહ્યું. તેથી જે ઉપદેશકો એમ કહે છે કે 'શુદ્ધનયથી તમો શુદ્ધ જ છો-તેમ માની લો અને તેનું જ ધ્યાન કરો કે જેથી આપને શુદ્ધાત્માનો અનુભવ થશે' તેમના જ્ઞાની હોવા ઉપર જ શંકા ઉત્પન્ન થાય છે. કારણ કે તેઓને એ જાણ હોવી જોઈએ કે અજ્ઞાની નિયમથી પર્યાયદૃષ્ટિ છે, તે માત્ર પર્યાયને જ વેદે છે. તેનું જ્ઞાન પણ પ્રમાણ થયું ન હોવાથી તેનું નયનું જ્ઞાન પણ નયાભાસરૂપે જ છે. તેથી તેને શુદ્ધનયનો અનુભવવગર સાચો નિર્ણય જ નથી. તે અજ્ઞાની જો શુદ્ધનયથી પણ પોતાને શુદ્ધ માને છે તો તે નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માની લે છે. કે જે તેના જ સમ્યગ્દર્શનના પુરુષાર્થમાં બાધક બને છે. તેથી તેનો પુરુષાર્થ જ છેદાય જાય છે. આ કરૂણાજનક હકીકત છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ પોતાના ઉપર કરુણા કરીને સાચી સમજ ગ્રહણ કરવી જોઈએ કે જેથી તેમનું અને બીજા અનેકોનું કલ્યાણ શક્ય બને.

જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે; એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે.

વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત (–સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં (પર્યાયોના બીજા-બીજાપણારૂપ) અન્યપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર (14)

અહીંયા કહ્યું છે તેમ "આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે." તેમાં 'અનુભવ કરતાં' એ શબ્દ બહુ જ મહત્વનો છે એકાંત નિશ્ચયના ઉપદેશકોને માટે. તેઓ નિશ્ચયનયને માન્યતાનો વિષય બનાવવાની પ્રરૂપણા-પ્રવચન કરે છે. જ્યારે 'સમયસાર'શાસ્ત્ર તેને અનુભવ કરવા કહે છે. તેથી જ અમે કહીએ છીએ કે શુદ્ધનિશ્ચયનયથી તમામ જીવો ત્રિકાળ શુદ્ધ જ છે. તેનો અર્થ એમ થાય છે કે અજ્ઞાની અત્યારે પણ જો આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વિદ્યમાન હોય તો તે શુદ્ધાત્માનો અનુભવ કરી શકે છે. તે અત્યારે વર્તમાન પર્યાયમાં શુદ્ધ નથી જ. અને તેથી જ અમે અજ્ઞાનીઓ માટેના ઉપદેશમાં તેઓને આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કરવાના પુરુષાર્થ ઉપર ભાર આપવાનું કહીએ છીએ. કે જેને તે નિશ્ચયાભાસી ઉપદેશકો વ્યવહારનો પક્ષ માનવાની ભૂલ કરે છે. તે વાત તેમને ઉભયાભાસ જેવી લાગે છે. તેથી તેવા અજ્ઞાનીઓ જ્ઞાનીને ઉભયાભાસી માની લેવાની ભૂલ કરી બેસે છે. બીજું, જો કોઈ અજ્ઞાની આત્મસન્મુખતા પ્રાપ્ત કરીને વિચારે છે કે વાંચે છે કે સાંભળે છે કે 'જે આ જાણનારો છે (જ્ઞાયક છે) તે જ હું છું' અથવા 'જેમ મહેલના ઝરૂખામાંથી નિહાળવાવાળો દ્રષ્ય નિહાળે છે નહીં કે ઝરૂખો. તેમ આંખ નથી જોતી પરંતુ તેની પાછળ રહેલો જે જ્ઞાયક છે તે નિહાળે

છે.' તો તેને તુરંત જ અનુભૂતિ થાય છે. જે જીવોને આવા સટીક સૂત્રથી પણ અનુભૂતિ થતી નથી તો તેઓએ એમ સમજવું કે તેમનામાં વૈરાગ્યાદિ યોગ્યતાઓની કમી છે. તેથી તેવા જીવોએ અમારા પુસ્તક 'સમ્યગ્દર્શનની રીત'ના ચોવીસમા પ્રકરણમાં વર્ણવેલ 'સમ્યગ્દર્શન માટેની યોગ્યતા'નો પ્રયોગપૂર્વક અભ્યાસ કરવો આવશ્યક છે. પરંતુ જો તેવા જીવો યોગ્યતાઓ વગર જ નિશ્ચયનયની માન્યતા કરી લેશે તો તેઓ નિયમથી નિશ્ચયાભાસી જ બનશે. આ જ આ શાસ્ત્રનું ખોટું અર્થઘટન પણ છે.

(નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે.

જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ—તપ્તપણારૂપ—અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે. (14)

અહીંયા એ સમજવું જરૂરી છે કે- અજ્ઞાનીને વિશેષનો જ અનુભવ હોવાથી તેને માટે પોતાની રાગ-દ્વેષમયતાનો અનુભવ સહજ જ છે-ભૂતાર્થ છે-સત્યાર્થ (વિદ્યમાન) છે. એમ હોવા છતાં જ્યારે નિશ્ચયાભાસી ઉપદેશકો તેને નિશ્ચયનયનો ઉપદેશ આપે છે અને કહે છે કે- 'તમે સાક્ષી બનીને રાગ-દ્વેષને જોતા રહો અથવા કહે છે કે- સ્વરૂપથી તો તમે શુદ્ધાત્મા છો, તમે પરમપુરૂષ છો, તમે અબદ્ધાસ્પૃષ્ટ છો, ઇત્યાદિ' ત્યારે તે અજ્ઞાની નયાભાસને કારણે અને પોતાને માત્ર પર્યાયનો જ અનુભવ હોવાના કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધાત્માત્યાદિ માનવા લાગી જાય છે. તે જ અહીંયા સમજાવ્યું છે કે શુદ્ધાત્માના અનુભવવગર કોઈ પણ જીવ શુદ્ધનયનો અનુભવ કરી શકતો નથી. તેથી એ સમજવાનું છે કે શુદ્ધનય એ અનુભવનો વિષય છે. માત્ર શબ્દોનો વિષય નથી.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતાં નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો. આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં (14)

જો કોઈ અજ્ઞાની જીવ વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગરજ પોતાને નિશ્ચયનય અનુસાર વર્તમાનમાં પણ સ્વરૂપથી શુદ્ધ માની લે છે ત્યારે તે જીવ અજ્ઞાનને કારણે નયાભાસ હોવાથી પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનીને સ્વચ્છંદી અને નિશ્ચયાભાસી બની જાય છે. કારણ કે અજ્ઞાનીને નિયમથી પર્યાયનો જ અનુભવ હોવાથી તે પર્યાયદૃષ્ટિ જ હોય છે. તે ભલેને વાતો કરે દ્રવ્યની પરંતુ તે પોતાની પર્યાયને જ દ્રવ્યરૂપે અનુભવતો હોય છે. તેથી જ તેને નયાભાસ થાય છે અને તેનાથી તે નિશ્ચયાભાસી બને છે.

ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું. (14)

અહીંયા એમ જણાવ્યું છે કે- "પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતા નથી.." અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે શુદ્ધાત્માનો અનુભવ કરતા (અભિપ્રાયમાં) પરભાવરૂપ પરિણમન અટકે છે. નિશ્ચયાભાસી ઉપદેશકોના ઉપદેશાનુસાર પોતાને

શુદ્ધાત્મા, પરમપુરૂષ, અબદ્ધાસ્પૃષ્ટ, અબંધસ્વરૂપ, સાક્ષી, ઇત્યાદિ માની લેવાથી પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમન રોકાવાનું નથી. આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર શુદ્ધાત્માની અનુભૂતિ થઇ જવાની નથી. બીજું, નિશ્ચયનયના એકાંત આગ્રહી લોકોને એ પણ સમજાવ્યું છે કે સ્વાત્માનુભૂતિ પછી જ્ઞાનીને શુદ્ધનયનું પણ આલંબન રહેતું નથી. માટે જ્ઞાની અભિપ્રાયમાં નયાતિત જ હોય છે. પરંતુ જ્ઞાનીને આવી રીતે કોઈ પણ નયનો આગ્રહ ન હોવાથી અનેક નિશ્ચયાભાસી જીવો જ્ઞાનીને ઉભયાભાસી સમજી લે છે. ત્રીજું, અહીંયા એમ જણાવ્યું છે કે- "આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ (ઉપચારરૂપ) જ છે. એમ માનવાથી વેદાંતમતવાળાઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાંતીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. (આ જ સ્થિતિ છે વર્તમાન નિશ્ચયાભાસી લોકોની) માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો. આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતા ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે, પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે-એમ જાણવું" આ વાત નિશ્ચયાભાસી લોકોએ તથા નિશ્ચયાભાસી ઉપદેશકોએ ખાસ સમજવાની જરૂર છે. અને આ વાત સમજીને પોતાને અને લોકોને ગેરમાર્ગે દોરતા લોકોએ અટકવાનું છે. અન્યથા અહીંયા તેઓને બહુ જ સ્પષ્ટ રીતે જીનમતબાહ્ય જણાવેલ છે. તેની નોંધ લેવી.

અહીં, આ શુદ્ધનયને મુખ્ય કરી કલશરૂપ કાવ્ય કહે છે:—

શ્લોકાર્થ :—[जगत् तम् एव सम्यक्स्वभावम् अनुभवतु] જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે [यत्र] જ્યાં [अमी बद्धस्पृष्टभावादयः] આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો [एत्य स्फुटम् उपरि तरन्तः अपि] સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ [प्रतिष्ठाम् न हि विदधति] (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. [समन्तात् द्योतमानं] આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. [अपगतमोहीभूय] એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી. (11)

ભાવાર્થ :—શુદ્ધનયના વિષયરૂપ આત્માનો અનુભવ કરો એમ ઉપદેશ છે. ૧૧.

હવે, એ જ અર્થનું કલશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છેઃ—

શ્લોકાર્થઃ—[यदि] જો [कः अपि सुधीः] કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દૃષ્ટિ) [भूतं भान्तम् अभूतम् एव बन्धं] ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી [रभसात्] તત્કાળ-શીઘ્ર [निर्भिद्य] ભિન્ન કરીને તથા [मोहं] તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ(અજ્ઞાન)ને [हठात्] પોતાના બળથી (પુરુષાર્થથી) [व्याहत्य] રોકીને અથવા નાશ કરીને [अन्तः] અંતરંગમાં [किल अहो कलयति] અભ્યાસ કરે—દેખે તો [अयम् आत्मा] આ આત્મા [आत्म-अनुभव-एक-गम्य-महिमा] પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો [व्यक्तः] વ્યક્ત (અનુભવગોચર), [ध्रुवं] નિશ્ચલ, [शाश्वतः] શાશ્વત, [नित्यं कर्म-कलङ्क-पङ्क-विकलः] નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત—[स्वयं देवः] એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ [आस्ते] વિરાજમાન છે. (12)

ભાવાર્થઃ—શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી—પર્યાયબુદ્ધિ બહિરાત્મા—તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૧૨.

અહીંયા પણ મોહરહિત થઇને અનુભવ કરવા કહે છે. પ્રથમ તે મોહને મંદ કરવાની સાધના કરવાની છે. તે સાધના પોતાને મોહરહિત માની લેવાથી નહીં થાય કે નહીં પોતાને શુદ્ધાત્મા માની લેવાથી થશે. તેના માટે બાર ભાવના, ચાર ભાવના, ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!), પોતાના પરિણામની ચકાસણી, ઇત્યાદિ પુરુષાર્થ જરૂરી છે.

હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છેઃ—

શ્લોકાર્થઃ—[इति] એ રીતે [या शुद्धनयात्मिका आत्म-अनुभूतिः] જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે [इयम् एव किल ज्ञान-अनुभूतिः] તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે [इति बुद्ध्वा] એમ જાણીને તથા [आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य] આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને, [नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति] 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું. (13)

ભાવાર્થઃ—પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે. ૧૩.

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ છે કે "શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે." તેથી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે શુદ્ધનયનો વિષય છે તે શબ્દોમાં ગ્રહણ કરવા નથી, પરંતુ અનુભવ કરવા માટે જ છે.

ગાથાર્થ :—[यः] જે પુરુષ [आत्मानम्] આત્માને [अबद्धस्पृष्टम्] અબદ્ધસ્પૃષ્ટ, [अनन्यम्] અનન્ય, [अविशेषम्] અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) [पश्यति] દેખે છે તે [सर्वम् जिनशासनं] સર્વ જિનશાસનને [पश्यति] દેખે છે,—કે જે જિનશાસન [[1]अपदेशसान्तमध्यं] બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. (15)

ટીકા :—જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :

જેમ—અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે. એવી રીતે—અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે. (15)

ભાવાર્થ :—અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ—ઇંદ્રિયજ્ઞાનના વિષયોમાં જ—લુબ્ધ થઈ રહ્યા છે; તેઓ ઇંદ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા. અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ

જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,—જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી. (15)

અહીંયા જણાવે છે કે જ્ઞાની સામાન્યનો અનુભવ કરે છે જ્યારે અજ્ઞાની વિશેષનો અનુભવ કરે છે.

શ્લોકાર્થ :—[एषः ज्ञानघनः आत्मा] આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, [सिद्धिम् अभीप्सुभिः] સ્વરૂપની પ્રાપ્તિના ઇચ્છક પુરુષોએ [साध्यसाधकभावेन] સાધ્યસાધકભાવના ભેદથી [द्विधा] બે પ્રકારે, [एकः] એક જ [नित्यम् समुपास्यताम्] નિત્ય સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો.(15)

ભાવાર્થ :—દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણે આત્માના જ પર્યાયો છે, કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો. ગાથા (16)

એક માત્ર આત્માનું જ સેવન કરવું તેને નિશ્ચય કહ્યો. તેનું સેવન શબ્દોરૂપે નહીં અનુભવથી કરવું જ શ્રેષ્ઠ છે કારણ કે અનુભવવગરનું સેવન જીવને નિશ્ચયાભાસી બનાવે છે.

શ્લોકાર્થ :—[एकः अपि] આત્મા એક છે તોપણ [व्यवहारेण] વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો [त्रिस्वभावत्वात्] ત્રણ-સ્વભાવપણાને લીધે [मेचकः] અનેકાકારરૂપ ('મેચક') છે, [दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः] કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણ ભાવે પરિણમે છે. (17)

વ્યવહારી લોકો પર્યાયમાં–ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે. ૧૯.

અહીંયા બહુ જ સ્પષ્ટ જણાવ્યું છે કે ભેદ તે વ્યવહાર છે અને અભેદ તે નિશ્ચય છે. કારણ કે અનુભવ અભેદનો જ હોય છે કે જે ભેદમાં જ રમવાવાળાઓને-આદરવાળાઓને નથી થતો.

પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી. આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે. (17-18) ગાથા

અહીંયા જણાવ્યું છે કે-"..મૂઢ જે અજ્ઞાની તેને ...આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...આત્માને સાધતું નથી." એ કથનથી એ વાત સિદ્ધ થાય છે કે અજ્ઞાનીને આત્માની અનુભૂતિ ન હોવાથી તેનું આત્મસ્વરૂપનું શ્રદ્ધાન પણ ગધેડાનાં શિંગડાના શ્રદ્ધાન સમાન જ હોય છે. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકોને નિશ્ચયના ઉપદેશનો જ આગ્રહ હોય છે-સ્વરૂપના ઉપદેશનો જ આગ્રહ હોય છે કારણ કે તેઓને આ વાતની જાણ નથી તેમજ આ વાતનું શ્રદ્ધાન પણ નથી. તેમને કોઈ જ્ઞાની આમ કરતા રોકે તો તે નિશ્ચયાભાસી ઉપદેશકો કે જે પોતાને તો જ્ઞાની જ સમજતા હોય છે તેમને તે જ્ઞાની ઉભયાભાસી લાગે છે. કારણ કે તેઓ અજ્ઞાની હોવાથી આ વાતથી જ અજાણ છે. બીજું, અનેક લોકો શુદ્ધાત્માનું ધ્યાન કરાવતા હોય છે અને તેને જ સમ્યક્ધ્યાન કહેતા હોય છે. તેઓ પણ એ વાતથી અજાણ જ હોય છે કે નહીં જાણેલાનું-નહીં અનુભવેલાનું ધ્યાન ગધેડાનાં શિંગડાના ધ્યાન સમાન હોવાથી તે ધ્યાન મિથ્યાધ્યાન જ છે. આર્તધ્યાન જ છે.

શ્લોકાર્થ :—આચાર્ય કહે છે કે: [अनन्तचैतन्यचिह्नं] અનંત (અવિનશ્વર) ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી [इदम् आत्मज्योतिः] આ આત્મજ્યોતિને [सततम् अनुभवामः] અમે નિરંતર અનુભવીએ છીએ [यस्मात्] કારણ કે [अन्यथा साध्यसिद्धिः न खलु न खलु] તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી. કેવી છે આત્મજ્યોતિ? [कथम् अपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्] જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી અને [अच्छम् उद्गच्छत्] જે નિર્મળપણે ઉદય પામી રહી છે. (20)

ભાવાર્થ :—આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જે એકપણાથી રહિત નથી થઈ તથા જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે એવી આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરીએ છીએ. આમ કહેવાથી એવો આશય પણ જાણવો કે જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે. ૨૦.

ટીકા :—હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે? તેનું સમાધાન : તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી; કારણ કે સ્વયંબુદ્ધત્વ (પોતે પોતાની મેળે જાણવું તે) અથવા બોધિતબુદ્ધત્વ (બીજાના જણાવવાથી જાણવું તે)—એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. (કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે—જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા તો કોઈ જગાડે ત્યારે જાગે.) અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમ કે

તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે? તેનો ઉત્તર: એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.

વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે:— (17-18)

| |
|---|
| અહીંયા સમ્યગ્દૃષ્ટિની સ્વાત્માનુભૂતિનું વર્ણન છે. જે આ શાસ્ત્રનો ઉદ્દેશ પણ એ છે કે અજ્ઞાનીને જ્ઞાનીની અનુભૂતિ જણાવવી. જ્યારે જ્ઞાની પોતાની અનુભૂતિ ચકાસીને તેને પ્રમાણ કરી શકે છે. અને અજ્ઞાનીને તેનું સાધ્ય નક્કી કરાવે છે. અનેક લોકો આ વાત ન સમજવાને કારણે આ શાસ્ત્રને શસ્ત્રરૂપ બનાવે છે. |

ગાથાર્થ:—[यावत्] જ્યાં સુધી આ આત્માને [कर्मणि] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ [च] અને [नोकर्मणि] શરીર આદિ નોકર્મમાં [अहं] 'આ હું છું' [च] અને [अहकं कर्म नोकर्म इति] હુંમાં (-આત્મામાં) 'આ કર્મ-નોકર્મ છે'—[एषा खलु बुद्धिः] એવી બુદ્ધિ છે, [तावत्] ત્યાં સુધી [अप्रतिबुद्धः] આ આત્મા અપ્રતિબુદ્ધ [भवति] છે. (19)

તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.

ત્યાં એમ જણાય છે કે "જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે"; તે પ્રમાણે "કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય; એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે"—એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. (19)

શ્લોકાર્થ:—[ये] જે પુરુષો [स्वतः वा अन्यतः वा] પોતાથી જ અથવા પરના ઉપદેશથી [कथम् अपि हि] કોઈ પણ પ્રકારે [भेदविज्ञानमूलाम्] ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી [अचलितम्] અવિચળ (નિશ્ચળ) [अनुभूतिम्] પોતાના આત્માની અનુભૂતિને [लभन्ते] પામે છે, [ते एव] તે જ પુરુષો [मुकुरवत्] દર્પણની જેમ [प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः] પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી [सन्ततं] નિરંતર [अविकाराः] વિકારરહિત [स्युः] હોય છે,—જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. ૨૧.

| |
|---|
| અહીંયા જણાવે છે કે જે જીવ ભેદવિજ્ઞાનથી આત્માની અનુભૂતિ પામે છે તે જ્ઞાની છે. તેઓ માત્ર સામાન્યનો જ અનુભવ કરે છે અને તેથી જ તેઓનું એકત્વ વિકારરહિત ભાવમાં જ હોય છે. તેથી તેઓ અભિપ્રાયમાં રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. અહીંયા જો કોઈ નિશ્ચયાભાસી જીવ એમ સમજે કે અમારામાં રાગાદિ નથી, તો તેઓને નક્કી અનંત સંસારી જાણવા. |

શ્લોકાર્થ :—[जगत्] જગત અર્થાત્ જગતના જીવો [आजन्मलीढं मोहम्] અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને [इदानीं त्यजतु] હવે તો છોડો અને [रसिकानां रोचनं] રસિક જનોને રુચિકર, [उद्यत् ज्ञानम्] ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને [रसयतु] આસ્વાદો; કારણ કે [इह] આ લોકમાં [आत्मा] આત્મા છે તે [किल] ખરેખર [कथम् अपि] કોઈ પ્રકારે [अनात्मना साकम्] અનાત્મા (પરદ્રવ્ય) સાથે [क्व अपि काले] કોઈ કાળે પણ [तादात्म्यवृत्तिम् कलयति न] તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમ કે [एकः] આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી. (22)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને ઉપદેશ આપે છે કે "અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો..." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'તમે તો મુક્ત જ છો, મુક્ત થવાનું નથી. તમે મુક્ત જ છો, એ નિર્ણય કરવાનો છે.' બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે.

ભાવાર્થ :—આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતનદ્રવ્ય—એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે; માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે; વૃથા માન્યતાથી બસ થાઓ. (23-24-25) ગાથા

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને જ્ઞાની બની જવાનો ઉપદેશ આપે છે કે "જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે...; માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને અભિપ્રાયમાં એકપણે માનવું છોડી દે; વૃથા માન્યતાથી બસ થાઓ." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'તમે તો મુક્ત જ છો, મુક્ત થવાનું નથી. તમે મુક્ત જ છો, એ નિર્ણય કરવાનો છે.' બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે. જ્ઞાની સમજે છે કે અજ્ઞાની જ્યાં ઉભો છે ત્યાંથી તેને જ્ઞાનમાં લઇ આવવાનો છે તેથી તેવો ઉપદેશ આપે છે. જ્યારે નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનતાવશ તેને સીધો શુદ્ધનયનો જ ઉપદેશ આપે છે. કે જે નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતાનું જ દ્યોતક છે. તેમની અજ્ઞાન દશાની જ સાબિતી છે.

શ્લોકાર્થ :—[अयि] 'अयि' એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે. આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું [कथम् अपि] કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા [मृत्वा] મરીને પણ [तत्त्वकौतूहली सन्] તત્ત્વોનો કૌતૂહલી થઈ [मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव] આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ [अनुभव] આત્માનો અનુભવ કર [अथ येन] કે જેથી [स्वं विलसन्तं] પોતાના આત્માને વિલાસરૂપ, [पृथक्] સર્વ પરદ્રવ્યોથી જુદો

[समालोक्य] દેખી [मूर्त्या साकम्] આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે [एकत्वमोहम्] એકપણાના મોહને [झगिति त्यजसि] તું તુરત જ છોડશે. (23)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને ઉપદેશ આપે છે કે "હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઇ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત પાડોશી થઇ આત્માનો અનુભવ કર.." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'તમે તો મુક્ત જ છો, મુક્ત થવાનું નથી. તમે મુક્ત જ છો, એ નિર્ણય કરવાનો છે.' બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે. અજ્ઞાની જ્યારે કહે છે કે શુદ્ધનિશ્ચયનયથી તો હું અત્યારે પણ શુદ્ધ જ છું ને? ત્યારે તે નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનવા લાગે છે. કારણ કે અજ્ઞાનીને નિયમથી પર્યાયનો જ અનુભવ હોય છે. તે પોતાને જે માને છે તે નયાભાસના કારણે વર્તમાન પર્યાયમાં જ માની લે છે.

ગાથાર્થ :—[यः] જે [इन्द्रियाणि] ઇંદ્રિયોને [जित्वा] જીતીને [ज्ञानस्वभावाधिकं] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [आत्मानम्] આત્માને [जानाति] જાણે છે [तं] તેને, [ये निश्चिताः साधवः] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ते] તેઓ, [खलु] ખરેખર [जितेन्द्रियं] જિતેંદ્રિય [भणन्ति] કહે છે. (31)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને ઉપદેશ આપે છે કે "ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માને જાણે છે.." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'તમે તો મુક્ત જ છો, મુક્ત થવાનું નથી. તમે મુક્ત જ છો, એ નિર્ણય કરવાનો છે.' બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે.

ગાથાર્થ :—[यः तु] જે મુનિ [मोहं] મોહને [जित्वा] જીતીને [आत्मानम्] પોતાના આત્માને [ज्ञानस्वभावाधिकं] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક [जानाति] જાણે છે [तं साधुं] તે મુનિને [परमार्थविज्ञायकाः] પરમાર્થના જાણનારાઓ [जितमोहं] જિતમોહ [ब्रुवन्ति] કહે છે. (32)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને ઉપદેશ આપે છે કે "મોહને જીતીને પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક જાણે છે.." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'તમે તો મુક્ત જ છો, મુક્ત થવાનું નથી. તમે મુક્ત જ છો, એ નિર્ણય કરવાનો છે.' બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે. અર્થાત્ આત્મપ્રાપ્તિ માટે દર્શનમોહને જીતવાની સાધના વગર માત્ર માની લેવાથી કામ નહીં થાય.

આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.

આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન—એ પાંચનાં સૂત્રો ઇંદ્રિયસૂત્ર દ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં. (32)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને ઉપદેશ આપે છે કે "રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ... જીતીને પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક જાણે છે..." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'તમે તો મુક્ત જ છો, મુક્ત થવાનું નથી. તમે મુક્ત જ છો, એ નિર્ણય કરવાનો છે.' બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે. તેથી સમજાય છે કે આત્મપ્રાપ્તિ માટે દર્શનમોહને જીતવાની સાધના આવશ્યક છે.

ગાથાર્થ :—[जितमोहस्य तु साधोः] જેણે મોહને જીત્યો છે એવા સાધુને [यदा] જ્યારે [क्षीणः मोहः] મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ [भवेत्] થાય [तदा] ત્યારે [निश्चयविद्भिः] નિશ્ચયના જાણનારા [खलु] નિશ્ચયથી [सः] તે સાધુને [क्षीणमोहः] 'ક્ષીણમોહ' એવા નામથી [भण्यते] કહે છે. (33)

ટીકા :—આ નિશ્ચયસ્તુતિમાં, પૂર્વોક્ત વિધાનથી આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી, જેવો (પૂર્વે) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો, તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય—એમ ભાવકરૂપ (33)

આગળ શ્લોક ૨૮માં કહે છે "જ્યારે જ્ઞાની સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે" અર્થાત્ સ્વરસ પેદા થયા વગર કામ નહીં થાય. પરંતુ અજ્ઞાનીને પરરસ સુકાતો જ નથી તેથી તેને પહેલાં પરરસ સુકવવાની સાધના કરવી જોઈએ. તેના માટે પોતાની મૂર્છા તપાસવી આવશ્યક છે.

મોહ ક્ષીણ થાય, ત્યારે (ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે. આ ત્રીજી નિશ્ચયસ્તુતિ છે.

અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન—એ પદો મૂકી

સોળ સૂત્રો (ભણવાં અને) વ્યાખ્યાન કરવાં અને આ પ્રકારના ઉપદેશથી બીજાં પણ વિચારવાં. (33)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનીને ઉપદેશ આપે છે કે "રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ... જીતીને પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક જાણે છે..." નિશ્ચયાભાસી ઉપદેશકોની જેમ એવો ઉપદેશ નથી કે 'જીવમાત્રમાં પરમતત્ત્વનું જ દર્શન કરવું જોઈએ' જે અજ્ઞાનીને પોતાના આત્માનો અનુભવ નથી તે બીજાઓને પણ આત્મા તરીકે જોઈ નહીં શકે. એ વાત સર્વવિદિત જ છે. તેથી આવો ઉપદેશ અજ્ઞાનીને આપી શકાતો નથી. તેને પહેલા સ્વાત્માનુભૂતિ કરાવવી જરૂરી છે. તેના માટે વૈરાગ્યાદિ યોગ્યતાઓનો ઉપદેશ આપવો જરૂરી છે. બન્ને ઉપદેશોની સરખામણી કરવાથી નિશ્ચયાભાસી ઉપદેશકોની અજ્ઞાનતા સહજ જ ઉઘાડી પડી જાય છે. જે કરુણાજનક વાત છે.

ભાવાર્થ :—નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય? થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે. અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી. ૨૮.

ગાથાર્થ :—[यथा नाम] જેમ લોકમાં [कः अपि पुरुषः] કોઈ પુરુષ [परद्रव्यम् इदम् इति ज्ञात्वा] પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને [त्यजति] પરવસ્તુને ત્યાગે છે, [तथा] તેવી રીતે [ज्ञानी] જ્ઞાની [सर्वान्] સર્વ [परभावान्] પરદ્રવ્યોના ભાવોને [ज्ञात्वा] 'આ પરભાવ છે' એમ જાણીને [विमुञ्चति] તેમને છોડે છે. (35)

અહીં જણાવે છે કે જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન હોવાથી તે સહજતાથી કાળક્રમે ચારિત્રના બળે પરને છોડી શકે છે. જેમ આત્માનુભૂતિ વધે તેમ તે બળ વધતું જાય છે.

ભાવાર્થ :—જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે; અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે? અર્થાત્ ન રહે એ પ્રસિદ્ધ છે. (35)

શ્લોકાર્થ :—[इह] આ લોકમાં [अहं] હું [स्वयं] પોતાથી જ [एकं स्वं] પોતાના એક આત્મસ્વરૂપને [चेतये] અનુભવું છું [सर्वतः स्व-रस-निर्भर-भावं] કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે; માટે [मोहः] આ મોહ [मम] મારો [कश्चन नास्ति नास्ति] કાંઈ પણ લાગતોવળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી. [शुद्ध-चिद्-घन-महः-निधिः अस्मि] હું તો

શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું. (ભાવકભાવના ભેદ વડે આવું અનુભવન કરે.) ૩૦.

| |
|---|
| આ વાત જ્ઞાની પોતાના શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક કહે છે. તે જ વાત જો અજ્ઞાની કરે તો તે નિશ્ચયાભાસીપણું પામે છે. |

ઉપયુક્ત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે—હું પ્રગટ નિશ્ચયથી એક જ છું માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; (37) ગાથા

| |
|---|
| આ વાત જ્ઞાની પોતાના શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક કહે છે. તે જ વાત જો અજ્ઞાની કરે તો તે નિશ્ચયાભાસીપણું પામે છે. |

ભાવાર્થ :—સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો, અન્ય ઠેકાણું ન રહ્યું. આ રીતે દર્શનજ્ઞાનચારિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે એમ જાણવું. ૩૧.

| |
|---|
| આ વાત જ્ઞાની પોતાના શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક કહે છે. તે જ વાત જો અજ્ઞાની કરે તો તે નિશ્ચયાભાસીપણું પામે છે. |

ગાથાર્થ :—દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે: [खलु] નિશ્ચયથી [अहम्] હું [एकः] એક છું, [शुद्धः] શુદ્ધ છું, [दर्शनज्ञानमयः] દર્શનજ્ઞાનમય છું, [सदा अरूपी] સદા અરૂપી છું; [किञ्चित् अपि अन्यत्] કાંઈ પણ અન્ય પરદ્રવ્ય [परमाणुमात्रम् अपि] પરમાણુમાત્ર પણ [मम न अपि अस्ति] મારું નથી એ નિશ્ચય છે. (38)

ટીકા :—જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી) સમજી, સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને (–તેમાં તન્મય થઈને) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કે: હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે; ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું; નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું

માટે હું શુદ્ધ છું; ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને—ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. (38)

ભાવાર્થ :—આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો, ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી; હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય. (38)

આ વાત જ્ઞાની પોતાના શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક કહે છે. તે જ વાત જો અજ્ઞાની કરે તો તે નિશ્ચયાભાસીપણું પામે છે. અજ્ઞાનીએ તે પામવાનું છે, તે લક્ષરૂપે છે.

હવે, એવો આત્માનો અનુભવ થયો તેનો મહિમા કહી પ્રેરણારૂપ કાવ્ય આચાર્ય કહે છે કે આવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમસ્ત લોક નિમગ્ન થાઓ :—

શ્લોકાર્થ :—[एषः भगवान् अवबोधसिन्धुः] આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા [विभ्रम-तिरस्करिणीं भरेण आप्लाव्य] વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને (દૂર કરીને) [प्रोन्मग्नः] પોતે સર્વાંગ પ્રગટ થયો છે; [अमी समस्ताः लोकाः] તેથી હવે આ સમસ્ત લોક [शान्तरसे] તેના શાંત રસમાં [समम् एव] એકીસાથે જ [निर्भरम्] અત્યન્ત [मज्जन्तु] મગ્ન થાઓ. કેવો છે શાંત રસ? [आलोकम् उच्छलति] સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે. (32)

ભાવાર્થ :—જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય; પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે 'આ જળમાં સર્વ લોક સ્નાન કરો'; તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું; હવે વિભ્રમ દૂર થયો ત્યારે યથાસ્વરૂપ (જેવું છે તેવું સ્વરૂપ) પ્રગટ થયું; (32)

આ શાસ્ત્ર જ્ઞાની કેવા શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે બતાવવા માટે જ છે. તે જ વાત અહીંયા પુષ્ટ થાય છે. અજ્ઞાનીએ તે પામવાનું છે, તે લક્ષરૂપે છે. અહીંયા જણાવ્યું છે કે જ્ઞાની વિભાવરૂપી ચાદરને શુદ્ધાત્મામાં સમૂળગી ડુબાડી દે છે અર્થાત્ જ્યારે શુદ્ધાત્માનો અનુભવ કરે છે ત્યારે તેને વિભાવ જણાતો જ નથી. ત્યારે જે આનંદ પ્રગટે છે તે અપૂર્વ હોય છે, તેથી કહ્યું કે સમસ્ત લોક પર્યંત ઊછળે છે.

## –૧–

# જીવ–અજીવ અધિકાર

શ્લોકાર્થ :—[ज्ञानं] જ્ઞાન છે તે [मनो ह्लादयत्] મનને આનંદરૂપ કરતું [विलसति] પ્રગટ થાય છે. કેવું છે તે? [पार्षदान्] જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને [जीव-अजीव-विवेक-पुष्कल-दृशा] જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જવળ નિર્દોષ દ્રષ્ટિ વડે [प्रत्याययत्] ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે; [आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात्] અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે એવાં જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી [विशुद्धं] વિશુદ્ધ થયું છે, [स्फुटत्] સ્ફુટ થયું છે–જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે. વળી તે કેવું છે? [आत्म-आरामम्] જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે; [अनन्तधाम] જેનો પ્રકાશ અનંત છે; [अध्यक्षेण महसा नित्य-उदितं] પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે. વળી કેવું છે? [धीरोदात्तम्] ધીર છે, ઉદાત્ત (ઉચ્ચ) છે અને તેથી [अनाकुलं] અનાકુળ છે—સર્વ ઇચ્છાઓથી રહિત નિરાકુળ છે. (અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ—એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.) એવું જ્ઞાન વિલાસ કરે છે. (33)

ભાવાર્થ :—આ જ્ઞાનનો મહિમા કહ્યો. જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે. જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી. ૩૩.

આ વાત જ્ઞાનીની અનુભૂતિપૂર્વકની છે. તે જ સ્વાંગને ઓળખી શકે છે. આ જ વાત જો અજ્ઞાની કરે તો તે નિશ્ચયાભાસીપણું પામે છે. અહીંયા સ્પષ્ટ લખ્યું છે કે મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી. પરંતુ જો કોઈ અજ્ઞાનીઓ આ વાતને માત્ર શબ્દોમાં ગ્રહણ કરીને તેમ માનવા લાગે છે તો તે તેમને તેમના અનંત સંસારનું કારણ બનવા સક્ષમ છે.

ગાથાર્થ :—[एते] આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ [सर्वे भावाः] ભાવો છે તે બધાય [पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः] પુદ્ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ [केवलिजिनैः] કેવળી સર્વજ્ઞ જિનદેવોએ [भणिताः] કહ્યું છે [ते] તેમને [जीवः इति] જીવ એમ [कथं उच्यन्ते] કેમ કહી શકાય? (44)

ટીકા :—આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં

આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) કહેવામાં આવ્યું છે; માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમ કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે. તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુક્તિ છેઃ—સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા(કાળપ)થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે. ૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે તે પણ જીવ નથી કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૨. તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૩. નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૪. સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૫. શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી કારણ કે સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૬. શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૭. અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ઠના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ તેની જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૮. (આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુક્તિ જાણવી.) (44)

[ભાવાર્થ :—ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે; તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.]

આ વાત જ્ઞાની પોતાના શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક કહે છે. તેથી જ કહ્યું છે કે- "...ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે." તે જ વાત જો અજ્ઞાની કરે તો

તે નિશ્ચયાભાસીપણું પામે છે. અનુભવે તો તે તમામ પરભાવોથી તથા પોતાના પરાશ્રિત ભાવોથી ત્રિકાળ ભિન્ન છે અને તેથી જ તેને ત્રિકાળી શુદ્ધાત્મા કહેવાય છે, દ્રવ્યાત્મા કહેવાય છે.

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम् ।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किञ्चोपलब्धिः ॥३४॥

શ્લોકાર્થ :—હે ભવ્ય! તને [अपरेण] બીજો [अकार्य-कोलाहलेन] નકામો કોલાહલ કરવાથી [किम्] શો લાભ છે? [विरम] એ કોલાહલથી તું વિરક્ત થા અને [एकम्] એક ચૈતન્યમાત્ર વસ્તુને [स्वयम् अपि] પોતે [निभृतः सन्] નિશ્ચળ લીન થઈ [पश्य षण्मासम्] દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી [हृदय-सरसि] પોતાના હૃદયસરોવરમાં [पुद्गलात् भिन्नधाम्नः] જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા [पुंसः] આત્માની [ननु किम् अनुपलब्धिः भाति] પ્રાપ્તિ નથી થતી [किं च उपलब्धिः] કે થાય છે. (34)

અનેક અજ્ઞાનીઓ આ ગાથાનો હવાલો આપીને છ મહીનાની ગેરંટી આપે છે. જ્ઞાની કોઈ ગેરંટી ન આપે. અહીંયા આચાર્ય ભગવાને પણ ગેરંટી નથી આપી પણ સ્પષ્ટ કહ્યું છે કે 'આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે.' તેથી સમજાય છે કે જેને વૈરાગ્યાદિ યોગ્યતાઓ હશે તેને જ થશે.

ગાથાર્થ :—[एते सर्वे] આ સર્વ [अध्यवसानादयः भावाः] અધ્યવસાનાદિ ભાવો છે તે [जीवाः] જીવ છે એવો [जिनवरैः] જિનવરોએ [उपदेशः वर्णितः] જે ઉપદેશ વર્ણવ્યો છે તે [व्यवहारस्य दर्शनम्] વ્યવહારનય દર્શાવ્યો છે. (46)

ટીકા :—આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ, વ્યવહારનયને પણ દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે (વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે. પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે (-પરમાર્થનયે) શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે; વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો'—એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે અને તેથી મોક્ષનો જ અભાવ થશે. (આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે.) (46)

ભાવાર્થ :—પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે. જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્‌ગલમય ઠરે અને તો પછી પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી. આમ, પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે. પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે. (46)

**અહીંયા વ્યવહારનયનું પ્રયોજન બતાવ્યું છે કારણ કે અનેક નિશ્ચયાભાસી જીવો તો વ્યવહાર કોઈ કામનો જ નથી-એમ માને છે. સમજવાની વાત એ છે કે કોઈ એકાંત કામ નહીં આવે. જેમ વ્યવહારના એકાંતથી જીવ વ્યવહારાભાસી બને છે તેમ નિશ્ચયના એકાંતથી જીવ નિશ્ચયાભાસી બને છે.**

ગાથાર્થ :—હે ભવ્ય ! તું [जीवम्] જીવને [अरसम्] રસરહિત, [अरूपम्] રૂપરહિત, [अगन्धम्] ગંધરહિત, [अव्यक्तं] અવ્યક્ત અર્થાત્ ઈંદ્રિયોને ગોચર નથી એવો, [चेतनागुणम्] ચેતના જેનો ગુણ છે એવો, [अशब्दम्] શબ્દરહિત, [अलिङ्गग्रहणं] કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને [अनिर्दिष्टसंस्थानम्] જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો [जानीहि] જાણ. (49)

પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે, જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે, જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ) સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.

—આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે. (49) ગાથા-ટીકા

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છે :—

શ્લોકાર્થ :—[चित्-शक्ति-रिक्तं] ચિત્શક્તિથી રહિત [सकलम् अपि] અન્ય સકળ ભાવોને [अह्नाय] મૂળથી [विहाय] છોડીને [च] અને [स्फुटतरम्] પ્રગટપણે [स्वं चित्-शक्तिमात्रम्] પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું [अवगाह्य] અવગાહન કરીને, [आत्मा] ભવ્ય આત્મા [विश्वस्य उपरि] સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર [चारु चरन्तं] સુંદર રીતે પ્રવર્તતા એવા [इमम्] આ [परम्] એક કેવળ [अनन्तम्] અવિનાશી [आत्मानम्] આત્માનો [आत्मनि] આત્મામાં જ [साक्षात् कलयतु] અભ્યાસ કરો, સાક્ષાત્ અનુભવ કરો. (35)

"એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે." એટલે કે અનુભવાય છે. આ શાસ્ત્ર જ્ઞાની કેવા શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે બતાવવા માટે જ છે. તે જ વાત અહીંયા પણ પુષ્ટ થાય છે. અજ્ઞાનીને બોલવા માટે નથી, જ્ઞાનીના અનુભવથી પોતાનું લક્ષ નક્કી કરવા માટે છે.

ગાથાર્થ :—[जीवस्य] જીવને [वर्णः] વર્ણ [नास्ति] નથી, [न अपि गन्धः] ગંધ પણ નથી, [रसः अपि न] રસ પણ નથી [च] અને [स्पर्शः अपि न] સ્પર્શ પણ નથી, [रूपं अपि न] રૂપ પણ નથી, [न शरीरं] શરીર પણ નથી, [संस्थानं अपि न] સંસ્થાન પણ નથી, [संहननम् न] સંહનન પણ નથી; [जीवस्य] જીવને [रागः नास्ति] રાગ પણ નથી, [द्वेषः अपि न] દ્વેષ પણ નથી, [मोहः] મોહ પણ [न एव विद्यते] વિદ્યમાન નથી, [प्रत्ययाः नो] પ્રત્યયો (આસ્રવો) પણ નથી, [कर्म न] કર્મ પણ નથી [च] અને [नोकर्म अपि] નોકર્મ પણ [तस्य नास्ति] તેને નથી; [जीवस्य] જીવને [वर्गः नास्ति] વર્ગ નથી, [वर्गणा न] વર્ગણા નથી, [कानिचित् स्पर्धकानि न एव] કોઈ સ્પર્ધકો પણ નથી, [अध्यात्मस्थानानि नो] અધ્યાત્મસ્થાનો પણ નથી [च] અને [अनुभागस्थानानि] અનુભાગસ્થાનો પણ [न एव] નથી; [जीवस्य] જીવને [कानिचित् योगस्थानानि] કોઈ યોગસ્થાનો પણ [न सन्ति] નથી [वा] અથવા [बन्धस्थानानि न] બંધસ્થાનો પણ નથી, [च] વળી [उदयस्थानानि] ઉદયસ્થાનો પણ [न एव] નથી, [कानिचित् मार्गणास्थानानि न] કોઈ માર્ગણાસ્થાનો પણ નથી; [जीवस्य] જીવને [स्थितिबन्धस्थानानि नो] સ્થિતિબંધસ્થાનો પણ નથી [वा] અથવા [संक्लेशस्थानानि न] સંક્લેશસ્થાનો પણ નથી, [विशुद्धिस्थानानि] વિશુદ્ધિસ્થાનો પણ [न एव] નથી [वा] અથવા [संयमलब्धिस्थानानि] સંયમલબ્ધિસ્થાનો પણ [नो] નથી; [च] વળી [जीवस्य] જીવને [जीवस्थानानि] જીવસ્થાનો પણ [न एव] નથી [वा] અથવા [गुणस्थानानि] ગુણસ્થાનો પણ [न सन्ति] નથી; [येन तु] કારણ કે [एते सर्वे] આ બધા [पुद्गलद्रव्यस्य] પુદ્ગલદ્રવ્યના [परिणामाः] પરિણામ છે. (50-55)

ટીકા :—જે કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧. જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨. જે કડવો, કષાયલો, તીખો, ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૩. જે ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૪. જે સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૫. જે ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અથવા કાર્મણ શરીર છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૬. જે સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિક, કુબ્જક, વામન અથવા હુંડક સંસ્થાન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય

હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૭. જે વજર્ષભનારાચ, વજનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અથવા અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૮. જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૯. જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૦. જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૧. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૨. જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયરૂપ કર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૩. જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ (-પુદ્‌ગલસ્કંધ) રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૪. જે કર્મના રસની શક્તિઓના (અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના) સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૫. જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૬. જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ(-જમાવ)રૂપ (અર્થાત્ વર્ગણાઓના સમૂહરૂપ) સ્પર્ધકો છે તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૭. સ્વપરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે (વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૮. જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ જેમનું લક્ષણ એવાં જે અનુભાગસ્થાનો તે બધાંય જીવને (50-55)

**આ તમામ ભાવો અનુભૂતિથી ભિન્ન છે. અર્થાત્ તે ભાવો અનુભૂતિરૂપી આત્મામાં નથી. આ શાસ્ત્ર જ્ઞાનીની અનુભૂતિનું આત્મસ્વરૂપ સમજાવવા માટે હોવાથી અને અનુભૂતિમાં આ તમામ ભાવો નહીં હોવાથી, આ તમામ ભાવો આત્મામાં નથી-એમ કહ્યું છે.**

નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૯. કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૦. જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૧. પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા જેમનું લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન

છે. ૨૨. ગતિ, ઈંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર જેમનાં લક્ષણ છે એવાં જે માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૩. જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૪. કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંક્લેશસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૫. કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૬. ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૭. પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેંદ્રિય જેમનાં લક્ષણ છે એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૮. મિથ્યાદૃષ્ટિ, સાસાદન સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ—ઉપશમક તથા ક્ષપક, અનિવૃત્તિબાદરસાંપરાય—ઉપશમક તથા ક્ષપક, સૂક્ષ્મસાંપરાય—ઉપશમક તથા ક્ષપક, ઉપશાંતકષાય, ક્ષીણકષાય, સયોગકેવળી અને અયોગકેવળી જેમનાં લક્ષણ છે એવાં જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૯. (આ પ્રમાણે આ બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે; તે બધા, જીવના નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.) (50-55)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

શ્લોકાર્થ :—[वर्ण-आद्याः] જે વર્ણાદિક [वा] અથવા [राग-मोह-आदयः वा] રાગ-મોહાદિક [भावाः] ભાવો કહ્યા [सर्वे एव] તે બધાય [अस्य पुंसः] આ પુરુષથી (આત્માથી) [भिन्नाः] ભિન્ન છે [तेन एव] તેથી [अन्तःतत्त्वतः पश्यतः] અંતર્દૃષ્ટિ વડે જોનારને [अमी नो दृष्टाः स्युः] એ બધા દેખાતા નથી, [एकं परं दृष्टं स्यात्] માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે—કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે. (37)

ઉપરોક્ત સર્વ ભાવો વિશેષભાવો હોવાથી તે સામાન્યભાવરૂપ અનુભૂતિસ્વરૂપ આત્મામાં નથી. અને 'સમયસાર' શાસ્ત્રમાં વર્ણવેલ જીવ તે જ્ઞાનીની અનુભૂતિસ્વરૂપ શુદ્ધાત્મા હોવાથી, શુદ્ધનયનો વિષય હોવાથી તેમાં સર્વ વિશેષભાવોનો અભાવ જ હોય છે. અજ્ઞાનીઓ આ વાત પોતાને માટે કહી શકતા નથી, માની શકતા નથી. જો કોઈ અજ્ઞાની આવું માનતા હોય તો તે નિશ્ચયાભાસી જ છે. 'દેખાય છે' નો અર્થ છે કે અનુભવાય છે. માત્ર એક સર્વોપરી તત્ત્વ જ અનુભવાય છે – કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ અનુભવાય છે-એમ સમજવું

ગાથાર્થ :—[पथि मुष्यमाणं] જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો [दृष्ट्वा] દેખીને '[एषः पन्था] આ માર્ગ [मुष्यते] લૂંટાય છે' એમ [व्यवहारिणः] વ્યવહારી [लोकाः] લોકો [भणन्ति] કહે છે; ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો [कश्चित् पन्था] કોઈ માર્ગ તો [न च मुष्यते] નથી લૂંટાતો, માર્ગમાં ચાલનાર માણસ જ લૂંટાય છે; [तथा] તેવી રીતે [जीवे] જીવમાં [कर्मणां नोकर्मणां च] કર્મોનો અને નોકર્મોનો [वर्णम्] વર્ણ [दृष्ट्वा] દેખીને '[जीवस्य] જીવનો [एषः वर्णः] આ વર્ણ છે' એમ [जिनैः] જિનદેવોએ [व्यवहारतः] વ્યવહારથી [उक्तः] કહ્યું છે. [गन्धरसस्पर्शरूपाणि] એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, [देहः संस्थानादयः] દેહ, સંસ્થાન આદિ [ये च सर्वे] જે સર્વ છે, [व्यवहारस्य] તે સર્વ વ્યવહારથી [निश्चयद्रष्टारः] નિશ્ચયના દેખનારા [व्यपदिशन्ति] કહે છે. (58-59-60)

અહીંયા કહ્યું કે- "...ગંધ, રસ, સ્પર્શ, રૂપ, દેહ, સંસ્થાન આદિ જે સર્વ છે, તે સર્વ વ્યવહારથી નિશ્ચયના દેખનારા કહે છે." એટલે કે તેવું જ્ઞાની-સમ્યગ્દૃષ્ટિ કહે છે. તેથી કહી શકાય કે શુદ્ધનિશ્ચયનય એ અનુભૂતિનો વિષય છે. નહીં કે શબ્દોમાં બોલવાનો-માનવાનો.

ભાવાર્થ :—આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારનયથી કહ્યા છે; નિશ્ચયનયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે.

અહીં એમ જાણવું કે—પહેલાં વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો હતો ત્યાં એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે, કથંચિત્ અસત્યાર્થ જાણવો; કારણ કે જ્યારે એક દ્રવ્યને જુદું, પર્યાયોથી અભેદરૂપ, તેના અસાધારણ ગુણમાત્રને પ્રધાન કરીને કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્તનૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થતા પર્યાયો—તે સર્વ ગૌણ થઈ જાય છે, એક અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી. માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે તો તે વ્યવહારનયથી કહી શકાય છે. આવો નયવિભાગ છે.

અહીં શુદ્ધનયની દૃષ્ટિથી કથન છે તેથી એમ સિદ્ધ કર્યું છે કે આ સર્વ ભાવોને સિદ્ધાન્તમાં જીવના કહ્યા છે તે વ્યવહારથી કહ્યા છે. જો નિમિત્તનૈમિત્તિકભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય છે. જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે તો સર્વ વ્યવહારનો લોપ થાય અને સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય. માટે જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે. (58-59-60)

અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો તો વ્યવહારને માત્ર ઉપચારરૂપ (નિરર્થક-જૂઠો) માનીને માત્ર નિશ્ચયનયના ઉપદેશના જ પક્ષપાતી હોય છે. તેથી તેઓને નિશ્ચયનો એકાંત પક્ષ હોય છે. તેઓને અહીંયા જણાવેલ છે કે વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય છે. આવું એકાંત

નિશ્ચયાભાસીઓ સેવન કરતા હોવા છતાં તેઓ તે હકીકતથી જ અજાણ હોય છે. તેમાં તેમનો કોઈ દોષ નથી જોવાનો. દોષ તો તેમના મોહનો છે. તેમને મોહની એટલી તિવ્રતા વર્તતી હોય છે કે તે મોહ તેમને એ વાત સમજવા જ દેતો નથી. તેથી જ આવા જીવો ધર્મ ક્ષેત્રમાં અર્થાત્ સમ્યગ્દર્શનની સાધનામાં ક્રમબદ્ધપર્યાયને આગળ કરે છે એટલે કે તેઓ માને છે કે જ્યારે ક્રમબદ્ધમાં હશે ત્યારે આપોઆપ પુરુષાર્થ થશે અને આત્મજ્ઞાન થશે, મોક્ષ થશે. પરંતુ સંસારના સર્વ કામોમાં પૂરો પુરુષાર્થ લગાવે છે, ઘણી માથાકુટ કરે છે. તેમાં ક્રમબદ્ધપર્યાય નથી લગાવતા. આ જ અજ્ઞાનીની ઓળખાણ છે.

ટીકા :—બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત—એ દેહની સંજ્ઞાઓને (નામોને) સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે, તે, પરની પ્રસિદ્ધિને લીધે, 'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર છે—કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે (અર્થાત્ તેમાં પ્રયોજનભૂત વસ્તુ નથી). તે વાતને સ્પષ્ટ કહે છે :—

જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ (જાણીતો) હોય, તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય, તેને સમજાવવા "જે આ 'ઘીનો ઘડો' છે તે માટીમય છે, ઘીમય નથી" એમ (સમજાવનાર વડે) ઘડામાં 'ઘીના ઘડા'નો વ્યવહાર કરવામાં આવે છે, કારણ કે પેલા પુરુષને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ (જાણીતો) છે; તેવી રીતે આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને 'અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે, શુદ્ધ જીવને તે જાણતો નથી, તેને સમજાવવા (–શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા) "જે આ 'વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ' છે તે જ્ઞાનમય છે, વર્ણાદિમય નથી" એમ (સૂત્ર વિષે) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે, કારણ કે તે અજ્ઞાની લોકને 'વર્ણાદિમાન જીવ' જ પ્રસિદ્ધ છે. (67)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

શ્લોકાર્થ :—[चेत्] જો [घृतकुम्भाभिधाने अपि] 'ઘીનો ઘડો' એમ કહેતાં પણ [कुम्भः घृतमयः न] ઘડો છે તે ઘીમય નથી (–માટીમય જ છે), [वर्णादिमत्-जीव-जल्पने अपि] તો તેવી રીતે 'વર્ણાદિવાળો જીવ' એમ કહેતાં પણ [जीवः न तन्मयः] જીવ છે તે વર્ણાદિમય નથી (–જ્ઞાનઘન જ છે). (40)

અહીંયા જેમ 'ઘીનો ઘડો' અને 'વર્ણાદિવાળો જીવ' કહ્યો તેમ 'સંસારી (બાહ્ય) સુખ' કહેતા તે સુખ બહારથી આવતું સુખ નથી. સુખ તો આત્મામાંથી જ આવે છે, ભલે આલંબન બાહ્ય હોય. તે જ નક્કી કરીને સુખની ખોજ ભીતરમાં કરવાની છે. બાહ્યમાં નહીં.

માટે રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.

ભાવાર્થ :—શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે. પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે—જડ છે. વળી

આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે. ભેદજ્ઞાનીઓ પણ તેમને ચૈતન્યથી ભિન્નપણે અનુભવે છે તેથી પણ તેઓ અચેતન છે, ચેતન નથી. (68)

તે રાગાદિ ભાવો વિશેષભાવો હોવાથી તે સામાન્યભાવરૂપ-અનુભૂતિસ્વરૂપ આત્મામાં નથી. અને 'સમયસાર' શાસ્ત્રમાં વર્ણવેલ જીવ તે જ્ઞાનીની અનુભૂતિસ્વરૂપ શુદ્ધાત્મા હોવાથી, શુદ્ધનયનો વિષય હોવાથી તેમાં સર્વ વિશેષભાવોનો અભાવ જ હોય છે.

હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક જીવ નથી તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપ શ્લોક કહે છે:—

શ્લોકાર્થ :—[अनादि] જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી, [अनन्तम्] જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, [अचलं] જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ–ચળાચળ–થતું નથી, [स्वसंवेद्यम्] જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે [तु] અને [स्फुटम्] જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી—એવું જે [इदं चैतन्यम्] આ ચૈતન્ય [उच्चैः] અત્યંતપણે [चकचकायते] ચકચકાટ પ્રકાશી રહ્યું છે, [स्वयं जीवः] તે પોતે જ જીવ છે. (41)

ભાવાર્થ :—વર્ણાદિ અને રાગાદિ ભાવો જીવ નથી પણ ઉપર કહ્યો તેવો ચૈતન્યભાવ તે જ જીવ છે. ૪૧.

હવે, ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ કાવ્ય દ્વારા સમજાવે છે:—

શ્લોકાર્થ :—[यतः अजीवः अस्ति द्वेधा] અજીવ બે પ્રકારે છે—[वर्णाद्यैः सहितः] વર્ણાદિસહિત [तथा विरहितः] અને વર્ણાદિરહિત; [ततः] માટે [अमूर्तत्वम् उपास्य] અમૂર્તપણાનો આશ્રય કરીને પણ (અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ) [जीवस्य तत्त्वं] જીવના યથાર્થ સ્વરૂપને [जगत् न पश्यति] જગત દેખી શકતું નથી;—[इति आलोच्य] આમ પરીક્ષા કરીને [विवेचकैः] ભેદજ્ઞાની પુરુષોએ [न अव्यापि अतिव्यापि वा] અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત [चैतन्यम्] ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે [समुचितं] તે યોગ્ય છે. [व्यक्तं] તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે, [व्यञ्जित-जीव-तत्त्वम्] તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને [अचलं] તે અચળ છે—ચળાચળતા રહિત, સદા મોજૂદ છે. [आलम्ब्यताम्] જગત તેનું જ અવલંબન કરો! (તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે.) (42)

અહીંયા કહ્યું કે "જગત તેનું જ અવલંબન કરો!" એટલે જગતમાં રહેલા સાધકો તેનો જ અનુભવ કરો. તે જ કરવા જેવું છે. તેને માત્ર સબ્દોરૂપે અવલંબન કરવા નથી કહ્યું કે જે આપણે અનાદિથી અનેક વાર કર્યું છે છતાં તે ફળ્યું નથી.

શ્લોકાર્થ :—[इति लक्षणतः] આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે [जीवात् अजीवम् विभिन्नं] જીવથી અજીવ ભિન્ન છે [स्वयम् उल्लसन्तम्] તેને (અજીવને) તેની મેળે જ (–સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું—પરિણમતું [ज्ञानी जनः] જ્ઞાની પુરુષ [अनुभवति]

અનુભવે છે, [तत्] તોપણ [अज्ञानिनः] અજ્ઞાનીને [निरवधि-प्रविजृम्भितः अयं मोहः तु] અમર્યાદપણે ફેલાયેલો આ મોહ (અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ) [कथम् नानटीति] કેમ નાચે છે—[अहो बत] એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે! ૪૩.

અહીંયા કહ્યું છે કે- "... વિલસતું-પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે." તે વર્ણાદિક- રાગાદિક ભાવો વિશેષભાવો હોવાથી તે સામાન્યભાવરૂપ-અનુભૂતિસ્વરૂપ આત્મામાં નથી. અને 'સમયસાર' શાસ્ત્રમાં વર્ણવેલ જીવ તે જ્ઞાનીની અનુભૂતિસ્વરૂપ શુદ્ધાત્મા હોવાથી, શુદ્ધનયનો વિષય હોવાથી તેમાં સર્વ વિશેષભાવોનો અભાવ જ હોય છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે.

## —૨—
## કર્તાકર્મ અધિકાર

શ્લોકાર્થ :—'[इह] આ લોકમાં [अहम् चिद्] હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો [एकः कर्ता] એક કર્તા છું અને [अमी कोपादयः] આ ક્રોધાદિ ભાવો [मे कर्म] મારાં કર્મ છે' [इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिम्] એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને [अभितः शमयत्] બધી તરફથી શમાવતી (-મટાડતી) [ज्ञानज्योतिः] જ્ઞાનજ્યોતિ [स्फुरति] સ્ફુરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજ્યોતિ? [परम-उदात्तम्] જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી, [अत्यन्तधीरं] જે અત્યંત ધીર છે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને [निरुपधि-पृथग्द्रव्य-निर्भासि] પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી [विश्वम् साक्षात् कुर्वत्] જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે—પ્રત્યક્ષ જાણે છે. (46)

અહીંયા કહ્યું કે "જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે." એટલે કે જ્ઞાનજ્યોતિરૂપે આત્માનો અનુભવ થાય છે. અહીંયા સ્પષ્ટ જણાવે છે કે અજ્ઞાનીને કર્તા-કર્મની પ્રવૃત્તિ હોય છે. જ્યારે જ્ઞાનીને પરનું કર્તાપણું હોતું નથી. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ અકર્તાપણાનો ઉપદેશ આપે છે. તે જ તેમનું અજ્ઞાન છતું કરે છે. આગળ કહે છે કે અજ્ઞાનીને કર્મોનો બંધ થાય છે.

ગાથાર્થ :—[जीवः] જીવ [यावत्] જ્યાં સુધી [आत्मास्रवयोः द्वयोः अपि तु] આત્મા અને આસ્રવ—એ બન્નેના [विशेषान्तरं] તફાવત અને ભેદને [न वेत्ति] જાણતો નથી [तावत्] ત્યાં સુધી [सः] તે [अज्ञानी] અજ્ઞાની રહ્યો થકો [क्रोधादिषु] ક્રોધાદિક આસ્રવોમાં [वर्तते] પ્રવર્તે છે; [क्रोधादिषु] ક્રોધાદિકમાં [वर्तमानस्य तस्य] વર્તતા તેને [कर्मणः] કર્મનો [सञ्चयः] સંચય [भवति] થાય છે. [खलु] ખરેખર [एवं] આ રીતે [जीवस्य] જીવને [बन्धः] કર્મોનો બંધ [सर्वदर्शिभिः] સર્વજ્ઞદેવોએ [भणितः] કહ્યો છે. (69-70)

ટીકા :—જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવાં આત્મા અને જ્ઞાનમાં

વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ (જુદાપણું) નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે, જાણે છે—જાણવારૂપ પરિણમે છે, તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (ક્રોધાદિમાં પોતાપણે) વર્તતો તે, જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે, રાગરૂપ પરિણમે છે, મોહરૂપ પરિણમે છે. હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, [1]જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદ્રષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે; અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે [2]ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિક તે, (તે કર્તાનાં) કર્મ છે. આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી આ (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આ આત્માને, તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે. આ રીતે જીવ અને પુદ્‌ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. અનેકાત્મક હોવા છતાં (અનાદિ) એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરેતરાશ્રય (69-70)

અહીંયા કહ્યું કે “નિઃશંક રીતે જ્ઞાનમાં વર્તે છે” તે જ્ઞાનીની વાત કહી. આગળ જણાવ્યું કે ‘અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે;’ તે વાત અજ્ઞાનીની કહી. તેથી કોઈએ આત્માની અનુભૂતિ વગર જ્ઞાનીના પરિણામ શબ્દોમાં જાણીને પોતા માટે તેવું માનવું કે બોલવું નહીં. અન્યથા તે નિશ્ચયાભાસીરૂપે જ પરિણમશે. અહીંયા સ્પષ્ટ થાય છે કે જ્ઞાની પોતાને અકર્તા અનુભવે છે અને અજ્ઞાની નિયમથી પોતાને કર્તા અનુભવે છે. તેથી કોઈએ આત્માની અનુભૂતિ વગર પોતાને અકર્તા માનવા નહીં. અન્યથા તે નિશ્ચયાભાસીરૂપે જ પરિણમશે. આવા જ ખોટા અર્થઘટનોને કારણે અનેક જીવો માટે આ ઉત્તમોત્તમ શાસ્ત્ર પણ શસ્ત્રરૂપે કામ કરે છે. જે વર્તમાન કાળની ભયંકર વિડંબના છે. આગળ કહે છે કે જ્ઞાની બને ત્યારે બંધ નથી. અજ્ઞાનીને અવશ્ય છે. તેથી અજ્ઞાનીને તેવું માનવાનો કે બોલવાનો અધિકાર જ નથી. અન્યથા તે નિશ્ચયાભાસીરૂપે જ પરિણમે છે.

દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

ભાવાર્થ :—આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે, જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી, ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે; ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે. વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે બંધના

નિમિત્તથી અજ્ઞાન છે; એ પ્રમાણે અનાદિ સંતાન (પ્રવાહ) છે, માટે તેમાં ઈતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.

આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે. (69-70)

હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છે:—

ગાથાર્થ :—[यदा] જ્યારે [अनेन जीवेन] આ જીવ [आत्मनः] આત્માના [तथा एव च] અને [आस्रवाणां] આસ્રવોના [विशेषान्तरं] તફાવત અને ભેદને [ज्ञातं भवति] જાણે [तदा तु] ત્યારે [तस्य] તેને [बन्धः न] બંધ થતો નથી. (71)

અહીંયા સ્પષ્ટ જણાવે છે કે અજ્ઞાની ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે, તેથી તેને કર્તા-કર્મની પ્રવૃત્તિ હોય છે. જ્યારે જ્ઞાનીને પરનું કર્તાપણું હોતું નથી. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ અકર્તાપણાનો ઉપદેશ આપે છે. તેઓ અજ્ઞાનીને પણ પોતાના રાગ-દ્વેષના અકર્તા-સાક્ષી-જ્ઞાતાદ્રષ્ટા હોવાનો ઉપદેશ આપે છે, તે જ તેમનું અજ્ઞાન છતું કરે છે. બીજું, આત્મા અને આસ્રવનો તફાવત માત્ર જ્ઞાની જ જાણે છે. અર્થાત્ 'સમયસાર' શાસ્ત્રમાં વર્ણવેલ ભાવો જ્ઞાનીની અનુભૂતિને લક્ષમાં લઈને જ કહેવામાં આવ્યા છે. તે અજ્ઞાનીને પોતાનું લક્ષ નક્કી કરવા માટે ઉપયોગમાં આવી શકે છે.

જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે:—મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (–કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છે:—જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે. (72) ભાવાર્થ

અહીં કળશરૂપ કાવ્ય કહે છે:—

શ્લોકાર્થ :—[परपरिणतिम् उज्झत्] પરપરિણતિને છોડતું, [भेदवादान् खण्डयत्] ભેદનાં કથનોને તોડી પાડતું, [इदम् अखण्डम् उच्चण्डम् ज्ञानम्] આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન [उच्चैः उदितम्] પ્રત્યક્ષ ઉદય પામ્યું છે. [ननु] અહો! [इह] આવા જ્ઞાનમાં [कर्तृकर्मप्रवृत्तिः] (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો [कथम् अवकाशः] અવકાશ કેમ હોઈ શકે? [वा] તથા [पौद्गलः कर्मबन्धः] પૌદ્ગલિક કર્મબંધ પણ [कथं भवति] કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે.) (47)

અહીંયા સ્પષ્ટ જણાવે છે કે જ્ઞાનીને કર્તા-કર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે? ન હોઈ શકે. જ્યારે અજ્ઞાનીને કર્તા-કર્મની પ્રવૃત્તિ હોય છે. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ અકર્તાપણાનો ઉપદેશ આપે છે. તે જ તેમનું અજ્ઞાન છતું કરે છે.

ગાથાર્થ :—જ્ઞાની વિચારે છે કેઃ [खलु] નિશ્ચયથી [अहम्] હું [एकः] એક છું, [शुद्धः] શુદ્ધ છું, [निर्ममतः] મમતારહિત છું, [ज्ञानदर्शनसमग्रः] જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; [तस्मिन् स्थितः] તે સ્વભાવમાં રહેતો, [तच्चित्तः] તેમાં (–તે ચૈતન્ય-અનુભવમાં) લીન થતો (હું) [एतान्] આ [सर्वान्] ક્રોધાદિક સર્વ આસ્રવોને [क्षयं] ક્ષય [नयामि] પમાડું છું. (73)

અહીંયા જ્ઞાનીની અનુભૂતિના ભાવો સ્પષ્ટપણે જણાવે છે. જ્યારે અજ્ઞાનીને આવા ભાવો હોતા નથી. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ આવાભાવો હોવાનો ઉપદેશ આપે છે. તેનું ધ્યાન કરવાનું કહે છે. તે જ તેમનું અજ્ઞાન છતું કરે છે.

ભાવાર્થ :—આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે. જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.

આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.

'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' એટલે શું? તેનો ઉત્તર :—'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.' જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને—ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ—અજ્ઞાન કહેવામાં આવે છે અને મિથ્યાત્વ ગયા પછી તેને—ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ—વિજ્ઞાન કહેવામાં આવે છે. જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું–ઘટ થતું–સ્થિર થતું જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું–ઘટ થતું–સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘન-સ્વભાવ થતો જાય છે. (74)

શ્લોકાર્થ :—[इति एवं] એ રીતે પૂર્વકથિત વિધાનથી, [सम्प्रति] હમણાં જ (તુરત જ) [परद्रव्यात्] પરદ્રવ્યથી [परां निवृत्तिं विरचय्य] ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને [विज्ञानघनस्वभावम् परम् स्वं अभयात् आस्तिघ्नुवानः] વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો અર્થાત્ પોતાનો આશ્રય કરતો (અથવા પોતાને નિઃશંકપણે આસ્તિક્યભાવથી સ્થિર કરતો), [अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशात्] અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશથી [निवृत्तः] નિવૃત્ત થયેલો, [स्वयं

ज्ञानीभूतः] પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, [जगतः साक्षी] જગતનો સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા), [पुराणः पुमान्] પુરાણ પુરુષ (આત્મા) [इतः चकास्ति] અહીંથી હવે પ્રકાશમાન થાય છે. ૪૮.

અહીંયા જ્ઞાની અનુભૂતિના બળે કર્તા-કર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશથી નિવૃત્ત થાય છે અને તે પોતાને જ્ઞાનસ્વરૂપ અનુભવતો થકો, જગતનો સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા) બનીને રહે છે. તેથી જ્ઞાની જ જ્ઞાતાદ્રષ્ટા હોય છે, અજ્ઞાની નહીં. તેથી અજ્ઞાનીને આવા ભાવો હોતા નથી. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ જ્ઞાતાદ્રષ્ટા રહેવાનો ઉપદેશ આપે છે. આવા ભાવો માની લેવાનો ઉપદેશ આપે છે. તેનું ધ્યાન કરવાનું કહે છે. તે જ તેમનું અજ્ઞાન છતું કરે છે. અહીંયા પોતાનો આશ્રય કરતો કહ્યું તેનો અર્થ છે પોતાનો અનુભવ કરતો અજ્ઞાનથી નિવૃત્ત થાય છે.

ગાથાર્થ :—[ज्ञानी] જ્ઞાની [अनेकविधम्] અનેક પ્રકારના [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] નિશ્ચયથી [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયમાં [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઉપજતો નથી. (76)

ગાથાર્થ :—[ज्ञानी] જ્ઞાની [अनेकविधम्] અનેક પ્રકારના [स्वकपरिणामम्] પોતાના પરિણામને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] નિશ્ચયથી [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયમાં [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઉપજતો નથી. (77)

ગાથાર્થ :—[ज्ञानी] જ્ઞાની [पुद्गलकर्मफलम्] પુદ્‌ગલકર્મનું ફળ [अनन्तम्] કે જે અનંત છે તેને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] પરમાર્થે [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયરૂપ [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઉપજતો નથી. (78)

શ્લોકાર્થ :—[ज्ञानी] જ્ઞાની તો [इमां स्वपरपरिणतिं] પોતાની અને પરની પરિણતિને [जानन् अपि] જાણતો પ્રવર્તે છે [च] અને [पुद्गलः अपि अजानन्] પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; [नित्यम् अत्यन्त-भेदात्] આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી), [अन्तः] તે બન્ને પરસ્પર અંતરંગમાં [व्याप्तृव्याप्यत्वम्] વ્યાપ્યવ્યાપકભાવને [कलयितुम् असहौ] પામવા અસમર્થ છે. [अनयोः कर्तृकर्मभ्रममतिः] જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ [अज्ञानात्] અજ્ઞાનને લીધે [तावत् भाति] ત્યાં સુધી ભાસે છે (–થાય છે) કે [यावत्] જ્યાં સુધી [विज्ञानार्चिः] (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ [क्रकचवत् अदयं] કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) [सद्यः भेदम् उत्पाद्य] જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને [न चकास्ति] પ્રકાશિત થતી નથી. (50)

ભાવાર્થ:—ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી; કારણ કે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે. (50)

ગાથાર્થ:—[पुद्गलाः] પુદ્ગલો [जीवपरिणामहेतुं] જીવના પરિણામના નિમિત્તથી [कर्मत्वं] કર્મપણે [परिणमन्ति] પરિણમે છે, [तथा एव] તેમ જ [जीवः अपि] જીવ પણ [पुद्गलकर्मनिमित्तं] પુદ્ગલકર્મના નિમિત્તથી [परिणमति] પરિણમે છે. [जीवः] જીવ [कर्मगुणान्] કર્મના ગુણોને [न अपि करोति] કરતો નથી [तथा एव] તેમ જ [कर्म] કર્મ [जीवगुणान्] જીવના ગુણોને કરતું નથી; [तु] પરંતુ [अन्योऽन्यनिमित्तेन] પરસ્પર નિમિત્તથી [द्वयोः अपि] બન્નેના [परिणामं] પરિણામ [जानीहि] જાણો. [एतेन कारणेन तु] આ કારણે [आत्मा] આત્મા [स्वकेन] પોતાના જ [भावेन] ભાવથી [कर्ता] કર્તા (કહેવામાં આવે) છે [तु] પરંતુ [पुद्गलकर्मकृतानां] પુદ્ગલકર્મથી કરવામાં આવેલા [सर्वभावानाम्] સર્વ ભાવોનો [कर्ता न] કર્તા નથી. (80-81-82)

ટીકા:—'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે'—એમ જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્ગલપરિણામો સાથે અને પુદ્ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ (થાય) છે; તે કારણે (અર્થાત્ તેથી), જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી, જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી (જીવ) પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે. (80-81-82)

**પહેલાં તમામ વાતો જ્ઞાનીની કહી છે તેથી તે અજ્ઞાનીએ પોતા માટે ન સમજવી. પછી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજાવેલ છે. તેને જેમ છે તેમ માનવો આવશ્યક છે.**

ગાથાર્થ:—[निश्चयनयस्य] નિશ્ચયનયનો [एवम्] એમ મત છે કે [आत्मा] આત્મા [आत्मानम् एव हि] પોતાને જ [करोति] કરે છે [तु पुनः] અને વળી [आत्मा] આત્મા [तं च एव आत्मानम्] પોતાને જ [वेदयते] ભોગવે છે એમ હે શિષ્ય! તું [जानीहि] જાણ. (83)

ટીકા:—જેમ [1]ઉત્તરંગ અને [2]નિસ્તરંગ અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી; અને વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના (ભાવ્યભાવકપણાના) અભાવને લીધે પરભાવનું પર વડે

અનુભવાવું અશક્ય હોવાથી, ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી; તેવી રીતે સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો *સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો; અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, સસંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો. (83)

ભાવાર્થ :—આત્માને પરદ્રવ્ય–પુદ્‌ગલકર્મ–ના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે. તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે. તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે; પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી. (83)

અહીંયા જણાવેલ છે કે આત્મા પોતે જ સસંસાર-નિ:સંસાર અવસ્થા રૂપે પરિણમે છે. તેથી તે પોતાનો કર્તા-ભોક્તા થાય છે. તેથી વૈરાગ્યાદિ યોગ્યતા પ્રાપ્ત કરીને નિ:સંસાર અવસ્થા પ્રાપ્ત કરવા જેવી છે.

ભાવાર્થ:—પુદ્‌ગલકર્મને પરમાર્થે પુદ્‌ગલદ્રવ્ય જ કરે છે; જીવ તો પુદ્‌ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે. વળી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે; જીવ તો પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્‌ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

પરમાર્થે જીવ-પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. અજ્ઞાનીને જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે. (84)

અહીંયા જણાવે છે કે જીવ-પુદ્‌ગલમાં કર્તા-કર્મભાવ નથી હોતો. પરંતુ નિમિત્ત-નૈમિત્તિકભાવ હોય શકે છે. ભેદજ્ઞાન થતાં જ તે અનુભવમાં આવે છે.

ભાવાર્થ :—આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો. આત્માની અને પુદ્‌ગલની—બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી

સર્વનો લોપ થઈ જાય—એ મોટો દોષ ઊપજે. (86)

શ્લોકાર્થ :—[यः परिणमति स कर्ता] જે પરિણમે છે તે કર્તા છે, [यः परिणामः भवेत् तत् कर्म] (પરિણમનારના) જે પરિણામ છે તે કર્મ છે [तु] અને [या परिणतिः सा क्रिया] જે પરિણતિ છે તે ક્રિયા છે; [त्रयम् अपि] એ ત્રણેય, [वस्तुतया भिन्नं न] વસ્તુપણે ભિન્ન નથી. (51)

શ્લોકાર્થ :—[एकः परिणमति सदा] વસ્તુ એક જ સદા પરિણમે છે, [एकस्य सदा परिणामः जायते] એકના જ સદા પરિણામ થાય છે (અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે) અને [एकस्य परिणतिः स्यात्] એકની જ પરિણતિ–ક્રિયા થાય છે; [यतः] કારણ કે [अनेकम् अपि एकम् एव] અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી. (52)

શ્લોકાર્થ :—[इह] આ જગતમાં [मोहिनाम्] મોહી (અજ્ઞાની) જીવોનો '[परं अहम् कुर्वे] પરદ્રવ્યને હું કરું છું' [इति महाहङ्काररूपं तमः] એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર—[ननु उच्चकैः दुर्वारं] કે જે અત્યંત દુર્નિવાર છે તે—[आसंसारतः एव धावति] અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કેઃ [अहो] અહો! [भूतार्थपरिग्रहेण] પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી [यदि] જો [तत् एकवारं विलयं व्रजेत्] તે એક વાર પણ નાશ પામે [तत्] તો [ज्ञानघनस्य आत्मनः] જ્ઞાનઘન આત્માને [भूयः] ફરી [बन्धनम् किं भवेत्] બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય? કદી ન થાય.) (55)

ભાવાર્થ :—અહીં તાત્પર્ય એમ છે કે—અજ્ઞાન તો અનાદિનું જ છે પરંતુ પરમાર્થનયના ગ્રહણથી, દર્શનમોહનો નાશ થઈને, એક વાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય. અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય એમ જાણવું. ૫૫.

અહીંયા જણાવેલ છે કે- "પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી.." એટલે કે તે પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું અનુભવન કરવાથી સમજવાનું છે. તેનું શબ્દોમાં ગ્રહણ નથી સમજવાનું. પછી કહ્યું કે "..જો તે એક વાર નાશ પામે તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય?" અર્થાત તે એક વાર સ્વાત્માનુભૂતિપૂર્વક જ્ઞાની થાય તો બંધ ન હોય. તેથી કોઈ અજ્ઞાનીએ પોતાને અબંધસ્વરૂપ ન માનવો. કારણ કે સ્વરૂપથી આત્મા ત્રિકાળ અબંધસ્વરૂપ હોવા છતાં જ્યાં સુધી જીવને આત્માનુભૂતિ થતી નથી ત્યાં સુધી તેને નયાભાસને કારણે તે બોલવાનો-માનવાનો અધિકાર મળતો નથી. કારણ કે તે બોલે ભલે કે હું નિશ્ચયથી શુદ્ધ છું પરંતુ માન્યતામાં અનુભૂતિ ન હોવાને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનતા હોય છે.

શ્લોકાર્થ :—[आत्मा] આત્મા તો [सदा] સદા [आत्मभावान्] પોતાના ભાવોને [करोति] કરે છે અને [परः] પરદ્રવ્ય [परभावान्] પરના ભાવોને કરે છે; [हि] કારણ કે [आत्मनः भावाः] પોતાના ભાવો છે તે તો [आत्मा एव] પોતે જ છે અને [परस्य ते] પરના ભાવો છે તે [परः एव] પર જ છે (એ નિયમ છે.). ૫૬.

નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને ઉપદેશ આપે છે કે આત્મા પોતાના ભાવોનો પણ પરમ અકર્તા છે. તેઓ તેવું જ રટણ-ધ્યાન કરવાનું પણ જણાવતા હોય છે. તે ભૂલભરેલું છે.

ભાવાર્થ :—પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે તેથી તેઓ જીવ છે. (87)

ગાથાર્થ :—[मिथ्यात्वं] જે મિથ્યાત્વ, [योगः] યોગ, [अविरतिः] અવિરતિ અને [अज्ञानम्] અજ્ઞાન [अजीवः] અજીવ છે તે તો [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મ છે; [च] અને જે [अज्ञानम्] અજ્ઞાન, [अविरतिः] અવિરતિ અને [मिथ्यात्वं] મિથ્યાત્વ [जीवः] જીવ છે [तु] તે તો [उपयोगः] ઉપયોગ છે. (88)

ગાથાર્થ :—[मोहयुक्तस्य] અનાદિથી મોહયુક્ત હોવાથી [उपयोगस्य] ઉપયોગના [अनादयः] અનાદિથી માંડીને [त्रयः परिणामाः] ત્રણ પરિણામ છે; તે [मिथ्यात्वम्] મિથ્યાત્વ, [अज्ञानम्] અજ્ઞાન [च अविरतिभावः] અને અવિરતિભાવ (એ ત્રણ) [ज्ञातव्यः] જાણવા. (89)

ગાથાર્થ :—[एतेषु च] અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો હોવાથી, [उपयोगः] આત્માનો ઉપયોગ—[शुद्धः] જોકે (શુદ્ધનયથી) તે શુદ્ધ, [निरञ्जनः] નિરંજન [भावः] (એક) ભાવ છે તોપણ—[त्रिविधः] ત્રણ પ્રકારનો થયો થકો [सः उपयोगः] તે ઉપયોગ [यं] જે [भावम्] (વિકારી) ભાવને [करोति] પોતે કરે છે [तस्य] તે ભાવનો [सः] તે [कर्ता] કર્તા [भवति] થાય છે. (90)

ભાવાર્થ :—પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ, તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે. (90)

ગાથાર્થ :—[त्रिविधः] ત્રણ પ્રકારનો [एषः] આ [उपयोगः] ઉપયોગ [अहम् क्रोधः] 'હું ક્રોધ છું' એવો [आत्मविकल्पं] પોતાનો વિકલ્પ [करोति] કરે છે; તેથી [सः] આત્મા [तस्य उपयोगस्य] તે ઉપયોગરૂપ [आत्मभावस्य] પોતાના ભાવનો [कर्ता] કર્તા [भवति] થાય છે. (94)

ટીકા :—ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સમસ્ત ભેદને છુપાવીને, ભાવ્યભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી (–જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવન કરવાથી, 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિને લીધે જે સવિકાર (વિકાર સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. (94)

ગાથાર્થ :—[एवं तु] આ રીતે [मन्दबुद्धिः] મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની [अज्ञानभावेन] અજ્ઞાનભાવથી [पराणि द्रव्याणि] પર દ્રવ્યોને [आत्मानं] પોતારૂપ [करोति] કરે છે [अपि च] અને [आत्मानम्] પોતાને [परं] પર [करोति] કરે છે. (96)

ટીકા :—ખરેખર એ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ અને 'હું ધર્મદ્રવ્ય છું' ઇત્યાદિની જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે; (96)

અહીંયા જણાવે છે કે- અજ્ઞાની પોતાને જે રૂપ માને તે રૂપ અનુભવે છે. અજ્ઞાની પોતાના રાગ-દ્વેષ-અજ્ઞાન માટે પોતે જવાબદાર છે. જો અજ્ઞાની પોતાને શુદ્ધનયથી પણ શુદ્ધ માને તોય તે નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માનીને ગર્વિષ્ઠ રહેતો હોય છે. પોતાને અન્યોથી ઉચ્ચ માને છે અને અન્યોને તુચ્છભાવથી જ દેખતો હોય છે. આ જ તેના અજ્ઞાનનું દ્યોતક છે.

તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ રીતે, ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા) પુરુષની જેમ, આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે:—

જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત ભયંકર *આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો, 'હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું' એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ

આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસને લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ વડે (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને મૃતક કલેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. (96)

ભાવાર્થ :—જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને? અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને! માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી. (97)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[किल] નિશ્ચયથી [स्वयं ज्ञानं भवन् अपि] સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં [अज्ञानतः तु] અજ્ઞાનને લીધે [यः] જે જીવ, [सतृणाभ्यवहारकारी] ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, [रज्यते] રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે) [असौ] તે, [दधीक्षुमधुराम्लरसातिगृद्ध्या] દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી [रसालम् पीत्वा] શિખંડને પીતાં છતાં [गां दुग्धम् दोग्धि इव नूनम्] પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે. (57)

ભાવાર્થ :—પુદ્‌ગલકર્મનો ઉદય થતાં, જ્ઞાની તેને જાણે જ છે અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે અને અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી. (102)

અજ્ઞાની જ્ઞાનસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનને લીધે અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. તેથી જ્યારે કોઈ નિશ્ચયાભાસી ઉપદેશક અજ્ઞાનીઓને અકર્તા હોવાનો ઉપદેશ આપે છે-માની લેવા જણાવે છે, ત્યારે તે ઉપદેશથી ઉલટું અજ્ઞાનીઓનું મિથ્યાત્વ દૃઢ થાય છે.

ટીકા :—જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે. એમ થતાં સંસારનો અભાવ થાય. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "પુદ્‌ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી", તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :—પુદ્‌ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ

ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. (આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.) તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો. એમ હોતાં (હોવાથી), જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે. આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું. (121-125)

અહીંયા કહ્યું કે- "જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ..." તે જ રીતે નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને શુદ્ધાત્મા હોવાનું ધ્યાન કરાવે છે અને અજ્ઞાનીઓ પોતાને તેમ માનવા લાગી જાય છે. તે ભ્રમનો તેઓ ગર્વથી આનંદ પણ લે છે. તેમને તો એ ખબર પણ નથી હોતી કે પોતે ભ્રમમાં છે. તેથી તેઓ તો પોતાને ખરેખર તેવા શુદ્ધ જ માનતા થઇ જાય છે અને આ રીતે તેમનો વર્તમાન ભવ એળે જતા, ભવિષ્યનો અનંત કાળ પણ બગડે છે.

ભાવાર્થ :—જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે; અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે. (126)

ગાથાર્થ :—[ अज्ञानिनः ] અજ્ઞાનીને [ अज्ञानमयः ] અજ્ઞાનમય [ भावः ] ભાવ છે [ तेन ] તેથી અજ્ઞાની [ कर्माणि ] કર્મોને [ करोति ] કરે છે, [ ज्ञानिनः तु ] અને જ્ઞાનીને તો [ ज्ञानमयः ] જ્ઞાનમય (ભાવ) છે [ तस्मात् तु ] તેથી જ્ઞાની [ कर्माणि ] કર્મોને [ न करोति ] કરતો નથી. (127)

ટીકા :—અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન

અજ્ઞાનીને જ્યારે નિશ્ચયનયનો ઉપદેશ આપવામાં આવે છે ત્યારે તેના અજ્ઞાનના કારણે તેને નયાભાસ થાય છે અને અજ્ઞાની નિયમથી પર્યાયનો જ અનુભવ કરતો હોઈને તે નયાભાસને કારણે પોતાને વર્તમાન દશામાં (પર્યાયમાં) જ શુદ્ધાત્મા માનવા લાગે છે. જેથી તે નિશ્ચયાભાસી રૂપે પરિણમે છે.

આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી (આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે 'આ હું ખરેખર રાગી છું, દ્વેષી છું (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું)' એમ (માનતો થકો) રાગી અને દ્વેષી થાય છે; તેથી અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.

જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિતિ) થયેલો, પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી); તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી. (127)

ભાવાર્થ:—જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે. અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનું જ્ઞાનમય છે; તેથી અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ ઈત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે અને જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે. (128-129)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:—

શ્લોકાર્થ:—[ज्ञानिनः] જ્ઞાનીના [सर्वे भावाः] સર્વ ભાવો [ज्ञाननिर्वृत्ताः हि] જ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) [भवन्ति] હોય છે [तु] અને [अज्ञानिनः] અજ્ઞાનીના [सर्वे अपि ते] સર્વ ભાવો [अज्ञाननिर्वृत्ताः] અજ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) [भवन्ति] હોય છે. ૬૭.

ગાથાર્થ :—[यथा] જેમ [कनकमयात् भावात्] સુવર્ણમય ભાવમાંથી [कुण्डलादयः भावाः] સુવર્ણમય કુંડળ વગેરે ભાવો [जायन्ते] થાય છે [तु] અને [अयोमयकात् भावात्] લોહમય ભાવમાંથી [कटकादयः] લોહમય કડાં વગેરે ભાવો [जायन्ते] થાય છે, [तथा] તેમ [अज्ञानिनः] અજ્ઞાનીને (અજ્ઞાનમય ભાવમાંથી) [बहुविधाः अपि] અનેક પ્રકારના [अज्ञानमयाः भावाः] અજ્ઞાનમય ભાવો [जायन्ते] થાય છે [तु] અને [ज्ञानिनः] જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) [सर्वे] સર્વ [ज्ञानमयाः भावाः] જ્ઞાનમય ભાવો [भवन्ति] થાય છે. (130-131)

ભાવાર્થ:—'જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય છે' એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે, તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી તેને (અજ્ઞાનમય ભાવમાંથી) અજ્ઞાનમય ભાવો જ થાય છે અને જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી તેને (જ્ઞાનમય ભાવમાંથી) જ્ઞાનમય ભાવો જ થાય છે.

અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.

અવિરત સમ્યગ્દ્રષ્ટિ(-જ્ઞાની)ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી, તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે. તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે—આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી

અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી; જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે. (130-131)

ભાવાર્થ :—જો પુદ્‌ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે. પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું કર્મપરિણામ છે. (137-138)

ગાથાર્થ :—[जीवस्य तु] જો જીવને [कर्मणा च सह] કર્મની સાથે જ [रागादयः परिणामाः] રાગાદિ પરિણામો [खलु भवन्ति] થાય છે (અર્થાત્ બન્ને ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે [एवं] તો એ રીતે [जीवः कर्म च] જીવ અને કર્મ [द्वे अपि] બન્ને [रागादित्वम् आपन्ने] રાગાદિપણાને પામે. [तु] પરંતુ [रागादिभिः परिणामः] રાગાદિભાવે પરિણામ તો [जीवस्य एकस्य] જીવને એકને જ [जायते] થાય છે [तत्] તેથી [कर्मोदयहेतुभिः विना] કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [जीवस्य] જીવનું [परिणामः] પરિણામ છે(139-140)

ભાવાર્થ :—જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે. પરંતુ પુદ્‌ગલકર્મ તો રાગાદિરૂપે (જીવ-રાગાદિરૂપે) કદી પરિણમી શકતું નથી; તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે. (139-140)

ભાવાર્થ :—જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. ૬૯.

ભાવાર્થ :—આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે—આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે. ૭૦.

ભાવાર્થ :—બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય

અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો—વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૮૯.

અહીંયા કહ્યું કે-જે મુમુક્ષુઓને કોઈ પણ નયનો પક્ષપાત હશે તેને ચિત્સ્વરૂપ આત્માનો અનુભવ નહીં થાય. અજ્ઞાનીને નયાભાસના કારણે અને નિશ્ચય-વ્યવહારની યથાર્થ સંધિનું જ્ઞાન ન હોવાથી નયનો પક્ષપાત થવાની સંભાવના અધિક જ હોય છે.

શ્લોકાર્થ :—[एवं] એ પ્રમાણે [स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम्] જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી [महतीं] મોટી [नयपक्षकक्षाम्] નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) [व्यतीत्य] ઓળંગી જઈને (તત્ત્વવેદી) [अन्तः बहिः] અંદર અને બહાર [समरसैकरसस्वभावं] સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા [अनुभूतिमात्रम् एकम् स्वं भावम्] અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) [उपयाति] પામે છે. ૯૦.

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[पुष्कल-उत्-चल-विकल्प-वीचिभिः उच्छलत्] પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી [इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम्] આ સમસ્ત ઈંદ્રજાળને [यस्य विस्फुरणम् एव] જેનું *સ્ફુરણ માત્ર જ [तत्क्षणं] તત્ક્ષણ [अस्यति] ભગાડી મૂકે છે [तत् चिन्महः अस्मि] તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું. (91)

ભાવાર્થ :—ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઈંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું. ૯૧.

અહીંયા સમજવાનું એ છે કે ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇન્દ્રજાળ તે જ ક્ષણે વિલય પામે છે; “એવો ચિન્માત્ર તેજ:પુંજ હું છું.” નિશ્ચયાભાસી ઉપદેશકો આ જ ઉપદેશ અજ્ઞાનીઓને આપે છે અને આનું જ ધ્યાન કરવાનું તેઓને કહે છે. તેથી સમજાય છે કે તેઓ એ વાતથી જ અજાણ છે કે આ કોઈ માની લેવાની વાત નથી. પરંતુ અનુભવવાની વાત છે. સ્વાત્માનુભૂતિ થતાં જ આ ભાવ અનુભવમાં આવે છે. તેથી સાચી રીત અનુભવવાની છે, માની લેવાની નહીં.

ગાથાર્થ :—[नयपक्षपरिहीनः] નયપક્ષથી રહિત જીવ, [समयप्रतिबद्धः] સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [द्वयोः अपि] બન્ને [नययोः] નયોના [भणितं] કથનને [केवलं तु] કેવળ [जानाति] જાણે જ છે [तु] પરંતુ [नयपक्षं] નયપક્ષને [किञ्चित् अपि] જરા પણ [न गृह्णाति] ગ્રહણ કરતો નથી. (143)

ટીકા :—જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે. (143)

શ્લોકાર્થ :—[ चित्स्वभाव-भर-भावित-भाव-अभाव-भाव-परमार्थतया एकम् ] ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (–કરાય છે) —એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા [ अपारम् समयसारम् ] અપાર સમયસારને હું, [ समस्तां बन्धपद्धतिम् ] સમસ્ત બંધપદ્ધતિને [ अपास्य ] દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, [ चेतये ] અનુભવું છું. (92)

ભાવાર્થ :—નિર્વિકલ્પ અનુભવ થતાં, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે, 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી—એમ જાણવું. ૯૨.

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે—એમ હવે કહે છે :—

ગાથાર્થ :—[ यः ] જે [ सर्वनयपक्षरहितः ] સર્વ નયપક્ષોથી રહિત [ भणितः ] કહેવામાં આવ્યો છે [ सः ] તે [ समयसारः ] સમયસાર છે; [ एषः ] આને જ (–સમયસારને જ) [ केवलं ] કેવળ [ सम्यग्दर्शनज्ञानम् ] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન [ इति ] એવી [ व्यपदेशम् ] સંજ્ઞા (નામ) [ लभते ] મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.) (144)

ટીકા :—જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)

પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી

પૂર્વે જણાવ્યા અનુસાર આ 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની સ્વાત્માનુભૂતિનું જ વર્ણન કરેલ છે. કે જેથી કોઈ પણ અજ્ઞાની તેને સમજી શકે, જ્ઞાની પોતાની અનુભૂતિ ચકાસી શકે અને અજ્ઞાની પોતાનું ગંતવ્યસ્થાન (પ્રાપ્તિયોગ્યસ્થાન) પણ નક્કી કરી શકે.

બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસંમુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસંમુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. (144)

અહીંયા બહુ જ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે સમ્યગ્દર્શન માટે આત્મસન્મુખતા પ્રાપ્ત કરવી અત્યંત આવશ્યક છે. જે અમે વારંવાર આગ્રહપૂર્વક મુમુક્ષુઓને જણાવતા હોઈએ છીએ કે પરસન્મુખતા હશે ત્યાં સુધી સમ્યગ્દર્શન (આત્મપ્રાપ્તિ) શક્ય જ નથી.

શ્લોકાર્થ :—[नयानां पक्षैः विना] નયોના પક્ષો રહિત, [अचलं अविकल्पभावम्] અચળ નિર્વિકલ્પભાવને [आक्रामन्] પામતો [यः समयस्य सारः भाति] જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે [सः एषः] તે આ સમયસાર (શુદ્ધ આત્મા)—[निभृतैः स्वयम् आस्वाद्यमानः] કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે (-આસ્વાદ લેવાય છે, અનુભવાય છે) તે—[विज्ञान-एक-रसः भगवान्] વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન છે, [पुण्यः पुराणः पुमान्] પવિત્ર પુરાણ પુરુષ છે; [ज्ञानं दर्शनम् अपि अयं] જ્ઞાન કહો કે દર્શન કહો તે આ (સમયસાર) જ છે; [अथवा किम्] અથવા વધારે શું કહીએ? [यत् किञ्चन अपि अयम् एकः] જે કાંઈ છે તે આ એક જ છે (-માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે). ૯૩.

અમે પૂર્વે જણાવ્યા અનુસાર અહીંયા 'સમયસાર' નો અર્થ 'શુદ્ધ આત્મા' કે જે આત્મલીન પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે-અનુભવાય છે. તેથી નક્કી થાય છે કે 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની સ્વાત્માનુભૂતિનું જ વર્ણન કરેલ છે. કે જેથી કોઈ પણ અજ્ઞાની તેને સમજી શકે, જ્ઞાની પોતાની અનુભૂતિ ચકાસી શકે અને અજ્ઞાની પોતાનું ગંતવ્યસ્થાન (પ્રાપ્તિયોગ્યસ્થાન) પણ નક્કી કરી શકે. તેવા ભાવો જો અજ્ઞાની ભાવે તો નક્કી જ નિશ્ચયાભાસી બને છે. આ જ વિડંબના છે નિશ્ચયાભાસી ઉપદેશકોની કે તેઓ આ જ ઉપદેશ અજ્ઞાનીને પણ આપે છે અને પોતે જ્ઞાની હોય તેમ વર્તે છે. પરંતુ તેમના આ અજ્ઞાનથી તેમનું જ્ઞાની હોવું સંદેહાસ્પદ થઇ જાય છે. તેઓ સાચા જ્ઞાનીને તો ઉભયાભાસી જ માનતા હોય છે. કારણ કે તેમના ચક્ષુ સાચા જ્ઞાનીને ઓળખી જ શકતા નથી કારણ કે તેમને નિશ્ચયનો જ પક્ષ હોય છે.

શ્લોકાર્થ :—[तोयवत्] જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે; તેવી રીતે [अयं] આ આત્મા [निज-ओघात् च्युतः] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો [भूरि-विकल्प-जाल-गहने दूरं भ्राम्यन्] પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો તેને [दूरात् एव] દૂરથી જ [विवेक-निम्न-गमनात्] વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા [निज-ओघं बलात् नीतः] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો; [तद्-एक-रसिनाम्] કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને [विज्ञान-एक-रसः आत्मा] જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા, [आत्मानम् आत्मनि एव आहरन्] આત્માને આત્મામાં જ ખેંચતો થકો (અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને), [सदा गतानुगतताम् आयाति] સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે. (94)

અહીંયા જણાવે છે કે "કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા.." એટલે કે રુચિ અનુયાયી વીર્યના સિદ્ધાંત અનુસાર જે આપને ગમે છે-જેમાં આપને રસ પડે છે, તેના માટે સહજ જ પુરુષાર્થ થાય છે. તેથી દરેકે પોતાનો રસ (મૂર્છા) તપાસવો અને બહિરાત્માપણું છોડીને આત્મ-સન્મુખતા કેળવવા પુરુષાર્થ આદરવો.

ભાવાર્થ :—જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે. ૯૫.

જ્ઞાની જ નિર્વિકલ્પ શુદ્ધાત્માનો અનુભવ કરતા હોવાથી તેમને અભિપ્રાયમાં કર્તા-કર્મભાવનો અભાવ હોય છે. જે લોકો નિર્વિચારતાથી નિર્વિકલ્પતા પામવાનો પ્રયાસ કરે છે તેઓ સત્ય પામ્યા નથી.

## —૩—

## પુણ્ય-પાપ અધિકાર

શ્લોકાર્થ :—[अथ] હવે (કર્તાકર્મ અધિકાર પછી), [शुभ-अशुभ-भेदतः] શુભ અને અશુભના ભેદને લીધે [द्वितयतां गतम् तत् कर्म] બે-પણાને પામેલા તે કર્મને [ऐक्यम् उपानयन्] એકરૂપ કરતો, [ग्लपित-निर्भर-मोहरजा] જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો [अयं अवबोध-सुधाप्लवः] આ (પ્રત્યક્ષ—અનુભવગોચર) જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) [स्वयम्] સ્વયં [उदेति] ઉદય પામે છે. (100)

જ્યારે શુદ્ધાત્માનો અનુભવ થાય છે ત્યારે તેમાં કોઈ વિશેષભાવ હોતા નથી. તેથી તે અપેક્ષાએ શુભ અને અશુભ બન્નેય વિશેષભાવ હોવાથી તે અપેક્ષાએ એકરૂપપણું પામે છે.

શ્લોકાર્થ :—(શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રોમાંથી એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો.) [एकः] એક તો [ब्राह्मणत्व-अभिमानात्] 'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે [मदिरां] મદિરાને [दूरात्] દૂરથી જ [त्यजति] છોડે છે અર્થાત્ સ્પર્શતો પણ નથી; [अन्यः] બીજો [अहम् स्वयम् शूद्रः इति] 'હું પોતે શૂદ્ર છું' એમ માનીને [तया एव] મદિરાથી જ [नित्यं] નિત્ય [स्नाति] સ્નાન કરે છે અર્થાત્ તેને પવિત્ર ગણે છે. [एतौ द्वौ अपि] આ બન્ને પુત્રો [शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ] શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી [साक्षात् शूद्रौ] (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, [अपि च] તોપણ [जातिभेद-भ्रमेण] જાતિભેદના ભ્રમ સહિત [चरतः] તેઓ પ્રવર્તે છે—આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું.) (101)

શુદ્ધાત્માની અનુભૂતિની અપેક્ષાએ શુભ અને અશુભ બન્નેય વિશેષભાવ હોવાથી તે અપેક્ષાએ એકરૂપપણું પામે છે. કારણ કે શુદ્ધાત્મારૂપી અનુભૂતિ પરમ અકર્તા ભાવ છે

ગાથાર્થ :—[अशुभं कर्म] અશુભ કર્મ [कुशीलं] કુશીલ છે (–ખરાબ છે) [अपि च] અને [शुभकर्म] શુભ કર્મ [सुशीलम्] સુશીલ છે (–સારું છે) એમ [जानीथ] તમે જાણો છો! [तत्] તે [सुशीलं] સુશીલ [कथं] કેમ [भवति] હોય [यत्] કે જે [संसारं] (જીવને) સંસારમાં [प्रवेशयति] પ્રવેશ કરાવે છે? (145)

શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ પુદ્ગલપરિણામ કેવળ પુદ્ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના અનુભવમાં (–સ્વાદમાં) ભેદ નથી; માટે કર્મ એક જ છે. (145) ટીકા

અહીંયા આશ્રવ અને બંધ અપેક્ષાએ શુભ-અશુભને સંસારરૂપ દર્શાવેલ છે. આગળ કહે છે કે "કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે." શુભ-અશુભ એ બન્ને વિશેષભાવ હોવાથી તે નિર્વિકલ્પ અનુભૂતિમાં હોતા નથી. અને તે નિર્વિકલ્પ અનુભૂતિ જ કાળક્રમે શ્રેણીનું કારણ બને છે. તેથી તે જ પરમ ઉપાદેય છે. જ્ઞાનીને તેમાં જ રહેવાનો ઉપદેશ છે તેથી તેના માટે શુભ-અશુભ કુશીલ કહ્યાં. જ્ઞાનીનો અભિપ્રાય આ જ હોય છે, તેથી તે વધારેમાં વધારે નિર્વિકલ્પ અનુભૂતિમાં રહેવા કાર્યરત હોય છે. આ વાત જ્ઞાનીની અપેક્ષાએ છે અજ્ઞાની જો આવું માની લેશે તો તેને અનંત સંસાર સમજવો.

ગાથાર્થ :—[तस्मात् तु] માટે [कुशीलाभ्यां] એ બન્ને કુશીલો સાથે [रागं] રાગ [मा कुरुत] ન કરો [वा] અથવા [संसर्गम् च] સંસર્ગ પણ [मा] ન કરો [हि] કારણ કે [कुशीलसंसर्गरागेण] કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી [स्वाधीनः विनाशः] સ્વાધીનતાનો નાશ થાય છે (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે). (147)

જ્ઞાની માટે આત્મસ્થિરતા સિવાય બીજું બધુ જ કુશીલ સમાન છે. કારણ કે જો આત્મસ્થિરતા કરીને મોક્ષ પ્રાપ્ત નથી કરતા તો તેમને પણ સંસાર ઉભો જ છે. તે અપેક્ષાએ અને અનુભૂતિમાં વિશેષભાવ ન હોવાથી શુભ-અશુભ એ બન્નેયને કુશીલ કહ્યા કારણ કે જ્ઞાનીને અનુભૂતિ જ ઉપાદેય છે.

ગાથાર્થ :—[यथा नाम] જેમ [कोऽपि पुरुषः] કોઈ પુરુષ [कुत्सितशीलं] કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા [जनं] પુરુષને [विज्ञाय] જાણીને [तेन समकं] તેની સાથે [संसर्गं च रागकरणं] સંસર્ગ અને રાગ કરવો [वर्जयति] છોડી દે છે, [एवम् एव च] તેવી જ રીતે [स्वभावरताः] સ્વભાવમાં રત પુરુષો [कर्मप्रकृतिशीलस्वभावं] કર્મપ્રકૃતિના શીલ-સ્વભાવને [कुत्सितं] કુત્સિત અર્થાત્ ખરાબ [ज्ञात्वा] જાણીને [तत्संसर्गं] તેની સાથે સંસર્ગ [वर्जयन्ति] છોડી દે છે [परिहरन्ति च] અને રાગ છોડી દે છે. (148-149)

ઉપર જણાવ્યા અનુસારના જ ભાવ છે. 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે.

ગાથાર્થ :—[रक्तः जीवः] રાગી જીવ [कर्म] કર્મ [बध्नाति] બાંધે છે અને [विरागसम्प्राप्तः] વૈરાગ્યને પામેલો જીવ [मुच्यते] કર્મથી છૂટે છે—[एषः] આ [जिनोपदेशः] જિનભગવાનનો ઉપદેશ છે; [तस्मात्] માટે (હે ભવ્ય જીવ!) તું [कर्मसु] કર્મોમાં [मा रज्यस्व] પ્રીતિ–રાગ ન કર. (150)

અહીંયા આચાર્ય ભગવંત ઉપદેશ આપે છે કે વૈરાગ્ય પ્રાપ્ત કરવા જેવો છે. તેઓ નિશ્ચયાભાસી ઉપદેશકોના જેવું નથી કહેતા.

શ્લોકાર્થ :—[सुकृतदुरिते सर्वस्मिन् कर्मणि किल निषिद्धे] શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ—એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને [नैष्कर्म्ये प्रवृत्ते] એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, [मुनयः खलु अशरणाः न सन्ति] મુનિઓ કાંઈ અશરણ નથી; [तदा] (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ–અવસ્થા) પ્રવર્તે છે ત્યારે [ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि] જ્ઞાનમાં આચરણ કરતું—રમણ કરતું—પરિણમતું જ્ઞાન જ [एषां] તે મુનિઓને [शरणं] શરણ છે; [एते] તેઓ [तत्र निरताः] તે જ્ઞાનમાં લીન થયા થકા [परमम् अमृतं] પરમ અમૃતને [स्वयं] પોતે [विन्दन्ति] અનુભવે છે—આસ્વાદે છે. (104)

ગાથાર્થ :—[खलु] નિશ્ચયથી [यः] જે [परमार्थः] પરમાર્થ (પરમ પદાર્થ) છે, [समयः] સમય છે, [शुद्धः] શુદ્ધ છે, [केवली] કેવળી છે, [मुनिः] મુનિ છે, [ज्ञानी] જ્ઞાની છે, [तस्मिन् स्वभावे] તે સ્વભાવમાં [स्थिताः] સ્થિત [मुनयः] મુનિઓ [निर्वाणं] નિર્વાણને [प्राप्नुवन्ति] પામે છે. (151)

ગાથાર્થ :—[परमार्थे तु] પરમાર્થમાં [अस्थितः] અસ્થિત [यः] એવો જે જીવ [तपः करोति] તપ કરે છે [च] તથા [व्रतं धारयति] વ્રત ધારણ કરે છે, [तत्सर्वं] તેનાં તે સર્વ તપ અને વ્રતને [सर्वज्ञाः] સર્વજ્ઞો [बालतपः] બાળતપ અને [बालव्रतं] બાળવ્રત [ब्रुवन्ति] કહે છે. (152)

| |
|---|
| અજ્ઞાનીના વ્રત-તપને બાળવ્રત અને બાળતપ કહ્યાં છે. તે છોડવા નથી કહ્યું. પરંતુ તેને અનુરૂપ ગુણસ્થાનક પ્રાપ્ત કરવા કહ્યું છે. |

ગાથાર્થ :—[व्रतनियमान्] વ્રત અને નિયમો [धारयन्तः] ધારણ કરતા હોવા છતાં [तथा] તેમ જ [शीलानि च तपः] શીલ અને તપ [कुर्वन्तः] કરતા હોવા છતાં [ये] જેઓ [परमार्थबाह्याः] પરમાર્થથી બાહ્ય છે (અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી) [ते] તેઓ [निर्वाणं] નિર્વાણને [न विन्दन्ति] પામતા નથી. (153)

| |
|---|
| અજ્ઞાનીને બહિરાત્મા કહ્યો છે. તેથી તેને આત્મ-સન્મુખતા પ્રાપ્ત કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રેરણા આપેલ છે. (પરમાર્થ બાહ્ય=અજ્ઞાની) (જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી=જેને આત્માનુભૂતિ નથી તે અજ્ઞાની છે.) |

શ્લોકાર્થ :—[यद् एतद् ध्रुवम् अचलम् ज्ञानात्मा भवनम् आभाति] જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો—પરિણમતો ભાસે છે [अयं शिवस्य हेतुः] તે જ મોક્ષનો હેતુ છે [यतः] કારણ કે [तत् स्वयम् अपि शिवः इति] તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; [अतः अन्यत्] તેના સિવાય જે અન્ય કાંઈ છે [बन्धस्य] તે બંધનો હેતુ છે [यतः] કારણ કે [तत् स्वयम् अपि बन्धः इति] તે પોતે પણ બંધસ્વરૂપ છે. [ततः] માટે [ज्ञानात्मत्वं भवनम्] જ્ઞાનસ્વરૂપ થવાનું (-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે [अनुभूतिः हि] અનુભૂતિ કરવાનું જ [विहितम्] આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૧૦૫.

ગાથાર્થ :—[ये] જેઓ [परमार्थबाह्याः] પરમાર્થથી બાહ્ય છે [ते] તેઓ [मोक्षहेतुम्] મોક્ષના હેતુને [अजानन्तः] નહિ જાણતા થકા—[संसारगमनहेतुम् अपि] જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ—[अज्ञानेन] અજ્ઞાનથી [पुण्यम्] પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) [इच्छन्ति] ઇચ્છે છે. (154)

| |
|---|
| અજ્ઞાનીને બહિરાત્મા કહ્યો છે. તેથી તેને બહારનું માહત્મ્ય-અહોભાવ અધિક જ હોય છે. તે બાહ્ય સુખ-સુવિધાઓ પુણ્યથી જ મળતી હોવાથી તે પુણ્યમાં જ ધર્મ સમજીને, પુણ્યને જ મોક્ષનું પણ કારણ ગણે છે. તેથી જ તે વ્યવહારભાસી છે. તે ભલે શબ્દોમાં મોક્ષનું લક્ષ છે-એમ બોલતો હોય પરંતુ તેને અભિપ્રાયમાં મોક્ષનું લક્ષ જ નથી. |

ભાવાર્થ :—કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે. (સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે.) આ રીતે તેઓ—જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે તોપણ—કર્માનુભવના બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે. (154)

ગાથાર્થ :—[निश्चयार्थं] નિશ્ચયનયના વિષયને [मुक्त्वा] છોડીને [विद्वांसः] વિદ્વાનો [व्यवहारेण] વ્યવહાર વડે [प्रवर्तन्ते] પ્રવર્તે છે; [तु] પરંતુ [परमार्थम् आश्रितानां] પરમાર્થને (–આત્મસ્વરૂપને) આશ્રિત [यतीनां] યતીશ્વરોને જ [कर्मक्षयः] કર્મનો નાશ [विहितः] આગમમાં કહ્યો છે. (કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી.) (156)

ટીકા :—પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી, —માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે. (156)

જે અજ્ઞાનીઓ નિશ્ચયનયની વાતોમાં વિદ્વતા કેળવી તેમાં જ રમે છે, તેને જ શબ્દો અને પ્રવચનોનો વિષય બનાવી દે છે તે ખરેખર તો વ્યવહાર છે. કારણ કે નિશ્ચયનયનો વિષય અનુભૂતિનો વિષય છે. પરંતુ તે જ્યારે શબ્દોમાં આવે છે ત્યારે તે પણ વ્યવહાર કહેવાય છે. અજ્ઞાનીઓ એવા વ્યવહારમાં જ રાચીને સંતોષ ગ્રહણ કરે છે. તેથી તેની અનુભૂતિ મહત્વની છે-એ વાત સમજાવેલ છે.

ગાથાર્થ :—[यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે—તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [मिथ्यात्वमलावच्छन्नं] મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું–વ્યાપ્ત થયું–થકું [सम्यक्त्वं खलु] સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું. [यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે—તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [अज्ञानमलावच्छन्नं] અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું–વ્યાપ્ત થયું–થકું [ज्ञानं भवति] જ્ઞાન તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું. [यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે—તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [कषायमलावच्छन्नं] કષાયરૂપી મેલથી ખરડાયું–વ્યાપ્ત થયું–થકું [चारित्रम् अपि] ચારિત્ર પણ તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું. (157-158-159)

ગાથાર્થ :—[सः] તે આત્મા [सर્वज्ञानदर्शी] (સ્વભાવથી) સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ [निजेन कर्मरजसा] પોતાના કર્મમળથી [अवच्छन्नः] ખરડાયો–વ્યાપ્ત થયો–થકો [संसारसमापन्नः] સંસારને પ્રાપ્ત થયેલો તે [सर्वतः] સર્વ પ્રકારે [सर्वम्] સર્વને [न विजानाति] જાણતો નથી. (160)

ગાથાર્થ :—[सम्यक्त्वप्रतिनिबद्धं] સમ્યક્ત્વને રોકનારું [मिथ्यात्वं] મિથ્યાત્વ છે એમ [जिनवरैः] જિનવરોએ [परिकथितम्] કહ્યું છે; [तस्य उदयेन] તેના ઉદયથી [जीवः] જીવ [मिथ्यादृष्टिः] મિથ્યાદૃષ્ટિ થાય છે [इति ज्ञातव्यः] એમ જાણવું. [ज्ञानस्य प्रतिनिबद्धं] જ્ઞાનને રોકનારું [अज्ञानं] અજ્ઞાન છે એમ [जिनवरैः] જિનવરોએ [परिकथितम्] કહ્યું છે; [तस्य उदयेन] તેના ઉદયથી [जीवः] જીવ [अज्ञानी] અજ્ઞાની [भवति] થાય છે [ज्ञातव्यः] એમ જાણવું. [चारित्रप्रतिनिबद्धः] ચારિત્રને રોકનાર [कषायः] કષાય છે એમ [जिनवरैः] જિનવરોએ [परिकथितः] કહ્યું છે; [तस्य उदयेन] તેના ઉદયથી [जीवः] જીવ [अचारित्रः] અચારિત્રી [भवति] થાય છે [ज्ञातव्यः] એમ જાણવું. (161-162-163)

અહીંયા કહ્યું કે- "જ્ઞાનને રોકનારું અજ્ઞાન છે. તેના ઉદયથી જીવ અજ્ઞાની થાય છે-એમ જાણવું." જે અજ્ઞાનીઓ નિશ્ચયનયની વાતોમાં વિદ્વતા કેળવી તેમાં જ રમે છે, તેને શબ્દો અને પ્રવચનોનો વિષય બનાવી દે છે તેઓ નક્કી જ નિશ્ચયાભાસી ઉપદેશકો છે-એ વાત સમજાય છે. કારણ કે તેઓને એમ લાગે છે કે જ્ઞાનની વાતો કરવાથી, પ્રવચન કરવાથી, પ્રવચન સાંભળવાથી, ધ્યાન કરવાથી જ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ થઇ જશે. તેઓના એ પ્રયત્નથી કદાચ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય પણ ખરો, પરંતુ જ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ માટે તો દર્શનમોહ ઉપર કામ કરવું જરૂરી છે. તે વાતનું મહત્વ અજ્ઞાનને કારણે ઓછું આંકવાથી અનાદિથી આપણે આ ભૂલ કરતા આવ્યા છીએ. તેથી જ તો આપણે અનેક વાર નવ પૂર્વનું જ્ઞાન ભણવા છતાંય તે જ્ઞાન પણ અજ્ઞાનરૂપ જ રહ્યું. તેથી સમજવાનું એ છે કે આપણો પુરુષાર્થ દર્શનમોહને મંદ કરવાનો હોવો જોઈએ. માત્ર જાણકારી વાળું જ્ઞાન કામ નહીં કરી શકે. તેનાથી જાણકારી વધશે પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો દુર્લભ જ રહેશે. કારણ કે અજ્ઞાનીને શુદ્ધનય ઉપલબ્ધ જ નથી, તેની ઉપલબ્ધિ આત્માનુભૂતિ જ થાય છે. તેથી તેને નિશ્ચયના કથનથી, માન્યતાથી નયાભાસને કારણે નિશ્ચયાભાસ જ થાય છે.

શ્લોકાર્થ :—[कर्मनयावलम्बनपराः मग्नाः] કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી) પુરુષો ડૂબેલા છે [यत्] કારણ કે [ज्ञानं न जानन्ति] તેઓ જ્ઞાનને જાણતા નથી. [ज्ञाननय-एषिणः अपि मग्नाः] જ્ઞાનનયના ઈચ્છક (અર્થાત્ પક્ષપાતી) પુરુષો પણ ડૂબેલા છે [यत्] કારણ કે [अतिस्वच्छन्दमन्द-उद्यमाः] તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે (સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે). [ते विश्वस्य

उपरि तरन्ति] તે જીવો વિશ્વના ઉપર તરે છે કે [ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति] જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા-પરિણમતા થકા કર્મ કરતા નથી [च] અને [जातु प्रमादस्य वशं न यान्ति] ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી (-સ્વરૂપમાં ઉદ્યમી રહે છે). (111)

ભાવાર્થ :—અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે. (111)

અહીંયા કહ્યું છે કે કોઈ પણ એકાંતથી આત્મપ્રાપ્તિ શક્ય નથી. અહીંયા નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસી વિશે જણાવ્યું છે.

કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી અને વ્યવહાર દર્શન-જ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે—તેનો પક્ષપાત કરે છે. આવા કર્મનયના પક્ષપાતી લોકો—જેઓ જ્ઞાનને તો જાણતા નથી અને કર્મનયમાં જ ખેદખિન્ન છે તેઓ—સંસારમાં ડૂબે છે.

વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી અને સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના તેઓ પોતાને સર્વથા અબંધ માને છે અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે. આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી અને શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.

મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે. તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ પરંતુ શુભ કર્મને પણ છોડી, સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે—સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે. જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી ત્યાં સુધી—જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે તોપણ—અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે, પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા જીવો—જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ—કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે. ૧૧૧.

અહીંયા કહ્યું કે- "વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી અને સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના (નિશ્ચયાભાસી અથવા વ્યવહારભાસી અથવા ઉભયાભાસીઓના) ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના તેઓ પોતાને અબંધ માને છે..." અહીંયા બહુ જ સ્પષ્ટપણે જણાવ્યું છે કે જેઓ નિશ્ચયનયને માની લેવાની વાતો કરે છે-તેનું જ ધ્યાન કરવાનું કહેતા હોય છે. અને તેઓ માને છે કે

આવું કરવાથી જ આત્મજ્ઞાન થઇ જશે. તેઓ પોતાને પણ જ્ઞાની સમજતા હોય છે. તેઓને અહીંયા મિથ્યાદૃષ્ટિ કહ્યાં છે. માટે લોકોએ આવા નિશ્ચયાભાસી ઉપદેશકોથી સાવધાન રહેવા જેવું છે કારણ કે તેઓ લોકોનો આ ભવ અને ભવિષ્યનો અનંતકાળ દુ:ખમય બનાવે છે. તેવા નિશ્ચયાભાસી ઉપદેશકો જ્ઞાનીને પણ ઉભયાભાસી માનતા હોય છે અને પોતાને જ્ઞાની માનતા હોય છે.

## –૪–

# આસ્રવ અધિકાર

શ્લોકાર્થ:—[ अथ ] હવે [ समररङ्गपरागतम् ] સમરાંગણમાં આવેલા, [ महामदनिर्भरमन्थरं ] મહા મદથી ભરેલા મદમાતા [ आस्रवम् ] આસ્રવને [ अयम् दुर्जयबोधधनुर्धरः ] આ દુર્જય જ્ઞાન-બાણાવળી [ जयति ] જીતે છે—[ उदारगभीरमहोदयः ] કે જે જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે) અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે). (113)

ભાવાર્થ :—અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે તેથી અહીં રસવત્ અલંકાર વડે શાન્ત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે કે 'જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે'. આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે તેથી તે આસ્રવને જીતી લે છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે. ૧૧૩.

અહીંયા જણાવ્યા અનુસાર જ્ઞાની દ્વારા અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ શક્ય છે. 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. પરંતુ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીને પણ અબંધસ્વરૂપનો જ ઉપદેશ આપે છે. તેથી જ ભ્રમ થાય છે. તેથી બન્ને છેતરાઈને આ ભવ ગુમાવે છે.

ગાથાર્થ :—[ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अविरमणं ] અવિરમણ, [ कषाययोगौ च ] કષાય અને યોગ—એ આસ્રવો [ संज्ञासंज्ञाः तु ] સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્‌ગલના વિકાર) પણ છે. [ बहुविधभेदाः ] વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો—[ जीवे ] કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ—[ तस्य एव ] જીવના જ [ अनन्यपरिणामाः ] અનન્ય પરિણામ છે. [ ते तु ] વળી અસંજ્ઞ આસ્રવો [ ज्ञानावरणाद्यस्य कर्मणः ] જ્ઞાનાવરણ આદિ કર્મનું [ कारणं ] કારણ (નિમિત્ત) [ भवन्ति ] થાય છે [ च ] અને [ तेषाम् अपि ] તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) [ रागद्वेषादिभावकरः जीवः ] રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ [ भवति ] કારણ (નિમિત્ત) થાય છે. (164-165)

અનેક લોકો 'સમયસાર'શાસ્ત્રના આધારથી કહે છે કે જીવ રાગ કરતો જ નથી. તેઓને આચાર્ય અહીંયા ઉત્તર આપે છે કે- સંજ્ઞ રાગ-દ્વેષ એ ચેતનના વિકાર છે. તેઓ જીવના જ અનન્ય પરિણામ છે. તેથી એ વાત નિશ્ચિત થાય છે કે અજ્ઞાની રાગી-દ્વેષી છે, જ્યારે જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ-દ્વેષ હોતા નથી. જ્ઞાનીને રાગ-દ્વેષયુક્ત ભાવમાં 'હું પણું' (અહમ્) હોતું નથી. તે જ વાત નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીને પણ જ્ઞાનીની જેમ જ માની લેવાનું કહેતા હોય છે કે જે તેઓની બહુ જ મોટી ગેરસમજણ છે. તેનાથી જ તેમનો (નિશ્ચયાભાસી ઉપદેશકોનો) અને તેમને સાંભળીને અનુસરનારા ભોળા લોકોનો અનંત કાળ બગડે છે. દુ:ખમય બને છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળની સૌથી મોટી કરૂણાજનક વાત છે કે લોકો ધર્મના નામે પોતાને અને બીજા અનેકને છેતરે છે.

ગાથાર્થ :—[सम्यग्दृष्टेः तु] સમ્યગ્દૃષ્ટિને [आस्रवबन्धः] આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ [नास्ति] નથી, [आस्रवनिरोधः] (કારણ કે) આસ્રવનો (ભાવાસ્રવનો) નિરોધ છે; [तानि] નવાં કર્મોને [अबध्नन्] નહિ બાંધતો [सः] તે, [सन्ति] સત્તામાં રહેલાં [पूर्वनिबद्धानि] પૂર્વે બંધાયેલાં કર્મોને [जानाति] જાણે જ છે. (166)

ટીકા :—ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે—રોકાય છે—અભાવરૂપ થાય છે કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ; તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે તેમનો નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્ગલકર્મોને બાંધતો નથી,—સદાય અકર્તાપણું હોવાથી નવાં કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે. (જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો કર્મ બાંધે, જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી.) (166)

ભાવાર્થ :—જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી, અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી (અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી. આ રીતે જ્ઞાની સદાય અકર્તા હોવાથી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યાં છે તેમનો જ્ઞાતા જ રહે છે.

અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે, સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી. સમ્યગ્દૃષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.

આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી. (166)

‘સમયસાર’શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. કે જેને અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીને પણ માનવાનું કહે છે. તેઓ અજ્ઞાનીને ‘હું શુદ્ધાત્મા છું’ કે ‘હું ત્રિકાળી ધ્રુવ છું’ કે ‘હું પરમ-પુરુષ છું’ ઇત્યાદિ માન્યતાઓ-ધારણાઓ કરાવીને કહે છે કે તમે તો નિરાસ્રવસ્વરૂપ જ છો. વાત સાચી હોવા છતાં અજ્ઞાની નયાભાસને કારણે ભ્રમમાં જ રહે છે. તે પોતાના ત્રિકાળ સ્વરૂપને વર્તમાન પર્યાયમાં જ માનવા લાગે છે. જે તેના માટે ભવિષ્યમાં અનંત જન્મ-મરણોરૂપે દુ:ખ ઉત્પન્ન કરે છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળની સૌથી મોટી કરૂણાજનક વાત છે કે લોકો ધર્મના નામે પોતાને અને બીજા અનેકને છેતરે છે.

શ્લોકાર્થ :—[जीवस्य] જીવને [यः] જે [रागद्वेषमोहैः बिना] રાગદ્વેષમોહ વગરનો, [ज्ञाननिर्वृत्तः एव भावः] જ્ઞાનથી જ રચાયેલો ભાવ [स्यात्] છે અને [सर्वान् द्रव्यकर्मास्रव-ओघान् रुन्धन्] જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે, [एषः सर्व-भावास्रवाणाम् अभावः] તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે. (114)

ગાથાર્થ :—[तस्य ज्ञानिनः] તે જ્ઞાનીને [पूर्वनिबद्धाः तु] પૂર્વે બંધાયેલા [सर्वे अपि] સમસ્ત [प्रत्ययाः] પ્રત્યયો [पृथ्वीपिण्डसमानाः] માટીનાં ઢેફાં સમાન છે [तु] અને [ते] તે [कर्मशरीरेण] (માત્ર) કાર્મણ શરીર સાથે [बद्धाः] બંધાયેલ છે. (169)

ટીકા :—જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે, તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો અચેતન પુદ્ગલપરિણામવાળા હોવાથી જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે (—જેવા માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે); તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે—સંબંધવાળા છે, જીવ સાથે નહિ; માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે. (169)

અહીંયા પણ ઉપરોક્ત ભાવ જ દૃઢ થાય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ પોતાને અને લોકોને છેતરવાનું બંધ કરવું જોઈએ.

શ્લોકાર્થ :—[भावास्रव-अभावम् प्रपन्नः] ભાવાસ્રવોના અભાવને પામેલો અને [द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः] દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો [अयं ज्ञानी] આ જ્ઞાની—[सदा ज्ञानमय-एक-भावः] કે જે સદા એક જ્ઞાનમય ભાવવાળો છે તે—[निरास्रवः] નિરાસ્રવ જ છે, [एकः ज्ञायकः एव] માત્ર એક જ્ઞાયક જ છે. (115)

ગાથાર્થ :—[यस्मात् तु] કારણ કે [ज्ञानगुणः] જ્ઞાનગુણ, [जघन्यात् ज्ञानगुणात्] જઘન્ય જ્ઞાનગુણને લીધે [पुनरपि] ફરીને પણ [अन्यत्वं] અન્યપણે [परिणमते] પરિણમે છે, [तेन तु] તેથી [सः] તે (જ્ઞાનગુણ) [बन्धकः] કર્મનો બંધક [भणितः] કહેવામાં આવ્યો છે. (171)

ટીકા :—જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે (—ક્ષાયોપશમિક ભાવ છે) ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે. તે (જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન), યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી રાગનો સદ્‌ભાવ હોવાથી, બંધનું કારણ જ છે. (171)

ગાથાર્થ :—[सम्यग्दृष्टेः] સમ્યગ્દૃષ્ટિને [सर्वे] બધા [पूर्वनिबद्धाः तु] પૂર્વે બંધાયેલા [प्रत्ययाः] પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) [सन्ति] સત્તારૂપે મોજૂદ છે તેઓ [उपयोगप्रायोग्यं] ઉપયોગના પ્રયોગ અનુસાર, [कर्मभावेन] કર્મભાવ વડે (–રાગાદિક વડે) [बध्नन्ति] નવો બંધ કરે છે. તે પ્રત્યયો, [निरुपभोग्यानि] નિરુપભોગ્ય [भूत्वा] રહીને પછી [यथा] જે રીતે

અહીંયા પણ ઉપરોક્ત ભાવ જ દૃઢ થાય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ પોતાને અને લોકોને છેતરવાનું બંધ કરવું જોઈએ.

[उपभोग्यानि] ઉપભોગ્ય [भवन्ति] થાય છે [तथा] તે રીતે, [ज्ञानावरणादिभावैः] જ્ઞાનાવરણાદિ ભાવે [सप्ताष्टविधानि भूतानि] સાત-આઠ પ્રકારનાં થયેલાં એવાં કર્મોને [बध्नाति] બાંધે છે. [सन्ति तु] સત્તા-અવસ્થામાં તેઓ [निरुपभोग्यानि] નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી—[यथा] જેમ [इह] જગતમાં [बाला स्त्री] બાળ સ્ત્રી [पुरुषस्य] પુરુષને નિરુપભોગ્ય છે તેમ; [तानि] તેઓ [उपभोग्यानि] ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં [बध्नाति] બંધન કરે છે—[यथा] જેમ [तरुणी स्त्री] તરુણ સ્ત્રી [नरस्य] પુરુષને બાંધે છે તેમ. [एतेन तु कारणेन] આ કારણથી [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિને [अबन्धकः] અબંધક [भणितः] કહ્યો છે, કારણ કે [आस्रवभावाभावे] આસ્રવભાવના અભાવમાં [प्रत्ययाः] પ્રત્યયોને [बन्धकाः] (કર્મના) બંધક [न भणिताः] કહ્યા નથી. (173-174-175-176)

ટીકા :—જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ સ્ત્રી અનુપભોગ્ય છે પરંતુ યૌવનને પામેલી એવી તે પહેલાંની પરણેલી સ્ત્રી યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે અને જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે—વશ કરે છે, તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે એવા પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં તેઓ ઉપયોગના પ્રયોગ અનુસારે (અર્થાત્ દ્રવ્યપ્રત્યયના ઉપભોગમાં ઉપયોગ જોડાય તેના પ્રમાણમાં), કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્‌ભાવને લીધે જ, બંધન કરે છે. માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે, કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી. (જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે.) (173-174-175-176)

ભાવાર્થ :—દ્રવ્યાસ્રવોના ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિક-ભાવ છે. દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ અને તેથી બંધ પણ થઈ શકે નહિ. દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ

થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી. (173-174-175-176)

**અહીંયા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જણાવેલ છે. અનેક લોકો તે પણ માનતા નથી. તેને ન માનવો તે ભૂલભરેલું જ કહેવાશે.**

સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી. (ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી; ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં–સત્તામાં–જ હોવાથી સત્તામાં રહેલું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી; અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક-ઉદયમાં આવતી નથી તેથી તે પ્રકારનો બંધ થતો નથી.)

અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે તેમાં જે પ્રકારે જીવ જોડાય છે તે પ્રકારે તેને નવો બંધ થાય છે; તેથી ગુણસ્થાનોના વર્ણનમાં અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી. સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી, માત્ર અસ્થિરતારૂપે જોડાય છે; અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ જ નથી. માટે સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે; ઉદયનો જ્ઞાતાદ્રષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે ત્યારે કર્તા નથી, જ્ઞાતા જ છે. આ અપેક્ષાએ, સમ્યગ્દૃષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઈને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે. જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો. વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે. (173-176)

ભાવાર્થ :—જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા દ્રવ્યાસ્રવો સત્તા-અવસ્થામાં હયાત છે અને તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે. પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી, કેમ કે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે. અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો. ૧૧૮.

ભાવાર્થ :—અહીં, રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું હોઈ શકે નહિ એવો અવિનાભાવી નિયમ કહ્યો ત્યાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો. મિથ્યાત્વસંબંધી રાગાદિકને જ અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે. સમ્યગ્દૃષ્ટિ થયા પછી કાંઈક

ચારિત્રમોહસંબંધી રાગ રહે છે તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે. આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવાસ્રવનો અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે. દ્રવ્યાસ્રવોને બંધના હેતુ થવામાં હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દષ્ટિને અભાવ હોવાથી દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી, અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દષ્ટિને-જ્ઞાનીને-બંધ થતો નથી. (177-178)

શ્લોકાર્થ :—[उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य] ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને [ये] જેઓ [सदा एव] સદાય [ऐकाग्र्यम् एव] એકાગ્રપણાનો જ [कलयन्ति] અભ્યાસ કરે છે [ते] તેઓ, [सततं] નિરંતર [रागादिमुक्तमनसः भवन्तः] રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, [बन्धविधुरं समयस्य सारम्] બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) [पश्यन्ति] દેખે છે—અનુભવે છે. (120)

અહીંયા કહ્યું છે કે- "ઉદ્ધત જ્ઞાન (જ્ઞાનીનું જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો અશ્રય કરીને..." તેનો અર્થ એ થાય છે કે જ્ઞાની શુદ્ધનયમાં રહીને એટલે કે શુદ્ધાત્માના અનુભવમાં રહીને તેમાં જ રહેવાનો અભ્યાસ કરે છે, તેઓ ટુંકમાં જ શ્રેણી ચઢે છે અને બંધરહિત એવા સમયના સારને પામે છે. અજ્ઞાનીઓએ આવું માનીને પોતાને છેતરવા નહીં. ભ્રમમાં રહેવું નહીં.

ભાવાર્થ :—અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે. 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું'—એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે અને સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ.

શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે. વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. ૧૨૦.

અહીંયા કહ્યું છે કે- "હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું" એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. એટલે કે 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું' એવી સ્વાત્માનુભૂતિ તે શુદ્ધનય. તેથી અહીંયા નિશ્ચયાભાસી ઉપદેશકોએ સમજવાનું છે કે અહીંયા શુદ્ધનિશ્ચયનયને શબ્દોરૂપે ન કહેતા આત્મદ્રવ્યનું પરિણમન એટલે કે સ્વાત્માનુભૂતિરૂપ કહ્યો છે. નિશ્ચયાભાસી ઉપદેશકો નિશ્ચયનયને શબ્દરૂપે સમજીને પોતે પોતાને એવા માનવા લાગે છે અને તેવો જ ઉપદેશ અજ્ઞાની હોવાને કારણે બીજા અજ્ઞાનીઓને પણ આપે છે. કે જે કરૂણાજનક વાત છે. તેથી સમજાય છે કે તેઓ એ વાતથી જ અજાણ છે કે આ કોઈ માની લેવાની વાત નથી. પરંતુ અનુભવવાની વાત છે. સ્વાત્માનુભૂતિ થતાં જ આ ભાવ અનુભવમાં આવે છે. તેથી સાચી રીત આત્માનુભવની છે, માની લેવાની નહીં. ભ્રમ પાળવાની નહીં.

ભાવાર્થ :—જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે, રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે. ટીકામાં જે એમ કહ્યું છે કે "દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે", તે નિમિત્તથી કહ્યું છે. ત્યાં એમ સમજવું કે "દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે છે". (179-180)

હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :—[अत्र] અહીં [इदम् एव तात्पर्यं] આ જ તાત્પર્ય છે કે [शुद्धनयः न हि हेयः] શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી; [हि] કારણ કે [तत्-अत्यागात् बन्धः नास्ति] તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી અને [तत्-त्यागात् बन्धः एव] તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૨૨.

ફરી, 'શુદ્ધનય છોડવાયોગ્ય નથી' એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[धीर-उदार-महिम्नि अनादिनिधने बोधे धृतिं निबध्नन् शुद्धनयः] ધીર (ચળાચળતા રહિત) અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત) જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો (અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય— [कर्मणाम् सर्वंकषः] કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે તે—[कृतिभिः] પવિત્ર ધર્મી (સમ્યગ્દૃષ્ટિ) પુરુષોએ [जातु] કદી પણ [न त्याज्यः] છોડવાયોગ્ય નથી. [तत्रस्थाः] શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો, [बहिः निर्यत् स्व-मरीचि-चक्रम् अचिरात् संहृत्य] બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને, [पूर्णं ज्ञान-घन-ओघम् एकम् अचलं शान्तं महः] પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ, એક, અચળ, શાંત તેજને–તેજઃપુંજને–[पश्यन्ति] દેખે છે અર્થાત્ અનુભવે છે. (123)

ભાવાર્થ :—શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી તથા પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી, આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર–સ્થિર–થતી જાય છે. એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને સંકેલીને, શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક પુરુષાકાર, વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે. શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. માટે શુદ્ધનયના આલંબન વડે જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૧૨૩.

અહીંયા શુદ્ધનિશ્ચયનયને શબ્દોરૂપે ન કહેતા પરિણતિરૂપે શુદ્ધાત્મામાં એકાગ્ર-સ્થિર થવા કહ્યું. એટલે કે શુદ્ધાત્માના અનુભવમાં સ્થિર થવા કહ્યું કે જેનાથી કેવળજ્ઞાન ઊપજે છે-એમ કહ્યું. નિશ્ચયાભાસી ઉપદેશકો શુદ્ધનિશ્ચયનયને શબ્દરૂપ સમજીને પોતે પોતાને એવા માનવા લાગે છે અને તેવો જ ઉપદેશ અજ્ઞાનીઓને પણ આપે છે. કે જે કરૂણાજનક વાત છે. તેથી સમજાય છે કે તેઓ એ વાતથી જ અજાણ છે કે આ કોઈ માની લેવાની વાત નથી. પરંતુ અનુભવવાની વાત છે. સ્વાત્માનુભૂતિ થતાં જ આ ભાવ

અનુભવમાં આવે છે. તેથી સાચી રીત અનુભવવાની છે, માની લેવાની નહીં. ભ્રમમાં રહેવાની નહીં કારણ કે તેનાથી કોઈ આત્મલાભ નથી. નથી જ.

ભાવાર્થ :—જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે અને શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી. ૧૨૪.

## —૫—
## સંવર અધિકાર

શ્લોકાર્થ :—[ आसंसार - विरोधि - संवर - जय - एकान्त - अवलिप्त - आस्रव - न्यक्कारात् ] અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી [ प्रतिलब्ध-नित्य-विजयं संवरम् ] જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને [ सम्पादयत् ] ઉત્પન્ન કરતી, [ पररूपतः व्यावृत्तं ] પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી), [ सम्यक्-स्वरूपे नियमितं स्फुरत् ] પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી, [ चिन्मयम् ] ચિન્મય, [ उज्ज्वलं ] ઉજ્જ્વળ (–નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને [ निज-रस-प्राग्भारम् ] નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી –અતિશયપણાવાળી [ ज्योतिः ] જ્યોતિ [ उज्जृम्भते ] પ્રગટ થાય છે, ફેલાય છે. (125)

ગાથાર્થ :—[ उपयोगः ] ઉપયોગ [ उपयोगे ] ઉપયોગમાં છે, [ क्रोधादिषु ] ક્રોધાદિકમાં [ कोऽपि उपयोगः ] કોઈ ઉપયોગ [ नास्ति ] નથી; [ च ] વળી [ क्रोधः ] ક્રોધ [ क्रोधे एव हि ] ક્રોધમાં જ છે, [ उपयोगे ] ઉપયોગમાં [ खलु ] નિશ્ચયથી [ क्रोधः ] ક્રોધ [ नास्ति ] નથી. [ अष्टविकल्पे कर्मणि ] આઠ પ્રકારનાં કર્મ [ च अपि ] તેમ જ [ नोकर्मणि ] નોકર્મમાં [ उपयोगः ] ઉપયોગ [ नास्ति ] નથી [ च ] અને [ उपयोगे ] ઉપયોગમાં [ कर्म ] કર્મ [ च अपि ] તેમ જ [ नोकर्म ] નોકર્મ [ नो अस्ति ] નથી.—[ एतत् तु ] આવું [ अविपरीतं ] અવિપરીત [ ज्ञानं ] જ્ઞાન [ यदा तु ] જ્યારે [ जीवस्य ] જીવને [ भवति ] થાય છે, [ तदा ] ત્યારે [ उपयोगशुद्धात्मा ] તે ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મા [ किञ्चित् भावम् ] ઉપયોગ સિવાય અન્ય કોઈ પણ ભાવને [ न करोति ] કરતો નથી. (181-182-183)

પૂર્વે કહ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ 'આપ ઉપયોગસ્વરૂપ જ છો' એવો ઉપદેશ આપતા હોય છે. જ્ઞાનીને અનુભૂતિમાં અને અભિપ્રાયમાં જ્ઞાન સિવાય કોઈ ભાવ હોતા જ

નથી. પરંતુ નિશ્ચયાભાસી ઉપદેશકો એ વાતથી અજાણ જ હોય છે કે અજ્ઞાની નિયમથી પોતાને વિશેષભાવરૂપે જ અનુભવતો હોય છે એટલે કે પર્યાયરૂપે જ અનુભવતો હોય છે. તેથી તે દ્રવ્યરૂપે અનુભવાતા ઉપયોગથી અજાણ જ હોય છે. તેને તો જ્ઞેયનો જ અનુભવ હોય છે. સ્વાત્માનુભૂતિ થતાં જ આ ઉપયોગમાં ઉપયોગ અનુભવાય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ એ વાત સમજવી અત્યંત આવશ્યક છે કે- શુદ્ધાત્માના અનુભવ વગર જ પોતાને ઉપયોગસ્વરૂપ માની લેવાથી જ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ નહીં થાય. પરંતુ તેના માટે જરૂરી એવી આત્માની અન્ય વૈરાગ્યાદિ યોગ્યતાઓ અર્જિત કર્યા બાદ જ તેનો અનુભવ થશે. અન્યથા તો ભ્રમ જ થશે. અજ્ઞાન જ દૃઢ થશે.

શ્લોકાર્થ :—[ चैद्रूप्यं जडरूपतां च दधतोः ज्ञानस्य रागस्य च ] ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ—[ द्वयोः ] એ બન્નેનો, [ अन्तः ] અંતરંગમાં [ दारुण-दारणेन ] દારુણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), [ परितः विभागं कृत्वा ] ચોતરફથી વિભાગ કરીને (—સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને—), [ इदं निर्मलम् भेदज्ञानम् उदेति ] આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; [ अधुना ] માટે હવે [ एकम् शुद्ध-ज्ञानघन-ओघम् अध्यासिताः ] એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને [ द्वितीय-च्युताः ] બીજાથી એટલે રાગથી રહિત એવા [ सन्तः ] હે સત્પુરુષો! [ मोदध्वम् ] તમે મુદિત થાઓ. (126)

પૂર્વે કહ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે.

ગાથાર્થ :—[ यथा ] જેમ [ कनकम् ] સુવર્ણ [ अग्नितप्तम् अपि ] અગ્નિથી તપ્ત થયું થકું પણ [ तं ] તેના [ कनकभावं ] સુવર્ણપણાને [ न परित्यजति ] છોડતું નથી [ तथा ] તેમ [ ज्ञानी ] જ્ઞાની [ कर्मोदयतप्तः तु ] કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ [ ज्ञानित्वम् ] જ્ઞાનીપણાને [ न जहाति ] છોડતો નથી.—[ एवं ] આવું [ ज्ञानी ] જ્ઞાની [ जानाति ] જાણે છે, અને [ अज्ञानी ] અજ્ઞાની [ अज्ञानतमोऽवच्छन्नः ] અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી [ आत्मस्वभावम् ] આત્માના સ્વભાવને [ अजानन् ] નહિ જાણતો થકો [ रागम् एव ] રાગને જ [ आत्मानम् ] આત્મા [ मनुते ] માને છે. (184-185)

પૂર્વે કહ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. અજ્ઞાની નિયમથી પોતાને વિશેષભાવરૂપે (રાગરૂપે) જ અનુભવતો હોય છે એટલે કે પર્યાયરૂપે જ અનુભવતો હોય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ એ વાત સમજવી અત્યંત આવશ્યક છે કે- શુદ્ધાત્માના અનુભવ વગર જ પોતાને ઉપયોગસ્વરૂપ માની લેવાથી જ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ નહીં થાય. પરંતુ તે જીવ અજ્ઞાન-અંધકાર આચ્છાદિત જ રહે છે. કલ્યાણ સંભવ જ નથી.

ભાવાર્થ :—જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે 'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી'. આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે. જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે. (184-185)

ગાથાર્થ :—[शुद्धं तु] શુદ્ધ આત્માને [विजानन्] જાણતો–અનુભવતો [जीवः] જીવ [शुद्धं च एव आत्मानं] શુદ્ધ આત્માને જ [लभते] પામે છે [तु] અને [अशुद्धम्] અશુદ્ધ [आत्मानं] આત્માને [जानन्] જાણતો–અનુભવતો જીવ [अशुद्धम् एव] અશુદ્ધ આત્માને જ [लभते] પામે છે. (186)

શ્લોકાર્થ :—[यदि] જો [कथम् अपि] કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) [धारावाहिना बोधनेन] ધારાવાહી જ્ઞાનથી [शुद्धम् आत्मानम्] શુદ્ધ આત્માને [ध्रुवम् उपलभमानः आस्ते] નિશ્ચળપણે અનુભવ્યા કરે [तत्] તો [अयम् आत्मा] આ આત્મા, [उदयत्-आत्म-आरामम् आत्मानम्] જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને [पर-परिणति-रोधात्] પરપરિણતિના નિરોધથી [शुद्धम् एव अभ्युपैति] શુદ્ધ જ પ્રાપ્ત કરે છે. (127)

જે જ્ઞાની જીવ ધારાવાહી જ્ઞાનથી એટલે કે જ્ઞાનની અનુભૂતિમાં સ્થિરતા કરે છે તે જીવ આસ્રવનો સંવર કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. સાક્ષાત શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની ગમે તેટલાં 'હું શુદ્ધાત્મા છું'ના જાપ કરે પણ યોગ્યતાઓ વગર અનુભવ નહીં થાય. ભ્રમ અવશ્ય થઈ શકે છે.

ગાથાર્થ :—[आत्मानम्] આત્માને [आत्मना] આત્મા વડે [द्विपुण्यपापयोगयोः] બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી [रुन्ध्वा] રોકીને [दर्शनज्ञाने] દર્શનજ્ઞાનમાં [स्थितः] સ્થિત થયો થકો [च] અને [अन्यस्मिन्] અન્ય (વસ્તુ)ની [इच्छाविरतः] ઇચ્છાથી વિરમ્યો થકો, [यः आत्मा] જે આત્મા, [सर्वसङ्गमुक्तः] (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, [आत्मानम्] (પોતાના) આત્માને [आत्मना] આત્મા વડે [ध्यायति] ધ્યાવે છે—[कर्म नोकर्म] કર્મ અને નોકર્મને [न अपि] ધ્યાતો નથી, [चेतयिता] (પોતે) [1]ચેતયિતા (હોવાથી) [एकत्वम्] એકત્વને જ [चिन्तयति] ચિંતવે છે—ચેતે છે—અનુભવે છે, [सः] તે (આત્મા), [आत्मानं ध्यायन्] આત્માને ધ્યાતો, [दर्शनज्ञानमयः] દર્શનજ્ઞાનમય અને [अनन्यमयः] [2]અનન્યમય થયો થકો [अचिरेण एव] અલ્પ કાળમાં જ [कर्मप्रविमुक्तम्] કર્મથી રહિત [आत्मानम्] આત્માને [लभते] પામે છે. (187-189)

અહીંયા કહ્યું છે કે- "...ઇચ્છાથી વિરમ્યો થકો,.." તેથી સમજાય છે કે પહેલા આત્મપ્રાપ્તિ માટે અને પછી આત્મસ્થિરતા માટે ઇચ્છાથી વિરમવું આવશ્યક છે. તેથી સર્વ મુમુક્ષુઓએ સંવરપ્રાપ્તિ માટે પહેલાં ઇચ્છાથી વિરમવું આવશ્યક છે. જે અમે વારંવાર કહીએ છીએ.

ભાવાર્થ:—જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે—ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે, અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે, આસ્રવભાવથી કર્મ બંધાય છે, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે અને નોકર્મથી સંસાર છે. પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે, અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે, આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી, કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.—આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો. (190-191-192)

અહીંયા અજ્ઞાની કેવો હોય છે તે બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ એ વાત સમજવી અત્યંત આવશ્યક છે કે- શુદ્ધાત્માના અનુભવ વગર જ પોતાને શુદ્ધ માની લેવાથી જ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ નહીં થાય. અને તેવા જીવને સંવરની પ્રાપ્તિ પણ નહીં થાય. સંસારનો અભાવ પણ નહીં થાય. જે અમે વારંવાર સમજાવીએ છીએ.

## —૬—
## નિર્જરા અધિકાર

શ્લોકાર્થ :—[परः संवरः] પરમ સંવર, [रागादि-आस्रव-रोधतः] રાગાદિ આસ્રવોને રોકવાથી [निज-धुरां धृत्वा] પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને (–પોતાના કાર્યને બરાબર સંભાળીને), [समस्तम् आगामि कर्म] સમસ્ત આગામી કર્મને [भरतः दूरात् एव] અત્યંતપણે દૂરથી જ [निरुन्धन् स्थितः] રોકતો ઊભો છે; [तु] અને [प्राग्बद्धं] જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે [तत् एव दग्धुम्] તેને બાળવાને [अधुना] હવે [निर्जरा व्याजृम्भते] નિર્જરા (–નિર્જરારૂપી અગ્નિ–) ફેલાય છે [यतः] કે જેથી [ज्ञानज्योतिः] જ્ઞાનજ્યોતિ [अपावृतं] નિરાવરણ થઈ થકી (ફરીને) [रागादिभिः न हि मूर्छति] રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી—સદા અમૂર્છિત રહે છે. (133)

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. અજ્ઞાનીઓએ આવું માનીને પોતાને છેતરવા નહીં. જ્ઞાની સ્વાત્માનુભૂતિમાં વારંવાર રહેવાનો પુરુષાર્થ કરે છે. કે જેથી સંવર અને ગુણશ્રેણી નિર્જરા થાય છે.

ગાથાર્થ :—[सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિ જીવ [यत्] જે [इन्द्रियैः] ઇન્દ્રિયો વડે [अचेतनानाम्] અચેતન તથા [इतरेषाम्] ચેતન [द्रव्याणाम्] દ્રવ્યોનો [उपभोगम्] ઉપભોગ [करोति] કરે છે [तत् सर्वं] તે સર્વ [निर्जरानिमित्तम्] નિર્જરાનું નિમિત્ત છે. (193)

ટીકા :—વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે (અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે). રાગાદિભાવોના સદ્‌ભાવથી મિથ્યાદૃષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે; તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દૃષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે. આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું. (193)

ભાવાર્થ :—સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે; માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગી છે. તેને ઈન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. તે જાણે છે કે "આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે, મારે અને તેને કાંઈ નાતો નથી; કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે". જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે અને પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી

ત્યાં સુધી—જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઈલાજ કરે છે તેમ—ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે; પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી. વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે, તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી. આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી, આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ. આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઈ. માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે. (193)

**'સમયસાર'શાસ્ત્રમાં મહદ્‌અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. અજ્ઞાનીને અભિપ્રાયમાં બાહ્યસુખો પ્રત્યે જ આકર્ષણ હોય છે.**

શ્લોકાર્થ:—[किल] ખરેખર [तत् सामर्थ्यं] તે (આશ્ચર્યકારક) સામર્થ્ય [ज्ञानस्य एव] જ્ઞાનનું જ છે [वा] અથવા [विरागस्य एव] વિરાગનું જ છે [यत्] કે [कः अपि] કોઈ (સમ્યગ્દૃષ્ટિ જીવ) [कर्म भुञ्जानः अपि] કર્મને ભોગવતો છતો [कर्मभिः न बध्यते] કર્મોથી બંધાતો નથી! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.) ૧૩૪.

ગાથાર્થ :—[यथा] જેમ [वैद्यः पुरुषः] વૈદ્ય પુરુષ [विषम् उपभुञ्जानः] વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતો [मरणम् न उपयाति] મરણ પામતો નથી, [तथा] તેમ [ज्ञानी] જ્ઞાની [पुद्गलकर्मणः] પુદ્‌ગલકર્મના [उदयं] ઉદયને [भुंक्ते] ભોગવે છે તોપણ [न एव बध्यते] બંધાતો નથી. (195)

**અહીંયા જ્ઞાનીને વૈદ્ય સમાન કહ્યો છે કે જે ભોગ ભોગવવા છતાં નવા કર્મ બાંધતો નથી અથવા ઓછા બાંધે છે. તે જાણીને અજ્ઞાનીને પણ તેવી રીતે ભોગ ભોગવવાનો અભિપ્રાય બને છે કારણ કે તેને**

અભિપ્રાયમાં બાહ્યસુખો પ્રત્યે મૂર્છા હોય છે. શુદ્ધનય કાચા પારા જેવો છે, તે જ્ઞાનીને સિદ્ધત્વ અપાવે છે જ્યારે અજ્ઞાની તે અનુભૂતિ વગર માની લે તો તે તેને અનંત સંસાર જ અપાવે છે.

ભાવાર્થ :—જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઇંદ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી, કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ તેને જ્ઞાની ભોગવતો નથી—પામતો નથી. ૧૩૫.

જો કોઈ અજ્ઞાની=નિશ્ચયાભાસી ઉપદેશકો આ વાત પોતાને માટે વાપરે તો તે તેમને અનંત સંસારનું-દુ:ખનું કારણ બની શકે છે. તેઓ વૈદ્યની જેમ કાચા પારાને પચાવી શકતા નથી.

ટીકા:—જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી પ્રાકરણિક નથી અને બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે (અર્થાત્ સેવનારો નથી) અને મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં રાગાદિભાવોના સદ્‌ભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે. (197)

શ્લોકાર્થ :—[सम्यग्दृष्टेः नियतं ज्ञान-वैराग्य-शक्तिः भवति] સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; [यस्मात्] કારણ કે [अयं] તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) [स्व-अन्य-रूप-आप्ति-मुक्त्या] સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે [स्वं वस्तुत्वं कलयितुम्] પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે, [इदं स्वं च परं] 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' [व्यतिकरम्] એવો ભેદ [तत्त्वतः] પરમાર્થે [ज्ञात्वा] જાણીને [स्वस्मिन् आस्ते] સ્વમાં રહે છે (–ટકે છે) અને [परात् रागयोगात्] પરથી—રાગના યોગથી—[सर्वतः] સર્વ પ્રકારે [विरमति] વિરમે છે. (આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.) ૧૩૬.

અહીંયા બહુ જ સ્પષ્ટ કહ્યું છે કે સમ્યગ્દર્શન જ્ઞાન-વૈરાગ્ય વગર હોઈ શકતું નથી. તેથી જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને એવો ઉપદેશ આપતા હોય કે 'આપને શુદ્ધ થવાનું નથી, પણ આપ શુદ્ધ જ છો એવો નિર્ણય કરો.' તો તેવા નિશ્ચયાભાસી ઉપદેશકો પણ પોતાનું અજ્ઞાન જ છતું કરે છે. કારણ કે સૌથી પહેલો ઉપદેશ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મ-સન્મુખતા પામવાનો હોવો જોઈએ. પોતાને શુદ્ધ માની લેવાનો ઉપદેશ તો બીજાને પણ પોતાની જેમ નિશ્ચયાભાસી બનાવવાનો જ કહેવાશે. તેથી જ્ઞાન અને વૈરાગ્ય આત્મપ્રાપ્તિની યોગ્યતારૂપે જરૂરી છે. તેનાથી જ સાધકને આત્મ-સન્મુખતા પ્રાપ્ત થાય છે કે જેથી તેની આત્મપ્રાપ્તિ સરલ બને છે.

ગાથાર્થ :—[कर्मणां] કર્મોના [उदयविपाकः] ઉદયનો વિપાક (ફળ) [जिनवरैः] જિનવરોએ [विविधः] અનેક પ્રકારનો [वर्णितः] વર્ણવ્યો છે [ते] તે [मम स्वभावाः] મારા સ્વભાવો [न तु] નથી; [अहम् तु] હું તો [एकः] એક [ज्ञायकभावः] જ્ઞાયકભાવ છું. (198)

અહીંયા જે કહ્યું કે "હું તો એક જ્ઞાયકભાવ છું" તે જ્ઞાનની અનુભૂતિપૂર્વક કહ્યું છે. જો અજ્ઞાની આવું માને તો નિશ્ચયાભાસી જ બને કારણ કે શુદ્ધનયનો જન્મ આત્માનુભૂતિથી જ થાય છે.

ભાવાર્થ :—આ પ્રમાણે સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દ્રષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે. (198)

હવે સમ્યગ્દ્રષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—એમ કહે છે :—

ગાથાર્થ :—[रागः] રાગ [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મ છે, [तस्य] તેનો [विपाकोदयः] વિપાકરૂપ ઉદય [एषः भवति] આ છે, [एषः] આ [मम भावः] મારો ભાવ [न तु] નથી; [अहम्] હું તો [खलु] નિશ્ચયથી [एकः] એક [ज्ञायकभावः] જ્ઞાયકભાવ છું. (199)

આ રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે—એમ હવેની ગાથામાં કહે છે :—

ગાથાર્થ :—[एवं] આ રીતે [सम्यग्दृष्टिः] સમ્યગ્દ્રષ્ટિ [आत्मानं] આત્માને (પોતાને) [ज्ञायकस्वभावम्] જ્ઞાયકસ્વભાવ [जानाति] જાણે છે [च] અને [तत्त्वं] તત્ત્વને અર્થાત્ યથાર્થ સ્વરૂપને [विजानन्] જાણતો થકો [कर्मविपाकं] કર્મના વિપાકરૂપ [उदयं] ઉદયને [मुञ्चति] છોડે છે. (200)

"જે જીવ પરદ્રવ્યમાં આસક્ત–રાગી છે અને સમ્યગ્દ્રષ્ટિપણાનું અભિમાન કરે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે" એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :—

શ્લોકાર્થ :—"[अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः, मे जातु: बन्धः न स्यात्] આ હું પોતે સમ્યગ્દ્રષ્ટિ છું, મને કદી બંધ થતો નથી (કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દ્રષ્ટિને બંધ કહ્યો નથી)" [इति] એમ માનીને [उत्तान-उत्पुलक-वदनाः] જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે એવા [रागिणः] રાગી જીવો (–પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો–) [अपि] ભલે [आचरन्तु] મહાવ્રતાદિનું આચરણ કરો તથા [समितिपरतां आलम्बन्तां] *સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો [अद्य अपि] તોપણ હજુ [ते पापाः] તેઓ પાપી (મિથ્યાદ્રષ્ટિ) જ છે, [यतः] કારણ કે [आत्म-अनात्म-अवगम-विरहात्] આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી [सम्यक्त्व-रिक्ताः सन्ति] તેઓ સમ્યક્‌ત્વથી રહિત છે. (137)

ભાવાર્થ :—પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દ્રષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્‌ત્વ કેવું? તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ

હોવાથી તે પાપી જ છે. પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દૃષ્ટિ કેવો? કારણ કે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે અને જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે. જ્ઞાન થવામાત્રથી બંધથી છુટાતું નથી, જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ–શુદ્ધોપયોગરૂપ–ચારિત્રથી બંધ કપાય છે. માટે રાગ હોવા છતાં, 'બંધ થતો નથી' એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ છે.

અહીં કોઈ પૂછે કે "વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે, તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?" તેનું સમાધાન :—સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે. આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

વળી કોઈ પૂછે છે કે—"પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ. અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે, તેમને સમ્યક્ત્વ કેમ છે?" તેનું સમાધાન :—અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે. જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી—ભેદજ્ઞાન નથી એમ સમજવું. જીવ મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભ ભાવોથી પોતાનો મોક્ષ માને છે અને પર જીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું ઈત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું; કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા, શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું. આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ તો જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે ત્યાં સુધી તે રાગાદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે—આ કર્મનું જોર છે; તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે. તે તેમને રોગવત્ જાણે છે. પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઈલાજ કરવારૂપે પ્રવર્તે છે તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી; કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો? તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે અને તે મટવું પણ પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી. આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદૃષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું. અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે, મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી; માટે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે. મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દૃષ્ટિ નથી. આવા (મિથ્યાદૃષ્ટિના અને સમ્યગ્દૃષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. (137)

મિથ્યાદૃષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે—વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે, પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે. જો કોઈ વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય તો તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ છે —તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ બની જાય છે. ૧૩૭.

હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દૃષ્ટિ ન હોય? તેનો ઉત્તર કહે છે :—

અહીંયા બહુ જ સ્પષ્ટરૂપે જણાવ્યું છે કે અત્યારે મહદ્અંશે લોકો નિશ્ચયાભાસી અથવા વ્યવહારભાસી અથવા ઉભયાભાસી જ હોવાની સંભાવના વધારે છે. તેવા અજ્ઞાનીઓનો 'સમયસાર' જેવા અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ જ નથી અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજ ગ્રહણ કરે છે. તેથી સાચો સ્યાદ્વાદ સમજનારા લોકો તો કોઈક વિરલા જ હશે. તેમને જ સમ્યગ્દર્શન થાય છે.

ગાથાર્થ :—[खलु] ખરેખર [यस्य] જે જીવને [रागादीनां तु परमाणुमात्रम् अपि] પરમાણુમાત્ર–લેશમાત્ર–પણ રાગાદિક [विद्यते] વર્તે છે [सः] તે જીવ [सर्वागमधरः अपि] ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ [आत्मानं तु] આત્માને [न अपि जानाति] નથી જાણતો; [च] અને [आत्मानम्] આત્માને [अजानन्] નહિ જાણતો થકો [सः] તે [अनात्मानं अपि] અનાત્માને (પરને) પણ [अजानन्] નથી જાણતો; [जीवाजीवौ] એ રીતે જે જીવ અને અજીવને [अजानन्] નથી જાણતો તે [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [कथं भवति] કેમ હોઈ શકે? (201-202)

ટીકા :—જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે તે ભલે શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો; અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા—એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે; (જેને અનાત્માનો–રાગનો–નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા—બન્નેનો નિશ્ચય હોવો જોઈએ.) એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો તે જીવ અને અજીવને નથી જાણતો; અને જે જીવ-અજીવને નથી જાણતો તે સમ્યગ્દૃષ્ટિ જ નથી. માટે રાગી (જીવ) જ્ઞાનના અભાવને લીધે સમ્યગ્દૃષ્ટિ હોતો નથી. (201-202)

ભાવાર્થ:—અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં 'અજ્ઞાનમય' કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા, મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો; કારણ કે અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે; તે રાગને સમ્યગ્દૃષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે અને તેને મટાડવા જ ઇચ્છે છે; તે રાગ પ્રત્યે તેને રાગ નથી. વળી સમ્યગ્દૃષ્ટિને રાગનો લેશમાત્ર સદ્ભાવ નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે:—સમ્યગ્દૃષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે અને જે શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી—તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી. માટે તેને લેશમાત્ર રાગ નથી. (201-202)

જો કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો—ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહારચારિત્ર પણ પાળતો હોય તોપણ—એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું, કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે. આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી. અને જ્યાં જીવ અને અજીવ—બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દૃષ્ટિ કેવો? માટે રાગી જીવ સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ. (201-202)

ભાવાર્થ :—જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય તેને કોઈ આવીને જગાડે—સંબોધન કરે કે "તારી સૂવાની જગ્યા આ નથી; તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે, અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે અને અતિ મજબૂત છે; માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા"; તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને રાગાદિકને ભલા જાણી, તેમને જ પોતાનો સ્વભાવ જાણી, તેમાં જ નિશ્ચિંત સૂતાં છે—સ્થિત છે, તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે—જગાડે છે—સાવધાન કરે છે કે "હે અંધ પ્રાણીઓ! તમે જે પદમાં સૂતાં છો તે તમારું પદ નથી; તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે, બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું તેમ જ અંતરંગમાં વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે; તે પદને પ્રાપ્ત થાઓ—શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો". ૧૩૮.

અહીંયા જણાવ્યું કે- "તમારું પદ તો..." અર્થાત્ તે ભાવનો અનુભવ કરો. તેમાં જ સ્થિરતા કરો. નિશ્ચયાભાસી ઉપદેશકોએ એ સમજવાનું છે કે ઉપદેશ કેવો હોય, ફક્ત માની લેવાનો ઉપદેશ ન હોય. તેનાથી તો તે જીવ નિશ્ચયાભાસીપણું જ પામશે.

ગાથાર્થ :—[आत्मनि] આત્મામાં [अपदानि] અપદભૂત [द्रव्यभावान्] દ્રવ્ય-ભાવોને [मुक्त्वा] છોડીને [नियतम्] નિશ્ચિત, [स्थिरम्] સ્થિર, [एकम्] એક [इमं] આ (પ્રત્યક્ષ અનુભવગોચર) [भावम्] ભાવને—[स्वभावेन उपलभ्यमानं] કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને—[तथा] (હે ભવ્ય!) જેવો છે તેવો [गृहाण] ગ્રહણ કર. (તે તારું પદ છે.) (203)

અહીંયા મુમુક્ષુઓને આત્મસ્વભાવનો અનુભવ કરવા પ્રેરણા આપી છે અને કહ્યું છે કે બીજું કાંઈ જ કરવા જેવું નથી. તેથી એવા વ્યવહારાભાસી જીવો કે ચોથે ગુણસ્થાને શુદ્ધાત્માનુભૂતિ માનતા જ નથી તેમણે પોતાને છેતરવાનું બંધ કરવા જેવું છે. પોતાનો માર્ગ બંધ કરવાની જરૂર નથી.

શ્લોકાર્થ :—[तत् एकम् एव हि पदम् स्वाद्यं] તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે [विपदाम् अपदं] કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી) અને [यत्पुरः] જેની આગળ [अन्यानि पदानि] અન્ય (સર્વ) પદો [अपदानि एव भासन्ते] અપદ જ ભાસે છે. (139)

ભાવાર્થ :—એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે (કારણ કે તેઓ આકુળતામય છે—આપત્તિરૂપ છે). ૧૩૯.

વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :—

શ્લોકાર્થ :—[एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं समासादयन्] એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, (એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે) [द्वन्द्वमयं स्वादं विधातुम् असहः] દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ), [आत्म-अनुभव-अनुभाव-विवशः स्वां वस्तुवृत्तिं विदन्] આત્માના અનુભવના–સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને) જાણતો–આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો) [एषः आत्मा] આ આત્મા [विशेष-उदयं भ्रश्यत्] જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો, [सामान्यं कलयन् किल] સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો, [सकलं ज्ञानं] સકળ જ્ઞાનને [एकताम् नयति] એકપણામાં લાવે છે—એકરૂપે પ્રાપ્ત કરે છે. (140)

ભાવાર્થ :—આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે. વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે. જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે. જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે? આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. ૧૪૦.

ગાથાર્થ :—[आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च] મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—[तत्] તે [एकम् एव] એક જ [पदम् भवति] પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે); [सः एषः परमार्थः] તે આ પરમાર્થ છે (–શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે–) [यं लब्ध्वा] કે જેને પામીને [निर्वृतिं याति] આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે. (204)

ટીકા :—આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે અને તે (આત્મા) જ્ઞાન છે; વળી આત્મા એક જ પદાર્થ છે; તેથી જ્ઞાન પણ એક જ પદ છે. જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (–ટેકો આપે છે). તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :—જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના *વિઘટન અનુસારે પ્રગટપણું પામે છે, તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી, તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે. માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા

આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, (એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી, રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી, (રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી, (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી, પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે, સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. (આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.) (204)

ભાવાર્થ :—કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા, ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે; માટે ભેદોને ગૌણ કરી, એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું; તેનાથી સર્વ સિદ્ધિ થાય છે. (204)

અહીંયા કહ્યું છે કે "જ્ઞાનસામાન્યનું આલંબન લઇને આત્માનું ધ્યાન ધરવું; તેનાથી સર્વ સિદ્ધિ થાય છે." તે જ્ઞાનનો મહિમા દર્શાવવા જણાવેલ છે. આ રીત ઉત્તમ છે. પરંતુ અનેક સાધકો અમને ફરિયાદ કરે છે કે 'જ્ઞાનસામાન્યનું આલંબન લઇને આત્માનું ધ્યાન કરવા છતાં અમારૂં કામ થતું નથી. અમને જ્ઞાન થતું નથી. અમને શુદ્ધાત્માની અનુભૂતિ થતી નથી. તો શું કરવું?' તેઓને અમે ઉત્તર આપીએ છીએ કે- આ રીત તો ઉત્તમ અને સચોટ જ છે. પરંતુ તે કામ ત્યારે જ કરે છે કે જ્યારે તમારામાં વૈરાગ્યાદિ આત્માની યોગ્યતાઓ પાકેલી હોય. તેથી આ ધ્યાન કે જે માત્ર થોડીક સેકંડોમાં જ પરિણામ આપે તેવું છે, છતાં જે મુમુક્ષુઓમાં વૈરાગ્યાદિ આત્માની યોગ્યતાઓ પાકેલી ન હોય, આત્મ-સન્મુખતા ન હોય તેને માટે આ 'જ્ઞાનસામાન્યનું ધ્યાન' કાર્યકારી-ઉપયોગી નહીં થાય. નિશ્ચયાભાસ જ થશે.

ભાવાર્થ :—જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે, તેમ ઘણા ગુણોનો ભંડાર આ જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો–વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી. ૧૪૧.

શ્લોકાર્થ :—[दुष्करतरैः] કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને [मोक्ष-उन्मुखैः] મોક્ષથી પરાઙ્મુખ એવાં [कर्मभिः] કર્મો વડે [स्वयमेव] સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) [क्लिश्यन्तां] ક્લેશ પામે તો પામો [च] અને [परे] બીજા કોઈ જીવો [महाव्रत-तपः-भारेण] (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી [चिरम्] ઘણા વખત સુધી [भग्नाः] ભગ્ન થયા થકા (–તૂટી મરતા થકા) [क्लिश्यन्तां] ક્લેશ પામે તો પામો; (પરંતુ) [साक्षात् मोक्षः] જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, [निरामयपदं] નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને [स्वयं संवेद्यमानं] સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું [इदं ज्ञानं] આ જ્ઞાન તો [ज्ञानगुणं विना] જ્ઞાનગુણ વિના [कथम् अपि] કોઈ પણ રીતે [प्राप्तुं न हि क्षमन्ते] તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી. (142)

ભાવાર્થ :—જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી. ૧૪૨.

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :—

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.

ગાથાર્થ :—[ज्ञानगुणेन विहीनाः] જ્ઞાનગુણથી રહિત [बहवः अपि] ઘણાય લોકો (ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં) [एतत् पदं तु] આ જ્ઞાનસ્વરૂપ પદને [न लभन्ते] પામતા નથી; [तद्] માટે હે ભવ્ય! [यदि] જો તું [कर्मपरिमोक्षम्] કર્મથી સર્વથા મુક્ત થવા [इच्छसि] ઇચ્છતો હો તો [नियतम् एतत्] નિયત એવા આને (જ્ઞાનને) [गृहाण] ગ્રહણ કર. (205)

અહીંયા પણ જ્ઞાનસામાન્ય જ ઉપાસવા જેવું છે-એમ કહ્યું છે. તેની રીત પૂર્વે જણાવ્યા અનુસાર વૈરાગ્યાદિ આત્માની યોગ્યતાઓ અર્જિત કરવાની જ છે, આત્મ-સન્મુખતા પામવાની છે. 'હું જ્ઞાનસામાન્ય માત્ર જ છું' વગેરે માત્ર માની લેવાથી કામ નહીં થાય. નિશ્ચયાભાસ અવશ્ય થઇ શકે છે.

ગાથાર્થ :—(હે ભવ્ય પ્રાણી!) તું [एतस्मिन्] આમાં (-જ્ઞાનમાં) [नित्यं] નિત્ય [रतः] રત અર્થાત્ પ્રીતિવાળો થા, [एतस्मिन्] આમાં [नित्यं] નિત્ય [सन्तुष्टः भव] સંતુષ્ટ થા અને [एतेन] આનાથી [तृप्तः भव] તૃપ્ત થા; (આમ કરવાથી) [तव] તને [उत्तमं सौख्यम्] ઉત્તમ સુખ [भविष्यति] થશે. (206)

"જ્ઞાનસામાન્યમાં જ રત, તેમાં જ પ્રીતિ, તેમાં જ સંતુષ્ટ અને તેમાં જ તૃપ્ત થવું" એ ઉત્તમ સુખ એટલે કે સ્વાત્માનુભૂતિ માટેની શરતો કહી. તેથી સમજવાનું એ છે કે જે જીવો બાહ્ય જગતમાં રત હોય, જે જીવોને બાહ્ય જગતની પ્રીતિ હોય, જે જીવો બાહ્ય જગતમાં સંતુષ્ટી શોધતા હોય, જે જીવો બાહ્ય જગતથી તૃપ્તિ પામવાના જ પ્રયત્નો કરતા હોય; તેઓ નિયમથી પર-સન્મુખ આત્મા છે. તેથી તેઓએ સૌ પ્રથમ સ્વ-સન્મુખ થવાનો એટલે કે આત્મ-સન્મુખ થવાનો પુરુષાર્થ આદરવો પડશે. ત્યાં સુધી તેઓને જ્ઞાનસામાન્યનું ધ્યાન કાર્યકારી નહીં થાય, સર્વેએ આ વાત સમજવી અત્યંત આવશ્યક છે.

ગાથાર્થ :—[आत्मानम् तु] પોતાના આત્માને જ [नियतं] નિયમથી [आत्मनः परिग्रहं] પોતાનો પરિગ્રહ [विजानन्] જાણતો થકો [कः नाम बुधः] કયો જ્ઞાની [भणेत्] એમ કહે કે [इदं परद्रव्यं] આ પરદ્રવ્ય [मम द्रव्यम्] મારું દ્રવ્ય [भवति] છે? (207)

અહીંયા જ્ઞાનીની દશા કહી. તેનાથી એ સમજવાનું છે કે જે જીવોને પરમાં મૂર્છા વર્તે છે તેઓને જ્ઞાન થવું શક્ય જ નથી. તેઓને પહેલા વૈરાગ્યાદિ યોગ્યતાઓ અને આત્મ-સન્મુખતા પામવી જરૂરી છે.

ગાથાર્થ :—[छिद्यतां वा] છેદાઈ જાઓ, [भिद्यतां वा] અથવા ભેદાઈ જાઓ, [नीयतां वा] અથવા કોઈ લઈ જાઓ, [अथवा विप्रलयम् यातु] અથવા નષ્ટ થઈ જાઓ, [यस्मात् तस्मात् गच्छतु] અથવા તો ગમે તે રીતે જાઓ, [तथापि] તોપણ [खलु] ખરેખર [परिग्रहः] પરિગ્રહ [मम न] મારો નથી. (209)

ભાવાર્થ :—જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી. (209)

શ્લોકાર્થ :—[पूर्वबद्ध-निज-कर्म-विपाकात्] પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે [ज्ञानिनः यदि उपभोगः भवति तत् भवतु] જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, [अथ च] પરંતુ [रागवियोगात्] રાગના વિયોગને લીધે (–અભાવને લીધે) [नूनम्] ખરેખર [परिग्रहभावम् न एति] તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી. (146)

ભાવાર્થ :—પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે. પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું; હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી. આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઈચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૬.

આ વાત જ્ઞાનીની અપેક્ષાએ કરેલ છે. અજ્ઞાનીઓએ તેવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. માની લેવાથી તો નિશ્ચયાભાસ જ થશે.

ગાથાર્થ :—[बन्धोपभोगनिमित्तेषु] બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા [संसारदेहविषयेषु] સંસારસંબંધી અને દેહસંબંધી [अध्यवसानोदयेषु] અધ્યવસાનના ઉદયોમાં [ज्ञानिनः] જ્ઞાનીને [रागः] રાગ [न एव उत्पद्यते] ઊપજતો જ નથી. (217)

ઉપરોક્ત વાત જ અહીંયા દૃઢ થાય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ આ વાતો અજ્ઞાનીને માની લેવા જણાવવા જેવું નથી.

શ્લોકાર્થ :—[इह अकषायितवस्त्रे] જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં [रङ्गयुक्तिः] રંગનો સંયોગ, [अस्वीकृता] વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો, [बहिः एव हि लुठति] બહાર જ લોટે છે—અંદર પ્રવેશ કરતો નથી, [ज्ञानिनः रागरसरिक्ततया कर्म परिग्रहभावं न हि एति] તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી. (148)

ભાવાર્થ :—જેમ લોધર, ફટકડી વગેરે લગાડ્યા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી તેમ રાગભાવ વિના જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૮.

ઉપરોક્ત વાત જ અહીંયા દૃઢ થાય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ આ વાતો અજ્ઞાનીને માની લેવા જણાવવા જેવું નથી. જો તેઓ આત્મજ્ઞાન ઈચ્છતા હોય તો વૈરાગ્યાદિ યોગ્યતાઓ અને આત્મ-સન્મુખતા પામવી આવશ્યકતા છે. તેના વગર સમ્યગ્દર્શન થવું શક્ય નથી.

ગાથાર્થ :—[ज्ञानी] જ્ઞાની [सर्वद्रव्येषु] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [रागप्रहायकः] રાગ છોડનારો છે તે [कर्ममध्यगतः] કર્મ મધ્યે રહેલો હોય [तु] તોપણ [रजसा] કર્મરૂપી રજથી [नो लिप्यते] લેપાતો નથી—[यथा] જેમ [कनकम्] સોનું [कर्दममध्ये] કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. [पुनः] અને [अज्ञानी] અજ્ઞાની [सर्वद्रव्येषु] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [रक्तः] રાગી છે તે [कर्ममध्यगतः] કર્મ મધ્યે રહ્યો થકો [कर्मरजसा] કર્મરજથી [लिप्यते तु] લેપાય છે—[यथा] જેમ [लोहम्] લોખંડ [कर्दममध्ये] કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) તેમ. (218-219)

ભાવાર્થ :—જેમ કાદવમાં પડેલા સુવર્ણને કાટ લાગતો નથી અને લોખંડને કાટ લાગે છે, તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે. આ જ્ઞાન-અજ્ઞાનનો મહિમા છે. (218-219)

**પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકોએ આ વાતો અજ્ઞાનીને માની લેવા જણાવવા જેવું નથી. પોતે આ વાતો સ્વાનુભૂતિ કરીને પ્રમાણ કરવા પ્રેરણા લેવા જેવી છે અને પછી બીજાને પણ તે જ પ્રેરણા આપવા જેવી છે. અન્યથા અનંત કાળનું દુ:ખ જ પ્રતિક્ષા કરી રહ્યું છે.**

ભાવાર્થ :—જેમ શંખ કે જે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે ત્યારે કાળો થાય છે, તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી પરંતુ જ્યારે પોતે જ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે. (220-221-222-223)

આ રીતે અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે તેથી તે ફળને પામે છે અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે તેથી તે ફળને પામતો નથી.

હવે, "જેને ફળની વાંછા નથી તે કર્મ શા માટે કરે?" એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः] જેણે કર્મનું ફળ છોડ્યું છે તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી. [किन्तु] પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે—[अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत्] તેને (જ્ઞાનીને) પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે (–તેના વશ વિના) આવી પડે છે. [तस्मिन् आपतिते तु] તે આવી પડતાં પણ, [अकम्प-परम-ज्ञानस्वभावे स्थितः ज्ञानी] જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની [कर्म] કર્મ [किं कुरुते अथ किं न कुरुते] કરે છે કે નથી કરતો [इति कः जानाति] તે કોણ જાણે? (153)

ભાવાર્થ :—જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી. માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે. જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.

અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા. તેમાં, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત સમ્યગ્દૃષ્ટિ અને આહારવિહાર કરતા મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે, તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી, જ્ઞાનના જ કર્તા છે. અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જ્વળ છે. તે ઉજ્જ્વળતાને તેઓ જ (-જ્ઞાનીઓ જ-) જાણે છે, મિથ્યાદૃષ્ટિઓ તે ઉજ્જ્વળતાને જાણતા નથી. મિથ્યાદૃષ્ટિ તો બહિરાત્મા છે, બહારથી જ ભલું બૂરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે? ૧૫૩.

ગાથાર્થ :—[सम्यग्दृष्टयः जीवाः] સમ્યગ્દૃષ્ટિ જીવો [निश्शङ्काः भवन्ति] નિઃશંક હોય છે [तेन] તેથી [निर्भयाः] નિર્ભય હોય છે; [तु] અને [यस्मात्] કારણ કે [सप्तभयविप्रमुक्ताः] સપ્ત ભયથી રહિત હોય છે [तस्मात्] તેથી [निश्शङ्काः] નિઃશંક હોય છે (-અડોલ હોય છે). (228)

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. અજ્ઞાનીઓ દ્વારા તેવું માની લેવાથી કામ નહીં થાય.

આ રીતે જ્ઞાનીને સાત ભય હોતા નથી.

પ્રશ્ન :—અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે અને તેમને તો ભયપ્રકૃતિનો ઉદય હોય છે તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે; તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે?

સમાધાન :—ભયપ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઊપજે છે. વળી અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે તે ભયની પીડા નહિ સહી શકવાથી જ્ઞાની તે ભયનો ઈલાજ પણ કરે છે. પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થાય. વળી જે ભય ઊપજે છે તે મોહકર્મની ભય નામની પ્રકૃતિનો દોષ છે; તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી, જ્ઞાતા જ રહે છે. માટે જ્ઞાનીને ભય નથી. ૧૬૦.

જ્ઞાનીનું અહમ્ (હું પણું) જ્ઞાનસામાન્ય ભાવમાં હોવાથી જ્ઞાનીના અભિપ્રાયમાં કોઈ ભય હોતો નથી. કારણ કે તે જ્ઞાનસામાન્ય ભાવ પરમ અકર્તા ભાવ હોય છે. તેમાં કોઈ વિશેષભાવ હોતા જ નથી. અનુભૂતિ વગરના માત્ર શબ્દોવાળાની આ વાત નથી.

ભાવાર્થ :—સમ્યગ્દૃષ્ટિ પૂર્વે બંધાયેલી ભય આદિ પ્રકૃતિઓના ઉદયને ભોગવે છે તોપણ [1]નિઃશંકિત આદિ ગુણો વર્તતા હોવાથી તેને [2]શંકાદિકૃત (શંકાદિના નિમિત્તે થતો) બંધ થતો નથી પરંતુ પૂર્વકર્મની નિર્જરા જ થાય છે. ૧૬૧.

ગાથાર્થ :—[यः चेतयिता] જે ચેતયિતા [सर्वभावेषु] સર્વ ભાવોમાં [असम्मूढः] અમૂઢ છે—[सदृष्टिः] યથાર્થ દૃષ્ટિવાળો [भवति] છે, [सः] તે [खलु] ખરેખર [अमूढदृष्टिः] અમૂઢદૃષ્ટિ [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો. (232)

ટીકા :—કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી, અમૂઢદૃષ્ટિ છે, તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે. (232)

ભાવાર્થ :—સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી. ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે. (232)

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે :—

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

ગાથાર્થ :—[यः] જે (ચેતયિતા) [सिद्धभक्तियुक्तः] સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે [तु] અને [सर्वधर्माणाम् उपगूहनकः] પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) [सः] તે [उपगूहनकारी] ઉપગૂહનકારી [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો. (233)

**પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે.**

ગાથાર્થ :—[यः चेतयिता] જે ચેતયિતા [विद्यारथम् आरूढः] વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (–ચડ્યો થકો) [मनोरथपथेषु] મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) [भ्रमति] ભ્રમણ કરે છે, [सः] તે [जिनज्ञानप्रभावी] જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો. (236)

આ ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ (સ્વ-આશ્રિત સ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે. તેનો સંક્ષેપ (સારાંશ) આ પ્રમાણે છે—જે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ અથવા સંદેહયુક્ત ન થાય, તેને નિઃશંકિત ગુણ હોય છે. ૧. જે કર્મનાં ફળની વાંછા ન કરે તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે, તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે. ૨. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે, તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે. ૩. જે સ્વરૂપમાં મૂઢ ન હોય, સ્વરૂપને યથાર્થ જાણે, તેને અમૂઢદૃષ્ટિ ગુણ હોય છે. ૪. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે, તેને ઉપબૃંહણ અથવા ઉપગૂહન ગુણ હોય છે. ૫. જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને સ્થિતિકરણ ગુણ હોય છે. ૬. જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે, તેને વાત્સલ્ય ગુણ હોય છે. ૭. જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે—પ્રગટ કરે, તેને પ્રભાવના ગુણ હોય છે. ૮. આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી. વળી આ ગુણોના સદ્ભાવમાં, ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે તોપણ તેમની (–શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે, નવો બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.

સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દષ્ટિને જે બંધ કહ્યો છે તે પણ નિર્જરારૂપ જ (–નિર્જરા સમાન જ) જાણવો કારણ કે સમ્યગ્દષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય છે તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે; તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ હોવાથી તે આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે. જેવી રીતે—કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી, વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે; નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી, ધણીને દઈ દીધા બરાબર જ છે; તેવી જ રીતે—જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું. (236) ભાવાર્થ

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી એમ તમે કહેતા આવ્યા છો. પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને બંધ કહેવામાં આવ્યો છે. વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય—એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે. ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે. જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ -અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય?

સમાધાન :—બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે; અને સમ્યગ્દષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે. ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે તથા મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે, તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી થતો. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે; તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે? વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી? માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે. જ્ઞાની થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેના દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો. તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ તેથી તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો, સંપદાવાન થઈ ગયો. હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે. જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જ્વળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે. આવી જ રીતે જ્ઞાનીનું જાણવું. ૧૬૨.

## —૭—

# બંધ અધિકાર

શ્લોકાર્થ :—[राग-उद्गार-महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा] જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (–મતવાલું, ગાફેલ) કરીને, [रस-भाव-निर्भर-महा-नाट्येन क्रीडन्तं बन्धं] રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને [धुनत्] ઉડાડી દેતું—દૂર કરતું, [ज्ञानं] જ્ઞાન [समुन्मज्जति] ઉદય પામે છે. કેવું છે જ્ઞાન? [आनन्द-अमृत-नित्य-भोजि] આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે, [सहज-अवस्थां स्फुटं नाटयत्] પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, [धीर-उदारम्] ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, [अनाकुलं] અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે, [निरुपधि] નિરુપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે. (163)

ભાવાર્થ :—બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો. ૧૬૩.

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. પરંતુ આ જ વાતો નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ માની લેવા અને ધ્યાન કરવા કહેતા હોય છે. કે જે તેમનું અજ્ઞાન જ છતું કરે છે. નિશ્ચયાભાસી ઉપદેશકો સમયસાર જેવા ગહન શાસ્ત્રની વાતો સમજ્યા વગર જ ઉપદેશ આપતા હોય છે.

શ્લોકાર્થ :—[बन्धकृत्] કર્મબંધ કરનારું કારણ, [न कर्मबहुलं जगत्] નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, [न चलनात्मकं कर्म वा] નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), [न नैककरणानि] નથી અનેક પ્રકારનાં કરણો [वा न चिद्-अचिद्-वधः] કે નથી ચેતન-અચેતનનો ઘાત. [उपयोगभूः रागादिभिः यद्-ऐक्यम् समुपयाति] 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે [सः एव केवलं] તે જ એક (–માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ–) [किल] ખરેખર [नृणाम् बन्धहेतुः भवति] પુરુષોને બંધનું કારણ છે. (164)

ભાવાર્થ :—અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે. ૧૬૪.

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી—એમ હવે કહે છે :—

ભાવાર્થ :—સમ્યગ્દૃષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે. (242-246)

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. પરંતુ આ જ વાતો નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ માની લેવા અને ધ્યાન કરવા કહેતા હોય છે. કે જે તેમનું અજ્ઞાન જ છતું કરે છે. નિશ્ચયાભાસી ઉપદેશકો સમયસાર જેવા ગહન શાસ્ત્રની વાતો સમજ્યા વગર જ ઉપદેશ આપતા હોય છે.

ભાવાર્થ :—અહીં સમ્યગ્દૃષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય કહ્યું છે અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત—એ બંધનાં કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ. માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે. ૧૬૫.

શ્લોકાર્થ :—[तथापि] તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) [ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते] જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, [सा निरर्गला व्यापृतिः किल तद्-आयतनम् एव] કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. [ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम्] જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે [जानाति च करोति] જાણે પણ છે અને (કર્મને ) કરે પણ છે—[द्वयं किमु न हि विरुध्यते] એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.) (166)

ભાવાર્થ :—પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધનાં કારણોમાં સર્વથા જ નિષેધી છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને—બંધના કારણને—નિમિત્તભૂત છે, તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક—વાંછા વિના—પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે. ૧૬૬.

જ્ઞાનીઓએ પણ જો સ્વચ્છંદે પ્રવર્તવું યોગ્ય ન હોય તો અજ્ઞાની તો વાત જ શું કરવાની? છતાં આ વાતોનો હાર્દ સમજ્યા વગર નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ કહેતા હોય છે કે 'તમે તો

અબંધસ્વરૂપ જ છો. તમારે અબંધસ્વરૂપ બનવાનું નથી.' આ પ્રકારે નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને શુદ્ધ-નિશ્ચયનયને માની લેવાનો-ધ્યાન કરવાનો ઉપદેશ આપતા જણાય છે. જે તેમની અજ્ઞાનતા જ દેખાડે છે. છતાં તેઓ પોતાને તો જ્ઞાની જ સમજતા હોય છે. કારણ કે તે પદવી તેમને તેમના જેવા જ નિશ્ચયાભાસી ગુરુએ આપેલ હોય છે. આ રીતે જ આપણે અનાદિથી આપણને અને બીજા અનેકને છેતરતા આવ્યા છીએ. જે અત્યંત કરુણાજનક વાત છે.

શ્લોકાર્થ :—[यः जानाति सः न करोति] જે જાણે છે તે કરતો નથી [तु] અને [यः करोति अयं खलु जानाति न] જે કરે છે તે જાણતો નથી. [तत् किल कर्मरागः] જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે [तु] અને [रागं अबोधमयम् अध्यवसायम् आहुः] રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે; [सः नियतं मिथ्यादृशः] તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે [च] અને [सः बन्धहेतुः] તે બંધનું કારણ છે. ૧૬૭.

જે પોતાને જાણે છે અર્થાત જેમનું અહમ્ (હું પણું) જ્ઞાનસામાન્ય ભાવમાં હોવાથી અને તે જ્ઞાનસામાન્ય ભાવ પરમ અકર્તા હોવાથી તે જ્ઞાની અભિપ્રાયમાં પરમ અકર્તા હોય છે તેથી તે કાંઈ કરતો નથી. જે પોતાને જાણતો નથી તે અજ્ઞાની કર્તા હોય છે. બીજું, દરેક જીવ પોતાના ઉપાદાનથી પરિણમે છે. તેના ઉપાદાનમાં બીજાનું કાંઈ પણ કર્તાપણું હોતું નથી. નિમિત્તપણું હોય શકે છે.

ગાથાર્થ :—[यः] જે [मन्यते] એમ માને છે કે [हिनस्मि च] 'હું પર જીવોને મારું છું (–હણું છું) [परैः सत्त्वैः हिंस्ये च] અને પર જીવો મને મારે છે', [सः] તે [मूढः] મૂઢ (–મોહી) છે, [अज्ञानी] અજ્ઞાની છે, [तु] અને [अतः विपरीतः] આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે [ज्ञानी] જ્ઞાની છે. (247)

જ્ઞાની અભિપ્રાયમાં પરમ અકર્તા હોય છે તેથી તે કાંઈ કરતો નથી. જે પોતાને જાણતો નથી તે અજ્ઞાની કર્તા હોય છે. અન્ય દ્રવ્ય સાથે કોઈ પણ દ્રવ્યનો કર્તા-કર્મ સંબંધ હોતો નથી.

ભાવાર્થ :—જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.

વ્યવહાર આ પ્રમાણે છે :—પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ (–પર્યાયનો વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથી જાણતા,

તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે, તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા. (248-249)

અહીંયા કહ્યું કે જ્ઞાની બનવા માટે નિશ્ચય-વ્યવહારની યથાર્થ સંધિ સમજવી અતિ આવશ્યક છે. જે અમે વારંવાર જણાવીએ છીએ.

ભાવાર્થ :—જીવનો જેવો આશય હોય તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય તો તે આશય અજ્ઞાન છે. માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે ત્યાં એમ માનવું કે 'હું પરને સુખી-દુઃખી કરું છું અને પર મને સુખી-દુઃખી કરે છે', તે અજ્ઞાન છે. નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખ-દુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે; તે નિશ્ચયની દૃષ્ટિમાં ગૌણ છે. (254-255-256)

નિશ્ચયદૃષ્ટિમાં માત્ર ત્રિકાળી ધ્રુવ જ આવતું હોઈને અને તે સામાન્યભાવ હોવાથી તેમાં સુખ-દુ:ખ વગેરે વિશેષભાવો ન હોવાથી અને જ્ઞાનીને તે ત્રિકાળી ધ્રુવભાવમાં જ અહમ્ (હું પણું) હોવાથી પોતાને અભિપ્રાયમાં પરનો પરમ અકર્તા જાણે છે.

ભાવાર્થ :—કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડ્યું જીવતું નથી, સુખી-દુઃખી કર્યું સુખી-દુઃખી થતું નથી; તેથી જે મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદૃષ્ટિ જ હોય—એમ નિશ્ચયનું વચન છે. અહીં વ્યવહારનય ગૌણ છે. (257-258)

ભાવાર્થ :—નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો. માટે જે એમ માને છે—અહંકાર કરે છે કે 'હું પર જીવને મારું છું', તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે. તે અધ્યવસાય જ હિંસા છે—પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે, અને તે જ બંધનું કારણ છે. આ નિશ્ચયનયનો મત છે.

અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે એમ જાણવું. માટે તે કથન કથંચિત્ (અર્થાત્ અપેક્ષાપૂર્વક) છે એમ સમજવું; સર્વથા એકાંતપક્ષ તો મિથ્યાત્વ છે. (262)

અહીંયા જણાવ્યું છે કે કોઈએ આ 'સમયસાર'શાસ્ત્રમાંથી કોઈ પણ વાત એકાંતે ગ્રહણ કરવી નહી. અન્યથા અનંત દુ:ખ મળશે.

ભાવાર્થ :—બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે; અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે—તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે, તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે. (કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને એવા કારણને વ્યભિચારી—અનૈકાંતિક—કારણાભાસ કહે છે.)

કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી. અહીં બાહ્ય દૃષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ, પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું. આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ. (265)

ભાવાર્થ :—જે પોતાની અર્થક્રિયા (–પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે. જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે—ખોટી છે. (266)

ગાથાર્થ :—[जीवः] જીવ [अध्यवसानेन] અધ્યવસાનથી [तिर्यङ्नैरयिकान्] તિર્યંચ, નારક, [देवमनुजान् च] દેવ અને મનુષ્ય [सर्वान्] એ સર્વ પર્યાયો, [च] તથા [नैकविधम्] અનેક પ્રકારનાં [पुण्यं पापं] પુણ્ય અને પાપ—[सर्वान्] એ બધારૂપ [करोति] પોતાને કરે છે. [तथा च] વળી તેવી રીતે [जीवः] જીવ [अध्यवसानेन] અધ્યવસાનથી [धर्माधर्मं] ધર્મ-અધર્મ, [जीवाजीवौ] જીવ-અજીવ [च] અને [अलोकलोकं] લોક-અલોક—[सर्वान्] એ બધારૂપ [आत्मानम् करोति] પોતાને કરે છે. (268-269)

ભાવાર્થ :—આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે. (268-269)

અજ્ઞાનીને વિશેષનો જ અનુભવ હોવાથી તે પોતાને પર્યાયરૂપે જ અનુભવે છે. તેથી તેનું નયનું જ્ઞાન પણ સમ્યક્ હોતું નથી પરંતુ નયાભાસ જ હોય છે. તેથી નિશ્ચયાભાસી બને છે.

શ્લોકાર્થ :—[विश्वात् विभक्तः अपि हि] વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં [आत्मा] આત્મા [यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति] જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે [एषः अध्यवसायः] એવો આ અધ્યવસાય—[मोह-एक-कन्दः] કે જેનું મોહ જ એક મૂળ છે તે—[येषां इह नास्ति] જેમને નથી [ते एव यतयः] તે જ મુનિઓ છે. ૧૭૨.

અહીંયા કહ્યું કે જે જ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) છે તે જ ખરેખર મુનિ છે. જ્ઞાનીનો મહિમા કરવા માટે જ આ કહ્યું છે. બીજું, જે જીવે અજ્ઞાની હોવા છતાં મુનિ દિક્ષા ગ્રહણ કરેલ છે, તેમને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવા કહ્યું છે. અન્યથા દિક્ષા કાર્યકારી નથી-એમ જાણવું. માટે માત્ર દિક્ષાગ્રહણમાં જ ધર્મ ન માનવો પરંતુ સમ્યગ્દર્શન કે જે ધર્મનું દ્વાર છે તેની ઉપસ્થિતિને જ ધર્મ માનવો.

ગાથાર્થ :—[बुद्धिः] બુદ્ધિ, [व्यवसायः अपि च] વ્યવસાય, [अध्यवसानं] અધ્યવસાન, [मतिः च] મતિ, [विज्ञानम्] વિજ્ઞાન, [चित्तं] ચિત્ત, [भावः] ભાવ [च] અને [परिणामः] પરિણામ—[सर्वं] એ બધા [एकार्थम् एव] એકાર્થ જ છે (–નામ જુદાં છે, અર્થ જુદા નથી). (271)

ભાવાર્થ :—આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.(271)

અધ્યવસાન આદિ વિશેષભાવ હોવાથી તે અપેક્ષાએ એ બધા એકાર્થ જ છે. અનુભૂતિ=નિશ્ચયનયનો આશ્રય. નિશ્ચયનયનો આશ્રય શબ્દોરૂપે કાર્યકારી નથી. તેનાથી તો નિશ્ચયાભાસ પણ થઈ શકે છે.

ગાથાર્થ :—[एवं] એ રીતે (પૂર્વોક્ત રીતે) [व्यवहारनयः] (પરાશ્રિત એવો) વ્યવહારનય [निश्चयनयेन] નિશ્ચયનય વડે [प्रतिषिद्धः जानीहि] નિષિદ્ધ જાણ; [पुनः निश्चयनयाश्रिताः] નિશ્ચયનયને આશ્રિત [मुनयः] મુનિઓ [निर्वाणम्] નિર્વાણને [प्राप्नुवन्ति] પામે છે. (272)

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. અહીંયા કહ્યું છે કે જે જ્ઞાની છે તેમનું અહમ્ (હું પણું) પરાશ્રિત એવા વ્યવહારમાં નથી, પરંતુ તેમનું અહમ્ (હું પણું) નિશ્ચયનયના વિષય એવા શુદ્ધાત્મામાં જ હોય છે. અને તેઓ તેમાં જ સ્થિરતાનો પુરુષાર્થ કરતા હોવાથી નિર્વાણને પામે છે. અહીંયા સમજવા જેવું એ છે કે જો નિશ્ચયાભાસી ઉપદેશકો કે તેમની પ્રેરણાથી અન્ય કોઈ પણ સાધકો પોતાને નિશ્ચયનયાશ્રિત જાણે એટલે કે શુદ્ધાત્મા માને તો તેઓને આ ગાથા કાર્યકારી-ઉપયોગી નથી. કારણ કે તેઓ માત્ર નિશ્ચયાભાસ એટલે કે નિશ્ચયના ભ્રમમાં જ હોય છે. ભ્રમનું પણ સુખ હોય છે કે જેમાં તેઓ છેતરાય જાય છે.

ગાથાર્થ :—[मोक्षम् अश्रद्दधानः] મોક્ષને નહિ શ્રદ્ધતો એવો [यः अभव्यसत्त्वः] જે અભવ્યજીવ છે તે [तु अधीयीत] શાસ્ત્રો તો ભણે છે, [तु] પરંતુ [ज्ञानं अश्रद्दधानस्य] જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને [पाठः] શાસ્ત્રપઠન [गुणम् न करोति] ગુણ કરતું નથી. (274)

અહીં એટલું વિશેષ જાણવું કે—આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય -અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો—અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી. (275) ભાવાર્થ

પૂર્વે જણાવ્યા અનુસાર ‘સમયસાર’શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. અહીંયા કહ્યું છે કે- આ ‘સમયસાર’ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં જે અભવ્યની વાત છે તે અજ્ઞાનીની વાત સમજવી. તેથી નિશ્ચયાભાસી ઉપદેશકો કે તેમની પ્રેરણાથી અન્ય કોઈ પણ સાધકો જો પોતાને અનુભવ વગર પણ શુદ્ધાત્મા માની લેવાની વાત કરતા હોય તો તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે તેનું ફળ અનંત સંસાર છે.

ગાથાર્થ :—[आचारादि] આચારાંગ આદિ શાસ્ત્રો તે [ज्ञानं] જ્ઞાન છે, [जीवादि] જીવ આદિ તત્ત્વો તે [दर्शनं विज्ञेयम् च] દર્શન જાણવું [च] અને [षड्जीवनिकायं] છ જીવ-નિકાય તે [चरित्रं] ચારિત્ર છે—[तथा तु] એમ તો [व्यवहारः भणति] વ્યવહારનય કહે છે. (276)

[खलु] નિશ્ચયથી [मम आत्मा] મારો આત્મા જ [ज्ञानम्] જ્ઞાન છે, [मे आत्मा] મારો આત્મા જ [दर्शनं चरित्रं च] દર્શન અને ચારિત્ર છે, [आत्मा] મારો આત્મા જ [प्रत्याख्यानम्] પ્રત્યાખ્યાન છે, [मे आत्मा] મારો આત્મા જ [संवरः योगः] સંવર અને યોગ (–સમાધિ, ધ્યાન) છે. (277)

આ વાત અનુભવ કરીને કહેવામાં આવે છે. તેથી કોઈ પણ અજ્ઞાનીને આ શબ્દો બોલવાનો અધિકાર જ મળતો નથી. જો અનુભવવગર બોલે છે તો પોતાને છેતરે છે.

આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે; જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે; છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે. શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે. (276-277) ટીકા

ભાવાર્થ :—આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા—એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે. (276-277)

ગાથાર્થ :—[यथा] જેમ [स्फटिकमणिः] સ્ફટિકમણિ [शुद्धः] શુદ્ધ હોવાથી [रागाद्यैः] રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) [स्वयं] પોતાની મેળે [न परिणमते] પરિણમતો નથી [तु] પરંતુ [अन्यैः रक्तादिभिः द्रव्यैः] અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે [सः] તે [रज्यते] રક્ત (–રાતો) આદિ કરાય છે, [एवं] તેમ [ज्ञानी] જ્ઞાની અર્થાત્ આત્મા [शुद्धः] શુદ્ધ હોવાથી [रागाद्यैः] રાગાદિરૂપે

[स्वयं] પોતાની મેળે [न परिणमते] પરિણમતો નથી [तु] પરંતુ [अन्यैः रागादिभिः दोषैः] અન્ય રાગાદિ દોષો વડે [सः] તે [रज्यते] રાગી આદિ કરાય છે. (278-279)

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા પણ જણાવેલ છે કે જ્ઞાનીનું અહમ્ (હું પણું) નિશ્ચયનયના વિષય એવા શુદ્ધાત્મામાં જ હોય છે. તેથી તેઓ પોતાની મેળે રાગાદિરૂપ પરિણમતા નથી. જો આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકો કે તેમની પ્રેરણાથી અન્ય સાધકો પોતાના આત્માના અનુભવ વગર પણ માની લેવાની વાત કરતા હોય તો તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે તેનું ફળ અનંત સંસાર છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે. પરંતુ આ વાત નિશ્ચયાભાસી જીવોને સમજાતી નથી.

ભાવાર્થ :—સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે; તે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ-આદિરૂપે પરિણમે છે. તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે, તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી. (278-279)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[यथा अर्ककान्तः] સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) [आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति] આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, [तस्मिन् निमित्तं परसङ्गः एव] તેમાં નિમિત્ત પરસંગ જ (–પરદ્રવ્યનો સંગ જ) છે.—[अयम् वस्तुस्वभावः उदेति तावत् ] આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.) ૧૭૫.

'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :—

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે.

શ્લોકાર્થ :—[इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति] એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે [तेन सः रागादीन् आत्मनः न कुर्यात्] તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, [अतः कारकः न भवति] તેથી તે (રાગાદિકનો) કર્તા નથી. ૧૭૬.

ગાથાર્થ :—[ज्ञानी] જ્ઞાની [रागद्वेषमोहं] રાગદ્વેષમોહને [वा कषायभावं] કે કષાયભાવને [स्वयम्] પોતાની મેળે [आत्मनः] પોતામાં [न च करोति] કરતો નથી [तेन] તેથી [सः] તે, [तेषां भावानाम्] તે ભાવોનો [कारकः न] કારક અર્થાત્ કર્તા નથી. (280)

અહીંયા જ્ઞાનીને અકર્તા કહ્યો છે. પરંતુ જો આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકો કે તેમની પ્રેરણાથી અન્ય સાધકો પોતાના આત્માના અનુભવ વગર પણ પોતાને અકર્તા માની લેવાની વાત કરતા હોય તો તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે તેનું ફળ અનંત સંસાર છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે. પરંતુ આ વાત નિશ્ચયાભાસી જીવોને સમજાતી નથી.

ભાવાર્થ :—આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે 'આત્મા પોતે તો શુદ્ધ જ છે—દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે'; માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે. (280)

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :—

શ્લોકાર્થ :—[इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति] એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી [तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] તેથી તે રાગાદિકને (–રાગાદિભાવોને) પોતાના કરે છે, [अतः कारकः भवति] તેથી (તેમનો) કર્તા થાય છે. ૧૭૭.

ગાથાર્થ :—[रागे च द्वेषे च कषायकर्मसु च एव] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ये भावाः] જે ભાવો થાય છે [तैः तु] તે-રૂપે [परिणममानः] પરિણમતો અજ્ઞાની [रागादीन्] રાગાદિકને [पुनः अपि] ફરીને પણ [बध्नाति] બાંધે છે. (281)

ટીકા :—યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવો-રૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે—એવો નિયમ છે. (281)

અહીંયા અજ્ઞાનીને કર્તા કહ્યો છે. તેને નિયમ કહ્યો છે. તેથી જો નિશ્ચયાભાસી ઉપદેશકો કે તેમની પ્રેરણાથી અન્ય સાધકો પોતાના આત્માના અનુભવ વગર પણ પોતાને અકર્તા માની લેવાની વાત કરતા હોય તો તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે તેનું ફળ અનંત સંસાર છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે. પરંતુ આ વાત નિશ્ચયાભાસી જીવોને સમજાતી નથી.

ભાવાર્થ :—અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે. (282)

ભાવાર્થ :—અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારાં જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે. તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ-અપ્રત્યાખ્યાન છે. આમ દ્રવ્ય-અપ્રતિક્રમણ ને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન—એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે. આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું. આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિકભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે, અને જ્યાં સુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે; જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે. (284-285)

ભાવાર્થ :—અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારના દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે.

જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે. જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે. આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે અને તેથી કર્મનો બંધ પણ કરે છે; જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી, તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી અને તેથી આગામી બંધ પણ નથી. (એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી.) (286-287)

**અહીંયા જ્ઞાનીને અકર્તા કહ્યો છે. અજ્ઞાનીને કર્તા કહ્યો છે. તેથી ઉપરોક્ત ભાવ જ દૃઢ થાય છે.**

ભાવાર્થ :—પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં–ત્યાગવામાં આવે ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે. માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો. ૧૭૮.

અહીંયા પરદ્રવ્યને ત્યાગવાનું કહ્યું છે તે અભિપ્રાયમાં સમજવું. જ્ઞાનીને અભિપ્રાયમાં તમામ પરદ્રવ્યનો અને પરદ્રવ્યથી થતાં પોતાના ભાવોનો પણ ત્યાગ જ હોય છે. તેથી તે પોતાના આત્માનો અનુભવ કરતો થકો કર્મોના બંધનને કાપે છે. જો નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ આવો ઉપદેશ આપતા હોય કે આવું માની લેવાની વાત કરતા હોય તો તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે તેનું ફળ અનંત સંસાર છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે.

# –૮–
# મોક્ષ અધિકાર

શ્લોકાર્થ :—[इदानीम्] હવે (બંધ પદાર્થ પછી), [प्रज्ञा-क्रकच-दलनात् बन्ध-पुरुषौ द्विधाकृत्य] પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા (જુદા જુદા–બે) કરીને, [पुरुषम् उपलम्भ-एक-नियतम्] પુરુષને—કે જે પુરુષ માત્ર *અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને—[साक्षात् मोक्षं नयत्] સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું, [पूर्णं ज्ञानं विजयते] પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે. કેવું છે તે જ્ઞાન? [उन्मज्जत्-सहज-परम-आनन्द-सरसं] પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે સરસ અર્થાત્ રસયુક્ત છે, [परं] ઉત્કૃષ્ટ છે, અને [कृत-सकल-कृत्यं] કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે (–જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી) એવું છે. (180)

'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. અહીંયા જ્ઞાનીને વારંવારની સ્વાત્માનુભૂતિ અંતે મોક્ષ પમાડે છે-એમ કહ્યું છે. માત્ર શબ્દોમાં નિશ્ચયનય ગ્રહણ કર્યે મોક્ષ ન થાય. નિશ્ચયાભાસ અવશ્ય થઇ શકે છે. તે સમજવું જરૂરી છે.

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી—એમ કહે છે :—

ગાથાર્થ :—[यथा नाम] જેવી રીતે [बन्धनके] બંધનમાં [चिरकालप्रतिबद्धः] ઘણા કાળથી બંધાયેલો [कश्चित् पुरुषः] કોઈ પુરુષ [तस्य] તે બંધનના [तीव्रमन्दस्वभावं] તીવ્ર-મંદ (આકરા-ઢીલા) સ્વભાવને [कालं च] અને કાળને (અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ) [विजानाति] જાણે છે, [यदि] પરંતુ જો [न अपि छेदं करोति] તે બંધનને પોતે કાપતો નથી [तेन न मुच्यते] તો તેનાથી છૂટતો નથી [तु] અને [बन्धनवशः सन्] બંધનવશ રહેતો થકો [बहुकेन अपि कालेन] ઘણા કાળે પણ [सः नरः] તે પુરુષ [विमोक्षम् न प्राप्नोति] બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; [इति] તેવી રીતે જીવ [कर्मबन्धनानां] કર્મ-બંધનોનાં [प्रदेशस्थितिप्रकृतिम् एवम् अनुभागम्] પ્રદેશ, સ્થિતિ,

પ્રકૃતિ તેમ જ અનુભાગને [जानन् अपि] જાણતાં છતાં પણ [न मुच्यते] (કર્મબંધથી) છૂટતો નથી, [च यदि सः एव शुद्धः] પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય [मुच्यते] તો જ છૂટે છે.(288-290)

ભાવાર્થ :—બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે. તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે. (288-289-290)

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છે :—

ગાથાર્થ :—[यथा] જેમ [बन्धनबद्धः] બંધનથી બંધાયેલો પુરુષ [बन्धान् चिन्तयन्] બંધોના વિચાર કરવાથી [विमोक्षम् न प्राप्नोति] મોક્ષ પામતો નથી (અર્થાત્ બંધથી છૂટતો નથી), [तथा] તેમ [जीवः अपि] જીવ પણ [बन्धान् चिन्तयन्] બંધોના વિચાર કરવાથી [विमोक्षम् न प्राप्नोति] મોક્ષ પામતો નથી. (291)

અહીંયા કહ્યું છે કે માત્ર જાણકારીરૂપે જ્ઞાન કરી લીધું કે તેનું ચિંતન-મનન પણ કરી લીધું કે તેનું ધ્યાન પણ કરી લીધું તેનાથી બંધ કપાતો નથી. પરંતુ બંધ તો સ્વાત્માનુભૂતિથી જ કપાય છે. જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ અબંધ સ્વરૂપ હોવાનો ઉપદેશ આપતા હોય કે તેવું માની લેવાની વાત કરતા હોય કે ‘સ્વરૂપના જ્ઞાનને જ ઘુંટવાથી સમ્યગ્દર્શન થઇ જશે’ એમ માનતા હોય તો તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે અબંધ સ્વરૂપનો અનુભવ સ્વાત્માનુભૂતિ વગર થતો જ નથી. પરંતુ આવા ઉપદેશથી અજ્ઞાનીઓ નયાભાસને કારણે પોતાને તેવા વર્તમાન પર્યાયમાં જ માનવા લાગે છે. તેનાથી કોઈક ભ્રમથી પોતાને જ્ઞાની પણ સમજતા હોય છે અથવા તો તેમને તેમના નિશ્ચયાભાસી ગુરુએ જ જ્ઞાની હોવાની પદવી-પ્રમાણપત્ર પણ આપ્યું હોય શકે છે. તે તેમની અજ્ઞાનતા જ છતી કરે છે, કે જેનું ફળ અનંત સંસાર જ છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે.

ગાથાર્થ :—[बन्धानां स्वभावं च] બંધોના સ્વભાવને [आत्मनः स्वभावं च] અને આત્માના સ્વભાવને [विज्ञाय] જાણીને [बन्धेषु] બંધો પ્રત્યે [यः] જે [विरज्यते] વિરક્ત થાય છે, [सः] તે [कर्मविमोक्षणं करोति] કર્મોથી મુકાય છે. (293)

અહીંયા કહ્યું કે “આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે, તે કર્મોથી મૂકાય છે.” તેનો અર્થ એ છે કે જે આત્માના સ્વભાવનો અનુભવ કરે છે તે બંધો પ્રત્યે વિરક્ત થાય છે, તેથી તે કર્મોથી મૂકાય છે. અહીંયા કોઈએ ‘આત્માના સ્વભાવને જાણીને’નું અર્થઘટન એવું ન કરવું કે તેની જાણકારી લેવાથી તે જીવ કર્મોથી મૂકાય જાય છે. જો તેમ જ હોત તો તો આપણે અનાદિથી અનેક વાર તેની જાણકારી મેળવેલ છે ત્યારે જ આપણે કર્મોથી મૂકાય જવા જોઈતા. આ તો આ હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો ખોટા અર્થઘટનને કારણે પોતે આવું સમજે છે

અને અનેક અજ્ઞાનીઓને પણ આવો જ ઉપદેશ આપે છે. જે આ કાળની અત્યંત કરૂણાજનક કથની છે. (આત્માને જ્ઞાનભાવમાં રાખવો=અનુભૂતિમાં રાખવો, શબ્દોમાં નહીં)

'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ કયા સાધન વડે જુદા કરી શકાય છે)?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—

જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.

ગાથાર્થ :—[जीवः च तथा बन्धः] જીવ તથા બંધ [नियताभ्याम् स्वलक्षणाभ्यां] નિયત સ્વલક્ષણોથી (પોતપોતાનાં નિશ્ચિત લક્ષણોથી) [छिद्येते] છેદાય છે; [प्रज्ञाछेदनकेन] પ્રજ્ઞારૂપી છીણી વડે [छिन्नौ तु] છેદવામાં આવતાં [नानात्वम् आपन्नौ] તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે. (294)

ટીકા :—આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા તેના [1]કરણ સંબંધી [2]મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (—જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (—છેદનના સ્વભાવવાળું) કરણ છે. તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે; માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે (અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે).

(અહીં પ્રશ્ન થાય છે કે—) આત્મા અને બંધ કે જેઓ *ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (—એક જેવા—) થઈ રહ્યા છે, અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે (અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે) તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?

(તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :—) આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (—નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું—લક્ષણથી ઓળખવું (અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું) કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે). વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો. આટલું આત્માના સ્વલક્ષણ વિષે. (294)

ભાવાર્થ :—આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.

આત્મા તો અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓનો સ્કંધ છે તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે (અર્થાત્ બન્ને એકપિંડરૂપ દેખાય છે); તેથી અનાદિ અજ્ઞાન છે. શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે. તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને—કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને—તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી. તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે. એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા. (294)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[इयं शिता प्रज्ञाछेत्री] આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી [निपुणैः] પ્રવીણ પુરુષો વડે [कथम् अपि] કોઈ પણ પ્રકારે (–યત્નપૂર્વક) [सावधानैः] સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) [पातिता] પટકવામાં આવી થકી, [आत्म-कर्म-उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे] આત્મા અને કર્મ—બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (–અંદરની સાંધના જોડાણમાં) [रभसात्] શીઘ્ર [निपतति] પડે છે. કેવી રીતે પડે છે? [आत्मानम् अन्तः-स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम्] આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી [च] અને [बन्धम् अज्ञानभावे नियमितम्] બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી—[अभितः भिन्नभिन्नौ कुर्वती] એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે. (181)

અહીંયા ભેદજ્ઞાનની રીત બતાવેલ છે-એવું ઘણાને લાગે છે. અને તેથી તેઓ આવું કરવાનો પુરુષાર્થ કરતા જોવા મળે છે. છતાં તેમનું કામ થતું નથી. તેમને સમ્યગ્દર્શન થતું નથી. સ્વાત્માનુભૂતિ થતી નથી. કારણ કે તેઓને એ ખબર નથી કે અહીંયા કહ્યું છે કે “આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે...” તેમાં ‘પ્રવીણ પુરુષ’નું બે રીતે અર્થઘટન થઇ શકે છે. એક, પ્રવીણ પુરુષ એટલે સમ્યગ્દૃષ્ટિ અને બીજું, પ્રવીણ પુરુષ એટલે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાયુક્ત આત્મ-સન્મુખ પુરુષ. સાચું અર્થઘટન ન સમજવાથી જ નિશ્ચયાભાસી ઉપદેશકો આવો બૌદ્ધિક પ્રયાસ કરતા જણાય છે અને તેઓ ઉપદેશ પણ આવા બૌદ્ધિક પ્રયાસ કરવાનો જ અને આવું માની લેવાનો જ આપતા હોય છે. તે તેમની અજ્ઞાનતા જ છતી કરે છે, કે જેનું ફળ અનંત સંસાર જ છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે.

ગાથાર્થ :—[तथा] એ રીતે [जीवः बन्धः च] જીવ અને બંધ [नियताभ्याम् स्वलक्षणाभ्यां] તેમનાં નિશ્ચિત સ્વલક્ષણોથી [छिद्येते] છેદાય છે. [बन्धः] ત્યાં, બંધને [छेत्तव्यः] છેદવો અર્થાત્ છોડવો [च] અને [शुद्धः आत्मा] શુદ્ધ આત્માને [गृहीतव्यः] ગ્રહણ કરવો. (295)

અહીંયા કહ્યું કે- "શુદ્ધ આત્માને ગ્રહણ કરવો." તેનો અર્થ થાય છે કે શુદ્ધ આત્માનો અનુભવ કરવો. જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો એમ સમજતા હોય કે 'શુદ્ધ આત્માને ગ્રહણ કરવો' એટલે બૌદ્ધિક રીતે અથવા ધ્યાનમાં ગ્રહણ કરવો તો, તે તેમની ભયંકર મોટી ભૂલ છે. તેથી પોતાની ભૂલ સુધારી પોતાનો અનંત કાળ સુખમય બનાવવો-એવી અમારી સલાહ છે. નિશ્ચયાભાસથી તો કોઈ પણ લાભ નથી જ.

ગાથાર્થ :—(શિષ્ય પૂછે છે કે–) [सः आत्मा] તે (શુદ્ધ) આત્મા [कथं] કઈ રીતે [गृह्यते] ગ્રહણ કરાય? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે–) [प्रज्ञया तु] પ્રજ્ઞા વડે [सः आत्मा] તે (શુદ્ધ) આત્મા [गृह्यते] ગ્રહણ કરાય છે. [यथा] જેમ [प्रज्ञया] પ્રજ્ઞા વડે [विभक्तः] ભિન્ન કર્યો, [तथा] તેમ [प्रज्ञया एव] પ્રજ્ઞા વડે જ [गृहीतव्यः] ગ્રહણ કરવો. (296)

ટીકા :—શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે— જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો. (296)

અહીંયા કહ્યું કે "પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો" તેનો અર્થ થાય છે કે તેને ભગવતી પ્રજ્ઞા એટલે કે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાયુક્ત આત્મ-સન્મુખ જ્ઞાન વડે ગ્રહણ કરવો. ખરેખર તો તે વૈરાગ્યાદિ યોગ્યતાયુક્ત આત્મ-સન્મુખ જ્ઞાન વડે આપોઆપ જ ગ્રહણ થાય છે. 'ગ્રહણ કરવો' એટલે કહ્યું કે આ શિષ્યને ઉપદેશાત્મક કથન છે. આ બહુ જ મહત્વની સમજણ કરી લેવા જેવી છે.

ગાથાર્થ :—[प्रज्ञया] પ્રજ્ઞા વડે [गृहीतव्यः] (આત્માને) એમ ગ્રહણ કરવો કે— [यः चेतयिता] જે ચેતનારો છે [सः तु] તે [निश्चयतः] નિશ્ચયથી [अहं] હું છું, [अवशेषाः] બાકીના [ये भावाः] જે ભાવો છે [ते] તે [मम पराः] મારાથી પર છે [इति ज्ञातव्यः] એમ જાણવું. (297)

ભગવતી પ્રજ્ઞા એટલે કે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાયુક્ત આત્મ-સન્મુખ જ્ઞાન વડે એવી રીતે ગ્રહણ કરવો કે 'આ જે જાણવાવાળો છે તે જ હું છું.' અનેક સાધકો અમારી પાસે ફરિયાદ લઈને આવે છે કે 'આ જે જાણવાવાળો છે તે જ હું છું.' તે સમ્યગ્દર્શનની બહુ જ સરળ રીત છે. પરંતુ તે કરવાથી અમને સ્વાત્માનુભૂતિ તો થતી નથી. તેઓને અમે જણાવીએ છીએ કે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર નિશ્ચયનયને માત્ર શબ્દોમાં જ ગ્રહણ કરવાથી સ્વાત્માનુભૂતિ થવી શક્ય જ નથી. તે કારણથી જ અમે 'નિશ્ચય-વ્યવહારની યથાર્થ સંધિ' એ વિષય ઉપર એક લેખ પણ લખેલ છે. તેનો અભ્યાસ વારંવાર કરવા જેવો છે કે જેથી સમજાશે કે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ પ્રાપ્ત કર્યા બાદ જ અહીંયા જણાવેલ સમ્યગ્દર્શનની રીત કારગર નિવડશે. આ વાત સમજવી અતિ આવશ્યક છે.

ભાવાર્થ :—જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી. —આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. ૧૮૨.

ગાથાર્થ :—[प्रज्ञया] પ્રજ્ઞા વડે [गृहीतव्यः] એમ ગ્રહણ કરવો કે—[यः द्रष्टा] જે દેખનારો છે [सः तु] તે [निश्चयतः] નિશ્ચયથી [अहम्] હું છું, [अवशेषाः] બાકીના [ये भावाः] જે ભાવો છે [ते] તે [मम पराः] મારાથી પર છે [इति ज्ञातव्याः] એમ જાણવું. (298)

[प्रज्ञया] પ્રજ્ઞા વડે [गृहीतव्यः] એમ ગ્રહણ કરવો કે—[यः ज्ञाता] જે જાણનારો છે [सः तु] તે [निश्चयतः] નિશ્ચયથી [अहम्] હું છું, [अवशेषाः] બાકીના [ये भावाः] જે ભાવો છે [ते] તે [मम पराः] મારાથી પર છે [इति ज्ञातव्याः] એમ જાણવું. (299)

ભગવતી પ્રજ્ઞા એટલે કે આત્માનું વૈરાગ્યાદિ યોગ્યતાયુક્ત આત્મ-સન્મુખ જ્ઞાન, તેના વડે આત્માને એવી રીતે ગ્રહણ કરવો કે 'આ જે જોવાવાળો છે તે જ હું છું.' અને 'આ જે જાણવાવાળો છે તે જ હું છું.' આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર માત્ર શબ્દોમાં જ ગ્રહણ કરવાથી આ ગાથાઓ કાર્યકારી થવી શક્ય જ નથી. તેનાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું શક્ય બનતું નથી. આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકોએ સમજવી અતિ આવશ્યક છે. કારણ કે તેમાં જ તેમનું અને બીજા અનેકનું કલ્યાણ છુપાયેલું છે. અન્યથા અનંત દુ:ખો તો પ્રતિક્ષા કરી જ રહ્યાં છેકે જે નિશ્ચયાભાસનું ફળ છે. તે જ આપણી અનાદિની વાર્તા છે.

(ભાવાર્થ :—આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. 'ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની–લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.

ગાથાર્થ :—[सर्वान् भावान्] સર્વ ભાવોને [परकीयान्] પારકા [ज्ञात्वा] જાણીને [कः नाम बुधः] કોણ જ્ઞાની, [आत्मानम्] પોતાને [शुद्धम्] શુદ્ધ [जानन्] જાણતો થકો, [इदम् मम] 'આ મારું છે' (–'આ ભાવો મારા છે') [इति च वचनम्] એવું વચન [भणेत्] બોલે? (300)

'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. જ્ઞાનીને અભિપ્રાયમાં માત્ર શુદ્ધાત્મા જ છે. અન્ય કાંઇ નથી. અજ્ઞાનીએ જ્ઞાનીની નકલ નથી કરવાની, અનુભૂતિ કરવાની છે.

શ્લોકાર્થ :—[उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે એવા મોક્ષાર્થીઓ [अयम् सिद्धान्तः] આ સિદ્ધાંતને [सेव्यताम्] સેવન કરો કે—'[अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि] હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; [तु] અને [एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि] આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, [यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम्] કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે'. ૧૮૫.

www.jayeshsheth.com

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :—[परद्रव्यग्रहं कुर्वन्] જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે [अपराधवान्] તે અપરાધી છે [बध्येत एव] તેથી બંધમાં પડે છે, અને [स्वद्रव्ये संवृतः यतिः] જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે—મગ્ન છે—સંતુષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ [अनपराधः] નિરપરાધી છે [न बध्येत] તેથી બંધાતો નથી. ૧૮૬.

'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. અહીંયા જણાવ્યું છે કે જ્ઞાની વારંવાર આત્મામાં સ્થિરતા કરે છે અને પરદ્રવ્યને અભિપ્રાયમાં છોડતો અબંધ હોય છે. અજ્ઞાનીને શબ્દોથી કોઈ ફાયદો નહીં થાય. નિશ્ચયાભાસ જ થશે. તેથી જ્ઞાનીની નકલ ન કરવી, અનુભૂતિ કરવી.

ભાવાર્થ :—જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય? તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય? માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે. (301-302-303)

અહીંયા બહુ જ સ્પષ્ટ જણાવ્યું છે કે "પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે." એટલે કે જ્ઞાની જ નિરપરાધ હોય છે. પરંતુ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ નિરપરાધસ્વરૂપ હોવાનો ઉપદેશ આપતા હોય કે તેવું માની લેવાની વાત કરતા હોય છે. તેમણે પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે નિરપરાધ સ્વરૂપનો અનુભવ સ્વાત્માનુભૂતિ વગર થતો જ નથી. પરંતુ આવા ઉપદેશથી અજ્ઞાનીઓ નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ નિરપરાધ માનવા લાગે છે. અને પોતે સંસારમાં ડૂબેલા રહે છે. આવા ઉપદેશના કારણે કોઈક ભ્રમથી પોતાને જ્ઞાની પણ સમજતા હોય છે અથવા તો તેમને તેમના નિશ્ચયાભાસી ગુરુએ જ જ્ઞાની હોવાની પદવી-પ્રમાણપત્ર પણ આપ્યું હોય શકે છે. તે તેમની અજ્ઞાનતા જ છતી કરે છે, કે જેનું ફળ અનંત સંસાર જ છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે. જ્ઞાની તો નીચે કહ્યું તેમ અનુભૂતિમાં વર્તે છે, માત્ર શબ્દોમાં નહીં. શબ્દોનું ફળ તો નિશ્ચયાભાસ જ છે. તેથી અજ્ઞાનીએ જ્ઞાનીની નકલ ન કરવી, પરંતુ અનુભૂતિ કરવી જરૂરી છે.

[पुनः] વળી [यः चेतयिता] જે આત્મા [निरपराधः] નિરપરાધ છે [सः तु] તે [निश्शङ्कितः भवति] નિઃશંક હોય છે; [अहम् इति जानन्] 'શુદ્ધ આત્મા તે જ હું છું' એમ જાણતો થકો [आराधनया] આરાધનાથી [नित्यं वर्तते] સદા વર્તે છે. (305)

અહીંયા કહ્યું છે કે "શુદ્ધ આત્મા તે જ હું છું-એમ જાણતો થકો આરાધનાથી સદા વર્તે છે." તેનો અર્થ છે કે શુદ્ધ આત્મા તે જ હું છું-એમ અનુભવતો થકો આરાધનાથી સદા વર્તે છે. જાણતો એટલે અનુભવતો. શબ્દોરૂપે જાણતો નહીં-એ સમજવું આવશ્યક છે. જો માત્ર જાણવાથી જ આરાધના થઇ જતી હોય તો તો આપણું કલ્યાણ પહેલાં જ થઇ જવું જોઈતુંતુ.

શ્લોકાર્થ :—[सापराधः] સાપરાધ આત્મા [अनवरतम्] નિરંતર [अनन्तैः] અનંત પુદ્ગલપરમાણુરૂપ કર્મોથી [बध्यते] બંધાય છે; [निरपराधः] નિરપરાધ આત્મા [बन्धनम्] બંધનને [जातु] કદાપિ [स्पृशति न एव] સ્પર્શતો નથી જ. [अयम्] જે સાપરાધ આત્મા છે તે તો [नियतम्] નિયમથી [स्वम् अशुद्धं भजन्] પોતાને અશુદ્ધ સેવતો થકો [सापराधः] સાપરાધ છે; [निरपराधः] નિરપરાધ આત્મા તો [साधु] ભલી રીતે [शुद्धात्मसेवी भवति] શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. ૧૮૭.

અહીંયા ઉપરોક્ત ભવો જ દૃઢ થાય છે. "શુદ્ધ આત્માનો સેવનાર" એટલે શુદ્ધાત્માનુભૂતિ. શબ્દોમાં સેવનાર નિશ્ચયાભાસી બને છે. અજ્ઞાનીએ જ્ઞાનીની નકલ ન કરવી, પરંતુ અનુભૂતિ કરવી જરૂરી છે.

ગાથાર્થ :—[प्रतिक्रमणम्] પ્રતિક્રમણ, [प्रतिसरणम्] પ્રતિસરણ, [परिहारः] પરિહાર, [धारणा] ધારણા, [निवृत्तिः] નિવૃત્તિ, [निन्दा] નિંદા, [गर्हा] ગર્હા [च शुद्धिः] અને શુદ્ધિ— [अष्टविधः] એ આઠ પ્રકારનો [विषकुम्भः] વિષકુંભ [भवति] છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે). (306)

[अप्रतिक्रमणम्] અપ્રતિક્રમણ, [अप्रतिसरणम्] અપ્રતિસરણ, [अपरिहारः] અપરિહાર, [अधारणा] અધારણા, [अनिवृत्तिः च] અનિવૃત્તિ, [अनिन्दा] અનિંદા, [अगर्हा] અગર્હા [च एव] અને [अशुद्धिः] અશુદ્ધિ—[अमृतकुम्भः] એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે—કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી). (307)

ટીકા :—પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે; તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.) અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (–ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે. તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (–અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે. આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે—*कम्मं जं पुव्वकयं सुहासुहमणेय-वित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।। (અર્થ :—અનેક પ્રકારના

વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.) વગેરે. (306-307)

અહીંયા કહ્યું છે કે "અજ્ઞાનીજનસાધારણ અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના (અનુભવના) અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે." અહીંયા અજ્ઞાનીને અપરાધરૂપ અને વિષકુંભ કહ્યો. પરંતુ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ નિરપરાધસ્વરૂપ હોવાનો ઉપદેશ આપતા હોય કે તેવું માની લેવાની વાત કરતા હોય છે. જ્યારે અજ્ઞાની સ્વરૂપથી પણ જો પોતાને નિરપરાધી માને છે ત્યારે પણ તે નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ નિરપરાધ માનવા લાગે છે. આ રીતે નિશ્ચયાભાસી ઉપદેશકોએ પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે. કારણ કે નિરપરાધ સ્વરૂપનો અનુભવ સ્વાત્માનુભૂતિ વગર થતો જ નથી. પરંતુ આવા ઉપદેશથી અજ્ઞાનીઓ અને પોતે પણ સંસારમાં ડૂબેલા જ રહે છે. આવા ઉપદેશથી કોઈક ભ્રમથી પોતાને જ્ઞાની પણ સમજતા હોય છે અથવા તો તેમને તેમના નિશ્ચયાભાસી ગુરુએ જ જ્ઞાની હોવાની પદવી-પ્રમાણપત્ર પણ આપ્યું હોય શકે છે. તે જ તેમની અજ્ઞાનતા છતી કરે છે, કે જેનું ફળ અનંત સંસાર જ છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસી ઉપદેશકોની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે. આગળ કહ્યું છે કે "જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ (સ્વાત્માનુભૂતિ) છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત સ્વયં અમૃતકુંભ છે...." તેથી સમજવાનું એ છે કે આ 'સમયસાર'શાસ્ત્ર મહદ્અંશે જ્ઞાનીની દશાનું જ વર્ણન કરે છે. અને જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ આ 'સમયસાર'શાસ્ત્રમાં વર્ણિત ભાવો શબ્દોરૂપે અથવા તો ધ્યાનરૂપે ભાવવાનું કહે છે અથવા તો માની લેવા જણાવે છે ત્યારે નયાભાસને કારણે તે અજ્ઞાનીઓ પોતાને વર્તમાન પર્યાયમાં જ તેવા માનવા લાગે છે. આ રીતે નિશ્ચયાભાસી ઉપદેશકોએ પોતાને અને અન્ય અનેકને છેતરવાનું બંધ કરવા જેવું છે.

અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[यत्र प्रतिक्रमणम् एव विषं प्रणीतं] (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, [तत्र अप्रतिक्रमणम् एव सुधा कुतः स्यात्] ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.) [तत्] તો પછી [जनः अधः अधः प्रपतन् किं प्रमाद्यति] માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? [निष्प्रमादः] નિષ્પ્રમાદી થયા થકા [ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति] ઊંચે ઊંચે કાં ચડતા નથી? (189)

ભાવાર્થ :—અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી? અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધનાં જ કારણ છે,

અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંનાં અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે—'આ માણસો નીચા નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ. માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિ ન જાણવાં, ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં. ૧૮૯.

ભાવાર્થ :—પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે. ૧૯૦.

હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[यः किल अशुद्धिविधायि परद्रव्यं तत् समग्रं त्यक्त्वा] જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને [स्वयं स्वद्रव्ये रतिम् एति] પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે, [सः] તે પુરુષ [नियतम् ] નિયમથી [सर्व-अपराध-च्युतः] સર્વ અપરાધોથી રહિત થયો થકો, [बन्ध-ध्वंसम् उपेत्य नित्यम् उदितः] બંધના નાશને પામીને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો, [स्व-ज्योतिः-अच्छ-उच्छलत्-चैतन्य-अमृत-पूर-पूर्ण-महिमा] સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે એવો [शुद्धः भवन् ] શુદ્ધ થતો થકો, [मुच्यते] કર્મોથી છૂટે છે—મુક્ત થાય છે. (191)

—૯—

# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

શ્લોકાર્થ :—[अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा] સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને [प्रतिपदम्] પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં) [बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः] બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, [शुद्धः शुद्धः] શુદ્ધ–શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ—બન્નેથી રહિત છે એવો), [स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः] જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (–જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને [टङ्कोत्कीर्ण-प्रकट-महिमा] જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો [अयं ज्ञानपुञ्जः स्फूर्जति] આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. (193)

ભાવાર્થ :—શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે, પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. ૧૯૩.

હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :—[कर्तृत्वं अस्य चितः स्वभावः न] કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, [वेदयितृत्ववत्] જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. [अज्ञानात् एव अयं कर्ता] અજ્ઞાનથી જ તે કર્તા છે, [तद्-अभावात् अकारकः] અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે. ૧૯૪.

'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તેવું અજ્ઞાનીએ માની લેવું નહીં. જ્ઞાની અકર્તા છે અને અજ્ઞાની કર્તા છે. તેમ સ્પષ્ટ જણાવ્યું છે. તેથી જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો પોતાને અકર્તા માની લેવાનો ઉપદેશ આપતા હોય તો તેમણે આ વાત સમજવા જેવી છે. આ 'સમયસાર'શાસ્ત્રનું ખોટું અર્થઘટણ કરીને પોતે અને બીજા અનેકનો આ ભવ અને અનંત ભવિષ્યકાળ ન બગાડવો હોય તો અહીંયા જણાવેલ વાતો સમજીને પોતા ઉપર દયા લાવીને તેઓએ સાચી વાત સમજીને સાચી વાતનો ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ અને તે જ સાચો ઉપદેશ બીજાને પણ આપવો જોઈએ. અન્યથા અનંત દુ:ખો રાહ જોઈ રહ્યા છે-એમ સમજવું.

ગાથાર્થ :—[यत् द्रव्यं] જે દ્રવ્ય [गुणैः] જે ગુણોથી [उत्पद्यते] ઊપજે છે [तैः] તે ગુણોથી [तत्] તેને [अनन्यत् जानीहि] અનન્ય જાણ; [यथा] જેમ [इह] જગતમાં [कटकादिभिः पर्यायैः तु] કડાં આદિ પર્યાયોથી [कनकम्] સુવર્ણ [अनन्यत्] અનન્ય છે તેમ. (308)

[जीवस्य अजीवस्य तु] જીવ અને અજીવના [ये परिणामाः तु] જે પરિણામો [सूत्रे दर्शिताः] સૂત્રમાં દર્શાવ્યા છે, [तैः] તે પરિણામોથી [तं जीवम् अजीवम् वा] તે જીવ અથવા અજીવને [अनन्यं विजानीहि] અનન્ય જાણ. (309)

અહીંયા બહુ જ સ્પષ્ટ જણાવેલ છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય એ સમજાવવા માટે જ ભેદ પાડેલ છે. તે વાસ્તવિક ભેદ નથી. તેથી જ કોઈ તેમાં પ્રદેશભેદ માનતા હોય કે કોઈ તેનાં ષટ્કારક અલગ માનતા હોય તો તેઓ વાસ્તવિકતાથી બહુ જ દૂર છે.

ગાથાર્થ :—[चेतयिता तु] ચેતક અર્થાત્ આત્મા [प्रकृत्यर्थम्] પ્રકૃતિના નિમિત્તે [उत्पद्यते] ઊપજે છે [विनश्यति] તથા વિણસે છે, [प्रकृतिः अपि] અને પ્રકૃતિ પણ [चेतकार्थम्] ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે [उत्पद्यते] ઊપજે છે [विनश्यति] તથા વિણસે છે. [एवं] એ રીતે [अन्योन्यप्रत्ययात्] પરસ્પર નિમિત્તથી [द्वयोः अपि] બન્નેનો—[आत्मनः प्रकृतेः च] આત્માનો ને પ્રકૃતિનો—[बन्धः तु भवेत्] બંધ થાય છે, [तेन] અને તેથી [संसारः] સંસાર [जायते] ઉત્પન્ન થાય છે. (312-313)

ભાવાર્થ :—આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે. (312-313)

અહીંયા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જણાવેલ છે. તેને ન માનવો તે પણ ભૂલભરેલું જ કહેવાશે.

ગાથાર્થ :—[यावत्] જ્યાં સુધી [एषः चेतयिता] આ આત્મા [प्रकृत्यर्थं] પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું [न एव विमुञ्चति] છોડતો નથી, [तावत्] ત્યાં સુધી તે [अज्ञायकः] અજ્ઞાયક છે, [मिथ्यादृष्टिः] મિથ્યાદૃષ્ટિ છે, [असंयतः भवेत्] અસંયત છે. (314)

[यदा] જ્યારે [चेतयिता] આત્મા [अनन्तकम् कर्मफलम्] અનંત કર્મફળને [विमुञ्चति] છોડે છે, [तदा] ત્યારે તે [ज्ञायकः] જ્ઞાયક છે, [दर्शकः] દર્શક છે, [मुनिः] મુનિ છે, [विमुक्तः भवति] વિમુક્ત (અર્થાત્ બંધથી રહિત) છે. (315)

ભાવાર્થ :—જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે. અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે (314-315)

'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :—

શ્લોકાર્થ :—[कर्तृत्ववत्] કર્તાપણાની જેમ [भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न] ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી. [अज्ञानात् एव अयं भोक्ता] અજ્ઞાનથી જ તે ભોક્તા છે, [तद्-अभावात् अवेदकः] અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે. ૧૯૬.

અહીંયા સ્પષ્ટ જણાવે છે કે અજ્ઞાનીને કર્તા-ભોક્તાની પ્રવૃત્તિ હોય છે. જ્યારે જ્ઞાનીને પરનું કર્તા-ભોક્તાપણું હોતું નથી. અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ અકર્તા-અભોક્તાપણાનો ઉપદેશ આપે છે. તે જ તેમનું અજ્ઞાન છતું કરે છે.

ગાથાર્થ :—[अज्ञानी] અજ્ઞાની [प्रकृतिस्वभावस्थितः तु] પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો [कर्मफलं] કર્મફળને [वेदयते] વેદે (ભોગવે) છે [पुनः ज्ञानी] અને જ્ઞાની તો [उदितं कर्मफलं] ઉદિત (ઉદયમાં આવેલા) કર્મફળને [जानाति] જાણે છે, [न वेदयते] વેદતો નથી. (316)

અહીંયા પણ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. અજ્ઞાની કર્મફળને વેદે છે અને જ્ઞાની તો ઉદિત કર્મફળને જાણે છે. એટલે કે જ્ઞાની જ્ઞાતાદ્રષ્ટા છે અને અજ્ઞાની કર્તા-ભોક્તા છે. નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીને પણ જ્ઞાતાદ્રષ્ટા રહેવાનો ઉપદેશ આપે છે કે જે તેમનું અજ્ઞાન જ છતું કરે છે.

ભાવાર્થ :—અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી. (316)

શ્લોકાર્થ :—[अज्ञानी प्रकृति-स्वभाव-निरतः नित्यं वेदकः भवेत्] અજ્ઞાની પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે, [तु] અને [ज्ञानी प्रकृति-स्वभाव-विरतः जातुचित् वेदकः नो] જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી. [इति एवं नियमं निरूप्य] આવો નિયમ બરાબર વિચારીને—નક્કી કરીને [निपुणैः अज्ञानिता त्यज्यताम्] નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને [शुद्ध-एक-आत्ममये महसि] શુદ્ધ-એક-આત્મામય તેજમાં [अचलितैः] નિશ્ચળ થઈને [ज्ञानिता आसेव्यताम्] જ્ઞાનીપણાને સેવો. ૧૯૭.

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે—એમ કહે છે) :—

સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.

ગાથાર્થ :—[सुष्ठु] સારી રીતે [शास्त्राणि] શાસ્ત્રો [अधीत्य अपि] ભણીને પણ [अभव्यः] અભવ્ય [प्रकृतिम्] પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) [न मुञ्चति] છોડતો નથી, [गुडदुग्धम्] જેમ સાકરવાળું દૂધ [पिबन्तः अपि] પીતાં છતાં [पन्नगाः] સર્પો [निर्विषाः] નિર્વિષ [न भवन्ति] થતા નથી. (317)

ટીકા :—જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે). (317)

ભાવાર્થ :—આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે—એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી; માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે. (317)

અહીંયા પણ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. કે જે નિશ્ચયાભાસી ઉપદેશકોએ નોંધવા લાયક છે. તેઓ દરેકને એક સરખો જ ઉપદેશ આપે છે. જે તેમની અજ્ઞાનતા જ જાહેર કરે છે. ભલેને તેઓ પોતાને જ્ઞાની માનતા હોય. તેઓ અજ્ઞાની જ છે.

ટીકા :—જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના (–શુદ્ધ આત્માના જ્ઞાનના–) સદ્‌ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (–કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (–જ્ઞાન હોય ત્યારે–) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે. (318)

ભાવાર્થ :—જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ, અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. આ ન્યાયે જ્ઞાની—કે જે પ્રકૃતિસ્વભાવને (–કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે—સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે. (318)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[ज्ञानी कर्म न करोति च न वेदयते] જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, [तत्स्वभावम् अयं किल केवलम् जानाति] કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. [परं जानन्] એમ કેવળ જાણતો થકો [करण-वेदनयोः अभावात्] કરણના અને વેદનના (–કરવાના અને ભોગવવાના–) અભાવને લીધે [शुद्ध-स्वभाव-नियतः सः हि मुक्तः एव] શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે. (198)

ભાવાર્થ :—જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે? જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે; ક્રમે ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. ૧૯૮.

હવે આ જ અર્થને ફરી દૃઢ કરે છે :—

કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,
બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.

ગાથાર્થ :—[ज्ञानी] જ્ઞાની [बहुप्रकाराणि] બહુ પ્રકારનાં [कर्माणि] કર્મોને [न अपि करोति] કરતો પણ નથી, [न अपि वेदयते] વેદતો (ભોગવતો) પણ નથી; [पुनः] પરંતુ [पुण्यं च पापं च] પુણ્ય અને પાપરૂપ [बन्धं] કર્મબંધને [कर्मफलं] તથા કર્મફળને [जानाति] જાણે છે. (319)

ટીકા :—કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (–અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (–ભોગવતો) નથી; પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે. (319)

અહીંયા પણ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. શબ્દોની જાણકારી મેળવી લેવાથી જ્ઞાની બની જવાતું નથી.

ભાવાર્થ :—જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી. કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. અહીં કોઈ પૂછે કે—"એવું તો કેવળજ્ઞાન છે. બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુ:ખરાગાદિરૂપે પરિણમન થાય જ છે, તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન, અજ્ઞાન તથા અસમર્થપણું હોય જ છે; તો પછી કેવળજ્ઞાન થયા પહેલાં જ્ઞાતાદ્રષ્ટાપણું કેમ કહેવાય?" તેનું સમાધાન :—પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી, તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદષ્ટિએ તેને કહેવાતો નથી.(320)

અહીંયા પણ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. અનુભૂતિ કરવાનો ઉપદેશ હોય. અનુભૂતિસ્વરૂપ માનવાનો નહીં કે જે નિશ્ચયાભાસી ઉપદેશકનું અજ્ઞાન જ છતું કરે છે.

શ્લોકાર્થ :—[परद्रव्य-आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति] પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; [कर्तृ-कर्मत्व-सम्बन्ध-अभावे] એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, [तत्कर्तृता कुतः] આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય? (200)

ભાવાર્થ :—પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મ-સંબંધ કઈ રીતે હોય? એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે? ૨૦૦.

[तस्मात्] માટે તત્ત્વજ્ઞો [न मे इति ज्ञात्वा] 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, [एतेषां द्वयेषाम् अपि] આ બન્નેનો (–લોકનો અને શ્રમણનો–) [परद्रव्ये] પરદ્રવ્યમાં [कर्तृव्यवसायं जानन्] કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, [जानीयात्] એમ જાણે છે કે [दृष्टिरहितानाम्] આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે. (327)

પરદ્રવ્ય સાથે આત્માને કર્તા-કર્મ સંબંધ નથી. છતાંય અજ્ઞાની કર્તા-કર્મ સંબંધ માને છે. આગળ કહે છે કે 'નિશ્ચયના જાણનારા' એટલે શબ્દરૂપે ન સમજવું પરંતુ અનુભવપૂર્વક જાણનારા સમજવું.

ટીકા :—અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે—માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી. તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે' એમ દેખતો–માનતો થકો મિથ્યાદૃષ્ટિ (–ખોટી દૃષ્ટિવાળો) છે, તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદૃષ્ટિ જ થાય છે. માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, 'લોક અને શ્રમણ—બન્નેને જે આ

પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે. (324-325-326-327)

ભાવાર્થ :—જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે—લૌકિક જન હો કે મુનિજન હો—મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદૃષ્ટિ જ થાય છે. (324-325-326-327)

અહીંયા પણ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. કે જે નિશ્ચયાભાસી ઉપદેશકોએ નોંધવા લાયક છે. અહીં કહ્યું તેને કોઈ બીજી રીતે સમજીને એમ કહે કે અમે પણ પરદ્રવ્યને પોતાનું માનતા નથી. તો અમે પણ જ્ઞાની કહેવાઈએ ને? તો તેમને અમારો ઉત્તર છે કે માત્ર એમ માની લેવાથી જ્ઞાની બની શકાતું નથી. પરંતુ જે સ્વાત્માનુભૂતિપૂર્વકનો જ્ઞાની હોય છે તેને આ માન્યતા તેના અભિપ્રાયમાં જ હોય છે. વ્યવહારથી તો જ્ઞાની પણ 'આ મારું છે' એવું કહે છે. પરંતુ અહિંયા અભિપ્રાય મહત્વનો છે.

શ્લોકાર્થ :—(આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :) [बत] અરેરે! [ये तु इमम् स्वभाव-नियमं न कलयन्ति] જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી [ते वराकाः] તેઓ બિચારા, [अज्ञानमग्नमहसः] જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, [कर्म कुर्वन्ति] કર્મને કરે છે; [ततः एव हि] તેથી [भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति] ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, [अन्यः न] અન્ય કોઈ નહિ. (202)

માત્ર આ વસ્તુસ્વભાવના નિયમને જાણી લેવાથી જ્ઞાની બની શકાતું નથી. પરંતુ જે સ્વાત્માનુભૂતિપૂર્વકનો જ્ઞાની હોય છે તેને આ વસ્તુસ્વભાવનો નિયમ તેના અભિપ્રાયમાં જ હોય છે. વ્યવહારથી તો જ્ઞાની પણ 'આ મારું છે' એવું કહે છે. પરંતુ અહિંયા અભિપ્રાય મહત્વનો છે. અજ્ઞાનીના અભિપ્રાયમાં આ નથી હોતું. આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકોએ ખાસ નોંધવા લાયક છે.

ભાવાર્થ :—વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (-મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે; એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી. ૨૦૨.

અહીંયા સ્પષ્ટ રીતે ઉપરોક્ત જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. નિશ્ચયાભાસી ઉપદેશકોની હાલત ઉપર કહ્યા મુજબની જ હોય છે. આગળ જે કહે છે તે હકીકત નિશ્ચયાભાસી ઉપદેશકોએ પોતાના ઉપર દયા લાવીને સમજી લેવા જેવી છે. તેમને આત્મઘાતક કહ્યાં છે.

(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે.)

ટીકા :—જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને

કરે તો પુદ્‌ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે. માટે એમ સિદ્ધ થયું કે—જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે). (328-329-330-331)

**અહીંયા બહુ સ્પષ્ટ રીતે ઉપાદાનને જ કર્તા કહ્યું છે. આગળ નિશ્ચયાભાસી ઉપદેશકોને પોતાના અને બીજા અનેકના આત્મઘાતક કહ્યા છે. આત્મઘાતક એટલે અનંતકાળના દુ:ખમાં ધકેલવાવાળા.**

શ્લોકાર્થ :—[कर्म कार्यत्वात् अकृतं न] કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ. [च] વળી [तत् जीव-प्रकृत्योः द्वयोः कृतिः न] તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, [अज्ञायाः प्रकृतेः स्व-कार्य-फल-भुग्-भाव-अनुषङ्गात्] કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. [एकस्याः प्रकृतेः न] વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી, [अचित्त्वलसनात्] કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે). [ततः] માટે [अस्य कर्ता जीवः] તે ભાવકર્મનો કર્તા જીવ જ છે [च] અને [चिद्-अनुगं] ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું [तत्] તે ભાવકર્મ [जीवस्य एव कर्म] જીવનું જ કર્મ છે, [यत्] કારણ કે [पुद्गलः ज्ञाता न] પુદ્‌ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ પુદ્‌ગલનું કર્મ હોઈ શકે નહિ). (203)

ભાવાર્થ :—ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્‌ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય? ૨૦૩.

હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્‌વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :—

શ્લોકાર્થ :—[कैश्चित् हतकैः] કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) [कर्म एव कर्तृ प्रवितर्क्य] કર્મને જ કર્તા વિચારીને [आत्मनः कर्तृतां क्षिप्त्वा] આત્માના કર્તાપણાને ઉડાડીને, '[एषः आत्मा कथञ्चित् कर्ता] આ આત્મા કથંચિત્ કર્તા છે' [इति अचलिता श्रुतिः कोपिता] એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); [उद्धत-मोह-मुद्रित-धियां तेषाम् बोधस्य संशुद्धये] તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે [वस्तुस्थितिः स्तूयते] (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે—[स्याद्वाद-प्रतिबन्ध-लब्ध-विजया] કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્‌વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્‌વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે). (204)

ભાવાર્થ :—કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે. આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે; તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્યભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે. ૨૦૪.

'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છે :—

(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી.)

(આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)

ભાવાર્થ :—કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે—"આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે; અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ—એ બધાંને, તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે." વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે—"વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે." આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને એમ કહે કે—"ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;" તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશોવાળો છે, લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :—

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા

તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે. (332-344)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[अमी आर्हताः अपि] આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ [पुरुषं] આત્માને, [सांख्याः इव] સાંખ્યમતીઓની જેમ, [अकर्तारम् मा स्पृशन्तु] (સર્વથા) અકર્તા ન માનો; [भेद-अवबोधात् अधः] ભેદજ્ઞાન થયા પહેલાં [तं किल] તેને [सदा] નિરન્તર [कर्तारम् कलयन्तु] કર્તા માનો, [तु] અને [ऊर्ध्वम्] ભેદજ્ઞાન થયા પછી [उद्धत-बोध-धाम-नियतं स्वयं प्रत्यक्षम् एनम्] ઉદ્ધત *જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને [च्युत-कर्तृभावम् अचलं एकं परम् ज्ञातारम्] કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ [पश्यन्तु] દેખો. (205)

ભાવાર્થ :—સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદૃષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદૃષ્ટિ છે. તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે—સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિકનો—પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો—કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું—એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી. આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે. ૨૦૫.

અહીંયા સ્પષ્ટ રીતે ઉપરોક્ત જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. કે જે અજ્ઞાનીઓએ-નિશ્ચયાભાસી ઉપદેશકોએ સમજવા જેવું છે. અન્યથા તેમના માટે અનંત સંસાર પ્રતિક્ષા કરી રહ્યો છે.

શ્લોકાર્થ :—[इह] આ જગતમાં [एकः] કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) [इदम् आत्मतत्त्वं क्षणिकम् कल्पयित्वा] આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને [निज-मनसि] પોતાના મનમાં [कर्तृ-भोक्त्रोः विभेदं विधत्ते] કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (–અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે); [तस्य विमोहं] તેના મોહને (અજ્ઞાનને) [अयम् चित्-चमत्कारः एव स्वयम्] આ ચૈતન્યચમત્કાર જ પોતે [नित्य-अमृत-ओघैः] નિત્યતારૂપ અમૃતના ઓઘ (–સમૂહો) વડે [अभिषिञ्चन्] અભિસિંચન કરતો થકો, [अपहरति] દૂર કરે છે. (206)

અહીંયા ક્ષણિકવાદી બૌદ્ધમતને એકાંત ક્ષણિકવાદ તરીકે સમજાવ્યો છે. જેઓ પર્યાયના સ્વતંત્ર ષટ્કારક માનતા હોય તેઓ આ બૌદ્ધમતીની જેમ એકાંત ક્ષણિકવાદી છે. કારણ કે તેઓ પણ જીવને

જાણ્યે-અજાણ્યે પર્યાય જેટલો જ ક્ષણિક માને છે. અથવા દ્રવ્ય અને પર્યાય-એમ બે ભાગ માને છે કે જે અભેદ દ્રવ્યમાં સંભવ જ નથી. તેથી અભેદ દ્રવ્યના ષટ્કારક પણ અભેદ જ હોય છે.

ભાવાર્થ :—વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય; જેમ કે—મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું. દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે; જેમ કે—મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.

આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (-વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે 'જે કરે છે તે જ ભોગવતો નથી—અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી—અન્ય કરે છે', તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી; કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું'. આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે—સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું. (345-346-347-348)

શ્લોકાર્થ :—[आत्मानं परिशुद्धम् ईप्सुभिः परैः अन्धकैः] આત્માને સમસ્તપણે શુદ્ધ ઈચ્છનારા બીજા કોઈ અંધોએ—[पृथुकैः] બાલિશ જનોએ (બૌદ્ધોએ)—[काल-उपाधि-बलात् अपि तत्र अधिकाम् अशुद्धिम् मत्वा] કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને [अतिव्याप्तिं प्रपद्य] અતિવ્યાપ્તિને પામીને, [शुद्ध-ऋजुसूत्रे रतैः] શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા [चैतन्यं क्षणिकं प्रकल्प्य] ચૈતન્યને ક્ષણિક કલ્પીને, [अहो एषः आत्मा व्युज्झितः] આ આત્માને છોડી દીધો; [निःसूत्र-मुक्ता-ईक्षिभिः हारवत्] જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ. (208)

અહીંયા કહ્યું કે કોઈએ પણ જૈન દર્શનને એકાંતે ગ્રહણ ન કરવું. એકાંતનો આગ્રહ ન રાખવો. અન્યથા તેઓ જિનમતબાહ્ય જ છે. તેઓ જૈન કહેવાને લાયક પણ નથી.

ભાવાર્થ :—કેવળ વ્યવહાર-દૃષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દૃષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે. ૨૧૦.

શ્લોકાર્થ :—[ननु परिणामः एव किल विनिश्चयतः कर्म] ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને [सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति] પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ (કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો); [इह कर्म कर्तृशून्यम् न भवति] વળી કર્મ કર્તા

વિના હોતું નથી, [च वस्तुनः एकतया स्थितिः इह न] તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્ કૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); [ततः तद् एव कर्तृ भवतु] માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (–એ નિશ્ચય-સિદ્ધાંત છે). ૨૧૧.

અહીંયા કહ્યું કે કોઈએ પણ જૈન દર્શનને એકાંતે ગ્રહણ ન કરવું. દરેક દ્રવ્ય પોતાના પરિણામ પોતે જ કરે છે. તેથી જો કોઈ જીવને એકાંતે અપરિણામી અથવા અકર્તા માનતા હોય તો તેઓને સ્યાદ્વાદરૂપ જૈન દર્શન સમજમાં આવ્યું નથી. તેઓ જિનમતબાહ્ય જ છે. તેઓ જૈન કહેવાને લાયક પણ નથી.

આ ઉપરથી એમ સમજવું કે—વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતાં નથી અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી. ૨૧૩.

અહીંયા કહ્યું કે કોઈએ પણ જૈન દર્શનને એકાંતે ગ્રહણ ન કરવું. દરેક દ્રવ્ય પોતાના પરિણામ પોતે જ કરે છે. પરના પરિણામ કરતા નથી. તે કથન ઉપાદાન અપેક્ષાએ છે. જો આ જ કથન ને નિમિત્ત-નૈમિત્તિક અપેક્ષાએ સમજીને, જ્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય ત્યાં પણ તેનો નકાર કરવામાં આવે તો તે જીવ નિયમથી જિનમતબાહ્ય જ છે-એમ સમજવું. જ્ઞાની સ્યાદ્વાદિ હોય છે.

ભાવાર્થ :—એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે 'અન્ય દ્રવ્યે આ કર્યું', તે વ્યવહારનયની દૃષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી. (214)

અહીંયા ઉપરોક્ત ભાવ જ દૃઢ થાય છે. એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત હોય શકે છે, પરંતુ ઉપાદાન-કર્તા હોતો નથી. તેથી કર્તા-કર્મ સંબંધ નથી હોતો પરંતુ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય શકે છે.

ભાવાર્થ :—શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે. ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો, દર્શક નથી કહી શકાતો, શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો, ત્યાગ કરનારો નથી કહી શકાતો; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે; ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.

હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધા કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે—આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે. (356 થી 365)

અહીંયા જણાવ્યું કે નિશ્ચયનય અભેદરૂપ હોવાથી તેમાં કોઈ દ્વૈતભાવ નથી. સ્વ-સ્વામિત્વ પણ દ્વૈતભાવ હોવાથી વ્યવહાર છે. જ્યાં જ્યાં દ્વૈતભાવ (સ્વ-પર) છે ત્યાં ત્યાં વ્યવહારનય જાણવો. તેથી જ સ્વાત્માનુભૂતિ અભેદની જ હોય છે. ત્યાં જો કોઈ દ્રવ્ય-પર્યાયનો ભેદ વિચારે એટલે કે કોઈ પર્યાયરહિત દ્રવ્યની પ્રાપ્તિ વિચારે તો તે પણ વ્યવહાર હોવાથી તેને સ્વાત્માનુભૂતિ થતી નથી.

શ્લોકાર્થ :—[शुद्ध-द्रव्य-निरूपण-अर्पित-मतेः तत्त्वं समुत्पश्यतः] જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી—લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે, તે પુરુષને [एक-द्रव्य-गतं किम्-अपि द्रव्य-अन्तरं जातुचित् न चकास्ति] એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી. [यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः] જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. [जनाः] આમ છે તો પછી લોકો [द्रव्य-अन्तर-चुम्बन-आकुल-धियः] જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા [तत्त्वात्] તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) [किं च्यवन्ते] શા માટે ચ્યુત થાય છે? (215)

ભાવાર્થ :—શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે—આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે? ૨૧૫.

અહીંયા જણાવ્યું કે "જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે;" તેથી જ્ઞાનનું પરનું જાણપણું તે જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ કહ્યો. પરંતુ અનેક લોકો એવું માને છે કે જ્ઞાન પરને જાણતું જ નથી. અપેક્ષાએ જ્ઞાન પરના આકારે પરિણમેલ પોતાના જ જ્ઞાનાકારને જાણે છે. તેથી એકાંતે એમ ન કહી શકાય કે જ્ઞાન પરને જાણતું નથી. અહીંયા તો "જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે;"- એમ કહ્યું છે. તેથી કોઈએ અનેકાંતને ભૂલવા જેવું નથી.

ભાવાર્થ :—શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. ૨૧૬.

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દૃષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.—આવા અર્થની ગાથાઓ હવે કહે છે :—

[च] વળી [रागः द्वेषः मोहः] રાગ, દ્વેષ અને મોહ [जीवस्य एव] જીવના જ [अनन्यपरिणामाः] અનન્ય (એકરૂપ) પરિણામ છે, [एतेन कारणेन तु] તે કારણે [रागादयः] રાગાદિક [शब्दादिषु] શબ્દાદિ વિષયોમાં (પણ) [न सन्ति] નથી. (371)

(રાગદ્વેષાદિ સમ્યગ્દ્રષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાન-દશામાં રહેલા જીવના પરિણામ છે.)

અહીંયા સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. જે નિશ્ચયાભાસી ઉપદેશકોએ નોંધવા લાયક છે.

(પ્રશ્ન :-) જો આમ છે તો સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રાગ કયા કારણે થાય છે? (ઉત્તર :-) કોઈ પણ કારણે થતો નથી. (પ્રશ્ન :-) તો પછી રાગની કઈ ખાણ છે? (ઉત્તર :-) રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે); માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દ્રષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દ્રષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.

ભાવાર્થ :—આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દ્રષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગ-દ્વેષમોહ પુદ્ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી. આ રીતે રાગદ્વેષમોહ પુદ્ગલમાં નથી તેમ જ સમ્યગ્દ્રષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદ્રષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાયદ્રષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે. એ પ્રમાણે જાણવું. (366 થી 371)

અહીંયા સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. જે નિશ્ચયાભાસી ઉપદેશકોએ નોંધવા લાયક છે.

શ્લોકાર્થ :—[इह ज्ञानम् हि अज्ञानभावात् राग-द्वेषौ भवति] આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે; [वस्तुत्व-प्रणिहित-दृशा दृश्यमानौ तौ किञ्चित् न] વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દ્રષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદ્રષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી). [ततः सम्यग्दृष्टिः तत्त्वदृष्ट्या तौ स्फुटं क्षपयतु] માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દ્રષ્ટિ પુરુષ તત્ત્વદ્રષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો, [येन पूर्ण-अचल-अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति] કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે. (218)

ભાવાર્થ :—રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે; માટે સમ્યગ્દ્રષ્ટિ થઈને તત્ત્વદ્રષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. ૨૧૮.

ગાથાર્થ :—[अन्यद्रव्येण] અન્ય દ્રવ્યથી [अन्यद्रव्यस्य] અન્ય દ્રવ્યને [गुणोत्पादः] ગુણની ઉત્પત્તિ [न क्रियते] કરી શકાતી નથી; [तस्मात् तु] તેથી (એ સિદ્ધાંત છે કે) [सर्वद्रव्याणि] સર્વ દ્રવ્યો [स्वभावेन] પોતપોતાના સ્વભાવથી [उत्पद्यन्ते] ઊપજે છે. (372)

ટીકા :—વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે; કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :— (372)

અહીંયા બહુ જ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે જીવ પોતાના સ્વભાવથી જ રાગાદિક ઉપજાવે છે. તે જીવનો વિભાવસ્વભાવ જાણવો. આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકોએ ખાસ નોંધવા લાયક છે. કારણ કે તેઓ તો જીવમાં રાગાદિનો સ્વીકાર જ કરતા નથી.

ભાવાર્થ :—આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી, અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે. જેઓ એમ માને છે—એવો એકાંત કરે છે—કે 'પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે', તેઓ નયવિભાગને સમજ્યા નથી, મિથ્યાદૃષ્ટિ છે. એ રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે—એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. માટે આચાર્યમહારાજ કહે છે કે—અમે રાગદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ? રાગદ્વેષનું ઊપજવું તે પોતાનો જ અપરાધ છે. (372)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[इह] આ આત્મામાં [यत् राग-द्वेष-दोष-प्रसूतिः भवति] જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે [तत्र परेषां कतरत् अपि दूषणं नास्ति] ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી, [तत्र स्वयम् अपराधी अयम् अबोधः सर्पति] ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે;—[विदितम् भवतु] એ પ્રમાણે વિદિત થાઓ અને [अबोधः अस्तं यातु] અજ્ઞાન અસ્ત થઈ જાઓ; [बोधः अस्मि] હું તો જ્ઞાન છું. (220)

ભાવાર્થ :—અજ્ઞાની જીવ રાગદ્વેષની ઉત્પત્તિ પરદ્રવ્યથી થતી માનીને પરદ્રવ્ય ઉપર કોપ કરે છે કે 'આ પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે, તેને દૂર કરું'. એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્યદેવ ઉપદેશ કરે છે કે—રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે અને તે આત્માના જ અશુદ્ધ પરિણામ છે. માટે એ અજ્ઞાનને નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરો; પરદ્રવ્યને રાગદ્વેષનું ઉપજાવનારું માનીને તેના પર કોપ ન કરો. ૨૨૦.

અહીંયા બહુ જ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. કે જે નિશ્ચયાભાસી ઉપદેશકોએ ખાસ નોંધવા લાયક છે. કારણ કે અનેક નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીને પણ એવો જ ઉપદેશ આપે છે કે 'તમે શુદ્ધાત્મા છો, તમે પરમ અકર્તા છો, તમે સાક્ષી માત્ર છો, ઇત્યાદિ.' આવો ઉપદેશ જ તેમનું અજ્ઞાન

છતું કરે છે. કારણ કે તેમને જ્ઞાની-અજ્ઞાનીની દશામાં કાંઈ અંતર જણાતું જ નથી. અજ્ઞાની પોતાના રાગ-દ્વેષની જવાબદારી બીજાના ઉપર ઢોળે છે તે અજ્ઞાન જ છે. પોતાની સ્વતંત્રતાનો અસ્વીકાર છે.

શ્લોકાર્થ :—[ये तु राग-जन्मनि परद्रव्यम् एव निमित्ततां कलयन्ति] જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું (કારણપણું) માને છે, (પોતાનું કાંઈ કારણપણું માનતા નથી,) [ते शुद्ध-बोध-विधुर-अन्ध-बुद्धयः] તેઓ—જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે એવા (અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા)—[मोह-वाहिनीं न हि उत्तरन्ति] મોહનદીને ઊતરી શકતા નથી. (221)

ભાવાર્થ :—શુદ્ધનયનો વિષય આત્મા અનંત શકિતવાળો, ચૈતન્યચમત્કારમાત્ર, નિત્ય, અભેદ, એક છે. તે પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેમને નથી તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે. આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી (અથવા મોહની સેનાને હરાવી શકતા નથી), તેમને રાગદ્વેષ મટતા નથી; કારણ કે રાગદ્વેષ કરવામાં જો પોતાનો પુરુષાર્થ હોય તો જ તેમને મટાડવામાં પણ હોય, પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે, ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે? માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે—એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. ૨૨૧.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તુ અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (–સંબંધ વિનાનો, તટસ્થ) છે, તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.—આવા અર્થની ગાથાઓ હવે કહે છે :— (372)

અહીંયા બહુ જ સ્પષ્ટ રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધની સ્પષ્ટતા કરેલ છે. કાર્ય તો નિયમથી ઉપાદાનમાં જ થાય છે. પરંતુ ત્યારે નિમિત્તની હાજરી અવિનાભાવી હોય છે. જ્યારે ઉપાદાન તે નિમિત્તને અનુકૂળ હોય ત્યારે જ નૈમિત્તિક ઉપાદનમાં કાર્ય થાય છે. પરંતુ દરેક વખતે નિમિત્ત નિયમથી નૈમિત્તકમાં અસર કરે જ એવું હોતું નથી. તેથી અહીંયા જણાવ્યું છે કે પરદ્રવ્ય (નિમિત્ત) આત્માને રાગ કરાવે છે-એમ કહી શકાતું નથી. કારણ કે જ્યારે આત્મા ગુણસ્થાનક આરોહણથી અથવા અન્ય કોઈ કારણે તે પરદ્રવ્યની હાજરી હોવા છતાં રાગ કરતો નથી ત્યારે તે પરદ્રવ્ય નિમિત્ત પણ કહેવાતું નથી. આ જ આત્માની સ્વતંત્રતા દર્શાવે છે. આત્મા જો ધારે તો તે રાગાદિક છોડીને વિતરાગી બની શકે છે. આ વાત નિશ્ચયાભાસી ઉપદેશકોએ ખાસ નોંધવા લાયક છે. કારણ કે તેઓ ક્યારેક તો અજ્ઞાની જીવ રાગ કરે છે તે સ્વીકારવા પણ તૈયાર હોતા નથી. તેઓ અજ્ઞાની જીવને પણ સ્વરૂપમાં રહેવાનો ઉપદેશ આપે છે. જેણે સ્વરૂપની પ્રાપ્તિ જ થઇ નથી, તે સ્વરૂપમાં રહેશે કઇ રીતે? તે અજ્ઞાનીને સ્વરૂપનો અનુભવ નહીં

હોવાથી, સ્વરૂપની કલ્પના કરીને તે કલ્પનામાં જ રહેવાનો પ્રયત્ન કરશે. તે સ્વરૂપની કલ્પનાનું જ ધ્યાન પણ કરશે. તેનાથી તે નિયમથી નિશ્ચયાભાસી બનશે. અને તેમાંના અનેક નિશ્ચયાભાસીઓ તો પોતાને જ્ઞાની પણ માનતા હોય છે. કારણ કે તેઓ કહેતા હોય છે કે અમને તો આનંદ પણ આવે છે. એ આનંદ માત્ર માન્યતાનો (conditioningનો) જ હોય છે, તે વાતથી તેઓ અજાણ જ હોય છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળનો જ પ્રભાવ છે કે અત્યારે નિશ્ચયાભાસીઓની જ ભરમાર છે. જ્ઞાની તો કોઈક વિરલા જ છે. તે સ્પષ્ટ જણાય છે. જેઓ પોતાનું કલ્યાણ ઇચ્છતા હોય તેમણે આ સમજવું જરૂરી છે.

ગાથાર્થ :—[बहुकानि] બહુ પ્રકારનાં [निन्दितसंस्तुतवचनानि] નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે [पुद्गलाः] પુદ્‌ગલો [परिणमन्ति] પરિણમે છે; [तानि श्रुत्वा पुनः] તેમને સાંભળીને અજ્ઞાની જીવ [अहं भणितः] 'મને કહ્યું' એમ માનીને [रुष्यति तुष्यति च] રોષ તથા તોષ કરે છે (અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે). (373)

અહીંયા બહુ જ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. કે જે નિશ્ચયાભાસી ઉપદેશકોએ નોંધવા લાયક છે. અભિપ્રાયમાં વસ્તુસ્થિતિનું જ્ઞાન અનુભૂતિથી જ આવે છે. તેથી અભિપ્રાયની જ કિંમત છે. ખરેખર અભિપ્રાય બદલાવવાની જ સાધના છે.

ભાવાર્થ :—શબ્દાદિક જડ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે. તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે 'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (–જાણવા) તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, તેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આમ પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી, જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ. આવો વસ્તુસ્વભાવ છે, તોપણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે. (373-382)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[पूर्ण-एक-अच्युत-शुद्ध-बोध-महिमा अयं बोधः] પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ (–વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા [ततः इतः बोध्यात्] તે (અસમીપવર્તી) કે આ (સમીપવર્તી) જ્ઞેય પદાર્થોથી [काम् अपि विक्रियां न यायात्] જરા પણ વિક્રિયા પામતો નથી, [दीपः प्रकाश्यात् इव] જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (–પ્રકાશાવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ. તો પછી [तद्-वस्तुस्थिति-बोध-बन्ध्य-धिषणाः एते अज्ञानिनः] એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો [किम् सहजाम् उदासीनताम् मुञ्चन्ति, रागद्वेषमयीभवन्ति] પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.) (222)

અહીંયા બહુ જ સ્પષ્ટ રીતે જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજાવેલ છે. અજ્ઞાની નવપૂર્વોની જાણકારી મેળવીને પણ તરી શકતો નથી-એ સમજવું અત્યંત આવશ્યક છે.

શ્લોકાર્થ :—[राग-द्वेष-विभाव-मुक्त-महसः] જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે, [नित्यं स्वभाव-स्पृशः] જેઓ સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે, [पूर्व-आगामि-समस्त-कर्म-विकलाः] જેઓ ભૂત કાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહિત છે અને [तदात्व-उदयात्-भिन्नाः] જેઓ વર્તમાન કાળના કર્મોદયથી ભિન્ન છે, [दूर-आरूढ-चरित्र-वैभव-बलात् ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति] તેઓ (-એવા જ્ઞાનીઓ-) અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે—[चञ्चत्-चिद्-अर्चिर्मयीं] કે જે જ્ઞાન-ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે અને [स्व-रस-अभिषिक्त-भुवनाम्] જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી) સમસ્ત લોકને સિંચ્યો છે. (223)

અહીંયા જ્ઞાનીની અનુભૂતિનું વર્ણન કર્યું છે. જો કોઈ અજ્ઞાની અનુભૂતિ વગર આવું બોલે તો તેઓ પોતાને છેતરે છે અને નિશ્ચયાભાસી જ બને છે.

ભાવાર્થ :—ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે, ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે અને વર્તમાન દોષથી આત્માને જુદો કરવો તે આલોચના છે. અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે; માટે નિશ્ચયથી વિચારતાં તો, જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે. એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાન-સ્વરૂપ અને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે. જે આ નિશ્ચયચારિત્ર, તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનનું અનુભવન) છે. તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે. (383-386)

અહીંયા કહ્યું કે "જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે. શ્રદ્ધે છે અને અનુભવે છે.." તેનો અર્થ એ થાય છે કે જે આત્મા સમ્યક્ જ્ઞાન-દર્શન-સ્વરૂપાચરણરૂપ ચારિત્ર (સ્વાત્માનુભૂતિ) સહિત છે તે જ્ઞાની છે. અહીંયા તે જ્ઞાનીની વાત છે. તેથી જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો સ્વાત્માનુભૂતિ વગર પણ અજ્ઞાનીઓને પોતાને શુદ્ધાત્મા માની લેવાનો અથવા પોતાને માત્ર સાક્ષીભાવમાં રાખવાનો વગેરે ઉપદેશ આપતા હોય તો તેઓએ જ્ઞાની-અજ્ઞાનીનો ફરક સમજવો અત્યંત જરૂરી છે. તેથી તેમણે સમજવું જોઈએ કે અજ્ઞાનીને શું ઉપદેશ હોય અને જ્ઞાનીને શું ઉપદેશ હોય. આ વાત સમજીને તેઓએ પહેલા પોતાનું કલ્યાણ કરવું જરૂરી છે. બીજું, અહીંયા જે જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું તે ચોથા ગુણસ્થાનકે પણ સમ્યક્ જ્ઞાન-દર્શન-સ્વરૂપાચરણરૂપ ચારિત્ર (સ્વાત્માનુભૂતિ) રૂપે હોય છે. આ ગ્રંથ અધ્યાત્મનો હોવાથી તેમાં આત્માનુભૂતિને જ અપેક્ષાએ ચારિત્ર કહ્યું છે.

ભાવાર્થ :—કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય. જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે અર્થાત્ કેવળજ્ઞાન ઊપજે છે. કેવળજ્ઞાન ઊપજતાં સંપૂર્ણ જ્ઞાનચેતના કહેવાય છે. (224)

આ ઉપદેશ જ્ઞાની માટે છે. કારણ કે તે જ વારંવાર સ્વાત્માનુભૂતિ કરી શકે છે. તેથી કોઈ પણ નિશ્ચયાભાસી ઉપદેશકોએ આ વાત પોતાને માટે કે અજ્ઞાનીને ઉપદેશ દેવા માટે ન વાપરવી. અન્યથા તેમાં હિત કરતા અહિત વિશેષ થાય છે. પરંતુ અજ્ઞાની આ જ કરે છે, તે જ તેની ઓળખાણ છે.

ગાથાર્થ :—[कर्मफलम् वेदयमानः] કર્મના ફળને વેદતો થકો [यः तु] જે આત્મા [कर्मफलम्] કર્મફળને [आत्मानं करोति] પોતારૂપ કરે છે (–માને છે), [सः] તે [पुनः अपि] ફરીને પણ [अष्टविधम् तत्] આઠ પ્રકારના કર્મને—[दुःखस्य बीजं] દુઃખના બીજને—[बध्नाति] બાંધે છે. (387)

[कर्मफलं वेदयमानः] કર્મના ફળને વેદતો થકો [यः तु] જે આત્મા [कर्मफलम् मया कृतं जानाति] 'કર્મફળ મેં કર્યું' એમ જાણે છે, [सः] તે [पुनः अपि] ફરીને પણ [अष्टविधम् तत्] આઠ પ્રકારના કર્મને—[दुःखस्य बीजं] દુઃખના બીજને—[बध्नाति] બાંધે છે. (388)

[कर्मफलं वेदयमानः] કર્મના ફળને વેદતો થકો [यः चेतयिता] જે આત્મા [सुखितः दुखितः च] સુખી અને દુઃખી [भवति] થાય છે, [सः] તે [पुनः अपि] ફરીને પણ [अष्टविधम् तत्] આઠ પ્રકારના કર્મને—[दुःखस्य बीजं] દુઃખના બીજને—[बध्नाति] બાંધે છે. (389)

આ વાત અજ્ઞાનીની છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતાની ઉપર થોપવા પ્રયાસ કરશે અથવા તો તેવા ભાવરૂપ પોતાને માની લેશે તો તે કામ નહીં કરે. કલ્યાણ નહીં થાય.

શ્લોકાર્થ :—[त्रिकालविषयं] ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) [सर्वं कर्म] સમસ્ત કર્મને [कृत-कारित-अनुमननैः] કૃત-કારિત-અનુમોદનાથી અને [मनः-वचन-कायैः] મન-વચન-કાયાથી [परिहृत्य] ત્યાગીને [परमं नैष्कर्म्यम् अवलम्बे] હું પરમ નૈષ્કર્મ્યને (–ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું. (એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.) ૨૨૫.

આ જ્ઞાનીના ભાવ છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેથી જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો સ્વાત્માનુભૂતિ વગર પણ અજ્ઞાનીઓને પોતાને સ્વરૂપથી પણ શુદ્ધાત્મા માની લેવાનો ઉપદેશ આપતા હોય તો તેઓને એ ખબર નથી કે તે અજ્ઞાની નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ એવા માની લે છે. તેથી તેમણે સમજવું જોઈએ કે અજ્ઞાનીને શું ઉપદેશ હોય અને જ્ઞાનીને શું ઉપદેશ હોય. આ વાત સમજીને તેઓએ પહેલા પોતાનું કલ્યાણ કરવું અત્યંત જરૂરી છે. અજ્ઞાની અનુભૂતિ વગર શબ્દોમાં આવું કરે તો પણ તેનું કલ્યાણરૂપે ફળ આવતું નથી. અનંત દુઃખો જ આવે છે.

શ્લોકાર્થ :—[यद् अहम् मोहात् अकार्षम्] જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂત કાળમાં) કર્મ કર્યાં, [तत् समस्तम् अपि कर्म प्रतिक्रम्य] તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને [निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते] હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (–પોતાથી જ–) નિરંતર વર્તું છું (એમ જ્ઞાની અનુભવ કરે છે). (226)

ભાવાર્થ :—ભૂત કાળમાં કરેલા કર્મને ૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે, તેનું આ વિધાન (વિધિ) છે. 'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે :—જેવી રીતે, કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું; પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો; તે વખતે, ભૂત કાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે; તેવી રીતે, જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેના ફળમાં લીન ન થયો, ત્યારે ભૂત કાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે. ૨૨૬.

આ જ્ઞાનીના ભાવ છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેથી જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો સ્વાત્માનુભૂતિ વગર પણ અજ્ઞાનીઓને પોતાને સ્વરૂપથી પણ શુદ્ધાત્મા માની લેવાનો ઉપદેશ આપતા હોય તો તેઓને એ ખબર નથી કે તે અજ્ઞાની નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ એવા માની લે છે. તેથી તેમણે સમજવું જોઈએ કે અજ્ઞાનીને શું ઉપદેશ હોય અને જ્ઞાનીને શું ઉપદેશ હોય. આ 'સમયસાર'શાસ્ત્રની આ વાત સમજીને તેઓએ પહેલા પોતાનું કલ્યાણ કરવું અત્યંત જરૂરી છે. કારણ કે તેઓ પોતે પણ અજ્ઞાની હોવા છતાં આ જ કરતા હોય છે, કોઈ તો પોતાને જ્ઞાની પણ સમજતા હોય છે. અજ્ઞાનનું ફળ દુ:ખો જ છે

શ્લોકાર્થ :—(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે—) [मोहविलास-विजृम्भितम् इदम् उदयत् कर्म] મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ [सकलम् आलोच्य] તે સમસ્તને આલોચીને (–તે સર્વ કર્મની આલોચના કરીને–) [निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते] હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (–પોતાથી જ–) નિરંતર વર્તું છું. (227)

ભાવાર્થ :—વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે તેના વિષે જ્ઞાની એમ વિચારે છે કે—પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે, મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી, હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું. તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. તે દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું. મારા સ્વરૂપમાં જ હું વર્તું છું. આવું અનુભવન કરવું તે જ નિશ્ચયચારિત્ર છે. ૨૨૭.

આ જ્ઞાનીના ભાવ છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.

શ્લોકાર્થ :—(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે–) [भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय] ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (–ત્યાગીને), [निरस्त-सम्मोहः निष्कर्मणि चैतन्य--आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते।] જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (–પોતાથી જ–) નિરંતર વર્તું છું. (228)

ભાવાર્થ :—નિશ્ચયચારિત્રમાં પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે—સમસ્ત આગામી કર્મોથી રહિત, ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું તે પ્રત્યાખ્યાન. તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :—વ્યવહારચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન હોય છે. અહીં નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે. તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું—ત્રણે કાળનાં કર્મોનું—પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન કરીને જ્ઞાની સર્વ કર્મચેતનાથી જુદા પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના વિધાન વડે નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ, શ્રેણી ચડી, કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે. આ, જ્ઞાનીનું કાર્ય છે. ૨૨૮.

આ જ્ઞાનીના ભાવોનું વર્ણન છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.

શ્લોકાર્થ :—(શુદ્ધનયનું આલંબન કરનાર કહે છે કે—) [इति एवम्] પૂર્વોક્ત રીતે [त्रैकालिकं समस्तम् कर्म] ત્રણે કાળનાં સમસ્ત કર્મોને [अपास्य] દૂર કરીને—છોડીને, [शुद्धनय--अवलम्बी] શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર) અને [विलीन-मोहः] વિલીનમોહ (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે) એવો હું [अथ] હવે [विकारैः रहितं चिन्मात्रम् आत्मानम्] (સર્વ) વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને [अवलम्बे] અવલંબું છું. ૨૨૯.

અહીંયા કહ્યું કે "શુદ્ધનયનું આલંબન કરનાર કહે છે કે-... વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબું છું." તેથી સમજાય છે કે શુદ્ધનયનું આલંબન કરનાર એટલે તેનો અનુભવ કરનાર. એટલે કે શુદ્ધનયનું અનુભૂતિપૂર્વકનું આલંબન કરનાર વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માનો જ અનુભવ કરે છે. તેથી તેનું માત્ર શબ્દરૂપે આલંબન કરનાર ન સમજવો. કારણ કે તેને વિલીનમોહ પણ કહ્યો છે. એક વાત બહુ જ સ્પષ્ટ રીતે સમજી લેવા જેવી છે કે અજ્ઞાનીને શુદ્ધનયાવલંબી એટલે કહી શકાતો નથી કારણ કે તેને સમ્યક્‌નય હોતો નથી, તેને નયાભાસ હોય છે તેથી તે જ્યારે વારંવાર શુદ્ધનયનું આલંબન લેવા પ્રયત્ન કરે છે ત્યારે તે નિશ્ચયાભાસમાં જ જાય છે. અહીંયા જ્ઞાનીની વાત છે, તેથી જ અંતે કહ્યું કે "વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબું છું." અહીંયા અવલંબું છું એટલે અનુભવું છું-એમ સમજવું. કારણ કે આ જ્ઞાનીનું વર્ણન છે. તેથી અજ્ઞાનીએ અનુભવવગર આ વાતો પોતાને માટે માની ન લેવી પરંતુ વૈરાગ્યાદિ યોગ્યતાઓ અને આત્મ-સન્મુખતા પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવો જોઈએ.

ભાવાર્થ :—જ્ઞાની કહે છે કે—જે કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું જ્ઞાતા-દ્રષ્ટાપણે જાણું-દેખું છું, તેનો ભોક્તા થતો નથી, માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ; હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થયો થકો તેનો દેખનાર-જાણનાર જ હોઉં.

અહીં એટલું વિશેષ જાણવું કે—અવિરત, દેશવિરત તથા પ્રમત્તસંયત દશામાં તો આવું જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે, અને જ્યારે જીવ અપ્રમત્ત દશાને પામીને શ્રેણી ચડે છે ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે. ૨૩૦.

> **પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે. જ્ઞાની જ્ઞાતા-દ્રષ્ટા છે. સાક્ષી માત્ર છે. કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ આવો ઉપદેશ આપતા હોય છે. જો આ 'સમયસાર'શાસ્ત્રનું ખોટું અર્થઘટણ કરીને પોતાની અને બીજા અનેકનો આ ભવ અને અનંત ભવિષ્યકાળ ન બગાડવો હોય તો અહીંયા જણાવેલ શાસ્ત્રની સાચી સમજ ગ્રહણ કરવી આવશ્યક છે. પોતા ઉપર દયા લાવીને તેઓએ સાચી વાત સમજીને, સાચી વાતનો ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ અને તે જ સાચો ઉપદેશ બીજાને પણ આપવો જોઈએ.**

હું (જ્ઞાની હોવાથી) મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું અર્થાત્ એકાગ્રપણે અનુભવું છું. (અહીં 'ચેતવું' એટલે અનુભવવું, વેદવું, ભોગવવું. 'સં' ઉપસર્ગ લાગવાથી, 'સંચેતવું' એટલે 'એકાગ્રપણે અનુભવવું' એવો અર્થ અહીં બધા પાઠોમાં સમજવો.) ૧. હું શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું—અનુભવું છું. ૨. હું અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,(383-386)

> **આ જ્ઞાનીના ભાવોનું વર્ણન છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.**

(અહીં ભાવના એટલે વારંવાર ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે. જ્યારે જીવ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની થાય છે ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ કે 'હું શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું'. પરંતુ પૂર્વે બાંધેલાં કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું. અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ; અને જ્યારે જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે, કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગરૂપ થાય, ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી શ્રેણી ચડીને કેવળજ્ઞાન ઉપજાવે છે. તે વખતે એ ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે. પછી આત્મા અનંત કાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે.) (387-388-389)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—(સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કે :) [एवं] પૂર્વોક્ત રીતે [निःशेष-कर्म-फल-संन्यसनात्] સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી [चैतन्य-लक्ष्म आत्मतत्त्वं भृशम् भजतः सर्व-क्रियान्तर-विहार-निवृत्त-वृत्तेः] હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું અને તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે (અર્થાત્ આત્મતત્ત્વના ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા—વિભાવરૂપ ક્રિયા—તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી—પ્રવર્તતી નથી); [अचलस्य मम] એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને, [इयम् काल-आवली] આ કાળની આવલી કે જે [अनन्ता] પ્રવાહરૂપે અનંત છે તે, [वहतु] આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો-જાઓ. (ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી પણ ન જાઓ.) (231)

ભાવાર્થ :—આવી ભાવના કરનાર જ્ઞાની એવો તૃપ્ત થયો છે કે જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય; તેથી તે અનંત કાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે. અને તે યોગ્ય જ છે; કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે. કેવળજ્ઞાન ઊપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે. બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે; અને આના વિના વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે, મોક્ષનો ઉપાય નથી. ૨૩૧.

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા પણ દૃઢ થાય છે. જો કે કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ આવો ઉપદેશ જ આપતા હોય છે. આ રીતે 'સમયસાર'શાસ્ત્રનું ખોટું અર્થઘટણ કરીને તેઓએ પોતાનો અને બીજા અનેકનો આ ભવ અને અનંત ભવિષ્યકાળ ન બગાડવો હોય તો અહીંયા જણાવેલ 'સમયસાર'શાસ્ત્રની સાચી સમજ ગ્રહણ કરવી આવશ્યક છે. પોતા ઉપર દયા લાવીને તેઓએ સાચી વાત સમજીને, સાચી વાતનો ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ અને તે જ સાચો ઉપદેશ બીજાને પણ આપવો જોઈએ. (આગળ જ્ઞાનીના જ્ઞાનનું દેખવું ત્રણ પ્રકારે કહેશે. તે અજ્ઞાનીનું નથી. જ્ઞાનીનું જ છે)

શ્લોકાર્થ :—[पूर्व-भाव-कृत-कर्म-विषद्रुमाणां फलानि यः न भुङ्क्ते] પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી અને [खलु स्वतः एव तृप्तः] ખરેખર પોતાથી જ (-આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે, [सः आपात-काल-रमणीयम् उदर्क-रम्यम् निष्कर्म-शर्ममयम् दशान्तरम् एति] તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ-સુખમય દશાંતરને પામે છે (અર્થાત્ જે પૂર્વે સંસાર-અવસ્થામાં કદી થઈ નહોતી એવી જુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે). (232)

'પૂર્વોક્ત રીતે કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગની ભાવના કરીને અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને, પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા જ્ઞાની જનો સદાકાળ આનંદરૂપ રહો'—એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છે :—

શ્લોકાર્થ :—[अविरतं कर्मणः तत्फलात् च विरतिम् अत्यन्तं भावयित्वा] જ્ઞાની જનો,

અવિરતપણે કર્મથી અને કર્મના ફળથી વિરતિને અત્યંત ભાવીને (અર્થાત્ કર્મ અને કર્મફળ પ્રત્યે અત્યંત વિરક્તભાવને નિરંતર ભાવીને), [अखिल-अज्ञान-सञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा] (એ રીતે) સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને, [स्व-रस-परिगतं स्वभावं पूर्णं कृत्वा] નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, [स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः इतः सर्व-कालं प्रशम-रसम् पिबन्तु] પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ (અર્થાત્ કર્મના અભાવરૂપ આત્મિક રસને–અમૃતરસને–અત્યારથી માંડીને અનંત કાળ પર્યંત પીઓ. આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે). (233)

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. તે જ વાત અહીંયા દૃઢ થાય છે.

[यस्मात्] કારણ કે [नित्यं जानाति] (જીવ) નિરંતર જાણે છે [तस्मात्] માટે [ज्ञायकः जीवः तु] જ્ઞાયક એવો જીવ [ज्ञानी] જ્ઞાની (–જ્ઞાનવાળો, જ્ઞાનસ્વરૂપ) છે, [ज्ञानं च] અને જ્ઞાન [ज्ञायकात् अव्यतिरिक्तं] જ્ઞાયકથી અવ્યતિરિક્ત છે (–અભિન્ન છે, જુદું નથી) [ज्ञातव्यम्] એમ જાણવું. (403)

[बुधाः] બુધ પુરુષો (અર્થાત્ જ્ઞાની જનો) [ज्ञानं] જ્ઞાનને જ [सम्यग्दृष्टिं तु] સમ્યગ્દૃષ્ટિ, [संयमं] (જ્ઞાનને જ) સંયમ, [अङ्गपूर्वगतम् सूत्रम्] અંગપૂર્વગત સૂત્ર, [धर्माधर्मं च] ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) [तथा प्रव्रज्याम्] તથા દીક્ષા [अभ्युपयान्ति] માને છે. (404)

અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે; કારણ કે અભેદવિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી, જ્ઞાન છે તે જ આત્મા છે. અભેદવિવક્ષામાં જ્ઞાન કહો કે આત્મા કહો—કાંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.

ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે—જે, પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને, સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવને પામ્યું છે, અને જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી, એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા, શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું. ત્યાં 'દેખવું' ત્રણ પ્રકારે સમજવું. શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (–પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધ્યું હતું તેવું

જ્ઞાનીનું દેખવું ત્રણ પ્રકારે છે.=૧.અનુભૂતિ ૨.અપ્રમત્તતા અને ૩.કેવળજ્ઞાન છે. આમાં શબ્દરૂપ જાણકારીને સ્થાન જ નથી. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.

જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ, દેખવાનો બીજો પ્રકાર થયો. અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે. કેવળજ્ઞાન ઊપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે તે ત્રીજા પ્રકારનું દેખવું છે. તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું સર્વનું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે. (390-404) ભાવાર્થ

અહીંયા કહ્યું કે "સાક્ષાત્ સમયસારસ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા, શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું." તે જ્ઞાનીની વાત છે. તે દેખવું એટલે અનુભવવું સમજવું. તેથી કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકોએ અજ્ઞાનીઓને પણ આવો ઉપદેશ ન આપતા તેઓને પણ સ્વાત્માનુભૂતિ માટે પ્રોત્સાહન આપવું જોઈએ. તેને માટે તેઓએ વૈરાગ્યાદિ આત્માની યોગ્યતાઓ સહિત આત્મ-સન્મુખતા પામવાનો ઉપદેશ આપવા જેવો છે. કે જેથી તેમનું પોતાનું અને અન્ય અનેકનું કલ્યાણ સંભવ બને. કે જે અત્યારે નિશ્ચયાભાસના કારણે અસંભવ જ છે. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.

શ્લોકાર્થ :—[संहत-सर्व-शक्तेः पूर्णस्य आत्मनः] જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું [आत्मनि इह] આત્મામાં [यत् सन्धारणम्] ધારણ કરવું [तत् उन्मोच्यम् अशेषतः उन्मुक्तम्] તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું [तथा] અને [आदेयम् तत् अशेषतः आत्तम्] ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું. (236)

ભાવાર્થ :—પૂર્ણજ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ, ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે. ૨૩૬.

આ જ્ઞાનીના ભાવોનું વર્ણન છે. તેથી જો કોઈ અજ્ઞાની જ્ઞાનીના ભાવોને ઉપરથી પોતા ઉપર થોપવા પ્રયાસ કરશે તો તે કામ નહીં કરે. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.

[तस्मात् तु] માટે [यः विशुद्धः चेतयिता] જે વિશુદ્ધ આત્મા છે [सः] તે [जीवाजीवयोः द्रव्ययोः] જીવ અને અજીવ દ્રવ્યોમાં (-પરદ્રવ્યોમાં) [किञ्चित् न एव गृह्णाति] કાંઈ પણ ગ્રહતો નથી [किञ्चित् अपि न एव विमुञ्चति] તથા કાંઈ પણ છોડતો નથી. (407)

ગાથાર્થ :—[बहुप्रकाराणि] બહુ પ્રકારનાં [पाषण्डिलिङ्गानि वा] મુનિલિંગોને [गृहिलिङ्गानि वा] અથવા ગૃહીલિંગોને [गृहीत्वा] ગ્રહણ કરીને [मूढाः] મૂઢ (અજ્ઞાની) જનો [वदन्ति] એમ કહે છે કે '[इदं लिङ्गम्] આ (બાહ્ય) લિંગ [मोक्षमार्गः इति] મોક્ષમાર્ગ છે'. (408)

[तु] પરંતુ [लिङ्गम्] લિંગ [मोक्षमार्गः न भवति] મોક્ષમાર્ગ નથી; [यत्] કારણ કે [अर्हन्तः] અર્હંતદેવો [देहनिर्ममाः] દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા [लिङ्गम् मुक्त्वा] લિંગને છોડીને [दर्शनज्ञानचारित्राणि सेवन्ते] દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે. (409)

અહીંયા એ સ્પષ્ટતા કરેલ છે કે મૂઢજનો એટલે કે અજ્ઞાનીઓ બાહ્યલિંગનું જ મહત્વ ગાય છે. અને તેથી જ તેઓ તેમાં ફસાય છે. તેને જ તેઓ મોક્ષમાર્ગ માને છે. તેમાંના અનેક લોકો તો ચોથા ગુણસ્થાનકે શુદ્ધાત્માનુભૂતિ પણ માનતા નથી. ચોથા ગુણસ્થાનકે આત્માનો અનુભવ થાય છે તે જ માનતા નથી. તેથી તેઓ પોતાને દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મની શ્રદ્ધા માત્રથી જ સમ્યગ્દૃષ્ટિ માને છે કે જે તેમના સમ્યગ્દર્શનમાં જ બાધારૂપ બને છે. કારણ કે તેઓ ભ્રમમાં જ સંતુષ્ટ હોવાથી શુદ્ધાત્માનુભૂતિનો ક્યારેય પ્રયાસ પણ કરતા નથી. ઉલટું તેઓ તેનો વિરોધ કરતા હોય છે. આમ તેઓ જાતે જ પોતાના મોક્ષમાર્ગના પ્રવેશમાં બાધારૂપ બને છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળની સૌથી મોટી કરૂણાજનક વાત છે કે લોકો ધર્મના નામે પોતાને અને બીજા અનેકને છેતરે છે. વ્યવહારાભાસી જીવોએ આ સમજ ગ્રહણ કરીને દ્રવ્ય-ચારિત્રનો આગ્રહ તજીને પહેલાં આત્માની અનુભૂતિનો પ્રયાસ આદરવા જેવો છે.

ટીકા :—કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે. તે (–દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે; કારણ કે બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી, શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે (અર્થાત્ તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે).(408-409)

ભાવાર્થ :—જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત? દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત! માટે એ નક્કી થયું કે—દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.(408-409)

હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે—એમ સિદ્ધ કરે છે) :—

મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

ગાથાર્થ :—[पाषण्डिगृहिमयानि लिङ्गानि] મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો [एषः] એ [मोक्षमार्गः न अपि] મોક્ષમાર્ગ નથી; [दर्शनज्ञानचारित्राणि] દર્શન-જ્ઞાન-ચારિત્રને [जिनाः] જિનદેવો [मोक्षमार्गं ब्रुवन्ति] મોક્ષમાર્ગ કહે છે. (410)

ટીકા :—દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી, કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. (410)

જે આત્મા સમ્યક્ જ્ઞાન-દર્શન-સ્વરૂપાચરણરૂપ ચારિત્ર (સ્વાત્માનુભૂતિ) સહિત છે તે જ્ઞાની છે. તેને જ મોક્ષમાર્ગ છે. પરંતુ જે આ સ્વાત્માનુભૂતિથી રહિત છે તે અજ્ઞાની છે. તેથી તે ભલે બાહ્યચારિત્ર ગ્રહણ

કરે પરંતુ તેનાથી તે મોક્ષમાર્ગમાં છે-એવું નથી. કારણ કે મોક્ષમાર્ગ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે એટલે કે તે સ્વદ્રવ્યની અનુભૂતિ વગર હોતો નથી-એ સમજવું જરૂરી છે. 'સમયસાર' અધ્યાત્મશાસ્ત્ર છે તેથી તેમાં આત્માનુભૂતિને પણ સ્વરૂપાચરણ (સ્વરૂપના અનુભવરૂપે) ચારિત્રરૂપે ગણવામાં આવ્યું છે.

ભાવાર્થ :—મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (-આત્માના પરિણામ) છે, માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે; માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.

લિંગ છે તે દેહમય છે; દેહ છે તે પુદ્‌ગલદ્રવ્યમય છે; માટે આત્માને દેહ મોક્ષનો માર્ગ નથી. પરમાર્થે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી એ નિયમ છે. (410)

જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું—એમ હવે ઉપદેશ કરે છે :—

તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,
ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.

ગાથાર્થ :—[तस्मात्] માટે [सागारैः] સાગારો વડે (-ગૃહસ્થો વડે) [अनगारकैः वा] અથવા અણગારો વડે (-મુનિઓ વડે) [गृहीतानि] ગ્રહાયેલાં [लिङ्गानि] લિંગોને [जहित्वा] છોડીને, [दर्शनज्ञानचारित्रे] દર્શનજ્ઞાનચારિત્રમાં—[मोक्षपथे] કે જે મોક્ષમાર્ગ છે તેમાં—[आत्मानं युंक्ष्व] તું આત્માને જોડ. (411)

વ્યવહારાભાસી જીવોએ દ્રવ્યલિંગનો આગ્રહ તજીને પહેલાં શુદ્ધાત્માનુભૂતિનો પ્રયાસ આદરવા જેવો છે. અહીંયા કહ્યું કે "...લિંગોને છોડીને, દર્શનજ્ઞાનચારિત્રમાં કે જે મોક્ષમાર્ગ છે તેમાં તું આત્માને જોડ." તેનો અર્થ એ છે કે પોતાને શરીરરૂપે માનવાનું (મિથ્યાત્વ) છોડીને એટલે કે લિંગરૂપે માનવાનું છોડીને પોતાને શુદ્ધાત્મારૂપે અનુભવ કરીને, તે શુદ્ધાત્મામાં જોડ. એટલે કે સમ્યક્ જ્ઞાન-દર્શન-સ્વરૂપાચરણ ચારિત્રરૂપ (સ્વાનુભૂતિરૂપ) આત્મા કે જે સાચો મોક્ષમાર્ગ છે, તેમાં જોડ. તો જ કલ્યાણ છે.

ટીકા :—કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શનજ્ઞાનચારિત્રમાં જ, તે (દર્શનજ્ઞાનચારિત્ર) મોક્ષમાર્ગ હોવાથી, આત્માને જોડવાયોગ્ય છે—એમ સૂત્રની અનુમતિ છે. (411)

ભાવાર્થ :—અહીં દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે. પરંતુ એમ નથી. જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે, તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે કે—ભેખમાત્રથી (વેશમાત્રથી, બાહ્યવ્રતમાત્રથી) મોક્ષ નથી, પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે. વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે, તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે; તે વ્રતોને અહીં છોડાવ્યાં નથી, પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી પરમાર્થ

મોક્ષમાર્ગમાં જોડાવાથી મોક્ષ થાય છે, કેવળ ભેખમાત્રથી–વ્રતમાત્રથી મોક્ષ નથી. (411)

ગાથાર્થ :—(હે ભવ્ય!) [मोक्षपथे] તું મોક્ષમાર્ગમાં [आत्मानं स्थापय] પોતાના આત્માને સ્થાપ, [तं च एव ध्यायस्व] તેનું જ ધ્યાન કર, [तं चेतयस्व] તેને જ ચેત–અનુભવ અને [तत्र एव नित्यं विहर] તેમાં જ નિરંતર વિહાર કર; [अन्यद्रव्येषु मा विहार्षीः] અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.(412)

ટીકા :—(હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં, પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ; તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા; તથા સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત–અનુભવ; તથા દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે તે-પણા વડે (અર્થાત્ પરિણામીપણા વડે) તન્મય પરિણામવાળો (–દર્શન-જ્ઞાનચારિત્રમય પરિણામવાળો) થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર; તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર. (412)

ભાવાર્થ :—પરમાર્થરૂપ આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે. તેમાં જ (–દર્શનજ્ઞાનચારિત્રમાં જ) આત્માને સ્થાપવો, તેનું જ ધ્યાન કરવું, તેનો જ અનુભવ કરવો અને તેમાં જ વિહરવું–પ્રવર્તવું, અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું. અહીં પરમાર્થે એ જ ઉપદેશ છે કે–નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું, કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું. (412)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—[दृग्-ज्ञप्ति-वृत्ति-आत्मकः यः एषः एकः नियतः मोक्षपथः] દર્શન-જ્ઞાનચારિત્રસ્વરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે, [तत्र एव यः स्थितिम् एति] તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે અર્થાત્ સ્થિત રહે છે, [तम् अनिशं ध्यायेत्] તેને જ નિરંતર ધ્યાવે છે, [तं चेतति] તેને જ ચેતે–અનુભવે છે, [च द्रव्यान्तराणि अस्पृशन् तस्मिन् एव निरन्तरं विहरति] અને અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો તેમાં જ નિરંતર વિહાર કરે છે, [सः नित्य-उदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति] તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય પામે છે—અનુભવે છે. (240)

ભાવાર્થ :—નિશ્ચયમોક્ષમાર્ગના સેવનથી થોડા જ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય એ નિયમ છે. ૨૪૦.

પૂર્વે જણાવ્યા અનુસાર 'સમયસાર'શાસ્ત્રમાં મહદ્અંશે જ્ઞાનીની અપેક્ષાએ જ તમામ વાતો કરેલ છે. નિશ્ચયમોક્ષમાર્ગ એટલે અનુભૂતિ. અહીંયા જ્ઞાનીને ઉપદેશ છે. કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો અજ્ઞાનીઓને પણ આવો ઉપદેશ આપતા હોય છે. જો આ 'સમયસાર'શાસ્ત્રનું ખોટું અર્થઘટણ કરીને તેઓએ પોતાનો અને બીજા અનેકનો આ ભવ અને અનંત ભવિષ્યકાળ ન બગાડવો હોય તો અહીંયા જણાવેલ તેની સાચી

સમજ ગ્રહણ કરવી આવશ્યક છે. પોતા ઉપર દયા લાવીને તેઓએ સાચી વાત સમજીને, સાચી વાતનો ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ અને તે જ સાચો ઉપદેશ બીજાને પણ આપવો જોઈએ. નિશ્ચયાભાસથી તો અનંતકાળે પણ કલ્યાણ થાય એવું નથી. તેનાથી તો અનંત દુ:ખો જ આવે છે.

શ્લોકાર્થ :—[ये तु एनं परिहृत्य संवृति-पथ-प्रस्थापितेन आत्मना द्रव्यमये लिङ्गे ममतां वहन्ति] જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે (અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે), [ते तत्त्व-अवबोध-च्युताः अद्य अपि समयस्य सारम् न पश्यन्ति] તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા–અનુભવતા નથી. કેવો છે તે સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા? [नित्य-उद्योतम्] નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી), [अखण्डम्] અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી), [एकम्] એક છે (અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી), [अतुल-आलोकं] અતુલ (–ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી), [स्वभाव-प्रभा-प्राग्भारं] સ્વભાવપ્રભાનો પુંજ છે (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે), [अमलं] અમલ છે (અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે). (241)

(આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી; તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?) ૨૪૧.

અહીંયા સ્પષ્ટ જણાવ્યું છે કે "જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી; તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?" અર્થાત્ જે મૂઢજનો એટલે કે અજ્ઞાનીઓ બાહ્યલિંગનું જ મહત્વ ગાય છે, તેઓ તેમાં જ મમત્વ કરે છે. અને તેથી જ તેઓ તેમાં ફસાય છે. અજ્ઞાનીઓ તેને જ મોક્ષમાર્ગ માને છે. કારણ કે તેવા લોકો ચોથા ગુણસ્થાનકે શુદ્ધાત્માનુભૂતિ પણ માનતા નથી. તેઓ ચોથા ગુણસ્થાનકે આત્માનો અનુભવ હોય છે-તે વાત જ માનતા નથી. તેથી તેઓ પોતાને દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મની શ્રદ્ધા માત્રથી જ સમ્યગ્દૃષ્ટિ માને છે કે જે તેમના સમ્યગ્દર્શનમાં જ બાધારૂપ બને છે. કારણ કે તેઓ ભ્રમમાં જ સંતુષ્ટ હોવાથી શુદ્ધાત્માનુભૂતિનો ક્યારેય પ્રયાસ પણ કરતા નથી. ઉલટું તેઓ તેનો વિરોધ પણ કરતા હોય છે. આમ તેઓ જાતે જ પોતાના મોક્ષમાર્ગના પ્રવેશમાં બાધારૂપ બને છે. તેથી જ તેઓને વ્યવહારાભાસી કહેવાય છે કારણ કે તેઓને નિશ્ચયપ્રાપ્તિનું ધ્યેય જ નથી તેથી તે માર્ગની શોધ પણ નથી. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળની સૌથી મોટી કરૂણાજનક વાત છે કે લોકો ધર્મના નામે પોતાને અને બીજા અનેકને છેતરે છે. ખરેખરો મોક્ષમાર્ગ તો સમ્યક્ જ્ઞાન-દર્શન-સ્વરૂપાચરણરૂપ ચારિત્ર (સ્વાત્માનુભૂતિ) આધારિત છે. તેથી વ્યવહારાભાસી જીવોએ પણ પોતાના અક્ષય-કલ્યાણ માટે આ શાસ્ત્રની સમીચીન સમજ સ્વીકારે જ છૂટકો છે. અન્યથા તેમના માટે અનંત દુ:ખો રાહ જોતા ઊભા જ છે-તે ભૂલવા જેવું નથી જ.

ગાથાર્થ :—[ये] જેઓ [बहुप्रकारेषु] બહુ પ્રકારનાં [पाषण्डिलिङ्गेषु वा] મુનિલિંગોમાં [गृहिलिङ्गेषु वा] અથવા ગૃહસ્થલિંગોમાં [ममत्वं कुर्वन्ति] મમતા કરે છે (અર્થાત્ આ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે), [तैः समयसारः न ज्ञातः] તેમણે સમયસારને નથી જાણ્યો. (413)

ભાવાર્થ :—અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે 'આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે', પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી. આવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી. (413)

અહીંયા કહ્યું કે "...જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી." તેથી કોઈએ એમ ન સમજવું કે તે જાણવું કહ્યું તે માત્ર જાણકારીરૂપે જ કહ્યું છે. ખરેખર તે જાણવું કહ્યું છે તે વૈરાગ્યાદિ યોગ્યતાઓ સહિત અને આત્મા-સન્મુખતાસહિતની જાણકારી હોવી આવશ્યક છે. તેથી જ આગળ કહ્યું કે "આવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી." અર્થાત્ માત્ર શાબ્દિક જાણકારી કાર્યકારી નથી, તેથી તે જાણકારી અનુભૂતિમાં પરિણમે તેવી હોવી જોઈએ. અહીંયા એ સમજવું અતિ આવશ્યક છે કે જેઓને નિશ્ચયનયની ઢગલાબંધ જાણકારી છે તો કાંઈ તેનાથી જ તેમને કાંઈ શુદ્ધાત્માનો અનુભવ થઇ જતો નથી. પરંતુ વૈરાગ્યાદિ યોગ્યતાઓ સહિત અને આત્મા-સન્મુખતાસહિતની નિશ્ચયનયની માત્ર એટલી જ જાણકારી કે 'આ જાણવાવાળો છે, તે જ હું છું' માત્ર એટલી જાણકારીથી પણ ભેદજ્ઞાન થઇ શકે છે. અનેક જીવો એવા છે કે જેને નિશ્ચયનયની વિશેષ જાણકારી જ નથી, તેવા અનેક જીવોને પણ શુદ્ધાત્માની અનુભૂતિ હોય શકે છે, અર્થાત્ એવા અનેક જીવો સમ્યગ્દૃષ્ટિ હોય શકે છે. તેઓ શુદ્ધજ્ઞાનમય સમયસારને અનુભવી શકે છે એટલે કે દેખે છે. તેથી જો કોઈ નિશ્ચયાભાસી ઉપદેશકો સ્વાત્માનુભૂતિ વગર પણ અજ્ઞાનીઓને પોતાને સ્વરૂપથી પણ શુદ્ધાત્મા માની લેવાનો ઉપદેશ આપતા હોય તો તેઓને એ ખબર જ નથી કે તેવા અજ્ઞાનીઓ નયાભાસને કારણે પોતાને વર્તમાન પર્યાયમાં જ શુદ્ધ માની લે છે. તેથી તેમણે સમજવું જોઈએ કે અજ્ઞાનીને શું ઉપદેશ હોય અને જ્ઞાનીને શું ઉપદેશ હોય. આ 'સમયસાર'શાસ્ત્રની આવી ગહન વાતો સમજીને તેઓએ પહેલા પોતાનું કલ્યાણ કરવું અત્યંત જરૂરી છે. કારણ કે તેઓ પોતે પણ અજ્ઞાની હોવા છતાં જ્ઞાનીની અનુભૂતિના વર્ણનને શબ્દોરૂપે પોતાની કલ્પનામાં ધારણ કરતા હોય છે. અહીંયા કલ્પનામાં કહ્યું છે કારણ કે જેનો અનુભવ ન હોય તેને તો માત્ર કલ્પનામાં જ ઊભું કરી શકાય છે, સાક્ષાત્ અનુભૂતિરૂપે નહીં.

શ્લોકાર્થ :—[व्यवहार-विमूढ-दृष्टयः जनाः परमार्थं नो कलयन्ति] વ્યવહારમાં જ જેમની દૃષ્ટિ (–બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી, [इह तुष-बोध-विमुग्ध-बुद्धयः तुषं कलयन्ति, न तण्डुलम्] જેમ જગતમાં [1]તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે (–મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે, [2]તંદુલને જાણતા નથી. (242)

ભાવાર્થ :—જેઓ ફોતરાંમાં મુગ્ધ થઈ રહ્યા છે, ફોતરાંને જ ફૂટ્યા કરે છે, તેમણે તંડુલને જાણ્યા જ નથી; તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે), તેમણે શુદ્ધાત્મ-અનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી; અર્થાત્ એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે, પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા જ નથી. ૨૪૨.

અહીંયા એ સ્પષ્ટતા કરેલ છે કે જે અજ્ઞાનીઓ બાહ્યલિંગરૂપ વ્યવહારનું જ મહત્વ ગાય છે. અને તેથી જ તેઓ તેમાં ફસાય છે. તેને જ તેઓ મોક્ષમાર્ગ માને છે. તેમાંના અનેક લોકો તો ચોથા ગુણસ્થાનકે શુદ્ધાત્માનુભૂતિ પણ માનતા નથી. ચોથા ગુણસ્થાનકે આત્માનો અનુભવ થાય તે જ માનતા નથી. તેથી તેઓ પોતાને દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મની શ્રદ્ધા માત્રથી જ સમ્યગ્દૃષ્ટિ માને છે કે જે તેમના સમ્યગ્દર્શનમાં જ બાધારૂપ બને છે. કારણ કે તેઓ ભ્રમમાં જ સંતુષ્ટ હોવાથી શુદ્ધાત્માનુભૂતિનો ક્યારેય પ્રયાસ પણ કરતા નથી. ઉલટું તેઓ તેનો વિરોધ પણ કરતા હોય છે. તેથી જ તેમને વ્યવહારાભાસી જીવો કહેવાય છે. આમ તેઓ જાતે જ પોતાના મોક્ષમાર્ગના પ્રવેશ માટે બાધારૂપ બને છે. આ વર્તમાન હુંડા અવસર્પિણી કાળની સૌથી મોટી કરુણાજનક વાત છે કે લોકો ધર્મના નામે પોતાને અને બીજા અનેકને છેતરે છે.

ભાવાર્થ :—જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે તેમને શુદ્ધાત્મદ્રવ્યનો અનુભવ જ નથી, કારણ કે તેઓ વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે. ૨૪૩.

જેને બાહ્યલિંગનું મમત્વ છે તેને શુદ્ધાત્માનો અનુભવ નથી કારણ કે જેને શુદ્ધાત્માનો અનુભવ છે તેને તેનાથી વિશેષ બાહ્યમાં કાંઈ જ ભાસતું નથી. તેના માટે તો સ્વનો વારંવાર અનુભવ કરવો અને તેમાં જ રહી જવું-તેનાથી વિશેષ કોઈ ધર્મ જ નથી. તેથી તેવા જીવને બાહ્યમાં ચારિત્રમોહનીયના ક્ષયોપશમ અનુસાર ચારિત્ર હોય પણ ખરૂં કે ન પણ હોય, પરંતુ અભિપ્રાયમાં તો પૂર્ણ ચારિત્ર જ હોય છે.

શ્લોકાર્થ :—[अतिजल्पैः अनल्पैः दुर्विकल्पैः अलम् अलम्] બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ; [इह] અહીં એટલું જ કહેવાનું છે કે [अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम्] આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો; [स्व-रस-विसर-पूर्ण-ज्ञान-विस्फूर्ति-मात्रात् समयसारात् उत्तरं खलु किञ्चित् न अस्ति] કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (–સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી). (244)

ભાવાર્થ :—પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો; આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી. ૨૪૪.

અહીંયા કહ્યું કે “આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;” પરમાર્થને એટલે શુદ્ધાત્માને જ અનુભવવો. તે જ મોક્ષમાર્ગ છે. અહીંયા પણ ઉપરોક્ત ભાવ જ દૃઢ થાય છે.

હવે આ સર્વવિશુદ્ધજ્ઞાનના અધિકારની પૂર્ણતાનો કળશરૂપ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :—[इति इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम्] આ રીતે આ આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું—[अखण्डम्] કે જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી અને પ્રતિપક્ષી કર્મોથી જોકે ખંડ ખંડ દેખાય છે તોપણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી), [एकम्] એક છે (અર્થાત્ અખંડ હોવાથી એકરૂપ છે), [अचलं] અચળ છે (અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી—જ્ઞેયરૂપ થતું નથી), [स्वसंवेद्यम्] સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે), [अबाधितम्] અને અબાધિત છે (અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી). (246)

ભાવાર્થ :—અહીં આત્માનું નિજ સ્વરૂપ જ્ઞાન જ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :—આત્મામાં અનંત ધર્મો છે; પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે, તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે, તેમનાથી આત્માને ઓળખી શકાય નહિ; વળી કેટલાક (ધર્મો) પર્યાયાશ્રિત છે—કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં નથી હોતા, તેથી તેઓ અવ્યાપ્તિવાળા છે, તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ. ચેતનતા જોકે આત્માનું (અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે, તોપણ તે શક્તિમાત્ર છે, અદૃષ્ટ છે; તેની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે. તે દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે, પ્રગટ અનુભવગોચર છે; તેથી તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે અહીં આ જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે.

અહીં એમ ન સમજવું કે 'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો જૂઠા છે, આત્મામાં નથી'; આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે, વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો અને વેદાંતનો મત આવે છે; માટે આવો એકાંત બાધાસહિત છે. આવા એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે અને આત્માનું–જ્ઞાનમાત્રનું–ધ્યાન પણ કરે, તોપણ મિથ્યાત્વ કપાય નહિ; મંદ કષાયોને લીધે સ્વર્ગ પામે તો પામો, મોક્ષનું સાધન તો થતું નથી. માટે સ્યાદ્વાદથી યથાર્થ સમજવું. ૨૪૬.

અહીંયા કહ્યું કે "એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે અને આત્માનું-જ્ઞાનમાત્રનું ધ્યાન પણ કરે, તો પણ મિથ્યાત્વ કપાય નહીં; ...માટે સ્યાદ્વાદથી યથાર્થ સમજવું." એટલા શબ્દોમાં તો આ 'સમયસાર'શાસ્ત્રનો હાર્દ સમજાવી દીધેલ છે. તેમાં બહુ જ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે નિશ્ચયનયનું કે વ્યવહારનયનું કોઈ પણ એકાંત હશે ત્યાં સુધી શુદ્ધાત્માનુભૂતિ થશે નહીં. તેથી આ શાસ્ત્રને અનેકાંતથી સમજીને તેનું સ્યાદ્વાદપૂર્વક કથન કરવું અને અનુભવથી માનવું આવશ્યક છે. તો જ કલ્યાણ શક્ય બનશે. અહીંયા આગમ, યુક્તિ અને અમારી શુદ્ધાત્માનુભૂતિના આધારે અંતરના સહજ ઉદગારો જ લખાયા છે. અમારાથી જિનવાણી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં. ઉત્તમ ક્ષમા!

# નિશ્ચય વ્યવહારની યથાર્થ સંધિ

લેખક :- CA. જયેશ શેઠ – બોરીવલી www.jayeshsheth.com

૧. આપણે અનાદિથી નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિ ન સમજવાના કારણે જ સંસારમાં રઝળી રહ્યા છીએ. વર્તમાનમાં પણ સમાજની પ્રાયઃ આ જ સ્થિતિ દેખાઈ રહી છે.

૨. નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિનો અર્થ એમ છે કે આપણે કોઈ પ્રવાસે જવું હોય ત્યારે આપણે ફક્ત નકશો જ નથી જોતા. પરંતુ એકવાર નકશો સમજી લીધા પછી આપણે પ્રવાસ પણ શરૂ કરી દઈએ છીએ. જો પ્રવાસ શરૂ ન કરીએ તો માત્ર નકશો જોવાથી જ ધ્યેય પૂરું નથી થઇ જતું. નકશો એ નિશ્ચય છે અને પ્રવાસ એ વ્યવહાર છે.

૩. નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિનો અર્થ એ છે કે બંનેનું યથાયોગ્ય પ્રમાણમાં જ સેવન કરવું જોઈએ. કોઈ પણ એકનું વધારે માત્રામાં સેવન કરવાથી અથવા કોઈ પણ એકનો જ પક્ષ રાખવાથી યથાયોગ્ય સંધિ નહી બની શકે.

૪. નિશ્ચય અને વ્યવહારની યથાયોગ્ય સંધિનો અર્થ એ છે કે જ્યારે આપણે શાક બનાવીયે ત્યારે તેમાં યોગ્ય પ્રમાણમાં જ મીઠું નાખીયે છીએ. જો શાકમાં મીઠું ઓછું હશે તો એ ફીક્કું લાગશે. અને જો મીઠું વધારે હશે તો એ ખાવા લાયક જ નહીં રહે. તેમાં મીઠું એ નિશ્ચય છે અને શાક એ વ્યવહાર છે. એટલે સમજવાનું એ છે કે આપણી સાધનામાં નિશ્ચય અને વ્યવહારનું યોગ્ય સંયોજન આવશ્યક છે.

૫. નિશ્ચય અને વ્યવહારના યોગ્ય સંયોજનમાં નિશ્ચય શાકમાં મીઠાની જેમ યોગ્ય પ્રમાણમાં જ હોવો આવશ્યક છે. અનેક લોકો ફક્ત નિશ્ચયને સાચો માનીને અને વ્યવહારને જુઠો માનીને એકલા નિશ્ચયનું જ સેવન કરતા રહે છે. તે આ હુંડા અવસર્પિણી કલિકાળનો જ પ્રભાવ છે કે તેઓ શાક છોડીને એકલું મીઠું ખાવાની જ પ્રરૂપણા કરે છે. આપણે વિચારી શકીયે છીએ કે તેમના શું હાલ થશે? આ જ આ કાળની સૌથી વધારે કરુણાજનક સ્થિતિ છે.

૬. વર્તમાનમાં કેટલાક લોકો અધ્યાત્મના નામથી એકલા નિશ્ચયનું જ પ્રતિપાદન કરે છે. આમ કરીને તેઓ અનેકોની જિંદગીઓને બરબાદ કરીને તેઓને અનંતકાળ સુધી સંસારમાં રખડાવવા માટે જવાબદાર બને છે. આ જ આ કાળની સૌથી ભયાનક વિડંબના છે. સૌથી મોટી કરૂણાજનક વાત છે.

WWW.JAYESHSHETH.COM

૭. પ્રશ્ન - સાધકને સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે નિશ્ચય અને વ્યવહારના યોગ્ય સંયોજનમાં કેટલો નિશ્ચય આવશ્યક છે ?
ઉત્તર - સાધકે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા સમજવી અતિ આવશ્યક છે. એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિથી જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. એ જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્તિનો સાચો અને અનુભવસિધ્ધ માપદંડ (કસોટી) છે. એ સમજવું અને આવું લક્ષ બંધાવું અત્યંત આવશ્યક છે.

૮. આ વર્તમાન હુંડા અવસર્પિણી કલિકાળનો જ પ્રભાવ છે કે કેટલાક લોકો નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યાનો જ વિરોધ કરે છે અને પોતાના જ મોક્ષમાર્ગના પ્રવેશમાં બાધક બને છે. તેઓ જીવનભર ચારિત્રની આરાધના કરીને પણ મોક્ષમાર્ગથી વંચિત જ રહી જાય છે. આ જ વર્તમાન કાળની સૌથી ભયાનક વિડંબના છે. સોથી વધારે કરૂણાજનક વાત છે.

૯. પ્રશ્ન - સાધકને સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે આત્માના સ્વરૂપની કેટલી જાણકારી આવશ્યક છે?
ઉત્તર - સાધકને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા સમજાય એટલી જ આત્માના સ્વરૂપની જાણકારી હોવી આવશ્યક છે. ખરેખર તો આત્મામાં સમ્યગ્દર્શન માટેની આવશ્યક યોગ્યતા હોય તો જ પોતાના શુધ્ધાત્માની અનુભૂતિ થવાથી નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. અને ત્યારે તેને સ્વભાવનો આંશિક અનુભવ પણ થાય છે, એ સમજવું અતિ આવશ્યક છે.

૧૦. પ્રશ્ન - આપ એમ કેમ કહો છો કે નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સાધકને નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા સમજાય એટલી જ આત્માના સ્વરૂપની જાણકારી આવશ્યક છે ?
ઉત્તર - કારણ કે સાધકને નિશ્ચય સમ્યગ્દર્શન, એ માટેની આવશ્યક યોગ્યતાની (પાત્રતાની) પ્રાપ્તિ વગર ક્યારેય થતું નથી. પરંતુ "હું શુદ્ધાત્મા છું", "હું પરમ અકર્તા છું" વગેરે પ્રકારની સ્વરૂપની જાણકારી વગર પણ થઇ શકે છે. તેથી કહી શકાય કે અધિકારીપણું (પાત્રતા) પામ્યા વગર ક્યારેય નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી-એ નક્કી છે કારણ કે નિશ્ચય સમ્યગ્દર્શન બહિરાત્મભાવમાં ક્યારેય થતું નથી. તેના માટે આત્મસન્મુખતા (પર-વિમુખતા) પામવી પરમ આવશ્યક છે.

૧૧. પ્રશ્ન - આત્મસન્મુખતા પ્રાપ્ત કરવા માટે "હું શુદ્ધાત્મા છું", "હું પરમ અકર્તા છું" વગેરે પ્રકારની આત્માના સ્વરૂપની જાણકારીની આવશ્યકતા કેમ નથી ?
ઉત્તર - કારણ કે આત્મસન્મુખતા એ પરવિમુખાતાથી આવે છે. અને પરવિમુખતા તો આત્મહિત સર્વોપરિનો ભાવ આત્મસાત્ કરવાથી જ આવે છે. આત્મહિત સર્વોપરિનો ભાવ ત્રાજવું અને કાટલા

(વજન) બદલ્યા વગર આવતો નથી. એટલે કે તે ભાવ બાહ્ય જગતના મૂલ્યાંકનના માપદંડ બદલ્યા વગર આવતો નથી. તેના માટે બાર ભાવનાઓનું પ્રયોગાત્મક ચિંતન આવશ્યક છે, નહીં કે આત્માના સ્વરૂપની જાણકારી. કારણ કે આપણે અનેક વાર નવપૂર્વો સુધી અધ્યયન કર્યું છે કે જેમાં સ્વરૂપની જાણકારીનો ભંડાર ભર્યો છે. પરંતુ તેનાથી આપણું કલ્યાણ થયું નથી. ઉલટું તેનાથી પોતે શુદ્ધાત્મા હોવાનો ભ્રમ (નિશ્ચયાભાસ) પણ થઇ શકે છે. તેથી જ હજુ સુધી આપણે સંસારમાં ભટકી રહ્યા છીએ.

૧૨. પ્રશ્ન - અમે તો સાંભળ્યું છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે કલ્પનારૂપે આત્માના સ્વરૂપમાં રમણ કરવાની આવશ્યકતા છે. પરંતુ આપ તેની મનાઈ કેમ કરો છો ?
ઉત્તર - કારણ કે અજ્ઞાની નિયમથી પર્યાયનું જ વેદન કરે છે. તેથી તે જ્યારે પણ આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તે એની કલ્પના (ભ્રમ) પોતાની પર્યાયમાં જ કરે છે. અને પોતાની પર્યાયને જ ત્રિકાળી સ્વરૂપ સમજીને વેદવાનો પ્રયાસ કરે છે. પરંતુ વર્તમાનમાં તેની પર્યાય તો ત્રિકાળી સ્વરૂપ જેવી છે નહીં. તેથી તે ભ્રમવશ પર્યાયમાં જે શુદ્ધ આત્મસ્વરૂપ નથી તેની કલ્પના કરીને તેમાં જ રમણ કરવાનો પ્રયાસ કરે છે કે જે આત્મપ્રાપ્તિમાં (સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં) સહાયભૂત નથી. પરંતુ તે તેને માત્ર ભ્રમમાં જ રાખે છે કે જેને નિશ્ચયાભાસ કહેવાય છે. નિશ્ચયાભાસ તો તેને ભ્રમમાં રાખવાનું જ કામ કરશે કે જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં બાધક છે. નિશ્ચયાભાસ તેના સમ્યક્ પુરુષાર્થનો જ છેદ ઉડાડી દે છે. નિશ્ચયાભાસની હાજરીમાં પરસન્મુખતા છૂટી શકતી નથી. તેથી અમે સ્વરૂપની કલ્પનામાં રમણ કરવાની મનાઈ કરીયે છીએ.

૧૩. અનેક લોકો એમ વિચારીને કે 'અમારો વ્યવહાર તો બરોબર છે. હવે અમારે ફક્ત નિશ્ચય ગ્રહણ કરવાનું જ બાકી છે'-એકલા નિશ્ચયનું જ ભરપૂર સેવન કરવા લાગે છે. પરંતુ એમને ખબર નથી કે જો આત્માનુભૂતિનું લક્ષ ન હોય તો જે વ્યવહાર છે તે પણ વ્યવહારાભાસ જ કહેવાય છે. જેઓને એકમાત્ર આત્મપ્રાપ્તિનું જ લક્ષ હોય તેમના ત્રાજવા-કાટલા આપોઆપ બદલાઈ જાય છે. ત્રાજવા-કાટલા બદલાવાથી સાધકને બહારનું બધું જ મૂલ્યહીન લાગવા માંડે છે અને તે આપોઆપ જ અત્યંત મૂલ્યવાન એવા પોતાના આત્માની સન્મુખ થવા માંડે છે. આત્મપ્રાપ્તિની આ જ રીત છે. એટલે કે એને માટે ઘણા બધા નિશ્ચયની કોઈ આવશ્યકતા નથી. પરંતુ જેણે નિશ્ચયનયને વિપરીત રૂપથી ગ્રહણ કર્યો હોય તેમણે સમ્યક્ નિશ્ચય સમજવો અતિ આવશ્યક છે.

૧૪. સમ્યક્ નિશ્ચય એટલે કે 'નિશ્ચયથી આત્માના સ્વરૂપનું જે વર્ણન છે તે અત્યારે પણ હું પ્રગટ (અનુભવ) કરી શકું છું.' પરંતુ 'અત્યારે હું વર્તમાન દશામાં જ એવો છું'-એમ નહીં. જો પહેલા ધોરણમાં ભણવાવાળો વિદ્યાર્થી પોતાને ડોક્ટર માનવા લાગે તો પછી તે આગળ ભણશે જ શું કામ ? તે કાં તો



WWW.JAYESHSHETH.COM

ભણવાનું જ છોડી દેશે અથવા તો ભણવા પ્રત્યે નિરુત્સાહિત જ થઇ જશે. આ જ સ્થિતિ છે નિશ્ચયને ખોટી રીતે સમજવાવાળાની. તેઓ પોતાને શુદ્ધ, અકર્તા, અભોક્તા, ધ્રુવ, જ્ઞાતા-દૃષ્ટા, સાક્ષી, પરમપુરુષ, સિદ્ધસમ, મુક્ત માનવાની વાતો કરે છે. આમ કરીને આવા લોકો નિશ્ચયાભાસી બનીને પોતાની વર્તમાન જિંદગીને બરબાદ કરીને પોતાને અનંત કાળ સુધી સંસારમાં રખડાવવા માટે પોતે જ જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૫. અનેક શાસ્ત્રોમાં જે નિશ્ચયનયનો વિસ્તાર છે, તે ખરેખર જ્ઞાનીના કલ્લોલ (આનંદ) માટે છે. જ્ઞાનીને પોતાની અનુભૂતિ તપાસવા માટે અને સિદ્ધસમ આત્મામાં સ્થિત થઇ જવાની પ્રેરણા માટે છે. અનેક અજ્ઞાનીઓ પણ આ વાંચીને જ્ઞાનીની દશા સમજી શકે છે. પરંતુ અમુક અજ્ઞાનીઓ પોતાને વર્તમાન દશામાં જ એવા માનવાની ભૂલ કરી બેસે છે. અને તેઓ એવો જ પ્રચાર કરીને અનેકોની જિંદગીઓને બરબાદ કરીને તેઓને અનંત કાળ માટે સંસારમાં રખડાવવા માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૬. અનેક લોકો નિશ્ચયનયનો જ પ્રચાર – પ્રસાર કરતા જોવા મળે છે. કારણ કે તેઓને તેના નુકસાનની ખબર જ નથી. તેઓ પોતે પણ અજ્ઞાનને કારણે આ વાત જાણતા નથી. તેથી જ જાણતા-અજાણતા જ તેઓ પોતાના અને બીજા અનેકોના અનંત કાળના પતન માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૭. અનેક લોકો નયના અજ્ઞાનને કારણે નિશ્ચયનયથી પોતાને વર્તમાન દશામાં જ શુદ્ધ માનીને પોતાના રાગ–દ્વેષ માટે પણ પોતાને જવાબદાર ન માનીને કર્મોને જ રાગ–દ્વેષ માટે જવાબદાર માને છે અને પોતે તો સ્વચ્છંદતાથી જ જીવે છે. આવી ખોટી પ્રરૂપણાથી તેઓ પોતાના અને બીજા અનેકોના અનંત કાળના પતન માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

૧૮. શુદ્ધ નિશ્ચયનયથી જીવ ભગવાન જેવો જ છે. પરંતુ જો આપણે આત્યારે વર્તમાન દશામાં (પર્યાયમાં) જ ભ્રમથી પોતાને ભગવાન માનવા લાગીએ તો એ પહેલા ધોરણના વિદ્યાર્થી દ્વારા પોતાને ડોક્ટર માનવા જેવું જ ન થયું ? આ વાત સમજણમાં ન આવવાથી આ ગેરસમજ ફેલાઈ રહી છે. ભ્રમિત અજ્ઞાનીઓની આવી ખોટી પ્રરૂપણાથી તેઓ પોતાના અને બીજા અનેકોના અનંત કાળના પતન માટે જવાબદાર બને છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

WWW.JAYESHSHETH.COM

૧૯. શુદ્ધ નિશ્ચયનય ભગવાનનું સ્વરૂપ બતાવવા માટે છે. તથા આપણે પણ અત્યારે જ તેનો અનુભવ કરી શકીએ છીએ અને ભવિષ્યમાં ભગવાન બની શકીયે છીએ-એ નક્કી થાય છે, આપણામાં પણ ભગવાન બનવાની શક્યતા રહેલી છે-એ નક્કી થાય છે. તેનું ધ્યેય અજ્ઞાનીને પ્રોત્સાહિત કરવા, તેનું લક્ષ્ય નક્કી કરાવવા તથા જ્ઞાનીને તેનો વારંવાર અનુભવ કરાવવા માટે જ છે.

૨૦. અનેક લોકો કહે છે કે "હું શુદ્ધાત્મા છું", "હું પરમ અકર્તા છું", વગેરે પ્રકારની સ્વરૂપની જાણકારી ઘૂંટવાથી (વારંવાર પાકી કરવાથી) એટલે કે તેનું વારંવાર ચિંતન-મનન કરવાથી આપણને તેની પ્રાપ્તિ થઇ શકે છે અથવા તો તેની પ્રાપ્તિ સહેલી (સરળ) બની જાય છે. પરંતુ અમે કહીયે છીએ કે સ્વરૂપનું ચિંતન-મનન કરો યા ન કરો પરંતુ તમે સમ્યગ્દર્શન માટેની આવશ્યક યોગ્યતા પ્રાપ્ત કરી લો તો તમારા માટે સ્વરૂપની અનુભૂતિ કરવી સરળ થઇ જાય છે. સ્વરૂપના વધારે પડતા ચિંતન-મનનથી તો ક્યારેક ભ્રમ એટલે કે નિશ્ચયાભાસ થવાનો પણ ભય રહે છે.

૨૧. અનેક લોકો અમને પૂછે છે કે વર્તમાનમાં પણ સ્વરૂપથી તો હું શુદ્ધ જ છું ને? ત્યારે અમે તેમને કહીયે છીએ કે 'સ્વરૂપથી તો તમે ત્રિકાળ શુદ્ધ જ છો.' તેમને લાગે છે કે અમે એમની માન્યતાનું જ સમર્થન કરી રહ્યા છીએ. કારણ કે તેઓ અમારા કહેવાનો ગૂઢાર્થ સમજી શકતા નથી. જ્યારે અમે કહીયે છીએ કે 'સ્વરૂપથી તો તમામ જીવો ત્રિકાળ શુદ્ધ જ છે' ત્યારે અમે ત્રિકાળી ધ્રુવની (શુદ્ધ નિશ્ચયનયની) વાત કરીએ છીએ એટલે કે શુદ્ધ દ્રવ્યની વાત કરીયે છીએ. જેને તેઓ ભ્રમથી (કલ્પનાથી-નયાભાસથી) પોતાની વર્તમાન સ્થિતિ માની લે છે, તેને પર્યાયમાં ઘટાવે છે. કારણ કે તેમને ત્રિકાળી ધ્રુવનો તો અનુભવ જ નથી. તેથી તેઓ આ વાતને વર્તમાનમાં ઘટાવીને એવું પોતાની પર્યાયમાં જ ભ્રમથી (કલ્પનાથી) માનવા લાગે છે. પોતાને વર્તમાનમાં જ શુદ્ધ માનવા લાગી જાય છે, જે બહુ જ મોટી ભૂલ છે. આ જ વર્તમાન કાળની સૌથી મોટી વિડંબના છે, સૌથી વધારે કરુણાજનક વાત છે.

WWW.JAYESHSHETH.COM

# સમયસાર પ્રશ્નોત્તરી

લેખક :- CA. જયેશ શેઠ – બોરીવલી www.jayeshsheth.com

૧. **પ્રશ્ન:** જો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી તો પછી દ્રવ્યકર્મને જીવના ભાવકર્મનું નિમિત્ત કેમ કહેવાય છે?

**ઉત્તર:** જે પણ દ્રવ્યકર્મ છે તે જીવના ભૂતકાળના ભાવોના નિમિત્તથી જ બંધાયા છે. અર્થાત્ તે જીવના ભૂતકાળના ભાવોના જ પ્રતિનિધિ છે, પ્રતિબિંબ છે. તેથી નિશ્ચયથી તો જીવના ભૂતકાળના ભાવો જ જીવના વર્તમાન ભાવોના નિમિત્ત છે પરંતુ વ્યવહારથી જીવના ભૂતકાળના ભાવોના જ પ્રતિબિંબસ્વરૂપ દ્રવ્યકર્મોને પણ નિમિત્ત કહેવાય છે અથવા કહી શકાય છે. અહીં વ્યવહાર એટલે અસત્ય (ઉપચાર) નથી સમજવાનું, પરંતુ અહીં બે દ્રવ્યો ભિન્ન હોવાથી તેમના ભિન્નત્વને દર્શાવવા માટે જ તેને વ્યવહાર કહ્યો છે. એ સમજાય છે કે જીવના ભાવો, કર્મોના નિમિત્તથી જ ઉત્પન્ન થાય છે. તેથી જ જીવના ભાવોને ભાવકર્મ કહેવાય છે. તે જ ભાવકર્મ નવા કર્મોના બંધમાં પણ નિમિત્ત બને છે. તે કારણથી પણ તેમને ભાવકર્મ કહેવાય છે. એટલે જે લોકો નિશ્ચય વ્યવહારની યોગ્ય સંધિને સમજતા નથી તેવા લોકો એને આ બેમાંથી કોઈ એકથી જ એકાંતરૂપે પ્રરૂપિત કરે છે.

૨. **પ્રશ્ન:** જો આપણે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માનીએ તો એ બંને દ્રવ્યોમાં નિત્ય કર્તૃત્વનો પ્રસંગ નહીં બને?

**ઉત્તર:** બે દ્રવ્યોમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી એ નૈમિત્તિક દ્રવ્યનું ઉપાદાન નિમિત્તને અનુકૂળ હોય છે. જ્યારે એ નૈમિત્તિક દ્રવ્યનું ઉપાદાન નિમિત્તને અનુકૂળ નથી રહેતું ત્યારે એમની વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી રહેતો. તેથી એ બંને દ્રવ્યોમાં નિત્ય કર્તૃત્વનો પ્રસંગ પણ નહીં બને. જેમ કે જીવ રાગના નિમિત્તથી રાગી બને છે એટલે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. પરંતુ જ્યારે કોઈ જીવ સાધનામગ્ન થઇને ગુણસ્થાનક આરોહણ કરતો કરતો દસમા ગુણસ્થાનકથી ઉપર ચઢી જાય છે ત્યારે એ રાગના નિમિત્તોની સાથે એ જીવનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહેતો જ નથી. તેથી આપણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ડર્યા વગર ખોટા નિમિત્તોથી બચતા રહીને આપણી સમ્યક્ સાધના ઉપર ધ્યાન આપવું જોઈએ.

3. **પ્રશ્ન:** જ્ઞેયમાં છુપાયેલી જ્ઞાનજ્યોતિથી ભેદજ્ઞાન કરીને તેનો અનુભવ કેવી રીતે કરી શકાય છે?

**ઉત્તર:** એક વાત સર્વવિદિત છે કે જે પરજ્ઞેય છે તે જીવથી ભિન્ન દ્રવ્ય છે. પરંતુ જે પરજ્ઞેય જીવના લક્ષણરૂપ જ્ઞાનનું જ્ઞેય બને છે, જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે અથવા બીજા શબ્દોમાં કહીયે તો

જ્યારે જીવ પરને જાણે છે ત્યારે એ પરજ્ઞેય જીવના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે અને તે પરજ્ઞેયનું પ્રતિબિંબ જીવના પોતાના જ્ઞાનાકારરૂપ હોય છે. જીવ તે સ્વજ્ઞાનના આકારને જ જાણે છે. તેથી જીવ જેવો તે સ્વજ્ઞાનના આકારને ગૌણ કરે છે, એટલે કે તેમાંથી પોતાનું લક્ષ હટાવીને આત્માની અન્ય યોગ્યતાઓ સહિત સ્વજ્ઞાન સાથે અહંભાવ-એકત્વ સ્થાપિત કરે છે ત્યારે તેને જ્ઞાનજ્યોતિનો એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે, આ જ સમ્યગ્દર્શન છે, આ જ સમકિત છે, આ જ સાક્ષાત્કાર છે.

૪. **પ્રશ્ન:** નવ તત્ત્વોમાં છુપાયેલ જ્ઞાનજ્યોતિથી ભેદજ્ઞાન કરીને તેનો અનુભવ કઈ રીતે કરી શકાય?

**ઉત્તર:** જીવ, અજીવ (કર્મ-નોકર્માદિ), આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વોને ગૌણ કરતા જ એટલે કે તેમાંથી પોતાનું લક્ષ્ય હટાવીને આત્માની અન્ય યોગ્યતાઓ સહિત જ્ઞાનમાં અહંભાવ-એકત્વ સ્થાપિત થતા જ જાણવા-જોવાવાળો આત્મા એટલે કે જ્ઞાનની જ્યોતિ એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે, આ જ સમ્યગ્દર્શન છે, આ જ સમકિત છે, આ જ સાક્ષાત્કાર છે.

૫. **પ્રશ્ન:** નવ તત્ત્વોમાં આત્માને આસ્રવ-બંધ જણાવ્યા છે. પરંતુ કેટલાક લોકો એવું પણ કહે છે કે આત્મામાં આસ્રવ-બંધ છે જ નહીં, તો સત્ય શું છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ યોગ્ય અપેક્ષાને સમજ્યા વગર અમુક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને અમુક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. અનેકાંતથી આપણે એ સમજવાનું છે કે જો સંસારી આત્મામાં આસ્ત્રવ-બંધ ન હોત તો તે આત્મા સંસારમાં કેમ ભટકત? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચય નયથી શુદ્ધ સોના જેવો આસ્ત્રવ-બંધરહિત આત્મા પણ કહી શકાય છે. પરંતુ એકાંતથી આત્માને વિષે એવું ન તો કહી શકાય અને ન તો માની પણ શકાય. કારણ કે સંસારી આત્મામાં આસ્ત્રવ-બંધ વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારચક્રથી મુક્ત થયો નથી. અન્યથા તો એ મુક્તાત્મા જ હોત. તેથી આપણે તેને યથાયોગ્ય નયથી આસ્રવ-બંધરહિત હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણે આપણો પૂરો પુરુષાર્થ મુક્તિ હેતુ લગાવવો જોઈએ, નહીં કે એકાંતે પોતાને મુક્ત સમજીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૬. **પ્રશ્ન:** આચાર્ય હરિભદ્રસૂરિ રચિત છ પદોમાં આત્માને કર્મોનો કર્તા પણ કહ્યો છે અને ભોક્તા પણ કહ્યો છે. પરંતુ કેટલાક લોકો એવું પણ કહે છે કે આત્મા કર્તા-ભોક્તા છે જ નહીં. આત્મા તો પરમ અકર્તા-અભોક્તા છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર અમુક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને અમુક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. આપણા વિવેકથી (અનેકાંતથી) આપણે એ સમજવાનું છે કે સંસારી આત્મામાં જો કર્તૃત્વ-ભોકતૃત્વ ન હોત તો એ આત્મા સંસારમાં કેમ ભટકત? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ સોના જેવો કર્તૃત્વ-ભોકતૃત્વરહિત આત્મા પણ કહી શકાય છે. પરંતુ એકાંતે આત્માને વિશે એવું ન તો કહી શકાય છે કે ન તો માની શકાય છે. કારણ કે સંસારી આત્મામાં કર્તૃત્વ-ભોકતૃત્વ વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારચક્રથી મુક્ત થયો નથી, અન્યથા તો એ મુક્તાત્મા જ હોત. તેથી આપણે તેને યથાયોગ્ય નયથી તેનું કર્તૃત્વ-ભોકતૃત્વ રહિત હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણે આપણો સઘળો પુરુષાર્થ મુક્તિ હેતુ લગાવવો જોઈએ, નહીં કે એકાંતે પોતાને મુક્ત અને અકર્તા સમજીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૭. **પ્રશ્ન:** કેટલાક લોકો પુણ્ય-પાપને સમાનરૂપે હેય માને છે. તો નવ તત્ત્વોમાં કેટલાક લોકો પુણ્યને ઉપાદેય અને પાપને હેય કેમ માને છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે યોગ્ય અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ વિવેકહીન જ્ઞાનને કારણે ફેલાઈ છે. વિવેકથી આપણે એ સમજવું જોઈએ કે પુણ્ય અને પાપ એ બંને આસ્રવ હોવાથી અને આસ્રવ હેય હોવાથી, એ અપેક્ષાએ પુણ્ય અને પાપ બંનેને સમાનરૂપે હેય કહી શકાય છે. પરંતુ શાસ્ત્રોમાં તો એમ પણ લખ્યું છે કે પુણ્યનું ફળ શુભ હોય છે અને પાપનું ફળ અશુભ હોય છે. એ અપેક્ષાથી આપણે પુણ્યને ઉપાદેય અને પાપને હેય કહી શકીએ છીએ. તેથી આપણે યથાયોગ્ય વિવેકાનુસાર એ સમજવું જોઈએ કે સાધનાક્રમમાં પહેલા ક્રમશ: પાપ છૂટે છે અને જ્યારે આત્મા અયોગી થઇ જાય છે ત્યારે પુણ્ય પણ છૂટી જાય છે, નહીં કે એકાંતથી પુણ્ય-પાપને સમાનરૂપે હેય સમજીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

૮. **પ્રશ્ન:** કેટલાક લોકો શુભભાવ અને અશુભભાવને સમાનરૂપથી હેય જણાવે છે. કેટલાક લોકો શુભભાવને ઉપાદેય અને અશુભભાવને હેય જણાવે છે. કારણ કે શુભભાવથી પુણ્ય અને અશુભભાવથી પાપ બંધાય છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ વિવેકહીન જ્ઞાનને કારણે ફેલાઈ છે. વિવેકથી આપણે એ સમજવું જોઈએ કે શુભભાવ તથા અશુભભાવ બંને જીવો માટે આસ્રવના કારણ છે અને આસ્રવ હેય હોવાથી બંનેને એ અપેક્ષાએ સમાનરૂપથી હેય કહી શકાય છે. પરંતુ શાસ્ત્રોમાં તો એમ પણ લખ્યું છે કે શુભભાવનું (પુણ્યનું) ફળ શુભ હોય છે અને અશુભભાવનું (પાપનું) ફળ અશુભ હોય છે. એ અપેક્ષાએ આપણે શુભભાવને ઉપાદેય અને અશુભભાવને હેય કહી શકીએ છીએ. તેથી આપણે યથાયોગ્ય વિવેકાનુસાર એ સમજવું જોઈએ કે સાધનાક્રમમાં પહેલા ક્રમશ: અશુભભાવ છૂટે છે અને જ્યારે આત્મા કેવળજ્ઞાની થઇ જાય છે ત્યારે શુભભાવ પણ છૂટી જાય છે. અપેક્ષાથી શુદ્ધભાવમાં જવા માટે જ શુભભાવને હેય કહેવામાં આવે છે, નહીં કે અશુભભાવમાં રહેવા માટે. તેથી આ રીતે એકાંતે શુભભાવ અને અશુભભાવને સમાનરૂપે હેય માનીને સંસારમાં ભટકવું ન જોઈએ.

૯. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્મામાં રાગ-દ્વેષના અસ્તિત્વને જ માનતા નથી. એ કહે છે કે આત્મા ક્યારેય રાગી-દ્વેષી થતો નથી, ક્યારેય રાગ-દ્વેષ કરતો નથી. અને કેટલાક લોકો કહે છે કે આત્મા રાગ-દ્વેષ કરે છે અને તેનાથી તે કર્મબંધ પણ કરે છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. અનેકાંતથી આપણે એ સમજવાનું છે કે સંસારી આત્મામાં જો રાગ-દ્વેષ ન હોત તો તે આત્મા સંસારમાં કેમ ભટકત? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ સોના જેવો રાગ-દ્વેષ રહિત આત્મા કહી શકાય છે. પરંતુ એકાંતથી આત્માને વિષે એવું ન તો કહી શકાય છે કે ન તો માની પણ શકાય છે. કારણ કે સંસારી આત્મામાં રાગ-દ્વેષ વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારચક્રથી મુક્ત થયો નથી, અન્યથા તો એ મુક્તાત્મા જ હોત. તેથી આપણે તેને યથાયોગ્ય નયથી રાગ-દ્વેષનું હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણે આપણો સઘળો પુરુષાર્થ રાગ-દ્વેષને ઓછા કરતા જતા મુક્તિ પામવા માટે લગાવવો જોઈએ, નહીં કે એકાંતે પોતાને રાગ-દ્વેષથી મુક્ત સમજીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું જોઈએ.

WWW.JAYESHSHETH.COM

૧૦. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્મામાં વિકારી પર્યાયના અસ્તિત્વને જ નથી માનતા. તેઓ કહે છે કે આત્મા તે વિકારી પર્યાયોથી પરે (મુક્ત) છે. કેટલાક લોકો કહે છે કે વિકારી પર્યાય આત્મામાં જ થાય છે અને તેના નિમિત્તે જ કર્મબંધ થાય છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** અપેક્ષાથી બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતથી એક વાતને સાચી માને છે અને કેટલાક લોકો એકાંતથી બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય વસ્તુવ્યવસ્થા(વસ્તુસ્વરૂપ)નું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. અનેકાંતથી આપણે એ સમજવાનું છે કે સંસારી આત્મામાં જો વિકારી પર્યાય ન હોત તો તે આત્મા સંસારમાં કેમ ભટકત? તેથી સંસારી આત્માને ખાણમાંથી નીકળેલા માટીયુક્ત સોના જેવો સમજવાનો છે, નહીં કે ચોવીસ કેરેટવાળા શુદ્ધ સોના જેવો. હા, તેને શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ સોના જેવો વિકારી પર્યાય રહિત આત્મા પણ કહી શકાય છે. પરંતુ તેવું એકાંતે ન તો કહી શકાય છે અને ન તો માની શકાય છે. કારણ કે સંસારી આત્મામાં વિકારી પર્યાય વિદ્યમાન છે. તેથી જ તો એ સંસારથી મુક્ત થયો નથી. અન્યથા એ મુક્તાત્મા હોત. તેથી આપણે યથાયોગ્ય નયથી આત્મામાં વિકારી પર્યાયનું હોવું કે ન હોવું સમજવું જોઈએ અને આપણો સઘળો પુરુષાર્થ આત્મપ્રાપ્તિમાં લગાવવો જોઈએ. આત્માની અન્ય યોગ્યતાઓ પ્રાપ્ત કરીને, એ વિકારી પર્યાયોને ગૌણ કરતા જ એટલે કે તેમાંથી આપણું લક્ષ્ય હટીને જ્ઞાનમાં અહં-એકત્વ સ્થાપિત થતા જ જાણવા-જોવાવાળો આત્મા એટલે કે જ્ઞાનની જ્યોતિ-જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે, આ જ સમ્યગ્દર્શન છે, આ જ સમકિત છે, આ જ સાક્ષાત્કાર છે. તેથી એકાંતે પોતાને વિકારી પર્યાયોથી રહિત માનીને ભ્રમમાં જીવીને સંસારમાં ભટકતા રહેવું ન જોઈએ.

૧૧. **પ્રશ્ન:** કેટલાક લોકો પર્યાયને દ્રવ્યથી ભિન્ન માને છે, તેમાં પ્રદેશભેદ પણ માને છે. અન્ય કેટલાક લોકો અનુસ્યુતિથી (સળંગપણે-continuity) રચાયેલ પર્યાયોના સમૂહને જ દ્રવ્ય માને છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** વસ્તુવ્યવસ્થા સમજાવવાવાળા શાસ્ત્રોમાં એ સારી રીતે જણાવ્યું છે કે દ્રવ્યથી પર્યાય અભિન્ન છે. આ વાત અમે અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"માં વિસ્તારથી જણાવેલ છે. લોકો તેનું અધ્યયન કરી શકે છે. જે અને જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી આપણે તેમાં ક્ષેત્ર અપેક્ષાથી પ્રદેશભેદ નહીં કહી શકીએ. કેટલાક લોકો તેને સમુદ્ર અને લહેરો(મોજાં)નું ઉદાહરણ આપીને ભિન્ન બતાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેમને એ ખબર હોવી જોઈએ કે લહેરોમાં સમુદ્ર જ વ્યક્ત થાય છે, તે જ પાણી છે અર્થાત્ સમુદ્ર પોતે જ લહેરોના રૂપમાં વ્યક્ત થઇ રહ્યો છે. જેમ કે સોનુ સ્વયં જ મુગટના રૂપમાં, કડાના રૂપમાં અથવા અન્ય કોઈ પણ ઘરેણાના રૂપમાં વ્યક્ત થઇ રહ્યું છે. ત્યાં સોનુ અને ઘરેણું ભિન્ન નથી, તેમાં કોઈ પણ પ્રદેશભેદ

નથી. કારણ કે જેટલું ક્ષેત્ર સોનાનું (દ્રવ્યનું) છે, તે અને તેટલું જ ક્ષેત્ર તેનાથી બનેલા ઘરેણાનું (પર્યાયનું) પણ છે. તેથી અનુસ્યુતિથી (સળંગપણે-continuity) રચાયેલ પર્યાયોના સમૂહને જ દ્રવ્ય માનવું ઉચિત છે. એટલે કે એક જ વસ્તુને જોવાની રીતથી (દૃષ્ટિથી) તે વસ્તુ દ્રવ્ય અથવા પર્યાય જણાય છે. જેમ કે ઘરેણું એ પર્યાય છે અને જો ઘરેણાંને સુવર્ણત્વની દૃષ્ટિથી જોઈએ તો તે જ ઘરેણું સોનું (દ્રવ્ય) છે. તેમાં ક્ષેત્ર અપેક્ષાએ પ્રદેશભેદ માનવો એ બહુ જ મોટી ગેરસમજણ છે કે જેનાથી આપણે બચવું જોઈએ.

૧૨. **પ્રશ્ન:** કેટલાક લોકો દ્રવ્ય-ગુણ-પર્યાયને ત્રણ ભિન્ન સત્ માને છે. તેઓ માને છે કે દ્રવ્યનું જે પ્રતિબિંબ પર્યાયમાં પ્રતિબિંબત થાય છે, તેને પર્યાય જાણે છે. તેને આત્માનુભૂતિ કહેવાય છે. શું આ સત્ય છે?

**ઉત્તર:** વસ્તુવ્યવસ્થા સમજાવવાવાળા શાસ્ત્રોમાં એ સારી રીતે જણાવ્યું છે કે દ્રવ્યથી પર્યાય અભિન્ન છે. આ વાત અમે અમારા પુસ્તક “સમ્યગ્દર્શનની રીત”માં વિસ્તારથી જણાવેલ છે. લોકો તેનું અધ્યયન કરી શકે છે. જે અને જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે તે અને તેટલું જ ક્ષેત્ર ગુણોનું પણ છે તથા તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી આપણે તેમાં ત્રણ ભિન્ન સત્ ન કહી શકીએ. અપેક્ષાથી તેમાં ભિન્ન સત્ અવશ્ય કહી શકાય છે. પરંતુ વસ્તુતઃ તેઓ એક જ છે, અભિન્ન છે. દ્રવ્યના વર્તમાન રૂપને પર્યાય કહેવાય છે અને દ્રવ્યના અભિન્ન લક્ષણોને (વિશેષતાઓને) ગુણ કહેવાય છે. તેથી અનુસ્યુતિથી (સળંગપણે-continuity) રચાયેલ પર્યાયોના સમૂહને જ દ્રવ્ય માનવું ઉચિત છે અને તે દ્રવ્યના દરેક પ્રદેશમાં તમામ ગુણો વિદ્યમાન છે. એક જ વસ્તુને સમજવા માટે તેના દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ કરવામાં આવ્યા છે, એ ભેદો વાસ્તવિક નથી. આવા અભેદ આત્માની અનુભૂતિ પણ અભેદ જ હોય છે. તેથી એવું માનવું કે દ્રવ્યનું જે પ્રતિબિંબ પર્યાયમાં પ્રતિબિંબિત થાય છે, તેને પર્યાય જાણે છે અને તેને આત્માનુભૂતિ કહેવાય છે. એ બહુ જ મોટી ભૂલ છે, આપણે તેનાથી બચવું જોઈએ.

૧૩. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્માને વિકારી પર્યાયનો કર્તા નથી માનતા. તેઓ કહે છે કે પર્યાયનું પોતાનું સ્વતંત્ર ષટ્કારકથી સ્વતંત્ર પરિણમન થતું રહે છે. અને કેટલાક લોકો આત્માને વિકારી પર્યાયનો કર્તા માને છે અને તેના નિમિત્તથી જ કર્મબંધ પણ થાય છે એવું માને છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** આ ગેરસમજણ યથાયોગ્ય વસ્તુવ્યવસ્થાનું (વસ્તુસ્વરૂપનું) જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. વસ્તુવ્યવસ્થા સમજાવવાવાળા શાસ્ત્રોમાં એ સારી રીતે જણાવ્યું છે કે દ્રવ્યથી પર્યાય અભિન્ન છે. આ વાત અમે અમારા પુસ્તક “સમ્યગ્દર્શનની રીત”માં વિસ્તારથી જણાવેલ છે. આપ તેનું અધ્યયન કરી શકો છો. જે અને જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી આપણે

તેમાં ક્ષેત્રની અપેક્ષાએ પ્રદેશભેદ નથી કહી શકતા. જ્યારે દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે તો તેમના ષટ્કારક પણ તો અભિન્ન જ બનશે. જ્યાં સુધી આપણે આત્માની અભેદતાને નહીં સમજીએ ત્યાં સુધી આત્માનુભૂતિ અશક્ય જ છે. કારણ કે અભેદ આત્માની જ અનુભૂતિ થાય છે, નહીં કે ભેદરૂપ (દ્રવ્ય- પર્યાય) અથવા અડધા (પર્યાયથી ભિન્ન દ્રવ્યની) આત્માની. અનુભૂતિના સમયે પર્યાય ગૌણ થઇને દ્રવ્યમાં જ અંતર્ગર્ભિત થઇ જાય છે. આ રીતે જ દ્રવ્ય-પર્યાયમય આત્મા અભેદ થઇ જાય છે, નહીં કે પર્યાયથી રહિત દ્રવ્યની અનુભૂતિ કે જે આકાશના ફૂલની જેમ અસંભવ જ છે. વાસ્તવમાં આત્મા જ કર્મોના નિમિત્તથી એ વિકારી પર્યાય રૂપે પરિણમે છે અને તે આત્માના પરિણમનને નિમિત્ત બનાવીને જ નવા કર્મો બંધાય છે. આવી રીતે સંસારી આત્મા જ એ વિકારી પર્યાયરૂપે પરિણમે છે. એટલે જ તે સંસારચક્રથી મુક્ત નથી થયો. અન્યથા એ મુક્તાત્મા હોત. તેથી આપણે યથાયોગ્ય વસ્તુવ્યવસ્થાથી અભેદ આત્માના ષટ્કારકને અભેદ સમજવા જોઈએ, નહીં કે દ્રવ્ય-પર્યાયમાં પ્રદેશભેદ માનીને બંનેના ષટ્કારકને ભિન્ન સમજવા જોઈએ.

૧૪. **પ્રશ્ન**: શું નિશ્ચયનયથી પણ આત્મા પોતાની વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા છે?

**ઉત્તર:** જી હાઁ, નિશ્ચયનયથી પણ આત્મા પોતાની વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા છે. નિશ્ચય અર્થાત્ અભેદ અને વ્યવહાર અર્થાત્ ભેદ. નિશ્ચયનયથી આત્મા પોતાના ભાવોનો કર્તા-ભોક્તા છે, પરભાવોનો નહીં. તેથી તેને પોતાના વિકારી પર્યાયનો પણ કર્તા-ભોક્તા માનવો આવશ્યક છે. અન્યથા એ વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા કોઈ બીજા દ્રવ્યને માનવાનો પ્રસંગ આવી જશે. પરંતુ અન્ય દ્રવ્યને વિકારી પર્યાયનો ઉપાદાન સ્વરૂપે કર્તા-ભોક્તા ન માની શકાય. હાઁ, અન્ય દ્રવ્યને નિમિત્ત સ્વરૂપે કર્તા અવશ્ય માની શકાય છે. નિશ્ચયનયથી ઉપાદાન સ્વયં જ પરિણમે છે, સ્વયં જ પોતાના પરિણામોનો કર્તા છે. તેથી સમજાય છે કે નિશ્ચયનયથી આત્મા જ પોતાના વિકારી પર્યાયનો કર્તા-ભોક્તા છે.

૧૫. **પ્રશ્ન**: જ્યારે આપણું પરમપારિણામિકભાવ સાથે એકત્વ થાય છે ત્યારે પર્યાયનું શું થાય છે? અર્થાત્ પર્યાય તેમાં શામેલ છે કે નહીં?

**ઉત્તર:** જ્યારે આપણું શુદ્ધદ્રવ્યાર્થિકનયથી પ્રાપ્ત પરમપારિણામિકભાવથી એકત્વ થાય છે એટલે કે જ્યારે શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે ત્યારે પર્યાય આપોઆપ જ ગૌણ થઇ જાય છે. અર્થાત્ પર્યાય પરમપારિણામિકભાવમાં જ અંતર્ગર્ભિત થઇ જાય છે. આ રીતે અનુભૂતિ હંમેશા અભેદ દ્રવ્યની જ થાય છે, નહીં કે પર્યાયરહિત ભેદની. મતલબ કે ખંડિત દ્રવ્યની. ખંડિત દ્રવ્યની અનુભૂતિ ક્યારેય થતી નથી. કારણ કે તે હોતું જ નથી. હાઁ, તેનો ભ્રમ અવશ્ય થાય છે.



WWW.JAYESHSHETH.COM

૧૬. **પ્રશ્ન:** કેટલાક લોકો કહે છે કે આત્મા પરને જાણતો નથી અને કેટલાક લોકો કહે છે કે આત્મા સ્વ-પરને જાણે છે અને તે એનો સ્વભાવ છે. જ્યારે કેટલાક લોકો કહે છે કે આત્મા નિશ્ચયથી સ્વને જ જાણે છે, પરને તો વ્યવહાર(ઉપચાર)થી જ જાણે છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** અપેક્ષાએ પહેલી બન્ને વાતો સાચી છે અને ત્રીજી વાતમાં વ્યવહારને ઉપચાર ન સમજતા તેને ભેદરૂપી વ્યવહાર સમજવો જોઈએ. અપેક્ષાને સમજ્યા વગર કેટલાક લોકો એકાંતે કોઈ એક વાતને સાચી અને બીજીને જૂઠ્ઠી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય વસ્તુવ્યવસ્થાનું (વસ્તુ-સ્વરૂપનું) જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. આત્માની જાણવાની ક્રિયાની વ્યવસ્થા એવી છે કે આત્મા પરને પોતાના જ્ઞાનના આકારરૂપથી જાણે છે, આ અપેક્ષાએ આત્મા પરને જાણતો નથી. પરંતુ પોતાના જ્ઞેયાકાર ને જ જાણે છે - એમ કહી શકાય છે. વાસ્તવમાં સ્વ-પરને જાણવાનો આત્માનો સ્વભાવ હોવાથી, આત્માનું લક્ષણ હોવાથી, આત્માની ઓળખ હોવાથી, આપણે કહી શકીએ છીએ કે આત્મા સ્વ-પરને જાણે છે. પરને જાણતી વખતે આત્મા પરને સ્વથી ભિન્ન જાણે છે. સ્વયં જ્ઞાનાકારરૂપ થવા છતાં ત્યાં સ્વ-પરનો ભેદ હોવાથી તેને વ્યવહાર કહેવામાં આવે છે (અભેદ એ નિશ્ચય અને ભેદ એ વ્યવહાર), નહીં કે ઉપચાર માત્ર વ્યવહારરૂપ. વસ્તુવ્યવસ્થાને યથાયોગ્ય રીતે સમજીને બધાએ પોત પોતાની ખોટી સમજને દૂર કરી દેવી જોઈએ, એકાંતથી બચવું જોઈએ.

૧૭. **પ્રશ્ન:** કેટલાક લોકો આત્મા પરને જાણતો નથી એમ કહીને પોતાના આત્મામાં જવાની સીડીને જ નકારી દે છે અને માને છે કે આ માન્યતાથી સમ્યગ્દર્શન થઇ જશે. તો શું આ સત્ય છે?

**ઉત્તર:** આત્માની જાણવાની એવી વ્યવસ્થા છે કે આત્મા પરને પોતાના જ જ્ઞાનના આકારરૂપથી જાણે છે. તે અપેક્ષાએ આત્મા પરને જાણતો નથી પરંતુ પોતાના જ્ઞેયાકારને જ જાણે છે-એમ કહી શકાય છે. આવી વ્યવસ્થા હોવા છતાં જ્યારે આપણે તેને એકાંતે એવો માનીયે છીએ ત્યારે આપણે આપણા આત્મામાં જવાની સીડીને જ નકારી દઈયે છીએ. અજ્ઞાની જીવ સ્વને તો જાણતો જ નથી એ હકીકત હોવા છતાં જો તે આ માન્યતા રાખશે કે આત્મા પરને જાણતો નથી ત્યારે તે આત્માના લક્ષણને જ નકારી દે છે. અર્થાત્ આત્માના અસ્તિત્વને, આત્માની ઓળખાણને જ નકારી દે છે. આવું માનીને આત્મા કેવી રીતે સમ્યગ્દર્શન એટલે કે આત્માનો અનુભવ કરી શકશે? અર્થાત્ સમ્યગ્દર્શન પામવાની સંભાવના દુર્લભ અને દુષ્કર જ થઇ જશે. તેથી 'આત્મા પરને જાણતો નથી એવું માનવાથી સમ્યગ્દર્શન થઇ જશે' એ વાત સત્ય નથી.

૧૮. **પ્રશ્ન:** કેટલાક લોકો ક્રમબધ્ધપર્યાયના નિર્ણયને, તેના પ્રત્યેની શ્રદ્ધાને સમ્યગ્દર્શન માને છે. અન્ય કેટલાક લોકો ક્રમબધ્ધપર્યાયને નિયતિવાદ માને છે. તો સત્ય શું છે?

**ઉત્તર:** ભગવાનના જ્ઞાનમાં ત્રણેય કાળના પર્યાયો ઝળકે છે. તેથી કહી શકાય છે કે તમામ પર્યાયો ક્રમબધ્ધ છે. ત્યારે જ તો તે કેવળીના જ્ઞાનમાં જ્ઞેય બને છે. માત્ર આ જ અપેક્ષાએ ક્રમબદ્ધપર્યાયને સાચી માની શકાય છે. પરંતુ ક્રમબધ્ધપર્યાયની શ્રદ્ધા હોવાથી જ સમ્યગ્દર્શન માનવું બરોબર નથી. કારણ કે સમ્યગ્દર્શન માટે આત્માનુભૂતિ પરમ આવશ્યક છે, નહીં કે ભગવાનના જ્ઞાનનો નિર્ણય. જો આપણે એમ કહીયે કે 'તે પર્યાયો કેવળીના જ્ઞાનના જ્ઞેય બન્યા છે માટે તેમ બનવાના છે'-તો એ આપણી ગેરસમજણ છે. તે પર્યાયો પાંચ સમવાયપૂર્વક એવી જ રીતે બનવાની (ઘટવાની) છે. તેથી જ તો એ કેવળીના જ્ઞાનમાં જ્ઞેય બની છે, બીજા કોઈ કારણથી નહીં. પાંચ સમવાયોમાંથી નિયતિને તો આપણે જાણતા જ નથી. નિયતિ આપણા જ્ઞાનનો વિષય પણ નથી. આપણા હાથમાં એક માત્ર પુરુષાર્થ જ છે, તે જ આપણા ઘરની વાત છે. તેથી આપણા માટે યોગ્ય પુરુષાર્થ કરવો એ જ ઉચિત હશે. કારણ કે ભગવાને શું જોયું છે? એ આપણને ખબર જ નથી. તેને આપણે અપેક્ષાએ નિયતિ પણ કહી શકીએ, પરંતુ એકાંતે જ ક્રમબધ્ધપર્યાયને માનવો એ જરૂર નિયતિવાદ કહેવાશે. ભગવાને જે પણ જોયું છે તે વગર પુરુષાર્થે તો થવાનું જ નથી. તેથી આપણે આપણું પૂરું ધ્યાન યોગ્ય પુરુષાર્થ ઉપર જ લગાડવાનું છે, નહીં કે ક્રમબધ્ધપર્યાય ઉપર કે જે આપણને ખબર જ નથી. પૂરા જોશથી યોગ્ય પુરુષાર્થ કર્યા બાદ જે પણ પરિણામ આવે તેનો આપણે જરૂર ક્રમબદ્ધપર્યાય (નિયતિ) માનીને સ્વીકાર કરવાનો છે. ખરેખર તો ક્રમબદ્ધપર્યાય પાંચ સમવાયપૂર્વક જ હોય છે એટલે કે તેમાં પાંચેય સમવાય સમાયેલા છે. ભગવાને પાંચેય સમવાય જોયા છે, પાંચેય સમવાય-પૂર્વક જ પર્યાય હોય છે.

૧૯. **પ્રશ્ન:** 'સમયસાર' ગ્રંથમાં જણાવેલ એકત્વ-વિભક્ત આત્મા એટલે શું? જ્ઞાનીને શેનાથી એકત્વ, શેનાથી વિભક્ત હોય છે?

**ઉત્તર:** 'સમયસાર' ગ્રંથમાં એકત્વ-વિભક્ત આત્મા, અજ્ઞાનીને સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) બનાવવા માટે જણાવેલ છે. જ્યારે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ રાગ-દ્વેષરૂપે પરિણમી રહ્યો હોય ત્યારે તે રાગ-દ્વેષરૂપે પરિણમિત જીવમાંથી (પ્રમાણના દ્રવ્યમાંથી) રાગ-દ્વેષને ગૌણ કરતા જ એટલે કે વિભક્ત કરતાં જ જે જીવભાવ (પરમપારિણામિકભાવ) શેષ રહે છે તેમાં જ 'એકત્વ' કરવાનું છે. આ જ સમયસારનો સાર છે. આ જ આત્માની અન્ય યોગ્યતાઓ સહિત સમ્યગ્દર્શનની રીત છે. પરમપારિણામિકભાવમાં એકત્વ અને વિભાવથી વિભક્ત એટલે કે વિભાવને ગૌણ કરવો. વિભક્ત એટલે ભિન્ન નહિ અર્થાત્ તેને પોતાનો ન માનવો - એમ નહીં. પરંતુ તેને એકત્વ કરવા લાયક ન માનવો. કારણ કે તે આત્માનું ત્રિકાળસ્વરૂપ નથી. આ રીતે પોતાના ત્રિકાળસ્વરૂપથી એકત્વ અને ક્ષણિકસ્વરૂપથી વિભક્ત સમજવું જોઈએ.

૨૦. પ્રબુધ્ધ જીવોએ એ સમજવું જોઈએ કે ખીરના વાસણમાં એક ટીપું પણ ઝેરનું પડી ગયું તો એ ખીર ખાવાલાયક રહેતી નથી. આ જ રીતે અધ્યાત્મમાર્ગમાં અસત્ય પ્રરૂપણાના થોડાક ટીપા પણ પડી જાય તો એ માર્ગ સાધક માટે વિષયુક્ત ખીર જેવો ઝેરી બની જાય છે.

૨૧. જ્યારે કોઈ પણ કાર્ય થાય છે તો તેમાં પાંચેય સમવાયોનું યોગદાન હોય છે. મુખ્ય-ગૌણને બદલે એકાંતે કોઈ એક જ સમવાયને એ કાર્યની નિષ્પત્તિનું (સિદ્ધિનું) શ્રેય આપવાથી તે મિથ્યાત્વ જ કહેવાય છે. એકત્ર પાંચેય સમવાયોને કાર્યનિષ્પત્તિનું શ્રેય દેવું એ સમ્યક્ કહેવાય છે.

૨૨. **પ્રશ્ન:** સમયસાર ગ્રંથમાં જણાવ્યા અનુસાર પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ આત્માથી ભિન્ન છે શું? શું આ બધી આત્માની અવસ્થાઓ નથી?
**ઉત્તર:** પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિ અવશ્ય જ આત્માની અવસ્થા-વિશેષ છે. આત્માની અવસ્થા એટલે આત્માનું વર્તમાન અર્થાત્ આત્માનો વિશેષભાવ. કોઈ પણ દ્રવ્ય પોતાના વર્તમાન વગર હોતું નથી. એ રીતે આત્મા પણ પોતાના વર્તમાન સહિત જ હોય છે. તેથી અલબત્ત પાપ (અશુભભાવ), પુણ્ય (શુભભાવ), આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિ આત્માની જ અવસ્થાઓ હોવાથી આત્મામાં જ છે, આત્માથી ભિન્ન બિલકુલ નથી. આ સમજવું પરમ આવશ્યક છે. સમયસાર ગ્રંથમાં આ બધાને કોઈ કારણ વિશેષથી એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવની અનુભૂતિ સમજાવવા માટે, તથા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની અનુભૂતિ ચકાસી શકે તે માટે તેને આત્માથી ભિન્ન જણાવ્યા છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવને આ બધાથી ભેદજ્ઞાન વર્તે છે અને પરમપારિણામિક ભાવથી એકત્વ હોય છે. આ જ સમયસારનો સાર છે. આત્માની અન્ય યોગ્યતઓ સહિત આ જ સમ્યગ્દર્શનની રીત છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પરમ-પારિણામિકભાવથી એકત્વ કરે છે અને વિભાવથી વિભક્ત એટલે કે વિભાવને ગૌણ કરે છે. વિભક્ત એટલે ભિન્ન નહીં અર્થાત્ તેને પોતાનો ન માનવો એમ નહીં પરંતુ તેને એકત્વ કરવા લાયક ન માનવો. કારણ કે તે આત્માનું ત્રિકાળસ્વરૂપ નથી. આ રીતે પોતાના ત્રિકાળસ્વરૂપથી એકત્વ અને ક્ષણિકસ્વરૂપથી વિભક્ત સમજવો જોઈએ. આ જ સમયસારનો સાર છે.

૨૩. **પ્રશ્ન:** સમયસાર ગ્રંથમાં જણાવ્યા અનુસાર પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિ આત્માથી ભિન્ન છે. તો શું આપણે મોક્ષ માટે યથાયોગ્ય પુરુષાર્થ કરવાનો જ નથી?
**ઉત્તર:** પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઇત્યાદિને 'સમયસાર' ગ્રંથમાં કોઈ કારણ વિશેષથી એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દૃષ્ટિ(આત્મજ્ઞાની)ની અનુભૂતિ સમજાવવા માટે, તથા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની અનુભૂતિ ચકાસી શકે તે માટે તેને આત્માથી ભિન્ન જણાવ્યા છે.

કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવને આ બધાથી ભેદજ્ઞાન વર્તે છે અને પરમ-પારિણામિકભાવથી એકત્વ હોય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે આ બધા ત્રિકાળી-આત્માથી ભિન્ન હોવાથી અર્થાત્ ત્રિકાળી-આત્મામાં ન હોવાથી આપણે કિંકર્તવ્યવિમૂઢ બનીને સંસારમાં ભટકવાનું છે. તેથી દરેક પળે અશુભથી બચીને, શુદ્ધના લક્ષે શુભમાં રહીને સૌપ્રથમ આત્મપ્રાપ્તિ માટે અને તેના પછી આત્મસ્થિરતા માટે યથાયોગ્ય પુરુષાર્થ કરવો એ જ આપણું કર્તવ્ય છે. મૂઢમતિ અજ્ઞાની જીવ આ વાત સમજતા નથી. તેથી તેઓ અનાદિથી સંસારમાં ભટકી રહ્યા છે. આપણે આ રહસ્યને સારી રીતે સમજીને નિરંતર યથોચિત પુરુષાર્થ કરતા રહેવો જોઈએ.

૨૪. **પ્રશ્નઃ** દ્રવ્યદૃષ્ટિ માં પર્યાયનું શું થાય છે? શું પર્યાય તેમાં શામેલ છે.?
**ઉત્તરઃ** જ્યારે આપણે દ્રવ્યદૃષ્ટિથી જીવને જોઈયે છીએ ત્યારે પર્યાય આપોઆપ જ ગૌણ થઇ જાય છે અર્થાત્ પર્યાય દ્રવ્યમાં અંતર્ગર્ભિત થઇ જાય છે. દ્રવ્ય હંમેશા પોતાના વર્તમાન સહિત જ હોય છે, તે પોતાના વર્તમાન વિના તો પોતાનું અસ્તિત્વ જ ખોઈ બેસશે. એટલે કે તે દ્રવ્ય જ નહીં રહે. તેથી દ્રવ્ય સદાય અભેદ જ હોય છે, નહીં કે પર્યાયરહિત ભેદવાળું એટલે કે ખંડિત દ્રવ્ય નથી હોતું. ખંડિત દ્રવ્ય આકાશકુસુમવત્ જ હોય છે, એટલે કે તે કેવલ ભ્રમ જ હોય છે.

૨૫. **પ્રશ્નઃ** પર્યાયદૃષ્ટિમાં દ્રવ્યનું શું થાય છે? મતલબ કે દ્રવ્ય પર્યાયદૃષ્ટિમાં શામેલ છે કે નહીં?
**ઉત્તરઃ** જયારે આપણે પર્યાયદૃષ્ટિથી જીવને જોઈએ છીએ ત્યારે દ્રવ્ય આપોઆપ જ ગૌણ થઇ જાય છે અર્થાત્ દ્રવ્ય પર્યાયમાં અંતર્ગર્ભિત થઇ જાય છે. પર્યાય એટલે દ્રવ્યનું વર્તમાન, તે દ્રવ્ય વગર કેવી રીતે હોય શકે છે? ક્યારેય ન હોય શકે. એટલે કે પર્યાય હંમેશા દ્રવ્યની જ હોય છે, નહીં કે દ્રવ્યરહિત ભેદવાળી એટલે કે ખંડિત પર્યાય હોતી નથી. ખંડિત પર્યાય આકાશકુસુમવત્ જ હોય છે, એટલે કે તે કેવળ ભ્રમ જ હોય છે.

૨૬. **પ્રશ્નઃ** 'સમયસાર' ગ્રંથમાં આત્માને અકર્તા કહ્યો છે અને આચાર્ય હરિભદ્રસૂરિ રચિત છ પદોમાં આત્માને કર્તા કહ્યો છે. તો સાચી વાત શું છે?
**ઉત્તરઃ** અપેક્ષાએ બંને વાતો સાચી છે. પરંતુ તે અપેક્ષાઓને સમજ્યા વગર અમુક લોકો એકાંતે એક વાતને સાચી માને છે અને અમુક લોકો એકાંતે બીજી વાતને સાચી માને છે. આ ગેરસમજણ યથાયોગ્ય નયોનું જ્ઞાન ન હોવાથી ફેલાઈ છે. વાસ્તવમાં સંસારી આત્મા પોતાના ભાવકર્મોનો અને પોતાના જ્ઞાનનો કર્તા હોય છે અને મોક્ષમાં આત્મા કેવળ પોતાના જ્ઞાનનો જ કર્તા હોય છે. પરંતુ ‘સમસાસર’ ગ્રંથમાં કોઈ કારણ વિશેષથી એટલે કે મિથ્યાત્વી જીવને સમ્યગ્દૃષ્ટિ જીવની સ્વાત્માનુભૂતિ સમજાવવા માટે, તથા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની અનુભૂતિ ચકાસી શકે તે માટે તેને અકર્તા જણાવ્યો છે. કારણ કે પરમપારિણામિકભાવ સામાન્યભાવ હોવાથી તે ભાવ પરમ

અકર્તા છે. અમૃતચંદ્રાચાર્યે પણ પોતાની સમયસાર ટીકાના શ્લોક ૨૦૫માં અજ્ઞાનીને નિયમથી રાગાદિનો કર્તા જણાવ્યો છે અને જ્ઞાનીને પરમ અકર્તા કહ્યો છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિને કર્તાભાવથી એટલે કે વિશેષભાવથી ભેદજ્ઞાન થવાથી પરમપારિણામિકભાવમાં 'એકત્વ' હોય છે. આ જ સમયસારનો સાર છે આત્માની અન્ય યોગ્યતાઓ સહિત આ જ સમ્યગ્દર્શનની રીત છે.

૨૭. **પ્રશ્ન:** 'સમયસાર' ગ્રંથમાં આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં વિશેષાંતર જાણવા કહ્યું છે. તો એમનામાં વિશેષાંતર શું છે? તેને જાણવાનું ફળ શું છે?

**ઉત્તર:** આત્માનો જે ત્રિકાળસ્વભાવ છે તે જ્ઞાનસ્વભાવ છે અને આત્મામાં થવાવાળા ક્રોધાદિ આસ્રવ છે તે આગંતુકસ્વભાવ છે. એટલે કે તે ત્રિકાળ નથી પરંતુ થોડા કાળ માટે જ હોય છે. આત્માનો ત્રિકાળસ્વભાવ દરેક આત્મામાં વિદ્યમાન હોય છે. પરંતુ જે ક્રોધાદિ આસ્રવભાવ છે, તે દરેક આત્મામાં વિદ્યમાન હોતા નથી. બીજી રીતે ક્રોધાદિ આસ્રવ વિશેષભાવ છે અને ત્રિકાળસ્વભાવ સામાન્ય-ભાવ છે. આ છે આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં વિશેષાંતર (=તફાવત), તેને સમજીને આત્માની અન્ય યોગ્યતાઓ સહિત જે જીવનું આત્માના ત્રિકાળસ્વભાવમાં અહં થાય છે ત્યારે તે ક્રોધાદિ આસ્રવ આપોઆપ જ ગૌણ થઇ જાય છે અને તે જીવ સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) બની જાય છે. આ જ આત્મા અને ક્રોધાદિ આસ્રવોનું વિશેષાંતર (=તફાવત) સમજવાનું ફળ છે, આ જ સમયસારનો સાર છે. આ જ આત્માની અન્ય યોગ્યતાઓ સહિત સમ્યગ્દર્શનની રીત છે.

WWW.JAYESHSHETH.COM

# સમયસાર વિશે

લેખક :- CA. જયેશ શેઠ – બોરીવલી www.jayeshsheth.com

૧. સમયસાર ગ્રંથમાં કહ્યું છે કે આપણે અનાદિથી બંધકથા અનેક વાર સાંભળી અને સંભળાવી છે, પરંતુ આત્માના ભેદજ્ઞાનની કથા ક્યારેય સાંભળી નથી. કાં આપણે તેના વિશે બિલકુલ વિચાર્યું ન હતું અથવા આપણે તેના વિશે વિપરીત રીતે વિચાર્યું હતું. એટલે કે તત્ત્વના વિચારમાં વિપરીતતા જ જોવા મળી છે. જેમ કે કોઈએ પોતાના આત્માને એકાંતથી શુદ્ધ માન્યો છે અને કોઈએ પોતાના આત્માને એકાંતથી અશુદ્ધ જ માન્યો છે. વાસ્તવમાં, આત્મા દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ છે અને પર્યાયદૃષ્ટિથી અશુદ્ધ છે. અપેક્ષાઓ સમજ્યા વિના, ન તો સમયસાર ગ્રંથ સમજાય એવો છે અને ન તો વ્યક્તિ પોતાનું આત્મકલ્યાણ કરી શકશે. આ જ આપણી અનાદિની કથા છે.

૨. રાગ-દ્વેષની કથા, ભક્તકથા, દેશકથા, શૌર્યકથા, વિકથા વગેરે તો બંધકથા છે જ, પરંતુ જો મોક્ષના ઉદ્દેશ્ય વિના જ્ઞાનાવરણાદિ કર્મોની કથા કરતા હોઈએ તો તેને પણ બંધકથામાં સમાવી શકાય છે કારણ કે જો આપણે એ જાણકારીનો ઉપયોગ આત્મપ્રાપ્તિ એટલે કે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે ન કરીયે તો આપણે અનાદિના દુ:ખના વિષચક્રમાંથી મુક્ત થઈ શકતા નથી, એટલે કે, આપણે અનાદિના કર્મોના વિષચક્રમાંથી મુક્ત થઈ શકતા નથી. તેથી, તમામ મુમુક્ષુઓએ પોતાનો સંપૂર્ણ પુરુષાર્થ આત્મપ્રાપ્તિ માટે જ લગાવવો જોઈએ.

3. સમયસાર ગ્રંથમાં એકત્વ-વિભક્ત આત્મા વિશે વાત કરવામાં આવી છે. એટલે કે વૈરાગ્યાદિ યોગ્યતા-સહિત આત્મસન્મુખતા પ્રાપ્ત કર્યા પછી, શુદ્ધાત્મામાં એકત્વ એટલે કે હુંપણું તથા પુદ્ગલકર્મોથી અને તે કર્મોને કારણે થતા આત્માના ભાવોથી વિભક્ત એટલે કે ભેદજ્ઞાન કરવાનું છે. આમ કરવાથી, યોગ્યતાયુક્ત જીવોને આત્માનુભૂતિ થાય છે. પરંતુ જો કોઈ વ્યક્તિ આત્માની યોગ્યતા વિના આવો પ્રયાસ

WWW.JAYESHSHETH.COM

અનેક વાર પણ કરે છે તો પણ તેને આત્માનુભૂતિ થતી નથી. તેનાથી વિપરીત, તેને આત્માનુભૂતિનો ભ્રમ થવાની સંભાવના જ વધુ હોય છે.

૪. સમયસાર ગ્રંથમાં પરને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે - એક વર્ણાદિ પુદ્ગલના ભાવ અને બીજા રાગાદિ કર્મોને કારણે થતા જીવના ભાવ. આ બન્નેથી જ્યારે કોઈ જીવ વૈરાગ્યાદિ યોગ્યતા પામીને આત્મસન્મુખતા પ્રાપ્ત કર્યા પછી ભેદજ્ઞાન કરે છે ત્યારે તે આત્માનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે. જો કોઈ વ્યક્તિ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા વિના આવો પ્રયાસ અનેક વખત કરે છે તો પણ તેને આત્માનુભૂતિ થતી નથી. તેનાથી વિપરીત, તેને આત્માનુભૂતિનો ભ્રમ થવાની સંભાવના જ વધુ હોય છે.

૫. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે પરમ શુદ્ધ નિશ્ચયનયનો વિષય એવા શુદ્ધાત્માનું જ વર્ણન છે, તેમાં તેને જ આત્મા કહેવામાં આવ્યો છે. બીજા બધા વર્ણાદિ પુદ્ગલના ભાવો અને રાગાદિ જીવોના કર્મોના કારણે થતા ભાવોથી ભેદજ્ઞાન કરાવ્યું છે. પરંતુ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા વિના જો કોઈ વ્યક્તિ અનેક વાર શબ્દો દ્વારા આ ભેદજ્ઞાન કરવાની કોશિશ કરે તો પણ તેને આત્માનો અનુભવ થતો નથી, તેનાથી વિપરીત, તેને આત્માનુભૂતિનો ભ્રમ થવાની સંભાવના જ વધુ હોય છે.

૬. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જ્ઞાનસામાન્યભાવ એવા જ્ઞાયકને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે. તેથી જ જણાવ્યું છે કે તેમાં પ્રથમથી છઠ્ઠા ગુણસ્થાનક સુધીના પ્રમત્તભાવ કે સાતમાથી ચૌદમા ગુણસ્થાનક સુધીના અપ્રમત્તભાવ નથી. અનેક લોકો તેને પર્યાયરહિત દ્રવ્ય પણ કહે છે, પરંતુ સમજવા જેવી વાત એ છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે વસ્તુ અભેદ હોવાથી તેમાંથી પર્યાયને કાઢવી શક્ય જ નથી પરંતુ પર્યાયને ગૌણ કરવાની છે.

૭. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જ્ઞાનસામાન્યભાવ એવા જ્ઞાયકને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે. આ અપેક્ષાએ એવું પણ કહેવાય છે કે આત્મામાં રાગાદિ વિશેષભાવ નથી પરંતુ જો કોઈ જીવ પોતાને એકાંતે રાગાદિરહિત માને છે તો તે

WWW.JAYESHSHETH.COM

મિથ્યાત્વરૂપે પરિણમે છે. તેથી દરેકે તેને જેમ યથાતથ્ય જણાવ્યું છે તેમ જ અનેકાંતથી સમજવું જોઈએ અને માનવું જોઈએ.

૮. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જ્ઞાનસામાન્યભાવ એવા જ્ઞાયકને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે કારણ કે તેવો જ્ઞાયકભાવ જ આત્માનુભૂતિનો વિષય છે. આત્માનુભૂતિમાં કોઈ પણ વિશેષભાવ ન હોવાથી આત્માનુભૂતિ નિર્વિકલ્પ હોય છે તેને જ સમયસારમાં શુદ્ધનય તરીકે વર્ણવેલ છે. તે શુદ્ધનય પ્રાપ્ત જીવને એટલે કે સમ્યગ્દૃષ્ટિ (જ્ઞાની) જીવને અભેદ શુદ્ધાત્મા જ કે જે શુદ્ધનિશ્ચયનયનો વિષય છે તે ઉપાદેય છે – એમ જણાવેલ છે. તેથી જ જ્ઞાનીને નિશ્ચયનય આલંબન કરવાયોગ્ય છે, જ્યારે અજ્ઞાનીને આત્માનુભૂતિ ન હોવાને કારણે અજ્ઞાનીને વ્યવહારનયનો ઉપદેશ આપવાનું કહેવામાં આવ્યું છે કારણ કે તેને શુદ્ધનયની પ્રાપ્તિ થઈ નથી તેથી તે શુદ્ધનયનું આલંબન લઈ શકતો નથી. તેને વ્યવહારનય ઉપયોગી જણાવેલ છે. આ વાત ન સમજવાને કારણે અનેક ઉપદેશકો અજ્ઞાનીઓને પણ નિશ્ચયનયનો જ ઉપદેશ આપે છે.

૯. સમયસાર ગ્રંથમાં, આત્માને પુદ્ગલ કર્મોથી, કર્મોના નિમિત્તે થતા જીવના ભાવકર્મોથી અને નોકર્મોથી ભિન્ન બતાવ્યો છે કારણ કે તે જ જીવ આત્માનુભૂતિનો વિષય છે. પુદ્ગલ કર્મ અને નોકર્મ તો આત્માથી ત્રિકાળ ભિન્ન દ્રવ્ય જ છે પરંતુ કર્મોના નિમિત્તે થતા જીવના રાગાદિભાવ તો આત્મામાં જ થાય છે છતાં તે રાગાદિભાવ જીવના ત્રિકાળભાવ નથી અને આત્માનુભૂતિનો વિષય તો જીવનો ત્રિકાળભાવ જ હોય છે, તેથી તે અપેક્ષાએ તે રાગાદિ ભાવકર્મો જીવના નથી – એમ કહ્યું છે. તેથી આ વાત જ્ઞાનીની અપેક્ષાએ જણાવેલ છે, પરંતુ જો કોઈ અજ્ઞાની પણ આત્માનુભૂતિ ન હોવા છતાં શબ્દોમાં એવું બોલવાનું શરૂ કરે છે અને પોતાને એવો શુદ્ધ જ માનવા લાગે છે તો તે મહામિથ્યાત્વ જ ગણાશે – એ સમજવું પરમ આવશ્યક છે.

૧૦. પુદ્ગલ કર્મ જીવના વિશેષભાવોમાં જ નિમિત્ત બને છે નહીં કે જીવના સામાન્યભાવોમાં અને સમયસાર જેવા ગ્રંથનું હૃદય છે જ્ઞાનસામાન્યભાવ એટલે કે

દ્રવ્યાત્મા એટલે કે શુદ્ધાત્મા. સમયસાર ગ્રંથમાં મુખ્યત્વે જીવના તમામ વિશેષભાવોને અનાત્મા કહેવામાં આવ્યા છે. કારણ કે તે વિશેષભાવોથી ભેદજ્ઞાન કરવાથી જ સમયસારરૂપ જ્ઞાનસામાન્યભાવની અનુભૂતિ થાય છે અને સમયસારમાં મુખ્યત્વે સમયસારરૂપ જ્ઞાનસામાન્યભાવની અનુભૂતિ કરવાવાળા જ્ઞાનીનું જ વર્ણન છે. તેથી જ કર્તા-કર્મ અધિકારમાં પણ માત્ર ઉપાદાન અપેક્ષાએ જ કર્તા-કર્મની વાત કરવામાં આવી છે. નિમિત્તને કર્તા તરીકે સ્વીકારવામાં આવ્યું નથી.

૧૧. કર્મો પુદ્ગલ વર્ગણાઓના બનેલા છે, તેથી તે જડ છે, કર્મોના નિમિત્તે થવાવાળા જીવના ભાવ આત્માનું જ પરિણમન હોવાથી તે ચેતન છે અને નોકર્મ એટલે જીવનું શરીર, પત્ની, પુત્ર, પરિવાર, ઘર, મિલકત વગેરે જે જીવને કર્મોને કારણે મળેલા છે તે જડ, ચેતન અથવા મિશ્ર હોય છે. જ્યારે આત્માનુભૂતિ થાય છે ત્યારે આ ત્રણેયથી ભિન્ન શુદ્ધાત્માનો અનુભવ થાય છે. આત્માનુભૂતિ વિના જો કોઈ વ્યક્તિ પોતાને શુદ્ધાત્મા માનવા લાગે તો તેને ભ્રમ થઈ જાય છે, તેને લાગે છે કે પોતે જ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) છે વાસ્તવમાં તે નિશ્ચયાભાસી હોય છે એટલે કે તેને માત્ર શુદ્ધનયનો ભાસ જ હોય છે અનુભૂતિ નહીં. તેથી બધા મુમુક્ષુઓએ પ્રથમ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા પ્રાપ્ત કરીને આત્મસન્મુખ બનવાનો પ્રયાસ કરવો જોઈએ, પોતાને શુદ્ધાત્મા માની લેવાનો પ્રયાસ કરવો ન જોઈએ કે જેનાથી તે નિશ્ચયાભાસી જ બનશે.

૧૨. જ્યારે કોઈ પણ જીવને આત્માનુભૂતિ થાય છે ત્યારે તેને સામાન્યભાવની એટલે કે દ્રવ્યાત્માની એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે, ત્યારે તે જીવને હુંપણું તે શુદ્ધાત્મામાં સ્થાપિત થાય છે. તે શુદ્ધાત્મામાં જે હુંપણું છે તે અનુભૂતિના કાળે ઉપયોગરૂપે હોય છે અને પછીથી જ્યાં સુધી સમ્યગ્દર્શન રહે છે ત્યાં સુધી તે હુંપણું લબ્ધરૂપે હોય છે. આ રીતે તે જીવને શુદ્ધાત્મામાં હુંપણું ક્યારેક ઉપયોગરૂપે તો ક્યારેક લબ્ધરૂપે હોય છે. જ્યારે તેને શુદ્ધાત્મામાં હુંપણું લબ્ધરૂપે હોય છે ત્યારે તે પર્યાયનો જ્ઞાતા હોય છે. આ રીતે તે જીવને જ્ઞાતાદ્રષ્ટા કહેવાય છે. જો કોઈ વ્યક્તિ આત્માનુભૂતિ વગર પોતાને જ્ઞાતાદ્રષ્ટા માને છે અથવા જ્ઞાતાદ્રષ્ટા હોવાનું ધ્યાન કરે છે, તો તે માત્ર તેનો ભ્રમ જ છે.



WWW.JAYESHSHETH.COM

૧૩. જ્યારે કોઈ જીવ આત્માનુભૂતિ વિના પોતાને જ્ઞાતાદ્રષ્ટા માને છે અથવા જ્ઞાતાદ્રષ્ટા હોવાનું ધ્યાન કરે છે ત્યારે તે જીવ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે કારણ કે મિથ્યાદૃષ્ટિને માત્ર પર્યાયનો જ અનુભવ હોય છે, તેને દ્રવ્યનો અનુભવ નથી હોતો. વાસ્તવમાં જો તે અજ્ઞાની આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ કરવા ઇચ્છતો હોય તો તેણે તેના વર્તમાન પરિણામ પ્રત્યે ઉદાસ ન રહેવું જોઈએ પરંતુ તેને સત્યધર્મ સાથે સુસંગત બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ. દાખલા તરીકે જ્યારે આપણને તાવ આવે છે ત્યારે આપણે માત્ર જ્ઞાતાદ્રષ્ટા નથી રહેતા પરંતુ તેની સારવાર કરીએ છીએ. તેવી જ રીતે અજ્ઞાની વ્યક્તિએ પણ પોતાની પર્યાય પ્રત્યે ઉદાસીન ન રહેવું જોઈએ પરંતુ તેને આધ્યાત્મિક માર્ગ સુસંગત બનાવવા યોગ્ય ઉપાય કરવો જોઈએ.

૧૪. તમામ સંસારી જીવોને પોતાના કર્મો અનુસાર જ તમામ સંયોગો મળે છે. તેથી તમામ સંસારી જીવો તેમને કયા સંયોગો મળશે તેમાં પરાધીન છે પરંતુ તેઓ તેમની પ્રતિક્રિયા આપવા માટે સ્વતંત્ર છે તેના કારણે જ જીવ મોક્ષ મેળવી શકે છે. મોક્ષ મેળવવા માટે જીવ અહીંયા જણાવ્યા પ્રમાણે પોતાના પરિણામને આધ્યાત્મિક માર્ગ અનુસારના કરવા માટે યોગ્ય ઉપાય કરી શકે છે: જેમ કે – ચાર ભાવના, ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!), બાર ભાવના, વગેરે. આ રીતે અજ્ઞાની વ્યક્તિએ પોતાની પર્યાય પ્રત્યે ઉદાસીન ન રહેવું જોઈએ પરંતુ તેને આધ્યાત્મિક માર્ગ સુસંગત બનાવવા યોગ્ય ઉપાય કરવો જોઈએ, પોતે જ્ઞાતાદ્રષ્ટા હોવાના ભ્રમમાં રહીને મૂઢ બનીને રહેવું ન જોઈએ.

૧૫. ઘણા લોકો જ્ઞાતાદ્રષ્ટા રહેવાનું ધ્યાન કે અભ્યાસ કરે છે. તેઓ જાણતા નથી કે આત્માનુભૂતિ વિના મિથ્યાદૃષ્ટિને માત્ર પર્યાયનો જ અનુભવ હોય છે, તેથી જ સમયસાર ગ્રંથમાં અજ્ઞાનીને કર્તા અને જ્ઞાનીને અકર્તા જણાવેલ છે. જ્યારે અજ્ઞાની પર્યાયનો કર્તા હોય છે, તો તે પર્યાયનો જ્ઞાતાદ્રષ્ટા કેવી રીતે બની શકે? ક્યારેય ન બની શકે. તેથી જ અજ્ઞાની માટે જ્ઞાતાદ્રષ્ટા રહેવાનું ધ્યાન અથવા અભ્યાસ ભ્રમમાં

લઈ જવાવાળો બને છે અને તે પોતાના પરિણામનો આધ્યાત્મિક માર્ગ અનુસાર યથાર્થ ઉપાય પણ કરી શકતો નથી પરંતુ તે કેવળ મૂઢ જ બનીને રહે છે.

૧૬. આત્માના અનુભવ વિના મિથ્યાદૃષ્ટિને માત્ર પર્યાયનો જ અનુભવ હોય છે તેથી તે પર્યાયનો કર્તા બને છે. અને જ્ઞાની માત્ર શુદ્ધાત્માનો જ અનુભવ કરે છે તેથી જ્ઞાનીનું હુંપણું પણ તે શુદ્ધાત્મામાં જ હોય છે અને પર્યાયનો તે માત્ર જ્ઞાતાદ્રષ્ટા જ હોય છે કર્તા બનતો નથી. આ રીતે જ્ઞાનીને સ્વાભાવિક રીતે જ જ્ઞાતાદ્રષ્ટાભાવ રહે છે. તેથી અજ્ઞાનીએ જ્ઞાતાદ્રષ્ટા બનવાનો અભ્યાસ નહીં પરંતુ આત્માનુભૂતિ માટે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા પામવાનો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી તે આત્મસન્મુખ થઈને આત્માનુભૂતિ પ્રાપ્ત કરી શકે.

૧૭. જ્ઞાનીનું હુંપણું માત્ર શુદ્ધાત્મામાં જ હોવાથી તે પર્યાયનો જ્ઞાતાદ્રષ્ટા હોય છે કર્તા થતો નથી. તેથી જ જ્ઞાની ને બંધભાવમાં હુંપણું ન હોવાથી જ્ઞાનીને બંધ નથી – એમ કહેવામાં આવ્યું છે. કારણ કે જ્ઞાની બંધભાવની પર્યાયનો કર્તા નથી માત્ર જ્ઞાતાદ્રષ્ટા જ છે. જ્યારે અજ્ઞાનીને માત્ર પર્યાયનો જ અનુભવ હોવાથી તેનું હુંપણું પણ પર્યાયમાં જ હોય છે તેથી જ તે પર્યાયનો કર્તા થાય છે એટલે કે તે બંધનો પણ કર્તા થાય છે.

૧૮. અનાદિથી મારી ભૂલને કારણે જ હું સંસારમાં ભટકી રહ્યો છું. અનાદિથી મેં ક્યારેય મારી સ્વતંત્રતાનો ઉપયોગ મારા આત્માના ઉત્થાન માટે કર્યો નથી. તેથી એમ કહી શકાય કે મારા સંસાર અને મોક્ષ માટે હું પોતે જ જવાબદાર છું. આ સમજણ આવ્યા પછી, હવે બધા મુમુક્ષુઓએ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા પ્રાપ્ત કરીને આત્મસન્મુખ થઈને આત્માનુભૂતિ મેળવવાનો જ પુરુષાર્થ કરવો જોઈએ.

૧૯. જ્ઞાનીને આદર એકમાત્ર શુદ્ધભાવનો જ હોય છે એટલે કે કેવળ શુદ્ધાત્મામાં જ રહેવાનો અભિપ્રાય હોય છે પરંતુ જ્યાં સુધી તે શુદ્ધાત્મામાં રહી શકતો નથી ત્યાં સુધી તે શુભભાવમાં રહે છે. જ્યારે અજ્ઞાનીને હજુ સુધી શુદ્ધભાવની અનુભૂતિ જ નથી પરંતુ તેણે પણ લક્ષ્ય તો શુદ્ધભાવનું જ રાખવું જોઈએ અને જ્યાં સુધી તેને તે શુદ્ધભાવની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તેણે પણ રહેવું તો શુભભાવમાં જ જોઈએ. આ સમજણ

ન હોવાને કારણે અનેક અજ્ઞાની જીવો શુભ અને અશુભને એકસમાન માનીને અશુભમાં કોઈપણ અફસોસ વગર મજા લેતા રહે છે કે જે તેમના અનંત સંસારનું કારણ બને છે.

૨૦. સમયસાર ગ્રંથની ટીકામાં આચાર્ય અમૃતચંદ્ર જણાવે છે કે આત્મજ્ઞાનના અભાવમાં શુદ્ધાત્માની શ્રદ્ધા તે ન જાણેલા ગધેડાના શિંગડાની શ્રદ્ધા સમાન હોવાથી તે શ્રદ્ધા સમ્યક્ શ્રદ્ધા હોતી નથી. એટલે કે તે શ્રદ્ધા કલ્પના માત્ર જ હોય છે. તેથી આત્મપ્રાપ્તિ થતી નથી, સાધ્ય આત્માની પ્રાપ્તિ થતી નથી. આવું હોવા છતાં અનેક ઉપદેશકો અજ્ઞાનીઓને પણ "હું શુદ્ધાત્મા છું" એમ માનવાનું કહે છે અથવા જાપ કરવા કહે છે અથવા ધારણા કરવાનું કહે છે અથવા નિર્ણય કરવાનું કહે છે. આત્માની વૈરાગ્યાદિ યોગ્યતા વિના અને આત્મસન્મુખતા પ્રાપ્ત કર્યા વિના આત્મજ્ઞાન થતુ નથી કારણ કે ત્યાં સુધી જીવ બહિરાત્મા જ છે અને બહિરાત્માને આત્માનુભૂતિ થતી નથી.

૨૧. જ્યાં સુધી જીવને આત્મજ્ઞાન ન હોય ત્યાં સુધી તે જીવને શુદ્ધાત્માનું અનુભવયુક્ત જ્ઞાન હોતું નથી, તેને માત્ર શાબ્દિક જ્ઞાન જ હોય છે. આપણે શુદ્ધાત્માનું શાબ્દિક જ્ઞાન તો અનેક વાર મેળવ્યું છે, પરંતુ જો શુદ્ધાત્માનું અનુભવયુક્ત જ્ઞાન ન મેળવીએ તો આપણે મોક્ષમાર્ગમાં પ્રવેશી શકતા નથી. શાબ્દિક જ્ઞાનથી તો જીવ અનેક વાર છેતરાય જાય છે, તેને લાગે છે કે તેણે આત્મા પ્રાપ્ત કર્યો છે પરંતુ વાસ્તવમાં તે માત્ર નિશ્ચયાભાસરૂપ ભ્રમમાં જ હોય છે.

૨૨. સંસારમાં ડૂબેલા જીવો જેને સુખ માને છે તે વાસ્તવમાં તો દુ:ખ જ છે કારણ કે એ સુખ (સુખાભાસ) પણ દુ:ખપૂર્વક જ હોય છે, એ સુખ માણતી વખતે પણ આકુળતાનું દુ:ખ હોય છે, એ સુખ ભોગવ્યા પછી પણ તેના અભાવનું દુ:ખ હોય છે અને તે સુખ ભોગવતી વખતે બંધાએલા પાપોને લીધે ભવિષ્યમાં પણ દુ:ખ આવે છે. આવા સુખને આપણે સુખ કેવી રીતે માની શકીએ? માની શકતા નથી. તેથી તમામ મુમુક્ષુઓએ સાચા સુખની શોધ કરવી જોઈએ. તેના માટે સૌ પ્રથમ તેઓએ આત્માની

વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મસન્મુખતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી તેમને આત્માનુભૂતિ અને સાચા સુખની પ્રાપ્તિ થઈ શકે.

૨૩. અનાદિ કાળથી આપણે સુખાભાસને જ સુખ માનતા આવ્યા છીએ, જેમ મૃગજળની પાછળ હરણ દોડે છે, તેવી જ રીતે આપણે પણ સુખાભાસની પાછળ દોડીએ છીએ. બદલામાં આપણને અનંત દુ:ખમય સંસાર જ મળે છે. તેથી, હવે આપણે આ સુખાભાસને ઓળખીને તેની પાછળ દોડવાનું બંધ કરવું જોઈએ અને સાચા સુખની શોધ કરવી જોઈએ. તેના માટે સૌ પ્રથમ આપણે આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મસન્મુખતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ, જેથી આપણે આત્માનુભૂતિ અને સાચા સુખની પ્રાપ્તિ કરી શકીએ.

૨૪. જાણવું અને જોવું એ આત્માનું લિંગ છે, એટલે કે આત્માની ઓળખ છે, પરંતુ જાણવા-જોવાની ક્રિયા આત્માના વિશેષભાવમાં જ થાય છે, સામાન્યભાવમાં નહીં અને આત્માનુભૂતિનો વિષય માત્ર સામાન્યભાવ જ હોય છે, તેથી જ આત્માનુભૂતિમાં જે શુદ્ધાત્મા આવે છે તેને સમયસારમાં અલિંગગ્રાહ્ય કહ્યો છે. કારણ કે સમયસારમાં મુખ્યત્વે આત્માનુભૂતિના વિષયરૂપ શુદ્ધાત્માને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે.

૨૫. જીવ અને શરીર, વર્ણાદિનો એકક્ષેત્રાવગાહસંબંધ હોય છે પણ તાદાત્મ્યસંબંધ નથી હોતો કારણ કે બંને થોડો સમય તો સાથે રહે છે પણ તે ક્યારેય ત્રિકાળ સાથે રહેતા નથી. અભવ્ય જીવોના શરીરના પુદ્ગલો પણ બદલાતા રહે છે, એટલે કે તે અનન્ય નથી બનતા. એકમેવાદ્વિતીય નથી બનતા.

૨૬. જીવ અને પુદ્ગલનો અનાદિ કાળથી સંબંધ છે, તેથી જ અનેક શાસ્ત્રોમાં જીવને કથંચિત રૂપી પણ કહેવામાં આવ્યો છે. કારણ કે જો જીવ એકાંતે અરૂપી જ હોત તો તેનો પુદ્ગલ સાથે અનાદિબંધ કેવી રીતે હોઈ શકે? એ અનાદિબંધની અપેક્ષાએ જીવને કથંચિત અરૂપી અને કથંચિત રૂપી પણ કહેવાય છે – એ સમજવું આવશ્યક છે.

૨૭. જીવના એકેન્દ્રિયાદિ, બાદર-સુક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત વગેરે ભેદ જણાવ્યા છે તે જીવના કેવળ વિશેષભાવ જ છે. તેનાથી જીવની વર્તમાન સ્થિતિ, ગતિ વગેરે

જણાવવામાં આવે છે. પરંતુ એ બધા આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્મામાં નથી હોતા કારણ કે શુદ્ધાત્મા એ સામાન્યભાવસ્વરૂપ જ છે અને એ બધા જીવના વિશેષભાવો છે. તેથી જ સમયસાર ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે એ બધા જ આત્મા નથી કારણ કે સમયસારમાં મુખ્યત્વે આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્માને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે.

૨૮. સમયસાર ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે ગુણસ્થાનકોની રચના પૌદ્ગલિક મોહકર્મના ઉદયથી થાય છે, તો તે જીવ કેવી રીતે હોઈ શકે કારણ કે જો તેઓ અચેતન કર્મોનું કાર્ય છે તો તે અચેતન જ હોવા જોઈએ, ખરું ને? જીવનો પૌદ્ગલિક મોહકર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કારણ-કાર્ય સંબંધ નથી, તેથી જ્યારે જીવ તેની યોગ્યતાને કારણે ગુણસ્થાનરૂપે પરિણમે છે ત્યારે તે પૌદ્ગલિક મોહકર્મ નિમિત્ત બને છે. પરંતુ ગુણસ્થાનક વિશેષભાવ હોવાને કારણે આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્મામાં નથી કારણ કે તે શુદ્ધાત્મા સામાન્યભાવરૂપે જ હોય છે અને ગુણસ્થાનક એ જીવનો વિશેષભાવ છે. તેથી જ સમયસાર ગ્રંથમાં એવું કહેવામાં આવ્યું છે કે ગુણસ્થાનક એ આત્મા નથી કારણ કે સમયસારમાં મુખ્યત્વે આત્માનુભૂતિનો વિષય એવા શુદ્ધાત્માને જ આત્મા તરીકે વર્ણવવામાં આવ્યો છે.

૨૯. સમયસાર ગ્રંથમાં કહ્યું છે કે જ્યાં સુધી કોઈ જીવ, આત્મા અને આસ્રવ વચ્ચેનો તફાવત જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની ક્રોધાદિક આસ્રવમાં પ્રવર્તે છે. આપણે અનેક વાર શબ્દોમાં તો આત્મા અને આસ્રવ વચ્ચેનો તફાવત જાણ્યો છે પરંતુ શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વક આત્મા અને આસ્રવ વચ્ચેનો ભેદ જાણ્યો નથી, તેથી જ આપણે અનાદિથી આ સંસારમાં ભટકી રહ્યા છીએ. જો શબ્દોમાં જ આત્મા અને આસ્રવ વચ્ચેનો તફાવત જાણી લેવાથી આપણી મુક્તિ થઈ જતી હોત તો આપણે અત્યારે અહીંયા ન હોત, આપણે સિદ્ધ બની ગયા હોત. તે માટે આપણે સૌ પ્રથમ આત્માની વૈરાગ્યાદિ યોગ્યતાપૂર્વક આત્મસન્મુખતા પામવાનો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી આત્માનુભૂતિ દ્વારા આપણે આત્મા અને આસ્રવ વચ્ચેનો ભેદ જાણીને ક્રોધાદિ આસ્રવથી મુક્ત થઈ શકીએ.

૩૦. વ્યવહારથી ભગવાને ચાર શરણ બતાવ્યા છે - અરિહંત, સિદ્ધ, સાધુ અને સત્યધર્મ અને નિશ્ચયથી જેણે પોતાના આત્માને પ્રાપ્ત કર્યો છે તેમના માટે પોતાનો શુદ્ધાત્મા. અનેક લોકો પુણ્યને જ ધર્મ માને છે, પરંતુ આત્માનુભૂતિના લક્ષ વિનાનું પુણ્ય જીવને ભવ-ભ્રમણમાંથી મુક્ત કરાવી શકતું નથી. તેથી, આપણે પુણ્યને શરણ ન માની શકીએ, પરંતુ આત્માનુભૂતિના લક્ષપૂર્વક બંધાયેલું પુણ્ય મોક્ષમાર્ગમાં ચોક્કસપણે મદદ કરી શકે છે.

૩૧. અનાદિથી જીવને એક બાજુ ઊંડી ખાઈ છે અને બીજી બાજુ મોક્ષમહેલ છે. એક બાજુ ખાઈવાળો ઢોળાવ હોવાના કારણે અનાદિથી જીવ આ સંસારરૂપી ખાઈમાં ફસાઈને અનંત દુઃખો ભોગવી રહ્યો છે. હવે તે જીવે નક્કી કરવાનું છે કે તેને શું જોઈએ છે? એક બાજુ અનંત દુઃખ છે અને બીજી બાજુ અનંત સુખ છે. જીવ અનાદિથી સુખ તો ઈચ્છે છે, પરંતુ પુરુષાર્થ સંસાર માટે જ કરતો રહે છે, તેથી તેને અનંત દુઃખ જ મળે છે. તે અનંત દુઃખોથી મુક્ત થવા માટે પહેલા તેને સંસારનું સત્યસ્વરૂપ સમજવું જોઈએ અને પોતાના બહિરાત્મપણાને દૂર કરીને વૈરાગ્યપૂર્વક આત્મસન્મુખતા પ્રાપ્ત કરીને આત્માનુભૂતિ કરવી જોઈએ.

૩૨. અનાદિથી જીવ સુખને બહાર શોધે છે, પણ જીવનું સુખ જીવની બહાર કેવી રીતે હોઈ શકે? જેમ કસ્તૂરી મૃગ કસ્તૂરીને બહાર શોધે છે, તેમ જીવ પણ પોતાના અંદર રહેલા સુખને બહાર શોધે છે. જેમ કૂતરો હાડકું ચાવે છે ત્યારે તે હાડકાના કારણે નિકળેલા પોતાના લોહીને હાડકામાંથી આવેલું લોહી સમજે છે, તેમ જીવ પણ અનાદિથી અંદરના સુખને બહારથી મળતું સુખ માને છે અને વિષયો પાછળ દોડીને પોતાનો અનંતકાળ દુઃખમય બનાવી દે છે. આ જ આપણી અનાદિની કથા છે.

૩૩. જીવ ચેતન છે અને કર્મ પુદ્ગલ અચેતન છે. પરંતુ અનાદિથી બંનેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે કે કર્મ કદી પણ જીવને અચેતન કરી શકતા નથી, પરંતુ તે જીવના અનંત દુઃખોના નિમિત્ત અવશ્ય બની શકે છે અને એ જ અનાદિથી થઈ રહ્યું

છે. કર્મ એટલે જીવના ભૂતકાળના ભાવ, તે જ અજ્ઞાનયુક્ત ભાવ જીવના અનંત દુ:ખોના નિમિત્ત બની જાય છે. તેથી કર્મોને દોષ ન આપતા પોતાના સત્યધર્મના પુરુષાર્થને વધારવો એ જ દુ:ખોથી મુક્ત થવાનો સાચો ઉપાય છે.

૩૪. કાર્ય હંમેશા ઉપાદાન સદ્દશ જ હોય છે. જેવું ઉપાદાન હોય છે, તેવું જ કાર્ય હોય છે. જેમ સોનાના દાગીના હશે તો તે સ્વર્ણમય જ હશે અને લોખંડથી બનશે તો તે લોહમય જ હશે. તેવી જ રીતે જ્ઞાનના બધા ભાવ પણ જ્ઞાનમય જ હોય છે, પરંતુ આ તો અજ્ઞાનીની સમજણની વિપરીતતા છે કે જે જ્ઞાન પાસે પણ એવા કાર્ય કરાવે છે કે જેથી તેનું અનંત ભવિષ્ય દુ:ખમય થઈ જાય.

૩૫. નય વિકલ્પોમાં લાગે છે અને આત્માનુભૂતિ નિર્વિકલ્પ હોય છે. અન્ય શબ્દોમાં કહીએ તો વિકલ્પ જીવના વિશેષભાવ છે, તેથી નય વિશેષભાવમાં જ લાગે છે અને આત્માનુભૂતિનો વિષય જીવનો સામાન્યભાવ હોય છે, તેથી તે નિર્વિકલ્પ હોય છે. આ જ કારણે આત્માનુભૂતિ સામાન્યભાવની હોવાથી નિર્વિકલ્પ એટલે કે નયાતીત હોય છે.

૩૬. પાપ અને પુણ્ય ઘણી અપેક્ષાથી સમાન હોવાથી તેમને સમયસાર ગ્રંથમાં એકસમાન કહ્યા છે. જેમ પાપ અને પુણ્ય બન્ને આસ્રવ અપેક્ષાએ સમાન છે કારણ કે બન્ને આસ્રવ છે, બન્ને બંધ અપેક્ષાએ પણ સમાન છે કારણ કે બન્નેનો આત્મા સાથે બંધ થાય છે અને બન્નેય આત્માસ્વભાવથી વિપરીતતાની અપેક્ષાએ પણ સમાન છે કારણ કે તે જીવના ત્રિકાલસ્વભાવ નથી, તેથી ઉપાદેય નથી અને જીવના પાપ-પુણ્યના ભાવો જીવને સ્વભાવસ્થિરતામાં પણ અવરોધક બને છે. આ સમજણથી વિપરીત અર્થ ગ્રહણ કરીને, એટલે કે પાપ અને પુણ્યને સમાનરૂપે હેય માનીને જો કોઈ પુણ્યને છોડી પાપમાં રહે છે, તો તે અનંત કાળ માટે દુ:ખોને આમંત્રણ આપે છે. આ જ સમજણની વિપરીતતા છે, આ જ આપણી અનાદિની કથા છે.

WWW.JAYESHSHETH.COM

૩૭. અનેક લોકો સમયસાર ગ્રંથમાં દર્શાવવામાં આવેલા જ્ઞાનીને સાતમા ગુણસ્થાનકસ્થિત માને છે. તેમને એ વિચારવું જોઈએ કે આચાર્ય કુંદકુંદ ચતુર્થ ગુણસ્થાનકવર્તી સમ્યગ્દ્રષ્ટિને અજ્ઞાની શા માટે કહે? આ જ કારણે સમયસાર ગ્રંથમાં જ્યાં પણ જ્ઞાનીની વાત કરવામાં આવી છે, ત્યાં ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તી જીવ સમજવા જોઈએ.

૩૮. અનેક લોકો શુદ્ધોપયોગને જ શુક્લધ્યાન માને છે કે જે આઠમા ગુણસ્થાનકથી જ થાય છે. હકીકતમાં શુદ્ધોપયોગ એ સમ્યકજ્ઞાન છે, તેથી તે ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તી જીવને આત્માનુભૂતિના કાળે હોય છે.

૩૯. જે પણ ઉપદેશક સમયસાર ગ્રંથના ઉપર પ્રવચન આપતા હોય છે, તેઓ સામાન્ય રીતે સમયસારરૂપ ધ્યેયનું તો સારી રીતે વર્ણન કરે છે, સમજાવે છે. પરંતુ પ્રાય: તેઓ તે ધ્યેયને મેળવવાના માર્ગ વિશે તો અજાણ જ હોય છે અથવા લોકોને સમજાવતા નથી. કારણ કે જ્યારે કોઈ પણ મુમુક્ષુ વૈરાગ્યાદિ યોગ્યતાઓને પામી ઇચ્છાઓનો નાશ કરીને આત્મસન્મુખ બને છે, ત્યારે તેને સમયસારરૂપ આત્મા સહજ રીતે જ અનુભમાં આવે છે, આ જ રીત છે સમયસારને પામવાની, એટલે કે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાની.

૪૦. અનેક લોકો સમયસારમાં જણાવવામાં આવેલ સ્વસમય જીવને સાતમા ગુણસ્થાનકસ્થિત જીવ માનતા હોય છે. આ સમજ સમયસારમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્થિત જીવને સ્વસમય કહેવામાં આવ્યા છે તેના કારણે બનેલ છે. પરંતુ અહીંયા માત્ર સામાન્યભાવની જ વાત કરેલ છે, નહીં કે વિશેષભાવની એટલે કે પર્યાયની એટલે કે ચારિત્રની કારણ કે સમયસારમાં ફક્ત સામાન્યભાવને જ એટલે કે દ્રવ્યાત્માને જ આત્મા કહેવામાં આવ્યો છે કે જેમાં બધા જ ગુણો હાજર છે. તે બધા ગુણોમાંથી મુખ્ય ત્રણ ગુણો લઈને અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્થિત જીવને સ્વસમય કહેવામાં આવ્યો છે. તે દ્રવ્યાત્મામાં જે જીવ સ્થિત હોય છે તેને જ સ્વસમય જીવ કહેવામાં આવ્યો છે તેથી તેને ચતુર્થાદિગુણસ્થાનકસ્થિત જીવ માનવો જોઈએ. બીજું, સમયસારમાં અનેક

જગ્યાએ સ્વસમય જીવને જ જ્ઞાની તરીકે પણ વર્ણવ્યો છે તો આપણે એ પણ વિચારવું જોઈએ કે આચાર્ય કુંદકુંદ ચતુર્થ ગુણસ્થાનકવર્તી સમ્યગ્દૃષ્ટિ જીવને અજ્ઞાની કેમ કહે? તેથી જ સમયસાર ગ્રંથમાં જ્યાં પણ જ્ઞાનીની અથવા સ્વસમયસ્થિત જીવની વાત છે, ત્યાં ચતુર્થાદિગુણસ્થાનકવર્તી જીવ સમજવા જોઈએ.

૪૧. સમયસાર ગ્રંથની સાતમી ગાથામાં જણાવ્યું છે કે "શુદ્ધ જ્ઞાયકમાં ન જ્ઞાન છે, ન દર્શન છે અને ન તો ચારિત્ર પણ છે." શુદ્ધ જ્ઞાયકભાવ એ જ્ઞાનીની અનુભૂતિનો વિષય છે. શુદ્ધ જ્ઞાયકભાવ જ્ઞાનસામાન્યભાવ છે, પરમપારિણામિકભાવ છે, દ્રવ્યાત્મા છે. તેથી તેમાં પર્યાય પણ ગૌણ છે અને ગુણોના ભેદરૂપ વ્યવહાર પણ નથી, પરંતુ તેમાં સર્વ ગુણો અવશ્ય વિદ્યમાન છે. તેથી જ કહી શકાય કે ચતુર્થાદિગુણસ્થાનકે શુદ્ધાત્માની અનુભૂતિ હોય છે અને તેમાં સર્વ ગુણો વિદ્યમાન હોવાથી તે જીવ સ્વસમય કહેવાય છે, સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

WWW.JAYESHSHETH.COM

આધ્યાત્મિક વિકાસ માટે વિઝિટ કરો.
**www.jayeshsheth.com**

**મૈત્રી ભાવના** – સર્વ જીવો પ્રત્યે મૈત્રી ચિંતવવી, મારો કોઈ જ દુશ્મન નથી એમ ચિંતવવું, સર્વ જીવોનું હિત ઈચ્છવું.

**પ્રમોદ ભાવના** – ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણ પ્રત્યે, વીતરાગ ધર્મ પ્રત્યે પ્રમોદભાવ લાવવો.

**કરુણા ભાવના** – અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

**મધ્યસ્થ ભાવના** – વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

**- મુખપૃષ્ઠની સમજણ -**

આપના જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય અને તેના ફળરૂપ- અવ્યાબાધ સુખસ્વરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય એજ ભાવના.

*Ebook available on* : **www.jayeshsheth.com**

JSBN

ISBN

ISBN 978-93-344-1688-6

9 789334 369953